# સમરાંગણ



ઝવેરચંદ મેઘાણી

# અનુક્રમણિકા


નિવેદન

‘જોરારનો’

જેસો વજીર

બાપે તરછોડેલો

ખૂંદાતી ગુજરાત

બાળક નહનૂ

‘કહોને મા!”

અજો જામ

સોરઠનો કોલ

ભવિષ્ય-વાણી

મસલત

પરદેશીને તેડું

લોહીનું ટીપું પાડ્યા વિના

સોહાગની રાત

યમુનાને કિનારે

જનની જણ્ભૂમિ

વિજયી મસ્તક

અણપ્રીછ્યું મિલન

પુરુષાતનની પ્રતીતિ

વાય મુઝફ્ફરો !

પરાજિત પર પ્રેમ

જોડી જડી

ભીડમાં ભેરુ

પિતાનું પાપ

જમાતનો મેળાપ

મા મળી

‘ભૂચર મોરી’

પહેલું ટીખળ

મંત્રણા

‘રહીમ! રહીમ !”

માતાના આશીર્વાદ

સમરાંગણને માર્ગે

સુરાપુરાનો સાથ

ચલો કિસમત!

માનું પેટ

‘જોરારનો’

નાગમતી નદીનો એ રળિયામણો આરો હતો. ફરસી પહોળી છીપર ઉપર બેઠી બેઠી એક ચાલીસેક વર્ષની આધેડ ઓરત પોતાના લાંબા હાથ હિલોળતી હિલોળતી અતલસનું કાપડું ચોળતી હતી. ચોળાતા કમખામાંથી સફેદ ભૂતડાના દૂધવરણા રંગ સાથે પહેલકી ધોણ્યનો લાલ અતલસી રંગ ચૂઈચૂઈને નદીનાં પાણીમાં નીતરતો હતો, તેને પીવા ઝીણીઝીણી માછલીઓ છીપર ફરતી ટોળે વળી હતી.

આધેડ બાઈના પહોળા બરડા પર ફક્ત આછી એક ઓઢણી હતી. બરડો લીસો હતો. ઓઢણી લપટતી હતી. છબછબિયાંમાંથી ઊડતાં પાણીનાં ટીપાં પણ નિશાળનાં નાનાં છોકરાં ઊંચાં લીલાં પાટિયા પરથી લસરતાં હોય તે રીતે બાઈના બરડા પર પડી પડી લપટી જતાં હતાં. કાપડાની કસોના ગુલાબી કાપ બરડા પર પડેલા હતા. આ નદી-આરો ઉપરવાસનો હતો, એકલ હતો, નિર્જન હતો. ધોનાર ઓરતની સાથે એક જ બીજી બાઈ હતી તે લૂગડાં નદી-કાંઠાની સફેદ ભૂતડાની માટીમાં મસળતી હતી.

બેથી અઢી વર્ષનો એક છોકરો આ કાપડું ધોતી આધેડ બાઈના બરડા પર ધબ્બા લગાવતો અને ગળે બાઝતો પછવાડે ધીંગામસ્તી મચાવી રહ્યો હતો.

“આઘો ખસ, મારા વેરી, થોડીક વાર તો મને કવરાવવી રે’વા દે!” બાઈ છોકરાને ઠેલવા મથતી હતી. ધોવામાં એને અગવડ પડતી હતી. “નૈ મા, ભૂખ લાગી છે. ધાવવું છે, મા, તું મને વઢ મા. મને ભૂખ લાગી છે.” છોકરો તોતડા બોલ બોલતોબોલતો માની પીઠ પર ધમાચકડી મચાવી રહ્યો.

“ભૂખું તે તું કેટલાક જલમની લઈને આવ્યો છો, ભા! ! હેં નાગડા?” બાઈ છોકરાની સામે જોયા વગર જ બોલતી હતી.

“આગલા જલમનો કોક અપવાસી જોગી હશે, હોં મા!” લૂગડાં મસળતી બાઈએ કહ્યું.

“હા, એટલે તો એનું નામ નાગડો પાડ્યું છે ના!”

“ભૂખ, ભૂખ, મા, ભૂખ !” બાળકને આ બે બાઈઓની વાતોમાં રસ નહોતો. એનું પેટ પોતાની પ્રશંસાથી ભરાતું નહોતું. એણે તો માની પીઠ ઝાલી ધણધણાવવા માંડી. બાઈના હાથ છીપર પર ટકી શક્યા નહિ.

"પણ સાંજ પડે છે, નાગડા ! મારે હજી ગાંસડી લૂગડાં બાકી છે. જો આંહીં માણસુંને સીમમાંથી વળવાની વેળા થાતી આવે છે. છોડ, માડી, હમણાં ધોતીધોતી કેમ કરી તને ધવરાવું!"

"ધોતીધોતી - નૈ, બસ, ધોતી ધોતી - મા, ધોતીધોતી ધવલાવ –" છોકરો બાથંબાથાં કરી રહ્યો.

"ઠીક, આ લે." એમ કહીને માતાએ પોતાનું ઢીલું સ્તન ઊંચું લઈને પોતાના ખભા તરફ લંબાવ્યું. "લે બેટા ! તું તારું કામ કર, ને હું મારું કામ કરું."

ખભા પર મોં ઢાળીને છોકરો પીઠ પાછળ ઊભોઊભો ધાવણ ધાવવા લાગ્યો, ને વગર અંતરાયે મા ધોતી રહી. છીપર પર કાપડું મસળતા એના ઝૂલતા દેહ પર બાળક પણ ઝૂલી રહ્યો. પછી તો બેમાંથી, એકેયને ઉતાવળ ન રહી. મા ધોવામાં મશગૂલ હતી. બાળક હીંચોળા ખાતોખાતો ધાવતો હતો ને ઝોલાં પણ ખાતો હતો.

"આ તો ભારી કરામત, મા !" આધેડ બાઈને માન-શબ્દે સંબોધતી એ બીજી સ્ત્રી એની નોકરિયાત લાગતી હતી. "માનું ધાવણ બીજા શા ખપનું છે, બાઈ ? ભલેને ધાવતો. મેં તો આને ઘડૂલે ઘડૂલે ઘટકાવવા દીધેલ છે, એની કાંઈ છાશ થોડી ફેરવવાની છે ? હોય તેટલું હસીને પાઈ દઈએ. સાચો ધાવનારો હશે તો આગળ ઉપર લેખે લગાડશે. પૂરો ધરવ નહિ પામ્યો હોય તો આગળ જાતાં એબ લગાડશે. ગાય-ભેંસનાં દૂધ-ગોરસ સાચો મામલો મચે ત્યારે થોડાં જ ઊગી સરવાનાં છે ? તે ટાણે તો જવાબ દેશે માનું ધાવણ. મરને ધાવી લેતો. તે ઘડીએ તો ધવરાવનારીના રંગ રે'શે ને !"

નદીનો આરો પોતે અબોલ છે, પણ મૂંગાં નદી-જળ માનવીઓને બોલતાં કરે છે. સંસારના લાજમલાજાએ સીવી લીધેલી નારીની જબાન પરથી નદીનો કાંઠો ટેભા તોડે છે. બાળકની માતા અંતરના અતલ ઊંડાણમાંથી બોલતી હતી. પાછી વળીને ઘેર પહોંચશે ત્યારે વાચાને જાણે તાળાં વસાઈ જવાનાં છે, એવી બીકે એણે અંતરના આગળા છૂટા મેલ્યા.

વાદી જેમ મોરલીને ઝાલી અવનવા સૂર ઘૂંટતો હોય, તેમ પીઠ પર ઢળેલો બાળક માનું સ્તન બે હાથે પકડી ધાવણ ઘટકાવતો હતો. એના મોંમાંથી ઘૂઘવાટ ઊઠતા હતા. માતાનું સ્તન એના બે હાથમાં મોરલી-ઘાટનું બન્યું હતું.

મસળીમસળીને નાની સ્ત્રી લૂગડું ફેંકતી હતી. ફેંકાતું લૂગડું ઝીલીઝીલીને બાળકની જનેતા છીપર પર ચોળતી હતી. કાંડાં સાથે ખણખણાટ કરતો ચૂડો ઊંચે ચડાવ્યા છતાં વારંવાર લસરી નીચે આવતો હતો ને કાંડાં પર નાચતો હતો.

"હેં મા !" નાની સ્ત્રી વાત કઢાવતી હતી : "આ દરબારની રાણીયુંનાં ધાવણ કેવાં ધૂળમાં રોળાતાં હશે !"

"એના ય દીકરા પીવે છે ને."

"દીકરા તો પીવે છે, પણ દીકરી પીવા આવે ત્યારે ? દૂધમાં ઝબોળીઝબોળીને જીવતી મારે, પછી એની છાતીનાં સરોવર સડીસડીને બેઠાં થતાં હશે ને ?" "અભાગણીયું છે જાડેજાઓની બાયડિયું, બાઈ !" માએ નિશ્વાસ મૂક્યો : "કયે અવતારે છૂટશે ?"

"હેં મા ! એક વાત પૂછું ? ગઢમાં હજી ચણભણ થાય છે."

"શું ?"

"કે વચેટ સફીઆણી રાણીની જે દીકરી દૂધપીતી કરવા માટે તમને સોંપાઈ'તી તેને..."

"શું તેને ?"

"તેને તમે દૂધપીતી કરી નથી. ક્યાંય આઘીપાછી કરી નાખી છે."

"જાણતાં હશે ગઢનાં માણસ બધું. હું શા સારુ આઘીપાછી કરું ? એનાં સગાં માવતર એનું મોત વાંછે, ને મારે પારકી જણીને શી બલા પડી છે કે હું જિવાડું ! દૂધના તપેલામાં ઝબોળી ઝબોળીને મારી છે. એ દાટી મસાણમાં."

"મસાણ ખોદાવ્યું'તું કહે છે, હાડકાની કરચેય ન જડી."

"ઉપાડી ગયું હશે ઘોરખોદિયું."

"સૌના મનમાં શંકા રહી ગઈ છે."

“શંકા ભૂત ને મનછા ડાકણ. મારી જાણે બલારાત. હું તો દરબારમાં જાતી જ બંધ થઈ ગઈ છું ને.”

“વજીરાત કરવી એટલે જાવું તો જોવે જ ને !”

“વજીરાત તો કરે છે વજીર જે હોય તે. પુરુષ જઈને ધણીના ગોલાપા મર જીવતાં લગ કરે. બાયડીને કાંઈ કોઈએ ગોલી નથી રાખી. મારે તો મારા નાગડાને મોટો કરવો છે. દીકરીયુંને ટૂંકી કરીકરીને દીકરા પારકાના ચોરી વેચાતા લઈ ગાદીએ બેસારનારાઓની વાત નોખી છે. મારે તો કાંઈ રાજવળું નથી. વેચાતો લાવવો નથી. મારાં સાત મૂઆં તેને માથે આ એક આપ્યો છે મા આશાપરાએ, તે ઉછેરવો છે. હાલો, ઝટ કરો, હવે મોડું થાય છે.”

બન્ને સ્ત્રીઓનાં મોં નદી તરફ હતાં, પીઠ ગામ તરફ હતી, નદીકાંઠે અવરજવર ઓછો હતો. બન્ને કપડાં ચોળવા-મસળવામાં તેમજ વાતોમાં મશગૂલ હતી.

એકાએક બન્નેએ હસાહસ અને ખીખીઆટા સાંભળ્યા. પાછળ નજર કરી. દૂર દૂર દસ ઘોડેસવાર ચાલ્યા જતા હતા.

જૂથમાંથી આગલા બે જણ થોડા આગળ હતા. તેમાંના એકનો ઘોડો નાચકણી ચાલ કાઢતો, ચારેય દિશામાં ડાબલા અને ગરદન ઉછાળતો હતો. એને કસકસીને ઝાલતો અસવાર દાંત કાઢતો હતો. બાજુમાં પોતાનો ઘોડો જરાક પાછળ રાખીને ચાલ્યો આવતો સવાર આ સાથીના હાસ્યમાં શામિલ નહોતો થયો. એનું મોં નીચે ઢળેલું હતું. એણે એકાદ બે વાર પાછળ નજર નાખી લીધી હતી.

પાછળ ચાલ્યા આવતા આઠ બીજા ભાલાધારી ઘોડેસવારો પાછળ નજર નહોતા કરતા. તેમણે શરમાઈને મોં બીજી દિશામાં વાળી દીધાં હતાં.

સાંજનો પવન નદીઢાળો હતો. દસેય ઘોડેસવારો પવનની ઉપરવાસ હતા. ઘણી વાર બોલનારાઓ ઘણા દૂર હોય તે છતાં શબ્દો સ્પષ્ટ વીણી શકાય તેવા સંભળાય છે. પવનના પરમાણુઓ કેટલીકવાર અસલ બોલાતા બોલને વધુ બુલંદ બનાવે છે. શબ્દો ઊડતાં પક્ષીનું રૂપ પામે છે. છોકરાને પાછળથી ધવરાવતી ધવરાવતી કપડાં ધોતી અને આ ચાલ્યા જતા ઘોડેસવારોને જોવા થંભેલી એ આધેડ બાઈના કાન પર ખિલખિલ હાસ્ય ખખડાવતા પાંચ જ શબ્દો પહોંચ્યા :

"હિ જોરાર કિન્જા ઘરજિ હુંદી ?"

"હિ જોરારજો કેર !"

"કેર આય હિ જોરારજો !"

"મા !" સાથી સ્ત્રીએ કહ્યું : "બાપુસાહેબ તો નહિ ? ને હારે છે ઈ તો મારા વજીરબાપુ જ."

બાઈએ ડોકું હલાવ્યું. એણે તો ઘોડેસવારોને ક્યારના ઓળખી લીધા હતા. હવે તો એ શબ્દોને પકડી રહી હતી : 'જોરારજો ! હિ જોરારજો કેર ?"

શબ્દો જાડેજી ભાષાના હતા. કચ્છી બોલીના એ ત્રણ બોલ આ પુત્રની માતાના કલેજામાં કટારી પેઠે રમી ગયા. ત્રણ જ પેઢીથી કચ્છની ધરા મેલી દેનારું એ ગામનું રાજકુળ હજુ જાડેજી ભાષા જ બોલતું હતું.

"હિ જોરારજો કેર ?" [આ જોરારનો કોણ ?]

બાઈ સમજી ચૂકી. જોરાર એટલે એવી ભેંસ, કે જેને ઝાઝાં વેતર થઈ ગયાં હોય, ને ઝાઝી વાર વિયાવાથી જેનાં આંચળ ઢીલાં કોથળી જેવાં બની ગયાં હોય. આ ગાળ કોઈ પોતાને જ દેતું જાય છે. ગાળ દેનાર આંહીં નજીકમાં થઈને નીકળ્યો હોવો જોઈએ. નક્કી એણે મારી પીઠ પાછળ ઊભો રહીને ધાવતો બાળક નિહાળ્યો હોવો જોઈએ. આ નદી-કિનારાની ધ્રો-છવાઈ ધરતી પર એના અશ્વના ડાબલા અવાજ કર્યા વગર પડતા ગયા હોવા જોઈએ. એ મહેણું દરબાર જ દઈ રહ્યા છે. એણે મને 'જોરાર' કહી, એણે મારા છોકરાને 'જોરારનો છોકરો' કહી બદનામ દીધું. એણે મારી કાયા દેખી, ને મારાં શિથિલ અંગો દીઠાં. એ હસતો જાય છે, અને મારા ધણી, દરબારની વજીરાત કરતા પુરુષ, એ મૂંગે મોંયે સાંભળતા-સાંભળતા કાં ચાલ્યા જાય છે ?

એણે દરબારને છાજતો જવાબ કાં ન દીધો ? એણે એટલુંય શું ન કહ્યું, કે 'એ જોરારના છોકરાના ઝપાટા તો, દરબાર, આગળ ઉપર જોઈ લેજો' ?

બાઈને પાછળ દોડી જવાનું દિલ થયું. નાગડાને તેડીને ત્યાં પહોંચું, જાડેજા દરબારની સામે ઊભી ઊભી સંભળાવું, કે જોઈ લેજો આ જોરારનાને : નિહાળીનિહાળીને જોઈ લેજો. મારાં

લબડતાં થાનને ધાવેલો આ બાળક એક દિવસ આ ગાળ બોલનારના ગળામાં પાછી ગળાવશે. એક દિવસ આ જોરારનો, ઢીલાં થાનનાં ધાવણનો હિસાબ ચૂકવશે.

પણ એણે પૂરાં લૂગડાં ય પહેર્યા નહોતાં, હજી તો નાહવું ય બાકી હતું, અને એ વિચાર કરતી રહી ત્યાં તો દસેય ઘોડેસવાર નાગની ગામના દરવાજામાં દાખલ થઈ ગયા. ઊંઘી ગયેલા બાળકને કાંઠાની ધ્રો-છવાઈ ગાદલિયાળી ભોંય પર સુવરાવીને માએ નદીનાં કમ્મરપૂર પાણીમાં નાવણ કર્યું, ત્યારે આથમતો સૂર્ય જાણે એને કહેતો હતો : 'મા ! તું ખરેખર રૂપાળી છે, તારે પેટ અવતાર લેવાનું મન થાય છે. તારું દૂધ પી શકું તો કોઈકોઈ વાર આ સાત ઘોડલાની રાશ ખેંચતાં પંજા કળે છે તે ન કળે !'

એના બરડા પર ભૂતડો ઘસીને બીજી બાઈએ વાંસો ચોળી દીધો. બાઈએ નાહી લીધું એટલે થોડે છેટે વેલડું છોડ્યું હતું તેને સાથેની જુવાન સ્ત્રીએ જઈને બળદ જોડ્યા. પડદા પાડીને આધેડ બાઈ દીકરા સહિત અંદર બેઠી. વેલડું નાગની નગરના વજીર-વાસમાં ચાલ્યું ગયું.

2

## જેસો વજીર

આજે જામનગર અથવા નવાનગર નામે જાણીતું એ તે કાળનું નાગની (અથવા નાગના) બંદર હતું. આપણે ઈ. સ. 1545 લગભગના સમયમાં પ્રવેશ્યા છીએ. નાગની બંદરને તોરણ બાંધી જામનગર નવાનગર નામ પાડ્યાં પંદર-વીસ વર્ષ વીતી ગયાં હશે. એ તોરણ બાંધનાર રાવળ જામ સૌરાષ્ટ્રના જાડેજા કુળનો આદ્યપુરુષ પણ સ્મશાને સૂતો હતો. અને તે દિવસે એના દીકરાનો દીકરો છત્રસાલજી રાજ્ય કરતો હતો.

છત્રસાલ સોરઠવાસીઓની જીભે ન ચડી શકે તેવું મોટું નામ છે. એનું લોકજાણીતું નામ સતો જામ હતું. અને હમણાં આપણે જે દસ ઘોડેસવારોની સવારી ગામમાં જતી જોઈ તેનો મોવડી ટીખળી પુરુષ સતો જામ પોતે જ હતો. નાગમતીના નદી-ઘાટ પર પાછળ નાખેલ થાનેલે બાળ ધવરાવતી નારીનું ટીખળ કરનાર જુવાન રાજા સતા જામની અદબ સાચવનાર સાથી ઘોડેસવાર જેસા વજીર હતા. વજીરના દાઢીમૂછના વાળમાં શ્વેતવરણી જૈફીએ ઘર નાખ્યું હતું. રાવળ જામની સાથે જેસા વજીર પણ કચ્છમાંથી આવ્યા હતા. નદીકાંઠે એણે પોતાની રૂપાળી પત્નીને અને કદરૂપા બાળક નાગડાને ઓળખ્યાં હતાં.

દસેય ઘોડેસવાર ગામની બજારમાં દાખલ થયા ત્યારે પાંચસોક પોઠિયાઓની ધકબક લાગી હતી. આઠ-દસ કદાવર જુવાનો એની પાછળ લાકડીઓ લઈને હાંકતા હતા. જુવાનોને ખંભે

તલવારો ઝૂલતી હતી. ગામ-દરવાજાના દરવાનો એની સાથે કશીક રકઝક કરતા હતા. નવા આવનાર જુવાનો કહેતા હતા : “ના, ના, એ તો ગામનું જે નામ લેવાતું હશે એ જ લેવાશે.”

“નવું નામ શીખી લેવું પડશે.” દરવાનો રૂવાબ કરતા હતા.

“આવશે જે દિ’ શીખવનારા તે દિ’ શીખી લેશું. હજુ તો ગુરુ મળ્યા નથી.”

“શી તકરાર મચી છે ?” સતા જામે દરવાનને પૂછ્યું.

“આ પરગામના આવેતુઓ, બાપુ, આ ગામને હજુ નાગની નાગની કૂટ્યા કરે છે. અમે એને સમજાવીએ છીએ કે આ ગામનું નામ જામનગર છે, તો એ માનતા નથી.”

“કેમ, ભાઈ ?” સતો જામ પરદેશીઓ તરફ વળ્યા. “નામ કાંઈ અઘરું પડે છે ?”

“નામ તો, બાપુ જોરાવરીથી શીખાતાં નથી. ગામધણીની સુવાસ ફોરશે એટલે આફરડું નવું નામ જીભે ચડશે.”

“આ ગામનાં તોરણ કોણે બાંધ્યાં છે, જુવાનો ?”

“નાગ જેઠવે.”

“જેઠવાનો મુલક તો છેટો રહી ગયો, જુવાનો !”

“તો ય સુવાસ હજુ ફોરે છે.”

“હાલો ત્યારે, કોટવાળને કહો આ પરોણાઓને ડેલે લઈ જાય. ત્યાં એને નવું નામ શીખવશું.”

“અમે દરબારી પરોણાઓ જ છીએ.” “ક્યાંથી આવો છો ?”

“મચ્છુકાંઠેથી.”

“કોના તરફથી આવો છો ?”

“દેદા રાજાએ જામને આ પોઠિયા મોકલ્યા છે.”

“મોકલ્યા ને ? રંગ, દેદા રાજા ! ન મોકલે એ તો કેમ બને ? જુઓ, જેસા વજીર ! તમે ના પાડતા’તા, પણ મા આશાપુરાનો તાપ દેદાઓથી ન ઝિલાયો.”

“મને તો ખાતરી નથી થતી.” જેસા વજીરે માથું હલાવ્યું. “એલા ભાઈઓ ! આ પોઠ્યુંમાં કયો દાણો છે ?”

“ધરતીનો દાણો છે.”

“એ તો અમે ય જાણીએ છીએ. આભના દાણા નથી ઊતરતા. પણ કયું અનાજ છે ? – ઘઉં, બાજરી, ધૂળ, રાખ...”

જેસા વજીરે પોતાની પાસેનો ભાલો મારી એક પોઠ્યમાં કાણું પાડ્યું. અંદરથી ઝરતા કણને હાથમાં ઝીલીને જોયું, ને દરબાર તરફ કરી કહ્યું : “લ્યો બાપુ, આ દેદાએ મોકલેલ છે.”

“રાળેલ અનાજ ? ના, આ તો ધૂડ ! દેદાઓની પાસે દાણા મગાવ્યા, દેદાઓએ ધૂડ મોકલી !” સતા જામે હાથમાંથી ચપટી નીચે વેરવા માંડી. ત્યાં તો જેસા વજીરે એનો હાથ ઝાલ્યો ને કહ્યું : “હાં, હાં, રે’વા દ્યો, બાપુ ! દેદાઓ આપણને ઘેર બેઠે એની ધરતી મોકલી આપે છે. મા આશાપુરાની મહેર થઈ ગઈ. એલા ભાઈઓ ! હાંકો પોઠિયા મા આશાપરાના થાનકમાં. ત્યાં પથરાવશું. ને આ જુવાનોને પાઘડીઓ બંધાવશું.”

બજારમાં ઊભેઊભે જામનગરના દોશીડાઓની હાટડીઓમાંથી પાઘડીઓ કઢાવીને જેસા વજીરે સાથે લીધી. નગરનાં તોરણ હજુ પંદર-વીસ વર્ષોથી જ બાંધ્યાં છતાં બહોળા હાટબજારની જમાવટ ત્યાં થઈ ચૂકી હતી. રાવળ જામ છેક કચ્છમાંથી શાહ-સોદાગરો ને કસબી-કારીગરોને તેડતા આવ્યા હતા. ઊભી બજારે રંગરેજોની હાટ હતાં, ને ત્યાં રંગાટ થતી બાંધણીઓના ઢાકાશાહી મલમલના તાકા ફરકતા હતા. તેની ગોદમાં લપેટાતો દરિયાઈ પવન રંગોમાંથી નીકળતી ભાતભાતની સુગંધો સાથે મસ્તી ખેલતો હતો.

સંધ્યાની મશાલ પેટાઈ. કચેરીમાં સતા જામે સૌની સલામો લીધી. સલામ કરનારાઓ વીખરાયા. છેલ્લી રજા લેનાર જૈફ વજીર જેસાભાઈ હતા.

“કાલની રજા માગું છું, અન્નદાતા !” જેસા વજીરનો અવાજ ગંભીર હતો.

“કેમ ?”

“ગામતરે જવું છે.”

“ઢૂકડાં કે દૂર ?”

“ના, ઢૂકડાં જ જવું છે."

“ભલે, જઈ આવો. પણ હવે મને એક વાત ખટકે છે.”

“શું, અન્નદાતા?”

“હજી ય લોકો નાગની નાગની કહ્યા કરે છે.”

“અન્નદાતા ! જમીન જીત્યે કાંઈ માટી થઈ જવાય છે ?”

“ત્યારે ?"

“દિલ જીતવાં જ બાકી રહે છે. એ જીતો એટલે નગરનું નામ આપોઆપ બદલાશે.”

“આંહીંની વસ્તી માથાભારી છે.”

“નમાલી બાયડીને માથે શૂરાતન કરનાર ધણી બનવું રાવળ જામના પોતરાને ન ગમવું જોઈએ, અન્નદાતા. ને આપણા હાથે હજી લોહીના ડાઘ છે.”

સતા જામનો ચહેરો ચીડિયો બન્યો. તેની પરવા રાખ્યા વગર જ જેસા વજીરે યાદ આપ્યું: “દાદાએ આશાપરા દેવીના સોગંદ લઈને પછી ગોત્રહત્યા કરી છે. પિત્રાઈ હમીરજીને ગોઠ્ય પર તેડાવી કસુંબાની અંજળિ ભરાવતે-ભરાવતે કાપી નાખ્યા છે. નાગ જેઠવો પણ દાદા રાવળ જામની દગલબાજીનો ભોગ બન્યો છે. નગરનું નામ ફરતાં હજી વાર લાગશે, બાપુ. તમે હજુ નાના છો. હું તો ખર્યું પાંદ થઈ જવાનો થોડાં ચોમાસાંમાં. ને હજુ તો દિલ્લીના સુલતાનોનો દવ ગુજરાતને સીમાડે સળગે છે. સોરઠનો ય વારો ઝાઝો દૂર નથી. પાડોશીઓને શત્રુ બનાવીને સાફ કરી નાખ્યે સોરઠની સારાવાટ નથી. એને જૂથમાં બાંધશું તો જ જામનગર જીવશે ને સોહશે.”

"એટલે તો તમારું એમ ધ્યાન પડે છે ને," સતા જામે દોંગી આંખ કરીને વજીરના બુઢાપા પર મજાક કરતેકરતે કહ્યું : "કે આપણે જદુવંશી જાડેજાઓએ આ મઘરને પેટે જન્મેલા વાંદર-પોતરા જેઠવાને, આ માછલાં મારનારા વાઘેરોને ને આ અનાડી કાઠીઓને આપણા ભાઈબંધો બનાવવા ?"

"વઢિયારના કોળીઓને અને વાળાકના વટલેલા ખસિયાઓને પણ." જેસા વજીરે સતા જામને અણગમતાં બે નામનો ઉમેરો કર્યો. સતા જામનું મોં કડવું ઝેર બન્યું.

"નહિ, વજીર," એણે ચોમેરના સીમાડા દેખાડતી આંગળી ફેરવી. "સોરઠ તો કૃષ્ણના કુળની."

"માંડળિક પણ કૃષ્ણવંશી હતો, ગંગાજળિયો હતો, કૃષ્ણકુળના અભિમાને એને ક્યાં જાતો નાખ્યો, અન્નદાતા ! જાણો છો ? એણે બીજા બધાથી ઊંચેરો બનવાની ફુલ્ય મારી, એટલે અમદાવાદની મસીદમાં એ વટલ્યો, પોકે પોકે રોયો, ને એના મડદા માથે કબર બંધાણી. મુસલમાનોએ બેગઢાના વખતથી જ સોરઠનું કાચું માંસ ચાખ્યું છે, એટલે હોળો આંહીં આવ્યા વગર રહેવાનો નથી."

"આપણે તો મુઝફ્ફરશા સુલતાનનો જ પક્ષ લેશું, જેસાભાઈ !"

"આપણે સોરઠમાંથી સુલ્તાનીઅતને કાઢવી છે, કે જડબેસલાખ કરવી છે ?"

"આપણે તો જેને ગાડે બેસીએ એનાં ગીત ગાવાં."

"ના, ના, ગીત તો સોરઠ-કચ્છની એકસંપીનાં ગવાય. હું તો, અન્નદાતા, એમ ઇચ્છું છું કે આપણે સૌરાષ્ટ્રનાં રાજ્યોમાં એકરસ બની જવું ને ઇસ્લામને આંહીંથી હઠાવવો."

"આપણે સોરઠની એકતા માટે ઠાલા ખુવાર શા સારુ મળવું જોવે, જેસાભાઈ ? મારતા મિયાંની તલવારનો મુલક છે. હું તો સુલતાનનો ટેકો લઈને પણ જામની રૈયાસતના ઊંડા પાયા રોપવા માગું છું. તે વગર આપણને પરદેશીઓને આ વસ્તી જંપી બેસવા નહિ આપે. તમે પાછા આવો એટલે આપણે અમદાવાદ જઈ આવીએ."

"આપણી પાસે નજરાણો મૂકવાનાં નાણાં નથી, અન્નદાતા."

"તમે ય ભલા આદમી છો, જેસાભાઈ, હું સુલતાનને ઘેરે નાણાં સોંપવા નહિ પણ નાણાંનું ઝાડવું ખંખેરવા જાવાનું કહું છું."

"શી રીતે?"

"એ અત્યારે નહિ કહું. એક જ મેહમદી રૂપૈયે સુલતાનને રાજીરાજી કરી નાખવાની એક કરામત મારા મનમાં રમે છે. પણ આજથી કોઈને નહિ કહું. તમે ય મારી અક્કલ ઉપર આફરીન બની જશો. જેસાભાઈ ! જોઈ રાખજો."

"મને તો, અન્નદાતા ! સોરઠની એકસંપી કરવા સિવાય કોઈ બીજી કરામતમાં અક્કલ વટાવી નાખવાનું ગમતું નથી."

"તમારો જમાનો જૂનો થયો ખરો ને !"

"બીજું કાંઈ નહિ, પણ આપણે કચ્છને ચૂંથી નાખ્યું છે, હવે કાઠિયાવાડને ન ચૂંથીએ. પછી તો જેવી ધણીની મરજી."

એટલું કહીને જેસો વજીર ઊઠ્યા. સતો જામ એને વળાવવા ઊઠ્યા. બારણા સુધી ગયા ને પછી હસ્યા : "જેસાભાઈ ! મને તો હજી ય સાંજનું નદીકાંઠાનું રોનક યાદ આવે છે. એ જોરારનો તે કોણ ?"

"અન્નદાતા !" જેસાભાઈએ અરજ કરી : "હવે કોઈ વાતે માફ રાખવું છે કે નહિ ? મારાં પળિયાં માથે તો એટલી મહેર કરો !"

"શું છે પણ, તમારે ને એને કાંઈ..."

"કાંઈ તો બીજું શું ? મારું પેટ છે." "તમારો ? જેસાભાઈ ! તમારો છોકરો ? હે-હે-હે-હે." જામ સતાનાં પાંસળાં હાસ્યથી ફાટ ફાટ થયાં. "તમારો ? હેં જેસાભાઈ ! તમારો ?"

"આખરે તો અમે તમારાં ગોલાં ને તમે અન્નદાતા !"

"અરે, એમ તે કાંઈ હોય, જેસાભાઈ ? તમને ફરી પરણાવીએ. વાત શી કરો છો ? આમ તે કાંઈ જીવ્યું જાતું હશે ?"

"હવે ક્યાં ધોળાંને કલપ લગાવવો, અન્નદાતા ! ધણીની મહેર છે તે જિંદગી નીકળી જશે."

"ભારે કરી… ઈ… ઈ… કરાફાતની કરી આ તો, જેસાભાઈ !" એમ કરીને સતો જામ, બેફાટ હસતાહસતા જેસા વજીરને ખભે ને છાતીમાં રોનકી રીતના ધક્કા દેતા રહ્યા.

વજીરની પદવી ભોગવનાર ડાહ્યો ને દૂરંદેશ એ ખવાસ યોદ્ધો, પોતાની સાત પેઢીના ગોલાપણાનું રાંકડું રૂધિર જરીકે ધગવા દીધા વગર, ધણીની રોનકી પ્રકૃતિને દરગુજર કરતો ઘેર ચાલ્યો ગયો.

## બાપે તરછોડેલો

.

બાળકને આંગળીએ વળગાડીને વજીરાણી જોમાંબાઈ વજીરના ઓરડામાં દાખલ થઈ. અને એણે છોકરાને કહ્યું : "જા જોઉં, તારા બાપુને હેત કર."

જેસા વજીરે ઓરતના હાથે વળગેલા બાળક પર એક તીરછી નજર નાખીને પાછી આંખો પોતાની કમર તરફ ફેરવી લીધી. કમરબંધ ખોલીને ઢોલિયા માથે પડતો મૂક્યો. એમાંથી તમંચો બહાર કાઢ્યો.

"જો નાગ, રમકડું." જોમાંબાઈ વજીરનું અતડું દિલ કળી ગયા. છતાં કારણ નહોતાં કલ્પી શક્યાં એટલે હજુ ય બેટાને બાપ તરફ આગળ કરી રહ્યાં હતાં.

"એને મારી પાસેથી લઈ જાવ." વજીરે પોતાના ખોળા સુધી લળતા આવેલ બાળકને ધીમેથી દૂર તરછોડ્યો.

"કોઈક દિવસ તો બોલાવો છોકરાને ! દરબારે શું પેટનાં જણ્યાં સાથે ગેલ કરવાની યે મનાઈ કરી છે ?" જોમબાઈ મોં હળવું રાખીને હસવા-હસાવવા મથ્યાં.

"છોકરાંને શું બોલાવવાં ? ક્યા સવાદે હેત કરવાં ?"

"કાં ?"

"જણ્યો છે કેવો રૂડો તે તો જુઓ ! કે દરબારનો ને ધણીનો જ વાંક કાઢશો ?"

"કેવો જણ્યો છે ? માથું જરાક મોટું છે, નાક થોડુંક બેસી ગયું છે. ને જડબાં જરીક આઘાપાછાં છે. તે તો મોટપણે ઘાટમાં આવી જશે. નમણાંને તો ક્યાં લેવા જાવાં ! કોઈનાં માગ્યાં થોડાં મળે છે ? જેવો છે તેવો એ છે તો આપણાં બેનાં પેટનો ને ?"

"જોરારનો તો કેવોક હોય ?" વજીરે બબડી વાક્ય પૂરું કર્યું.

વજીરાણી જોમાંબાઈ પથ્થરમાં કોતરાઈ ગઈ. એની આંખોનાં અમી પડદાની અંદર સમાયાં. વજીરે તમંચો સાફ કરવાને બહાને એની સામે જોવું છોડ્યું. ને બાળક નાગડો, બાપથી ધકેલાયેલો તેમજ માના પાલવ સુધી પહોંચી ન શકેલો, આધાર વગરનો ઊભો થઈ રહ્યો.

"ફરીથી કહો તો !" આ વેણનો વક્તા પોતાનો ભરથાર સિવાય ઓરડામાં બીજો કોઈ તો ત્યાં નથી ને, તેની ખાતરી જોમાંબાઈએ શોધી.

"ફરીથી શું કહેવું હતું ? વજીરે તમંચાનો ઘોડો ઉઘાડ-પાડ ઉઘાડ-પાડ કરતે કરતે કહ્યું : "જામ પોતે જોઈ ગયા, જામના ઘોડેસવારોએ રોનક કર્યું..."

"ને તમે સાંભળી જ રહ્યા ?"

"ત્યારે શું કજિયો કરવા બેસું ?"

"સતો જામ, બાપ ઊઠીને બોલ્યા ?" "બોલે, રાજા છે, ધણી છે. આપણને પરદેશમાં સાથે લાવેલ છે. પાળક છે આપણા. ને આપણે હોઈએ એવાં કહે એમાં ગુસ્સો શો ?"

"ખમા જોગી !"

"મારે મેણાં નથી સાંભળવાં. પણ હવેથી એ છોકરાને મારી નજર સામે ન લાવતાં એટલું કહી રાખું . મને એ કદીય નથી ગમ્યો, ગમશે પણ નહિ. એ જાણે..."

નાગડાનો હાથ ઝાલીને હળવેહળવે પગલે ચાલી જતી માતા ભરથારના 'એ જાણે...' એટલા શબ્દો સાંભળ્યા પછી એકકાન થઈને ઓરડા બહાર આડશ લઈ ઊભી રહી. ને એણે પૂરું વેણ પકડ્યું : "મારા પેટનો જ નહિ !"

વજીરને વાળુ કરાવી, હાથ-મોં વિછળાવી, પંખો ઢાળી નીંદર કરાવ્યા પછી માતા બાળકની પથારી પાસે બેસી રહી. રાત ઝમઝમ કરતી હતી, વિચારો વેગે ચડતા હતા, દિન પૂર્વેના દિન અને માસ પૂર્વેના માસ માતાની યાદદાસ્તમાં ઊઘડ્યે જતા હતા. એ ધણીનો નહિ, તો પછી કોનો ? કોની મુખમુદ્રા નાગડાના મોં પર આલેખાણી છે ? કહો કહો, હે ભૂતકાળના સ્વામી ! મને વાવડ દ્યો.

ત્રણેક વર્ષ પૂર્વેની એક સાંજ ઉઘાડ પામે છે. નાગડાની જન્મરાત પહેલાંની જ એ સમી સાંજ. એ સાંજે હું ધણીનાં લૂગડાં ધોવા ગઈ હતી. પાણી ભરતેભરતે સીમાડા ગાજેલા સાંભળ્યા હતા. જોગીની જમાત ધૂન બાંધીને આવતી હતી. એક મંડળી ગગનગુંજિત સ્વરે પૂછતી હતી :

કહાં વસૈ ચંદા, કહાં વસૈ સૂર

કહાં વસૈ નાદ વ્યંદ કા મૂલ

કહાં ચડી હંસા પીવે પાની

ઊલટી સકતી ધરી કૂણ આની?

બીજી જમાત તેનો જવાબ વાળતી હતી :

અરધે વસૈ ચંદા, ઉરધે વસે સૂર

હિરદે વસૈ નાદ વ્યંદ કા મૂલ

ગિગનિ ચડી હંસા પીવે પાની

ઊલટી સકતી આપ ધરી આની

વધુ ઊંચા શોરથી પ્રશ્ન પુછાતો હતો :

કાયા મધિ કે લખ ચંદા

પહુપ મધિ કહાં વસૈ ગંધા

દૂધ મધે કહાં વસૈ ઘીવ

કાયા મધે કૈસે જીવ ?

અનહદમાં ઉત્તર અફળાતો હતો :

કાયા મધિ દો લખ ચંદા

પહુપ મધિ ચેતન ગંધા

દૂધ મધિ નિરંતર વસૈ ઘીવ

કાયા મધે સકલ વ્યાપી જીવ.

ગોરખ-મછંદરનો એ ગીત-બાંધ્યો જ્ઞાનાલાપ રટતા જતા એ લંગોટીભર નાગડા જોગીઓના કાન ફાટેલા હતા. કાનમાં કોઈને લોઢાની વાળી તો કોઈને સોનાની, કોઈને લીંબડાની સળીઓ તો કોઈને મોરપિચ્છની સળી લળકતી હતી. જોગીઓનાં રૂપ કરૂપ હતાં. જમાત દ્વારકાને જાત્રામાર્ગે હતી. મારી સુરતા જોગીના વરહા જૂથ પર લાગી રહી હતી. હું વિચારે ચડી હતી : ક્યાં હશે આની જનેતાઓ ? કયે હૈયે રજા આપી હશે ? કઈ નાદાનીએ રેઢા મેલ્યા હશે ! આ ધરતી-ઘૂમતાને ઘર નથી, દિશાઓ વિના વસ્તર નથી, ભસ્મ વિના શણગાર નથી, વિચાર વિચાર ને વિચાર વિના કોઈ આનંદ નથી, જ્ઞાન વિના રસ નથી.

એ કદરૂપા રૂપોમાં રમતું મન સૂતું તે પછી, અધરાતે નાગડો અવતર્યો, મા કે બાપ બેમાંથી એકેયનો આકાર એના મોઢા પર કેમ આલેખાયો નથી તેનો મર્મ માલૂમ પડ્યો. વાત કોઈ માનવાનું નથી. તલવારનો ખેલાડી વજીર વિચારનાં રહસ્યો નહિ વેધી શકે. ને નાગડો મારો, સગા બાપથી પણ હડધૂત, બીજા કોની પાસે સંઘરાશે ! એક દિવસ એ જમાત પાછી આવી. આ બાળકને પોતાનો વરતીને ઉપાડી તો નહિ જાય ?

માતાને હૈયે ઓચિંતી ફાળ પડી. એણે એક સોનાનું ચગદું ઘડાવ્યું. અંદર કોતરાવ્યા આટલા જ બોલ : ‘નવાનગરનો નાગડો વજીર’. માદળિયું કરીને નાગડાની ડોકમાં રોપ્યું.

4

## ખૂંદાતી ગુજરાત

ત્રણ ગાઉના વિસ્તારમાં પથરાયેલું એ સુલતાની આહુખાના : એને ખૂણે ખૂણે અક્કેક ઇમારત : દીવાલો અને છતો ઉપર સુવર્ણનો ઢોળ : દરવાજે દરવાજે દુકાનોની લાંબી હાર : દુકાનેદુકાને ખુશનુમા પીણાં અને મધુર સુવાસી મેવા વેચતી – બસ ? નહિ, નહિ, વિલાસનાં

સમગ્ર સાધનો પૂરાં પાડતી – સુંદર છોકરીઓ : વહેતા ઝરા ને લીલા કુંજાર બગીચા : ઝાડોનાં થડ મખમલે ને કિનખાબે મઢેલાં; ઝાડોની ડાળીઓ અતલસે ને કિનખાબે લપેટેલી.

મહેમદાવાદના એ 'મૃગ-મેદાન'માં ગુજરાતનો મુસ્લિમ સુલતાન લેટતો હતો. પરી જેવી પ્રિયતમાઓ સાથે ઉપભોગ કરતો, ઇદને દિવસે હાથીઓ તેમ જ અશ્વોને સોનાં ને જવાહિરોથી શણગારતો.

એ જ આરામઘરમાં, આજે એ અઠ્ઠાવીસ વર્ષના સુલતાનનું લોહીનીતરતું મુર્દું દફનની રાહ જોતું હતું. એ જ ચમનમાં ગુજરાતના અમીરો, એક સુલતાન મરે તો બીજા છોકરાને ગમે ત્યાંથી પકડી પાડનારા સુલતાન-સર્જકો, મોજથી બેઠા હતા. દસ વર્ષના જે રાજબાળને પકડીને તખ્ત પર બેસારી દીધેલો તેની રંડીબાજી અને હળાહળ સ્વચ્છંદો ભરી જિંદગીનો યોગ્ય અંજામ આપ્યો હતો. ખુદ તેના સાકીએ જ તેને સદાને માટે સુવારી દેનારો પ્યાલો પાયો હતો.

"છે કોઈ આ મૂએલા સુલતાનનો બેટો ?" મુખ્ય અમીર સૈયદ મુબારકે પૂછ્યું.

"પૂછો આ ઇતમાદખાનને. સુલતાનના જનાનખાનાનો પહેલા દરજ્જાનો માહેતગાર તો એ નસીબવંત જ છે ને, હઝરત !" એક અમીરે વ્યંગ કર્યો.

"કોઈ છોકરો નથી." સુલતાનના રાણીવાસના કીડા ઇતમાદખાન નામના અમીરે માહિતી આપી.

"સુલતાનની કોઈ રાણીને પેટે ગર્ભ છે ?" સૈયદ મુબારકે વગર હસ્યે એક ધર્મપુરુષને છાજતી, મોત વેળાની ગંભીરતાથી જવાબ વાળ્યો.

અમીરોએ એકબીજાની સામે જોયું. ફરી પાછો એક અમીરે મર્મ ફેંક્યો.

"એની માહિતી તો ઇતમાદખાન સિવાય બીજા કોને હોય, હઝરત ?"

"હા જ તો. એને જ સુલતાન હાથ પકડી જનાનામાં લઈ જતા." બીજાએ કહ્યું.

"ને રાણીઓને એને હાથે જ શણગાર કરાવતા." ત્રીજાએ પૂરું કર્યું. ઈતમાદખાન અકળાઈને બોલ્યો : "મારી કમબખ્તી પર શા માટે હાંસી લગાવો છો ? મારી મજા તો મારું એકલું દિલ

જાણે છે.”

“ને હું પણ જાણું છું, અમીરભાઈઓ !” સૈયદ મુબારકે ગંભીર સ્વરે સમજ પાડી : “આ ઇતમાદખાનની હાલતનો ખ્યાલ તો કરો ! નાલાયક સુલતાન એને હાથ પકડીને જોરાવરીથી ખેંચી જતો. સામસામી, બે ઓરતોની પણ આંખ મળતી જોતાં કતલ કરી નાખનારો એ સુલતાન આ ઈતમાદને શું ન કરત ! પણ હું જાણું છું. થરથરતો ઇતમાદ ઘેરથી, લોખંડનો લંગોટ પહેરીને જતો, એની ચાવી ઘેર રાખતો, ત્રણ-ચાર પહોરની ભેગી થયેલી હાજતને પણ એ બિચારો ઘેર આવીને છોડવા પામતો. બોલો, ઈતમાદખાન ! કોઈ પણ રાણીને હમેલ છે ખરો ? તો તેના જન્મ સુધી આપણે રાજ ચલાવશું.”

“કોઈ પણ ઓરતને હમેલ નથી.”

“ખાસ્સી વાત. હવે સુલતાનના સગામાંથી વારસદારની તલાશ કરો. છે કોઈ ?”

“છે એક છોકરો.”

“છોકરો હોય તો બહુ સારી વાત, ક્યાં રહે છે ?”

“અમદાવાદમાં.”

“શું કરે છે ?”

“કબૂતરો પાળે છે.”

“સરસ. લઈ આવો આંહીં. તાજ પહેરાવી દઈએ.”

“કોણ જાય ?”

“રઝી-ઉલ-મુલક ! તમે જાવ, તાજના એ જવાહિર અને શહેનશાહી મુગટના એ અલંકારને આંહીં જલદી લઈ આવો.”

અમદાવાદના એક લત્તામાં, એક વાણિયાની દુકાને બારેક વર્ષનો એક છોકરો ઊભોઊભો રગરગતો હતો: “શેઠ, થોડીક તો બાજરી આપો. પંખી પર દયા કરો. અમારે માટે નથી જોતી,

અમારાં કબૂતરો ભૂખ્યાં છે. એની દયાને ખાતર ખેરાત કરો.”

દાણાનો વેપારી એ છોકરાના મેલા સદરાની જળી ગયેલી ખોઈમાં કબૂતરની ચણ્ય ફગાવે છે. બાજરીની ખોઈ વાળીને બાળક ઊભો છે. તે વખતે જ એક ઘોડવેલ ત્યાં આવીને થંભે છે. અમીર એ બાળકને નામઠામ પૂછી ખાતરી કરે છે, ઉઠાવીને ઘોડવેલમાં બેસારે છે, ઘોડવેલ પાછી ફરીને વેગે ચડે છે.

“ક્યાં લઈ જાય છે ? ઓ, આ મારા ખાનને, તું કોણ, ક્યાં લઈ જાય છે ? ઊભો રહે, કોઈ અટકાવો. કોઈ મારા બચ્ચાને બચાવો.”

એવા ધાપોકાર કરતી એક બુઢ્ઢીને ઘોડવેલનો સારથિ જવાબ વાળે છે : “એને હું એવી જગ્યાએ લઈ જાઉં છું જ્યાં કાલે સવારે લોકોના ટોળેટોળાં ખોઈ ધરીને એની પાસેથી ભીખ માગતાં એને દરવાજે ઊભાં રહેશે, ને જ્યાં ગુજરાતના ચમરબંધીઓ એની પાસે દાખલ થવાની રજા માગતા ટળવળતા હશે.” બાળકને મહેમદાવાદ લાવ્યા. અમીરોએ ઊઠીને અદબ કરી.

“મંજૂર છે, મંજૂર કરીએ છીએ.” એવી તમામ ઉમરાવોની પરવાનગીનો સુલતાન-તાજ એના મસ્તક પર મુકાયો.

“રાજ તારું છે, પણ ખજાનો અમારો છે,” એવી એની સામે જાહેરાત થઈ ચૂકી. અને એ જ દિવસે મૂએલા સુલતાનના રક્તભીના રંગમહેલની તમામ અસ્કામતો, હાથી, ઘોડા, જવાહિરો અને તંકા નામના જે લાખો સુલતાની સિક્કા હતા તેની અમીરોએ પોતાની વચ્ચે વહેંચણી કરી.

“ખબરદાર, પ્રત્યેક અમીર પહોંચી જાવ પોતપોતાની રિયાસતમાં. લશ્કરને સજ્જ રાખો. દિલ્હીના શાહની ગુજરાત પર ટાંપ છે. સલ્તનતના બીજા દાવાદારો પણ આસમાં-જમીં એક કરતા આવશે. પણ ગુજરાત આપણી છે, અમીરોની છે, લઈ જાઓ આ નાણું, ને રુકાવટ કરો દુશ્મનોની. યાદ રાખજો, સંતુષ્ટ ફોજ જ આપણો બચાવ છે.”

એમ કહેનાર મુખ્ય અમીર સૈયદ મુબારકે પોતાના હિસ્સાની જવાહિર-પેટીઓ તેમ જ તંકા-પેટીઓ ત્યાં ને ત્યાં કુહાડી લઈ તોડી.

“અરે નામવર !” ખજાનચીએ ખબર દીધા : “હજુ એ પેટીઓનો ખજાનો આપને ગણી કરીને સુપરદ કર્યો નથી. કાલે જ અમારો ઉપરી આવીને આપને કબજો દેશે.”

“ફિકર ન કરો. આવતીકાલની મને ખબર નથી. કાલ પર મુલતવી રાખનારો હું બેવકૂફ નથી. આજ અને કાલની વચ્ચે આખી રાત પડેલી છે. આ બુઢ્ઢો મુબારક રાતમાં જ જો મોતનો માર્ગ પકડે, તો આ જવાહિર કોણ વહેંચશે ?”

પેટીઓ તોડાવી અને સૈયદ મુબારકે ખજાનો ત્યાં ને ત્યાં પોતાનાં માણસોને વહેંચી નાખ્યો. પોતે નમાજમાં બેઠા.

નવાનગર પર જામ સતાની જે શાસનવેળા, તે જ વેળા ગુજરાતના આ અમીર-શાસનની. સુલતાન, તો હરકોઈ રાજવંશમાંથી ઊંચકી લીધેલો નાનો છોકરો : અને સુલતાનિયત, તો પઠાણી હબસી અથવા સૈયદ ફોજના ધરાવેલા સૈનિકોનું પીઠબળ ટકાવી રાખનાર અમીરોની. એ નવા બાળ-સુલતાનને પણ અમીરોએ શરાબ અને સુંદરીઓ સોંપ્યાં, ગુલશનો અને ગુલાબી છોકરાઓ ભળાવ્યા, એના રંગરાગ અને નાચગાનના ખરચા પેટે નોખાં ગામો કાઢી આપ્યાં, ને પછી અમીરોએ ગુજરાતના ટુકડા પાડીને ગુજરાત પોતપોતાને હસ્તક કરી.

“ઇતમાદખાન ! તમને કડી, ઝાલાવાડ, પેટલાદ, નડિયાદ, રાધનપુર, અણહીલવાડ, ગોધરા અને સોરઠ પ્રાંત. તમે સુલતાનના મંત્રી, તમે અમાત્ય. તમારા અનુચરો તમે નક્કી કરી લ્યો.”

ઇતમાદખાને સોરઠ તાતારખાન ઘોરીને સોંપ્યું. બીજાઓને બીજી રિયાસતો વહેંચી દીધી.

“ને હઝરત સૈયદ, આપને માટે ?”

“પાટણ, ખંભાત, ધોળકા, ઘોઘા, ધંધુકા, ચાંપાનેર, ઠાસરા, બડોદા વગેરે અરધું ગુજરાત.”

સૌ પોતપોતાનો ભાગ લઈ હરખાતા ચાલ્યા ગયા, અને સુલતાનિયતના કડાકા બોલ્યા. ફરી પાછા અમીરોના આંતરકલહ, સામસામાં સૈન્ય-મંડાણ, ભૂંડે હવાલે મોતના અંજામ, છોકરા સુલતાનને વશ રાખવાની સામસામી પ્રપંચબાજી, અને જુવાનીમાં આવતાં વીફરેલ સુલતાનનું ફરી પાછું અમાત્ય ઇતમાદખાનની જ તલવારને ઝટકે ધડથી જુદું માથું. ફરી પાછી સુલતાનની શોધાશોધ ચાલી.

## બાળક નહનૂ

“નહનૂ !”

“જનાબ!”

“આંહીં આવ.” બાર વર્ષનો એક બાળક ધ્રૂજતોધ્રૂજતો ઇતમાદખાનની પાસે આવી, અદબ કરી ઊભો થઈ રહ્યો.

“ક્યાં હતો !”

“ભાગોળે રમતો હતો."

“શું છુપાવ્યું છે એ ?”

બાર વર્ષના છોકરાએ પોતાની ઇજારમાં કશુંક સંતાડ્યું હતું. એ જવાબ ન આપી શક્યો.

“શું છે ? બોલ કાઢી નાખ, જે હોય તે.”

“કંઈ નથી.”

“અચ્છા, કપડાં ઉતાર. આ નવા પોશાક ધારણ કરી લે. દેખ આ ખુશબોભર્યો ઝરિયાની કપડાં : આ ઝરીભરી ટોપી, આ કિનખાબી સુરવાલ, ગમશે ને તને ?”

બાળ નહનૂને ગમ પડી નહિ. એ તો પોતાની મેલી, ફાટેલી ઇજારને જ સંકોડતો ઊભો રહ્યો.

“નિકાલ એ ભિખારીનો વેશ. પહેરી લે આ નવો પોશાક, નહનૂ ! હું તને સુલતાન બનાવીશ.”

“મારે નથી બનવું, મારે નથી પહેરવો નવો પોશાક.”

“ઈધર આ.” ઇતમાદખાને હુક્કો પીતાંપીતાં ત્રાડ પાડી. નહનૂને પોતાની પાસે ખેંચી લઈ એની ઇજાર ત્યાં ને ત્યાં ચીરી નાખી. ટુપ દઈને એના બે પગ વચ્ચે દબાવેલી ચીજ નીચે પડી. પડેલી

ચીજ રાતની રોશનીમાં ચમકી ઊઠી. ઈતમાદખાને ઉઠાવીને જોયું.

"આ શું ? અસ્તરો ? બેવકૂફ ! કાટી બેસીશ !"

"જનાબ," નહનૂ દયામણે મોંએ બોલ્યો : "મને એ અસ્તરો પાછો આપો. મારું તમામ લઈ લો. મને વીસ ચાબુક ફટકાવો, પણ મને એ અસ્તરો પાછો આપો."

"હ-હ-હ," એ નાચીજ હથિયારને હાથમાં રમાડતો ઉમરાવ ઇતમાદ હસ્યો. "તકદીરમાં જેને સુલતાનિયતની સમશેર લખી છે, તેને આવાં નાપાક ઓજારો ફેરવવાનું દિલ થાય છે. અચ્છા, રાખ, જા ને પહેરી લે આ નવા લેબાસ."

બાળક નહનૂએ આગના ભડકા જેવાં વસ્ત્રાભૂષણો પહેરતે પહેરતે જાણે કે દાહ અનુભવ્યો. પોશાક પૂરો પહેરીને એ ઊભો રહ્યો ત્યારે ઇતમાદે દાઢી પર હાથ દઈને હર્ષનો લલકાર કર્યો : "ઇન્શાલ્લા ! દેખો તો ખરા. રંડીનો બચ્ચો, પણ કેવો રૂપાળો ! દેખ છોકરા, મિરાત (દર્પણ)માં નજર કર. તું તારા તકદીરને ન ભૂલ, બદબખ્ત ! ગામની ભાગોળે તું સરાણિયાની છોકરીઓ સાથે મિટ્ટીમાં રગદોળાવા જન્મ્યો છે શું ? ચાલ, તને સુલતાન બનાવું."

એમ કહી, બાળકનો હાથ પકડી, અમદાવાદના માતબર ઉમરાવ ઇતમાદખાને ભદ્રના સુલતાની રાજમહાલની દિશાએ ઘોડવેલને હંકારી. રસ્તામાં એણે ડોળા ફાડીને શિખામણ દીધી : "ખબરદાર નહનૂ, કહીશ ના કોઈને કે તું સરાણિયાની છોકરીઓ જોડે ખેલતો હતો."

"નહિ બોલું, જનાબ !"

"કાલથી ત્યાં ખેલવા જતો નહિ."

છોકરાની મોટી આંખો એની મૂંગી મુખમુદ્રા પર બે સોપારીઓ ચોડી હોય તેવી, બીડેલ પોપચે જ સ્થિર બની રહી. ઊંચું એણે જોયું નહિ.

"જતો ના, બેવકૂફ" ફરી અમીરે દમ ભરાવ્યો.

"પણ જનાબ ! કલ તો એની શાદી છે. માટલાં ફૂટવાનાં છે. મને જોવા આવવા ઈજન છે."

"ચુપ કર, કંગાલ ! તું સુલતાન બનવા જાય છે, સરાણિયો બનવા નહિ."

ત્યાં તો ભદ્રના ઝાકઝમાળ ઝરૂખાને ઉંબરે બગીના બંકા ઘોડા ઊભા રહ્યા. બારણું ખોલી અમીર ઇતમાદખાન નીચે ઊભો રહ્યો. ઊભીને એણે બાળક નહનૂ સામે ઝૂકી ઝૂકીને, કમર કાટખૂણે કરીને "જહાંપના મેરે ! ખાવંદ મેરે ! ગુજરાત કે માલક ! ખમા તુમકો !" એવા શબ્દે કુરનસો કરીને કહ્યું : "આઈયે, ઊતરીયે, આપકે પેરોંકો ચૂમ લેને કે લિયે સુલતાન-મલક કા હરએક પથ્થર ભી તડપ રહા હૈ."

બાળ નહનૂ આ નાટકથી હેબતાયો, યંત્રવત્ બન્યો, હેઠે ઊતર્યો અને ઇતમાદનો દોર્યો એ જે ઘડી ભદ્રના દીવાનમાં દાખલ થયો તે ઘડીએ પચીસેક ઇતમાદો – અર્થાત્ ઇતમાદ સરીખા પચીસ ઉમરાવો – કોઈની રાહ જોતા બેઠા હતા.

દીવાનના દ્વાર પર ઊભા રહીને ઇતમાદખાને એ પચીસેકને કહ્યું : "ઉમરાવ દોસ્તો, અદબ કરો આપણા સુલતાનની."

"ઇતમાદખાન," સૈયદ મુબારકે કહ્યું : "પિછાન આપો."

"સુલતાન મહમૂદશાહના આ શાહજાદા છે."

"થોડી વાર એ જનાબને બાજુના દીવાનમાં બેસાડશો, ખાંસાહેબ ? આપણે એમની તખ્તનશીનીની તૈયારી કરી લઈએ." એ બોલનાર સૈયદ મુબારક હતા. ઇતમાદખાને નહનૂને બીજા ખંડમાં મૂક્યો. પછી એ અમીરો પાસે આવ્યો.

અમીરોમાં હસાહસ ઊઠી. "આફરીન. આફરીન, ખાંસાહેબ ! આખરે પત્તો લગાવીને લાવ્યા ખરા !" એક અમીરે પેટ પકડ્યું.

"તે દિવસ તો, ખાંસાહેબ," સૈયદ મુબારકે યાદ દીધું : "આપે જ જાહેર કર્યું હતું ને કે સુલતાન મહેમૂદના આપના અંશેઅંશ જાણીતા જનાનખાનામાં કોઈ કરતાં કોઈને ગર્ભ જ નથી."

"તો આ ક્યાંથી ફૂટી નીકળ્યા શાહજાદા !" બીજાએ આંખનો સુરમો લૂછતે લૂછતે હાસ્ય કર્યું.

"ખામોશ, ઉમરાવ સાહેબો !" ઇતમાદખાને ખુલાસો આપ્યો. "એની મા સુલતાનની રીતસર શાદી કરેલી બેગમ નહોતી."

"ત્યારે ?"

"એક છોકરી હતી. એને સુલતાનથી જ ગર્ભ રહ્યો હતો. એનો ગર્ભપાત કરવા માટે મને સોંપવામાં આવી હતી એ છોકરી. એનો ગર્ભ પાડી નાખવા મેં બહુબહુ ઇલાજ કરેલા. ગરમ તેજાબ જેવી દવાઓ મેં એના મોંમાં ડાચું ઝાલીઝાલીને રેડાવી હતી. એને કેટલી તકલીફ પડેલી તે મને યાદ છે. એ અભાગણી છોકરીએ ચીસો પાડી હતી. એનું બદન નિચોવાઈ જતું હતું. એના ડોળા ફાટી રહેતા હતા. પણ પૂરા પાંચ મહિનાનું એ ઓધાન પડ્યું નહિ. હું તોબાહ પુકારી ગયો. એને મેં જીવવા દીધી. પૂરે મહિને જ બેટો જન્મ્યો તેને મેં પાળી ચુપચાપ મોટો કર્યો છે. એ પોતે જ આ નહનૂ. ઉગ્રમાં ઉગ્ર મસાલાઓ સામે પણ જેણે માતાના પેટમાં ટક્કર ઝીલી, એ જ આ જોદ્ધાર આપણા સુલતાન. એની મા તો પોતાનાં પાપની પુકારો પાડવા જહન્નમમાં ગઈ છે."

"ખાસ્સી વાત, ખાંસાહેબ ! શપથ કરો છો ?"

"લાવો કુરાને શરીફ."

કુરાને શરીફ હાજર થયું. ઈતમાદખાને એના પર પંજો મૂકીને સાચી હકીકતના સોગંદ લીધા.

"મંજૂર ! બસ, મંજૂર !" સર્વ ઉમરાવોએ સુલતાનની ઓલાદનો એકાદ જીવતો માંસ-લોચો મળી જવાના હર્ષમાં મંજૂરી જાહેર કરી.

"તેડી લાવો સુલતાનને, તખ્ત તૈયાર છે."

બાળક નહનૂને બાજુના જ ખંડમાં બેસારેલો હતો. બારણું ઉઘાડું હતું. ગાદી પર બેઠેલા બાળકે ઇતમાદખાનની વાત સાંભળી હતી. અરધી સમજ્યો હતો, અરધી નહોતો સમજ્યો. સમજ્યો હતો આટલું જ ફક્ત, કે પોતાને જન્મ આપનારી કોઈ એક છોકરીને ઇતમાદખાને તેજાબ પિવરાવેલા, ને એ માતાએ મૃત્યુ વેદનાની ચીસો પાડેલી, વેદનાના પછાડા મારેલા, આંખોના ડોળા ઊંચા ચડાવેલા. એ બયાન ઇતમાદખાન કરતો હતો અને એ બયાનની વચ્ચેવચ્ચે અન્ય અમીરો મશ્કરીના બોલ બોલતા હતા, હસતા હતા, મુસ્કરાતા હતા.

બાર વર્ષનો બાળક પોતાના દિલને પૂછતો હતો કે આ લોકો હસે છે શા માટે ? મારી જન્મદાત્રી આટલું દુઃખ પામેલી, તે શું હસવા જેવું દુઃખ હશે ? કોઈ માણસ તરફડિયાં મારે તો આપણે હસીએ કે નહિ ? હા જ તો. મુરઘીને હલાલ કરે છે તે વેળા એના પછાડા જોઈને હું નહોતો હસતો વળી ? ઢેઢગરોળીની પૂંછડી કાપ્યા પછી એને ઊડઊડ થતી જોઈ મને કેવી મજા પડે

છે ! મારી માએ પણ એવી જ રીતે આ સૌને હસાવ્યા હશે. મા તરફડી હશે, રડી હશે, સૌને મજા પડી હશે.

એ વિચારદોર સમેટીને નહનૂ ખડો થયો. પચીસ અમીરોની ઝૂકતી કુરનસોની કેડીએ કેડીએ એ રત્નજડિત તખ્ત પર બેઠો. ને એના મુબારક નામની ઘોષણા થઈ : "નિગાહ રખો... સુલતાન નહનૂ મુઝફ્ફર ત્રીજા."

નગારે દાંડી પડી. છત્ર ને ચંદ્રવા ચડ્યા. પણ શરૂઆતમાં રાત્રિઓમાં કાંકરિયાની પાળે અને નરોડાનાં સરાણિયાના પડાવોમાં ભમતો નાનો નહનૂ મશરૂના પલંગો પર નિદ્રા ન પામી શક્યો. ઝબકીઝબકીને એ જાગી ઊઠતો, કે હાય, કશુંક સુંવાળુંસુંવાળું સાપ જેવું મારી હેઠળ સળવળ સળવળ કરી રહ્યું છે, અથવા સેંકડો ખિસકોલીઓ મારા શરીર હેઠળ ચગદાઈ રહી છે.

વળતા દિવસે એણે પોતાના મહેલ ફરતા ચોકીપહેરા નિહાળ્યા. આખો દિવસ લોકોની, અમીરોની, મહાજનોની, શેઠ-સોદાગરોની, તેમ જ લશ્કરોની સલામો ઝીલતાં ઝીલતાં એ થાકી લોથ થઈ ગયો. એવા ત્રણેક દિવસ ગયા. પાણીમાં ડૂબનારો બહાર નીકળવા ટળવળે એમ એ ટળવળ્યો. પણ એ બહાર જવા નીકળે કે તત્કાલ એની સાથે ટોળું ચાલતું થાય. એણે આક્રંદ કરીને કહ્યું : "શા માટે મને સતાવો છો ? મને મારી મુનસફી મુજબ કેમ ફરવા દેતા નથી ?"

ચોથે દિવસે સાંજે એણે પોતાની પાસેના નાના નોકરનાં કપડાં માગી લઈ, પહેરી, ભદ્રની બહાર પલાયન કર્યું. સીધેસીધો નરોડા તરફ નાઠો. એક ખૂણે સરાણ ચાલતી હતી, તણખા ઝરતા હતા, જુવાન સરાણિયો તલવારનાં તેજ તપાસતો તપાસતો ચક્કર ફરતા પથ્થર પર ઘસતો હતો, એના શિર પર મધરાશિયાનો ફેંટો હતો ને ફેંટા સાથે લીલી તૂઈ મૂકેલું છોગું હતું. એના ઝૂલતા કેડિયાની બાંયોના છેડાની ફાડ્યો હાથમાં પોંચા પર ઊંડઊડ થતી હતી.

સામે બેસીને ચૌદ વર્ષની એક તાજી પરણેલી લાગતી કન્યા સરાણના પટા ખેંચતી હતી. નહનૂને જોતાંની વાર જ એ પુકારી ઊઠી : "ભાઈ, તું આવ્યો ? તું તે કિયાં ખોવાઈ ગયો'તો ?"

"ભેંણ ! તેં પરણી લીધું ?"

"હા, તું તો ન આવ્યો ને !"

"હું તો સુલતાન બન્યો સુલતાન !"

"ને અમારાં તો માટલાં બરોબર ફૂટ્યાં."

"કેમ કરીને ?"

"તું જોવા આવ્યો નૈ ને ? ખરું, માલા ! કેવાં માટલાં ફૂટ્યાં ? ઓણ સરાણિયાની પંદર છોકરિયું પરણી, પણ. આવાં રૂડાં માટલાં કોઈ કરતાં કોઈનાં માવતરનાં ફૂટ્યાં નથી. અમે તો ન્યાલ થઈ ગયાં, ન્યાલ !"

સરાણ-પટ્ટો ખેંચતીખુંચતી આખી કાયાનું કલેવર હીંડોળે ડોલાવી રહેલ કન્યાના મોં પર સુખની ને સૌભાગ્યની લહેરો રમવા લાગી. બેઠી હતી તેની આસપાસ ચાલીસેક હાથનો ઘેરાવો રચીને એનો ભાતીગળ ઘાઘરો પથરાયો હતો. એના બાજુબંધોમાંથી પીળાં ફૂમતાં ઝૂલતાં હતાં. માનવ-લોકનું એ જાણે પાંખ-દુપટ્ટા ઝુલાવતું પતંગિયું હતું.

"ભેંણ ! વાત તો કહે, કેવી રીતે હાંડલાં ફૂટ્યાં ?"

"જો," કન્યાએ સમજ પાડી : "આ બેઠો છે ને રઢિયાળો મારી સામે, એની માએ પોતાને પેટે હાંડલું બાંધ્યું, ને મારા બાપે એને પેટે હાંડલું બાંધ્યું. બેય જણાં સામસામાં દોટ દઈને ભટકાણાં. બેય હાંડલાના ભૂકેભૂકા થઈ ગયા. અમારી દેવી પરસન થઈ ગઈ. બેડો પાર થઈ ગયો. હવે અમે સુખી થાશું, કેમ, નૈ માલા ?"

માલો નામે સરાણિયો જુવાન તો શાંત ઘેઘૂર આંખડીએ બેઠો હતો. હાંડલાં ફૂટ્યાં તેનું શુકન તેને માટે બસ હતું. હાંડલાના ફૂટવામાં જ તેમના સુખસૌભાગ્યની તસલ્લી હતી. પ્રારબ્ધે પોતે જ હાંડલામાં હોંકારો આપ્યો હતો. પરસ્પર ક્લેશ કે દુઃખ પમાડવાનો આ યુગલને હવે હક્ક જ નહોતો રહ્યો. તકદીરને ખોટું પાડવું નથી; હાંડલાંનું ફૂટવું એ તકદીરની વાણી હતી : આપણો વિવાહ આપણે એ વાણીને લાયક બનાવી બતાવવો જ રહ્યો : આ હતી સરાણિયાંની જીવન-ફિલસૂફી.

"નહનૂ ! વીરા !" છોકરીએ કહ્યું : "હવે અમે કાલ તો હાલી નીકળશું."

"ક્યાં ?"

“જ્યાં રોટલા રળાય ત્યાં.”

“આંહીં કેમ ન રહો ?”

“એક ને એક ઠેકાણે રોટલા મીઠા લાગે નહિ અમને.”

“હું ય સુલતાન થયો છું, એટલે ઠેકાણઠેકાણે આથડીશ.”

“હા રે હા, નહનૂ સુલતાન !” છોકરી ખડખડાટ હસીહસી પતિની સામે જોઈ ઇશારા કરે છે, કે નિહાળો આ મુસલમાનના નમાયા-નબાપા છોકરાની ગમ્મત.

“હેં ભેંણ ! તું ક્યાં જવાની ?”

“સોરઠ દીમની.”

“હું સોરઠનો પણ સુલતાન છું તને ગોતવા ફોજ લઈને આવીશ.”

“હા રે હા, સુલતાન !”

“ભેંણ, તારું સંભારણું મેં બરાબર સાચવ્યું છે. મારી પાસેથી લઈ લેતા હતા. મેં ન આપ્યું.” નહનૂએ અસ્તરો બતાવ્યો.

“આપીશ મા હોં, ભાઈ ! તારો છેલ્લી વેળનો ઉગાર એ સજાયો જ છે. લાવ તો ! એને નવોનકોર કરી દઈએ.”

નહનૂએ પોતાની ઇજારમાંથી જ્યારે એ અસ્તરો બહાર કાઢ્યો ત્યારે વરવહુ બેઉએ મોં મલકાવ્યાં. છોકરીએ ધણીની સામે હાથ લંબાવીને કહ્યું : “આ લે તો, સટ કર્ય તો. પાંચ તણખા ખેરી દે. લે હું બેક પટા ખેંચું.”

સજાતો અસ્તરો ચીસો પાડતા ભડકા કાઢતો હતો.

“જોઈ એને ભડકે ભાત્ય પડે છે ?” છોકરીએ ધણીને પૂછ્યું.

"તું જાણી શકછ ?"

"તમેં નૈ ? મારો દાદો હતો, ઇણે આ ઓજાર સજર્યું'તું. સજ્યા ભેળું જ ઇણે સંભળાવી દીધું'તું કે આ ઓજારમાં જીવતું મોત છે, પણ ઇજ્જતનો ઉગાર છે. મારી માં મને કહે કે એને નાખી દે, રાંડ, નાખી દે, ઈ કાળકમ્મું ઓજાર છે, ઈ અપશુકનિયાળ હથિયાર કહેવાય. પણ, મેં સંતાડી રાખેલું, તે આ છોકરો રમવા આવતો ઈને આપી દીધું."

"કેમ ઇને આપ્યું ?"

"ઈ કહે કે મને આમાં માણસોની કાપાકાપી કળાય છે. મારે દાદે કહ્યું'તું કે જેને આમાં ધીંગાણું કળાય તેને આપી દેજો. ઇ જ આનો ધણી. કોઈ બીજું રાખશો નૈ. લે જોઉં, પિયાલા જેવો સજી દે એને. ઇને મેં મારો ભાઈ કર્યો છે."

એમ કહીને કન્યાએ ઝૂલતે હાથ-ફૂમતે સરાણની દોરી ફરીવાર ઘુમાવી. અને જુવાન સરાણિયો એ લોહ-તણખાની ફૂલઝરીમાં નાહતો ભીંજાતો ફરી વાર સજાયાના ચકચકાટ કાઢવા મંડ્યો. ઝાંખા દિવેલ-દીવડે એ ત્રણેય ચહેરા સજાયા પર એકધ્યાન બન્યા. વચ્ચેવચ્ચે કન્યા એના વર સામેથી ભાઈ સામે ને ભાઈ સામેથી વર સામે, જાણે કોઈ શાળવી વેજુ વણતો હોય તેમ પોતાની નજર-કોકડીના વાણાતાણા નાખી રહી.

એકાએક તડબડાટી બોલી. ઘોડવેલનાં પૈડાં ધણેણ્યાં. પચીસ સવારોએ પોતાના પહાડી અશ્વોની લગામો કસકસી અને આગલો ઘોડેસવાર હાક પડતો ગયો કે "સુલતાન નહનૂ ! સુલતાન નહનૂ ! દેખા હૈ કોઈને સુલતાન નહનૂ કો !"

બાળ નહનૂને ફાળ પડી. એ હેબતાઈને પોતાની 'બહેન'ની બાજુએ લપાયો. એની પીઠ બજાર તરફ હતી. સજાતા અસ્તરાનાં ફૂલઝરોએ ત્રણેયને ઢાંકી દીધાં હતાં. ઘોડવેલ પસાર થઈ ગઈ. ઘોડાની પડઘી શમી ગઈ.

"લે, આ તો મારો ભાઈ સાચો પડ્યો. આ તો તારા જ નામના સાદ પડતા'તા એલા. તેં હોંકારો ય ન આપ્યો ! ગાડીમાં ચડી બેસવું'તું ને !"

સરાણિયણ કન્યાને મનથી હજુ આ બધી હાંસી જ હતી. પણ નહનૂ હાંફળોફાંફળો બની ગયો.

"ભેંણ, મને જલદી અસ્તરો આપી દે. મને ચાબુકો ફટકાવશે. મને રજા દે, ભેંણ !"

"કોણ ચાબુકો ફટકાવશે ?"

"અમીર ઇતમાદખાં."

"છોકરો ગાંડો થઈ ગયો છે. કોક પોતાનો નામેરી રાજા બન્યો એટલે આ ભરાંત ઊપડી લાગે છે."

"બસ, ભેંણ. જલદી આપ."

અસ્તરો લઈને ઇજારમાં છુપાવી એણે ઓટલેથી ઊતરીને દોડતી પકડી. ને પાછળથી એ સરાણિયણના છેલ્લા બોલ સાંભળ્યા : "સજાયો જીવની ઘોડે જાળવી રાખજે. ને હવે તો સોરઠમાં મળશું."

દૂર થંભી જઈ બહેનને બેઉ હાથે સલામો કરી, બાળક નહનૂ અમદાવાદ શહેરની આડી-અવળી ગલીકૂંચીઓ ચીરતો દોટમદોટ ભદ્રના રાજ્યાલયમાં પેસી ગયો. ભાગોળો ને તળાવ-પાળો ખૂંદતી ઘોડવેલ પણ સાથોસાથ આવી પહોંચી. અંદરથી ઇતમાદમાં ઊતર્યા. એના હાથમાં ચાબુક હતો. ચાબુકની લાંબી દોરીની શેડ્ય સાપની પૂંછડી પેઠે એની પાછળ ઘસડાતી આવી ને પછી બહાર ઊભેલા પહેરગીરોએ, મહેલના ખોજાઓએ, દાસદાસીઓએ, ચાબુકના ફટકારા અને બાળકની રૂંધાઈરૂંધાઈ નીગળતી ચીસો સાંભળી.

"અદલ આવી જ પુકારો," ઇતમાદખાન સુલતાનને મારતોમારતો હસતો હતો : "બરાબર આ જ ચીસો તારી અમ્માએ પાડી હતી, બદબખ્ત ! અદલ એ જ સૂર, એ જ અવાજ તારી માનો હતો, કમનસીબ ! હા-હા-હા-હાં–" ઇતમાદમાં દાંત કાઢતો હતો. એનું હસવું ને બાળકનું રુદન, બેઉની ત્યાં મહેલના ઘુમ્મટમાં સ્વર-ગૂંથણી થઈ રહી.

6

## 'કહોને મા !'

સુલતાન નહનૂ મુઝફ્ફરશાહની આવી સુરક્ષા કરી રહેલો અમાત્ય ઇતમાદખાન જ્યારે બીજા વજીરોને આરામ આપતો હતો ત્યારે નવાનગર, જામનગર, ઉર્ફે નાગની બંદરમાં વજીર-બેટો

નાગડો સમજણી ઉમ્મરમાં પ્રવેશતો હતો. જીવનમાં સૌ પહેલી સમજણ એના અંતર પર એ પડી હતી કે બાપુ નામનું ઘરનું માનવી પોતાને ચાહતું, બોલાવતું કે તેડતું નથી. બીજી સમજણ એ પડી હતી કે મા નામનું ઘરનું માણસ ઓછાબોલું ને એકાંતપ્રેમી બન્યું છે. ને ત્રીજી સમજણ એને માનવીની ભાષા માંહેલા એક વિચિત્ર શબ્દની પડી. 'મા' અને 'બાપુ' એ બે શબ્દો ભણેલો બાળક પાદરે રમતા છોકરાઓની ગુસપુસ વાતમાંથી ત્રીજો બોલ પકડતો : 'જોરારનો'. આ શબ્દ છૂટથી બોલાતો નહોતો. ચોરીછૂપીથી બોલાતો હતો. મને દેખીને જ કેમ આ ઉચ્ચાર નીકળી રહેલ છે ? મારે ને આ શબ્દને શો સંબંધ છે ? આશાપુરા માતાના મંદિર-ઓટે નવકૂંકરી રમતા બુઢ્ઢા જાડેજાઓ પણ મને જોયા પછી પોતાની કૂંકરીઓની ચાલ ચલાવતા ચલાવતા કાં કહે છે કે 'હત જોરારના', 'માર એ જોરારની કાંકરીને', 'મેલું નહિ જોરારનાને', 'કોણ બોલાવે ઇ જોરારનાને'.

બાળ નાગડાને ધીરે ધીરે એમ લાગવા માંડ્યું કે 'જોરારનો' શબ્દને ને પોતાને કશોક ગુપ્ત રહસ્યમય સંબંધ છે. પણ ખુલાસો પૂછવાની હિંમત એને હૈયે હાલતી નહોતી. કોને પૂછે ? બાપુ તો પાસે ય આવવા દેતા નથી. પૂછું છું તેના પૂરા ધીરા પ્રત્યુત્તરો તો એક મા જ આપે છે. માને પૂછું ? પૂછવા જેવી વાત હશે ? "મા" એક દિવસ પંડ્યાની ધૂડી નિશાળેથી પાછો આવીને એ માના ખોળામાં ધીરે રહી બેઠો ને પૂછવા લાગ્યો : "હેં મા ! જોરારનો એટલે શું ?"

ચાર વર્ષો એ શબ્દ બોલાયાને વીતી ગયાં હતાં, પણ માના કલેજામાં એનું ઝાડવું ઊગ્યું હતું. મા જાણતી હતી કે 'જોરારનો' શબ્દ નાગનીમાં પ્રચલિત પણ થઈ ચૂક્યો છે. રાજા જેવા રાજાના મોંમાંથી પડેલો એ બોલ, તે દિવસની સંધ્યા-સવારીના અસવારોએ ચલણી કર્યો હતો, ગોલાંગોલીઓએ પરસ્પર વિનોદમાં વાપર્યો હતો, ફૂલ વેચતી માલણને હાટડે લટકતા પીંજરામાંથી પોપટ પણ ટૌકો કરતા હતા. એ જ શબ્દનો : 'જોરારનો'.

"તારે રોટલો ખાવો છે, નાગડા ?" માએ વાતને રોળીટોળી નાખવા ખાવાનો વિષય કાઢ્યો.

"મા, રોટલો નથી ભાવતો."

"જે ભાવે તે મગાવી આપું."

"કાંઈ ભાવતું નથી."

"કેમ?"

"મને કહોને, માડી, જોરારનો કોને કહેતાં હશે ?"

"તને કેટલા કક્કા આવડ્યા ?" માએ આડી વાત નાખી.

"મને કાંઈ આવડતું નથી. હું ધૂળમાં અક્ષરો ઘૂંટવા બેસું છું કે તરત 'જોરારનો' સાંભરે છે, મા ! મને સમજાવો તો ખરાં."

આડીઅવળી વાતો નાખીને, અથવા કામનું કાંઈક બહાનું કાઢીને મા નાગડા પાસેથી સરી ગઈ. પોતાને મુખેથી ખુલાસો કરતાં પહેલાં એની જીભનાં રુધિરમાંસ ચૂંથાઉં ચૂંથાઉં થવા લાગ્યાં. વાત શું આટલી હદે પહોંચી ગઈ હતી ? છોકરાને મોઢામોઢ મા સામી ગાળ દેવાનું શહેરમાં શરૂ થઈ ચૂક્યું હતું ? એનું રોમરોમ ખદબદી ઊઠ્યું.

"માડી, કહોને મને !"

"આજ નહિ, ભાઈ."

"ત્યારે કે દિ' ?"

"મૂછડીએ વળ ઘાલશો તે દિ !"

શૂરવીરતાનો કોઈ મંત્ર હશે શું આ એક જ શબ્દમાં ? મૂછે પોતે વળ ઘાલશે છેક તે દિવસે જે વાત જનની સમજાવવાની છે, તે વાતનું જાદુ નાગડાના બાળ-હૈયામાં ટપકતું થયું. ને તે દિવસથી એણે પ્રભાતે માતાની આરસીમાં, પિતાની તલવારના ચકચકિત પાનામાં અને માની કીકીઓમાં પોતાના મુખનું પ્રતિબિમ્બ નીરખ્યા કર્યું : મૂછડીએ વળ ક્યારે નીકળશે ?

તે પછી નાગડો પોતાનું કુરૂપ છુપાવીને લગભગ બિનસોબતી જ જીવન જીવતો. મા ને દીકરો બે જ મિત્રો હતાં. મિત્રો વચ્ચે મૌનનો સેતુ હતો. પહોરના બપોર સુધી ભેગાં બેઠાં રહે તો ય એકેય બોલ ન બોલે. શબ્દની વાણી સમાતી ગઈ. શબ્દોનું સ્થાન સાનોએ, ઇશારતોએ લીધું. ઈશારતોની ભાષા ગેબમાં રમનારી. અજાણ્યાંઓને એ ડરકામણી છે. પરિચિતોને એ તોછડી છે. વાપરનારને પોતાને ય એ એકલતાના ઊંડા અતલ તળમાં લઈ જનારી છે. જગત એનાથી વેગળું બને છે. ગગન એનો શ્રોતા બને છે. ધરતીનો એ હદપારી છે.

નાગડો વાચાહીન બન્યો, તેની સીધી અસર તેના પોતાના જ કાન પર પડી. સાંભળવાની ક્ષુધા મરી ગઈ. સાધારણ શબ્દો સ્વરોથી વંચિત બનેલા કાન ફાગણ-ચૈત્રના પવન-ફણીધરોના સુસવાટાની, આષાઢ-શ્રાવણના ગગન-કડાકાઓની, ને નાગમતી નદીમાં ઘૂઘવતાં ઘોડાપૂરની રાહ જોતા. પણ રોજિંદો નાદ તો એને સાયંકાળના સો સો ઠાકરદુવારોની ઝાલરોના ઝંકારનો જ ખેંચી રહ્યો. ફાળ ખાતી માતાની ચોકીમાંથી સરી જઈને નાગડો નદીતીરના આઘેરા શિવાલયમાં નાસી જતો અને એક ખૂણે ઊભો રહીને ઝાલર બજાવતો. એક દિવસ એની નાસભાગનો ગાળો લંબાયો. માએ ફાળ ખાધી. પણ પાછો જડતાં ફિકર ટળી. બીજે દિવસ નાગડો વધુ ગેરહાજર રહ્યો. પણ પાછો મળતાં માને ટેવ પડી ગઈ. પછી એક દિવસ એનું પલાયન કાયમી બન્યું. વજીર પિતાને હૈયે છુટકારો વસ્યો, ને માએ પણ રોજની મેંણીઆત હાલતને હળવી થયેલી નિહાળી એકાદ વર્ષે આંખોમાં આંસુ સમાવ્યાં.

7

## અજો જામ

જામનગરની આખી વસ્તીમાંથી એક જ માનવી એ ખોવાયેલ બાળક નાગડાની માનસિક ખોળ કરતું હતું. એ પણ એક બાળક જ હતું. સતા જામનો સાતેક વર્ષનો દીકરો અજો જામ નાગડા વજીરની ઝાલર વગાડતી મૂંગી પ્રતિમાનો પ્રેમી હતો. નાગડો અને અજો શિવાલયમાં થોડી એકાંત મેળવી લેતા. અજો શિવાલયના ઘંટને આંબી શકતો નહિ, નાગડો પોતાના શરીરની ઘોડી કરતો તેના પર ચડીને અજો મહાદેવનો ટોકરો રણઝણાવતો હતો. નાગડો ને અજો આશાપરાના દેવળની પાછલી કોરે કલાકો સુધી વગરબોલ્યા બેસી રહેતા, એકબીજાના પંજા મેળવીને જાણે ભાવિનાં અબોલ આત્મબંધનો બાંધતા. બે બાળકોના એ મૂંગા કોલની, મા આશાપરાની આંખોની કોડીઓ સાક્ષી બની હતી.

એક દિવસ બાપુ સતા જામે આ બે બાળકોનો મેળાપ જોઈને નફરત બતાવી હતી. અજાનો કાન ખેંચીને બાપે સૂચના કરી હતી કે 'એ જોરારનાની સોબતે બાયલો બનીશ બાયલો !' તારા બાપનું રાજપાટ બાયલાથી નહિ સચવાય. ખબરદાર જો ફરીથી એની ભેળો રમતો-ભમતો દેખ્યો છે તો'.

નાગડાને ખબર નહોતી પડી કે વળતા દિવસથી ભેરુ કેમ આવતો બંધ થઈ ગયો. નાગડાએ રોજેરોજ વાટ જોઈ હતી. બોકડાગાડીમાં અજાને બેસાડીને પાસવાનો નીકળતા ત્યારે નાગડો આંબાની ઓથે ઊભો રહેતો, અજાને ધરાઈધરાઈને જોઈ લેતો પણ બોલાવી શકતો નહિ. ભાઈબંધીની મેખો વર્તમાનમાંથી ઊખડી જઈને જાણે કોઈ આઘેઆઘેના ભવિષ્યકાળના મેદાન પર ખોડાતી હતી. ભેરુની બોકડાગાડી નજીકનજીક આવતી ત્યારે નાગડો મારગકાંઠાના

ઝાડ ઉપર ખિસકોલાંની ઝડપથી ચડી જતો, ને આંબાનો ઝીણો મરવો, લીંબોળી, પેપો અથવા આંબલીનો કાતરો અજાના ખોળામાં ટપ દઈને પડતાં મૂકતો. અજો ઊંચે જોતો ત્યારે બે આંસુભરી આંખો એની નજરે આવતી.

એવો ભાઈબંધ ગાયબ બન્યા પછી અજાને થતું કે આ બોકડાગાડી હાંકતોહાંકતો એકલ પંડે આખા સંસારમાં ભ્રમણ કરું, ભાઈબંધની ભાળ લઉં, બેય જણા બોકડાગાડીમાં બેસીને દિલ્હીના પાદશાહ પાસે પહોંચશું, ચાકરી માગશું, સાવઝ મારીને શેરબહાદરો બનશે, પાદશાહ અમને શિરોહીની સમશેરોએ સોહતા કમરબંધો બંધાવશે.

દિલ્હીના પાદશાહ પાસે પહોંચવાની બાળકુંવર અજાની ધૂન હમણાં હમણાં વધુ તીવ્ર બની હતી. તેના બે કારણો હતાં. બાપુ સતો જામ અમદાવાદના સુલતાનના ભક્ત બન્યા હતા. બાપુ તાજા જ અમદાવાદ જઈ આવ્યા. બાપુ આવ્યા ત્યારે વસ્તીએ એમનું ધામધૂમથી સ્વાગત કર્યું. એ સ્વાગતમાં બાળક અજાનો જીવ નહોતો ઠર્યો. કોણ જાણે કેમ પણ બાપુ પ્રત્યે એને ધિક્કાર પેદા થયો હતો. બાપુ સુલતાનને રીઝવીને શું લઈ આવ્યા હતા ? જામશાહી સિક્કો પાડવાની સનંદ લાવ્યા હતા. પણ બાપુ એ સનંદ નામોશી વહોરીને લાવ્યા હતા ને ! કચેરી ભરાઈ ત્યારે બાપનાં બબે મોઢે વખાણ થતાં હતાં : ઓહો, શી ચાતુરી. વાપરીને બાપુએ ગુજરાતના સુલતાનને રીઝવ્યો હતો ! કાંઈ જ નજરાણો નહોતો લઈ ગયા. એક ખૂમચા ઉપર રૂમાલ ઢાંકીને સુલતાન મુઝફ્ફરશાહના તખ્ત સામે બાપુએ ભેટ કરી. કમ્મરના મકોડા ભાંગીને બાપુએ સુલતાન સામે કાયા નમાવી. સુલતાને પૂછ્યું, “ક્યા લાયે હો, સતા જામ !” બાપુએ રૂમાલ ઉઘાડીને ખૂમચો ખોલ્યો. ખાલી ખૂમચામાં ફક્ત બે સિક્કા પડ્યા હતા. એક હતો મોટો સિક્કોઃ એનું નામ ‘એહમદી’ રૂપિયો : ને બાજુમાં હતું એક નાનકડું રૂપાનાણું.

સુલતાન મુઝફ્ફરે પૂછ્યુંઃ “ઇસકા માયના ક્યા હૈ, સતા જામ !”

ત્યારે બાપુએ જવાબ દીધો : “ખુદાવંદ સુલતાન, આ આપનો સુલતાની રૂપિયો ને આ મારી જામની પાવલી : હું એ મારી પાવલીને સુલતાનના સિક્કા સાથે પરણાવું છું. જે રીતે અમારા વડવા જાડેજાઓ પોતાની દીકરીઓને પાદશાહો સાથે પરણાવી પોતાની આબરૂ વધારતા, તે રીતે આ મારી કુંવરી સુલતાનના સિક્કાને પરણાવીને હું આજથી મારી આબરૂ વધારું છું.”

“અચ્છા ! અચ્છા ! શાબાસ, સતા જામ ! તુમારી કુંવરી કી હમેરા રૂપિયા કે સાથ શાદી કરતે હો ? બહોત ખુશ. બડી ખુશી કે સાથ તુમ તુમારી યે છોટી ચોઆની કા ચલણ ચલાઓ. ઇસકા નામ હમેશ કે લિયે ‘કુંવરી’ હી રખના. હમારા સિક્કા, તુમારી કુંવરી. દોનોં કી શાદી :

વાહવા જી વાહ ! તુમારી ઇજ્જત બઢ ગઈ." એમ બોલીને સુલતાને બાપુને સનંદ આપી – જામનગરની ટંકશાળ ખોલીને 'કુંવરી'નું ચલણ ચલાવવાની.

બાપુએ ન સિંહ માર્યો, ન વાઘ માર્યો, ન બિલાડું ય માર્યું, ન કોઈ તલવારની પટાબાજી રમીને સુલતાન રીઝવ્યો. રીઝવ્યો પોતાની 'કુંવરી' પાવલીને સુલતાનના રૂપિયા સાથે પરણાવીને ! ફિટકાર હોજો બાપુની એ કરામતને. ફિટકાર હોજો એ રાજપૂતની હીણપતને.

બાળ અજાનો આત્મા કળકળાટ કરતો ગુમરાઈ રહ્યો. જામનગરની નવી ટંકશાળમાંથી નીકળેલી એ 'કુંવરી'ના રૂપલા સિક્કાને સ્પર્શ કરતાં પણ બાળ અજો અગ્નિસ્પર્શથી દાઝતો હોય તેવી વેદના અનુભવવા લાગ્યો. બાપુના એ વિજયોત્સવમાંથી બાળ અજો બહાવરો બની દૂર ભાગ્યો. એણે મોં છુપાવ્યું. એને પોતાના ગુમ થએલા ભેરુની લીંબોળીઓ ને પેપડીઓ, મરવા ને કાતરા વધુ જોરથી યાદ આવ્યાં.

એ કરતાં તો દિલ્હીનો પાદશાહ વધુ સેવવાલાયક એણે સાંભળ્યો. રાણા રાયસંગની વાત એણે સાંભળી હતી. હજુ તો ચાર-પાંચ જ વર્ષ થયાં હતાં એ વાતને. હળવદનો રાજરાણો રાયસંગજી ઝાલો ધ્રોળવાળા કાકા જામ જસાજીનો જુવાન ભાણેજ હતો. મોસાળ આવ્યો હતો. એક દિન ધ્રોળને પાદર નગારાંના ધ્રોંસા થયા. મામા જસા જામે હાક મારી કે "હાં, ખબરદાર, છે કોઈ કે ? તપાસ કરો, ધ્રોળને પાદર નગારાં વગાડનારો કોણ એ મોતને નોતરી રહ્યો છે !" માણસોએ આવીને ખબર દીધા કે, "એ તો, બાપુ, દલ્લીના બાવાની જમાત હીંગળાજની જાત્રાએ જાય છે. તેમનાં નગારાં વગડતાં હતાં."

કાકા જામ જસાજીએ હસીને કહ્યું કે "તો ભલે વગાડતા, બાવાઓ નગારાં બજાવે તેનો કોઈ વાંધો નહિ. એ તો ભીખનાં નગારાં કહેવાય. એ બચાડાઓ ભલે બજાવતા." ત્યારે ભાણેજ ઝાલા રાયસંગે પૂછ્યું, "હેં મામા? બીજો કોઈ નગારાં બજાવે તો ?"

"મારા ધ્રોળને પાદર ?"

"હા."

"તો તો નગારાં ફોડી જ નાખીએં ના, બાપ !"

ભાણેજે કહ્યું: "તો તો, મામા, ફોડવા તૈયાર રે'જો. હું આવું છું નગારાં બજાવવાં."

“આવજે, ભાણા !”

રાયસંગ રાણો હળવદ પાછો ગયો. ફોજ લીધી. ધ્રોળને પાદર આવ્યો. નગારાં પર ડાંડી રડી. મામા-ભાણેજની ફોજો આફળી. ભાણેજે મામા જસા જામને ઠાર માર્યો, મરતે મરતે આ વેરનો હિસાબ લેવા મામાએ પોતાના પિત્રાઈ કચ્છના રાવને સંદેશો મોકલ્યો. ચારણને સંદેશે કચ્છના રાવ સાહેબજી જાડેજા સોરઠમાં ઊતર્યા; રાયસંગ અને સાહેબજી આફળતા-આફળતા મેદાને સૂતા, સાહેબજી રામશરણ થયા. રાયસંગજીના જખ્મી દેહમાં જીવ બાકી હતો. ઘોર અંધારા એ રણમેદાનને માથે એકાએક એ જ રાતે મશાલોનાં અજવાળાં પથરાયાં. ‘આદેશ ! આદેશ !’નાં સ્તોત્રો એ હત્યાકાંડના હાહાકાર-સ્વરો પર છંટાયાં. સમળીઓ, શિયાળવાં અને ગીધડાંનાં જૂથ ભાગવા લાગ્યાં. એ હતી જોગી મકનભારથીની જમાત, હીંગળાજ પરસીને છ મહિને પાછી જતી હતી. તેણે જોદ્ધાઓનાં શબો વચ્ચે ઘૂમીઘૂમી ગોત આદરી, કોઈ જીવતો ? કોઈ કરતાં કોઈનું કલેજું ધબકે છે હજી ? અને હાથ આવ્યો – પૂરો પંચહથ્થો રાજરાણો રાયસંગજી : જીવ હજુ નાડ્યે હતો. જોગીઓએ એના કદાવર દેહને ઝોળીમાં નાખીને કાંધે ઉઠાવ્યો. દિલ્હી લઈ ગયા. જીવી ગયેલો રાજરાણો અકબરને દરબાર આદર પામ્યો. અઝાઝૂડ પાદશાહ-જોદ્ધા ‘એક્કા’નું માથું એ સોરઠિયા ઝાલા રાયસંગજીએ મૂઠી મારીને ઘીના કુડલામાં દાટો બેસારી દે એમ બેસાડી દીધું. વીરતાને વંદનાર શાહ અકબરે રાજરાણા રાયસંગને લશ્કરમાં દરજ્જો દીધો. રાયસંગ હળવદ પાછા આવેલ છે. મોટો થાઉં, એની પાસે જાઉં, એની સિફારસ મેળવીને દિલ્હી પહોંચું, ભેળો મારો ભાઈબંધ નાગડો હોય તો રંગ રહી જાય.

સૌરાષ્ટ્રના સમકાલીન ઇતિહાસમાંથી એવા અભિલાષોની ઊર્મિએ થનગનતો બાળો જામ અજોજી વધુ ને વધુ એકલવિહારી બનતો ગયો. બાપુની હીણી કરામતોથી એ આઘો ભાગ્યો.

સાત વર્ષનો બાળક એ વધુ દયાજનક દૃશ્ય હતું, કેમકે ઉદ્ભવતા વિચારો અને ઊભરાતી લાગણીઓ ઉચ્ચારવાની વાણી એની પાસે નહોતી. અને ‘જોરારના’ નાગડાને માટે ઝૂરતું હૃદય નાગની ગામમાં કોઈની દિલસોજી મેળવી શકતું નહોતું.

આશાપરાને દેરે કોઈકોઈ વાર નાગડાની મા વજીર-પત્ની અને બાળકુંવર અજોજી ભેગાં થઈ જતાં. “ઘંટ વગાડવો છે, બાપા ?” એમ પૂછીને અજાજીને એ પારકી મા તેડી ઊંચા કરતી. અજાજીને ત્યારે ભાઈબંધ વિશેષ યાદ આવતો, કેમકે ભાઈબંધ ઘોડી થતો ને તે ઉપર ઊભા રહી ટોકરો બજાવવાનું હવે નહોતું મળતું.

પછી વજીર-પત્ની મા આશાપરાના બળતા દીવાની સામે છાનીમાની ઊભી રહીને હાથ જોડી રાખતી, આંખો ચોડી રાખતી, પોપચાં બીડી જતી, ને એ બીડેલાં પોપચાંની ચિરાડમાંથી જ્યારે શંકરને શિરે ગળતી જળાધારીના જેવાં આંસુનાં બિન્દુઓ ટપકતાં ત્યારે બાળક અજીજી એ માતાની પાસે છેક અડકીને ઊભો રહી એના મોં સામે તાકી રહેતો. બેમાંથી એકે ય પોતાના હૈયાની વાત પૂછી શકતું નહિ.

8

## સોરઠનો કોલ

અમ્મા મારી ! ઓ અમ્મા ! તું યે શું મારી માફક ચીસો પાડતી હતી ? બરાબર શું આવી જ પુકારો ને આવી જ વેદનાઓ, હેં અમ્મા ?"

"ખમ્મા ! ખમ્મા ! ખમ્મા !" કિલ્લાના ઘુમ્મટમાંથી નહનૂ મુઝફ્ફરના એ બોલની સામે માતૃ-હૃદયનો જાણે પડઘો પડ્યો.

પોતાનાં અંગો પર ચાબુકોના ફટકા પડ્યાને ચારેક વર્ષો વહ્યાં હતાં, છતાં નહનૂની યાદદાસ્તમાંથી એ રાતની વાત નહોતી ભૂંસાતી. "નાદાન, હવે કેવો સીધો થઈ ગયો છે !" અમીર ઇતમાદ એની પીઠ થાબડતો થાબડતો શાબાશી આપતો હતો. ગુજરાતની પ્રજાની ઝૂકીઝૂકીને સલામો શી રીતે લેવી તે અમીરે બાળ સુલતાનને શીખવ્યું હતું. હસતું મોં રાખવાની તાલીમ નહનૂએ અમીર આગળથી પૂરેપૂરી મેળવી લીધી હતી. તે પહેલાં અને બીજા ઘણા તમાચા અને ડારા ખમવા પડેલા. જાહેરમાં સુલતાનના દીદાર થતા ત્યારે ખાંસાહેબ સાથે જ રહેતા. ખાનગીમાં મુલાકાતો ગોઠવાતી ત્યારે પણ ખાંસાહેબની હાજરી રહેતી. 'મારો બાળો સુલતાન' એ શબ્દો ખાંસાહેબના ગળગળા કંઠે જ્યારે બોલાતા ત્યારે સાંભળનારાઓ ખાંસાહેબની વફાદારી પર આફરીન પુકારતા. ઇતમાદખાન જે કાંઈ કરતા, ખાતા, પીતા, શ્વાસોચ્છ્વાસ લેતા, તે બધું જ બાળા સુલતાનને ખાતર હતું. 'એ ઉમ્મરલાયક થઈ જાયને, તો શુકર ખુદાના. હું તો એના હાથમાં ગુજરાતની લગામ સોંપીને એક તસ્બી લઈ મારા મુકામ પર બેસી જઈશ. મને ધાસ્તી તો લાગે છે દિલ્હીના પ્રબલ બનતા જતા મુગલશાહ અકબરની. માટે જ હું મારા બાળા સુલતાનની પહેરેગીરી કરતો ખડો છું.' ઇતમાદના આવા ઉદ્ગારો સંભળાતા. શ્યામ અને સફેદ વાળોના મિશ્રણથી કાબરી બનેલી દાઢીના કેશ પસવારતો એ સુલતાન-રક્ષક ચાર વર્ષોમાં તો બીજા તમામ અમીરોને અળગા કરી નાખી, બાળ સુલતાનનો સંપૂર્ણ કબજો કરી ચૂક્યો. ખાનગીમાં એ સુલતાનને 'કમબખ્ત' કહી સંબોધતો, જાહેરમાં કહેતો 'જહાંપનાહ, ગરીબનવાજ, ખુદાવંદ'.

પાંચમાં વર્ષના એક વહેલા પરોઢિયે નહનૂ મુઝફ્ફર ગહરી નીંદમાં હતો. ઇતમાદખાને બાજુના ખંડમાં આખી રાત જાગરણ માંડ્યું હતું. એ ચુપકીદી ભયાનક હતી. કેમ કે માણસો શબ્દ બોલવાને બદલે ઇશારતોથી અને ગુસપુસ અવાજથી વાર્તાલાપ કરતાં હતાં. બુલંદ ગુસ્સાની ત્રાડો કે યુદ્ધના રક્તપિપાસુ લલકારો કરતાં ય એક વાણી વધુ ભયાનક છે. જીવલેણ જનાવરોની ભૂખી ત્રાડો એની પાસે ફિક્કી પડે છે : એ વાણી છે માનવીની ઇશારતોની બનેલી.

મશાલો આવતી ને જતી હતી. અશરફીઓના થેલાઓ બહાર નીકળતા હતા. ઈતમાદખાં પોશાક પહેરીને તે પર અસ્ત્રશસ્ત્રો સજતો હતો.

સજી રહ્યો. બાળ સુલતાનના ખંડમાં આવ્યો. સખ્ત હાથની ભીંસ દઈને એને ઢંઢોળ્યો. “અમ્મા !” બોલતો નહનૂ મુઝફ્ફર ઝબકી ઊઠ્યો. ઇતમાદે એના મોં સામે ચુપકીદીની નાક-ઇશારત કરી અરધા પોશાકભેર જ બહાર ઉઠાવ્યો. ઘોડા તૈયાર હતા. એક ઘોડા પર સુલતાનને ચડાવી, પોતે પણ ઘોડેસવાર થયો. બહાર નીકળતાં તો પચીસેક ફોજી સવારો એને વીંટળાઈ વળ્યા. ઘોડા મારી મૂક્યા. આખી વાટમાં ઇતમાદે નહનૂને કશી બાતમી આપી નહિ. એટલું જ કહ્યું : “તારો જાન જોખમમાં છે. જીવવું હોય તો જલદી ઘોડો હંકાર.”

ઘણે દૂર નીકળી ગયા પછી જ એને એનાં કપડાં પહેરાવ્યાં. એના ગજવામાં અશરફીઓ ભરી દીધી.

માર્ગે બાતમીદારો મળતા જતા હતા. કાસદો સાંઢ્યો ઝોકારીને ઠેકઠેકાણે ઊભા હતા. સમાચારો બંડના હતા. બીજા અમીરોએ બંડ જગાવીજગાવી ફોજો હંકારી હતી. ભદ્ર ઘેરાઈ ગયું હતું.

“ભલેને ચૂંથતા માળાને !” ઇતમાદે દાઢી પર હાથ પસવાર્યો : “બુલબુલ તો મારી પાસે જ છે ને !” મજલ કાપતાં કાપતાં કપડવંજ આવ્યું. ત્યાં બે દિવસનો આશરો લીધો. બંડખોરોનાં લશ્કરોએ કપડવંજની ધરતીને પણ ધ્રુજાટી આપી. વૃદ્ધ ઇતમાદે બાળ સુલતાનને ઘોડે નાખી ત્યાંથી પણ ઉઠાવ્યો. ‘જલદી હાંક, જલદી ઘોડો હાંક ! તારો જાન જોખમમાં છે’, એવો ડર બતાવતો ઇતમાદમાં એની પાછળ હતો. રાત પડી ગઈ હતી. બાળકનો જીવ એ પહાડી ઘોડા પર ઠેરતો નહોતો. મજલ કપાતી નહોતી. પંખીનો પીંજરાધર વજીર ઇતમાદ ખિજાતો હતો. ખીજનો પારો આખરી આંક સુધી ઊંચે ચડી ગયો.

“હેઠ નામર્દ ! હેઠ વ્યભિચારિણીના ફરજંદ !” એવા શબ્દો ઇતમાદના હોઠમાંથી સર્યા.

એ શબ્દોએ બાળકની સળવળતી મર્દાઈને આગ ચાંપી. બાળકે પોતાના અશ્વને એડી મારી. અશ્વ ઊપડ્યો. લગામે નાના પંજામાં ઝીંક ન ઝાલી, બાળ સુલતાને ઘોડાની ગર્દન પર દેહ ઢાળી દઈ બાથ લીધી. એને લઈને ઘોડો ઊપડ્યો. ઘોડાએ સીધા માર્ગો મૂકીને સીમના નદીઓ અને નાળાંના, ભેખડો અને ખાડાના આડમાર્ગ પકડ્યા. ઇતમાદ અને એના ફોજી સવારો સમજે – ન સમજે ત્યાં તો ઘોડાએ નાળાં ટપી, નદી વટાવી, ઝાંખર પર છલંગો મારી બાળ-અસવારને રાતના અંધકારમાં ગાયબ કરી દીધો.

ઘોડો દોટમદોટ જાય છે. પગલું ચૂકતો નથી. ઠોકર ખાતો નથી. પોતે એકાકી બન્યો છે. પાંજરું તૂટી ગયું છે, ચિડિયાંનો ચોકીદાર પાછળ રહી ગયો છે. બાળકને ભાન થયું, મુક્તિનું ભાન થયું. અનંત આકાશની આસમાની હેઠળ, અહોહો ! શું આટલી બધી સ્વતંત્રતા પથરાયેલી છે ? પૃથ્વી શું આટલી બધી પહોળી છે ? રાંગમાં શું આવો વેગધારી રેવત છે ? અંધકાર શું અભેદ્ય અને બિહામણો નથી ? યૌવન શું જાગવાની જ રાહ જતું હોય છે ? જાગ્યા પછી શું એને ડર નથી ? રુકાવટ નથી ?

બાળક એકલો રંગમાં આવી ગયો. એના બીકણ કલેજામાં આઝાદીના ફુવારા ઊછળ્યા. એનો દેહ ઘોડા પર ટટ્ટાર બન્યો. ભય ગયો, આત્મશ્રદ્ધા આવી. કેદ તૂટી, પાંખો ફૂટી. મનુષ્યોનો સંગ મટ્યો, અનંત સિતારા અને નિઃસીમ પૃથ્વીનાં મેદાનો સંગાથી બન્યાં. દોડ્યો જા, રેવત, દોટમદોટ લઈ જા મને, મરજી હોય ત્યાં લઈ જા. તેડી જા મને મારી અમ્માની પાસે. અમ્મા મરી ગઈ છે. મૃત્યુ અમ્માની ગોદ છે. માને પડખે પોઢાડનારું મોત મંગળ છે. એ મોતથી બીતો બંધ થનાર યુવાન જિંદગીને ચાહવા લાગ્યો. પળેપળ એને જીવવા જેવી લાગી. હવાની હરએક લહરી અને માતાના પયપાન જેવી મીઠી લાગી. એ એક જ રાત્રિએ કિશોરાવસ્થાની કૂખેથી તસતસતા જોબનને જન્મ આપ્યો.

પ્રભાતની લાલી પથરાઈ, ને સોરઠ-ગુજરાતની મિલન-ભોમ કંકુવરણી બની. સીમનાં સરોવરડાંનાં હૈયાં ઉપર બાળ-સૂર્યનાં કિરણોના ગલ પડ્યા, ને બાળ નહનૂના વીરત્વનું પ્રતિબિમ્બ અંકાયું. ઘોડો ચાલતો ગયો, તેમતેમ ધરતી રંગો બદલતી ગઈ. માર્ગે માણસો મળતાં તેને કહેતો કે ‘જૂનાગઢના સૂબાનો માણસ છું. ટપાલ લઈ જઉં છું’. બીજાને બનાવતો કે ‘બાજુમાં જ સુલતાની ફોજ પડી છે, તેનો ઘોડો સાચવનાર છું’.

વીરમગામની શ્યામરંગી, વઢિયારની ભૂખરી, પાંચાળની કંકુવરણી, મચ્છુકાંઠાની કાંકરિયાળી, એવી વિધવિધરંગી ધરાને વીંધતો, ખેડૂતોના રોટલા ખાતો, મૈયારીની છાશ પીતો, સોરઠિયાણી માતાઓનાં અણઓળખ્યાં વાત્સલ્યે છલકતી નયનમમતામાં નાહતો એ મુસ્લિમ બાળક, આખરે બે જ દિવસની મજલ વટાવીને હાલારના એક ગામડાને પાદર આવી ઊભો.

"ગામનું નામ ?"

"ખેરડી."

"ગામધણી ?"

"લોમો ખુમાણ."

"એની પાસે મને તેડી જાશો ?"

"આ ઊભા ભેંસુંનાં ખાડુ પાસે." હમણાં જ જાણે જરીક વધુ ઊંચો થશે તો આભને અડકી જશે એવો એક કદાવર આદમી, કરચળીઆળા કેડિયા પર કનેરીબંધ પછેડીની ભેટ લપેટીને ભેંસોના ધણ વચ્ચે એક નાથેલા પાડાની ડોક ખજવાળતો ખડો હતો. એની બગલમાં એણે તલવાર દાબી હતી. એની કમ્મરમાં કટારી પડી હતી. એના માથા પર ઊંચું મોળિયું હતું. વયમાં તો જુવાની વળોટીને પ્રૌઢાવસ્થાના પંથ કાપતો ભાસ્યો. આવા ગજાદાર માણસો તો પઠાણો પણ હોય છે, પણ આવી સીધી, સોટા સમી દેહ-કાઠી તો સૌરાષ્ટ્રના કાઠીઓ સિવાય કોઈની નહોતી સાંભળી સુલતાન મુઝફ્ફરે. ધીરેધીરે ક્યાંક દીઠેલો પણ લાગતો ગયો.

ઘોડેથી ઊતરીને જુવાન એક વડને છાંયે ઊભો રહ્યો. ખાડુ વચ્ચે ઊભેલા દરબાર લોમા ખુમાણે અજાણ્યા અસવારને તીરછી નજરે નિહાળ્યો. લોમા ખુમાણની જોવાની એ સ્વાભાવિક છટા હતી. સન્મુખ નજર નોંધીને એ ભાગ્યે જ કોઈના સામું જોતા. ફાટ્યા ડોળા જેટલું જોઈ શકે છે તેના કરતાં તીરછી આંખો ઘણું વધુ, ને ઘણા વિશેષ ઊંડાણે જોતી હોય છે. સામા ડોળા તો જેટલું જુએ છે તેના વડે છલોછલ ભરાઈ જાય છે. ત્રાંસી દૃષ્ટિ બારીક વિગતોનું વાંચન કરી શકે છે, કલેજાં ઉકેલે છે, માણસના ભીતરનો ભાગ માપી શકે છે. આટલું કર્યા છતાં પાછી એ પોતાની જાતને તો સામા જોનારથી સાવ સલામત રાખી શકે છે.

"ખબરદાર જો કોઈએ ખેરડીની સીમમાંથી દૂધાળાં ઢોરને ઓછાં થાવા દીધાં છે તો !" લોમા ખુમાણ ગામલોકોને ઠપકો દેતો હતો : "દૂધ ન વરતાં હોય તો ઘોડાંને ધરી દ્યો, પાછાં ભેંસ્યુંને પાઈ દ્યો, પણ કમતી કરશો નહિ. કાઠીની ધરતીને ધમરોળવા નથી દેવી. જુવાનોનાં ડિલ એકલા રોટલાથી નહિ તૈયાર થાય. દૂધ પાવ, ગોરસ ખવરાવો, માખણના પિંડા ને પિંડા જમાડી દ્યો. જમાનો કાળઝાળ હાલ્યો આવે છે. હાલારમાં રહેવું કઠણ થઈ જશે – જો માયકાંગલા જુવાનો ખડક્યા કરશું તો."

"કોઈક જુવાન અસવાર આવ્યો છે." માણસે આવીને કહ્યું. "મળાય છે. ધીરા રો' !"

"અમીરાતવાળો આદમી લાગે છે."

"મેં જોઈ લીધું છે, બા ! અથરાઈ શીદ કરો છો ?"

લોમા ખુમાણ કશી જ ઉતાવળ કર્યા વગર એકસરખે ગંભીર પગલે વડલા તળે આવ્યાં. ક્યાંથી આવો છો, કોણ છો, ગામતરું કેમ આટલી નાની ઉમ્મરે આદર્યું છે, એવો એક પણ સવાલ પૂછ્યા વગર લોમા ખુમાણે સાદા રામરામ કરીને આ જુવાનની મુસ્લિમ પદ્ધતિની અદબ કરવાની છટા જોઈ લીધી – બેશક ત્રાંસી નજરે. પછી એણે જુવાનની આખી કાયા પર નજર ફેરવી. એના કબજા નીચે બેઉ બાજુ તસતસતાં ભરેલાં ગજવાંમાંથી નાનાં ગોળાકાર ચગદાં છલોછલ લાગ્યાં. કાઠીની ત્રાંસી નજરે એ ગજવાંનો તાગ લઈ લીધો.

પરોણાને ઘેર લઈ જઈને પોતે પોતાને હાથે જ ઘોડો ઘોડારમાં બાંધી, પછાડી પગમાં નાખી, પોતે જ ઘાસની બથ ભરીને નીરી. પોતે જ તંગ ઢીલો કરીને માણસોને આડાઅવળા કામે મોકલી આપ્યા. ને એણે પોતાના રાણીવાસમાં એક આંટો માર્યો. બાઈ સાથે કશીક વાતો કરીને એ પાછા મહેમાન પાસે આવ્યા, ત્યારે મહેમાને પોતાના ગજવાં એક રૂમાલમાં ખાલી કર્યા હતાં. સોનેરી સિક્કાઓની ને જવાહિરની ઢગલી થઈ હતી.

"આમ કેમ ? શા માટે બહાર કાઢો છો ?" લોમા ખુમાણે પૂછ્યું.

"તમારા કબજામાં સોંપવું છે."

"પણ, બાપ, આટલું મોટું જોખમ ?"

"હવે જોખમ કેવું ? જોખમ તો ઉતારી નાખું છું."

"કેમ ?"

"સોરઠમાં આવ્યો છું એટલે સલામત છું. સોરઠનાં લોક ઇમાનને ખાતર મરે છે."

"આટલી નાની અવસ્થામાં શી રીતે જાણ્યું ?"

"તમારા ચારણોની વાતો સાંભળી છે, લોમા ખુમાણ ! એ જોખમ તમે જ સાચવી લ્યો." બાળકે કહ્યું.

"પણ... બાપા... મારું મોત..."

"નહિ, નહિ, સોરઠના ઇમાન પર મને ઇતબાર છે."

"આંહીં ઓરડામાં આવશો ?"

જુવાન સુલતાન બેધડક લોમા ખુમાણના ગઢના એક એકાંત ખૂણામાં ચાલ્યો. એણે સોરઠની ઇમાનદારીની વાતો ચારણો પાસેથી સાંભળી હતી.

ઓરડામાં એક ઓરત ઊભી હતી, એણે "આવ્યા, ભાઈ ! આવો, મારા વીર !" એ શબ્દે સંબોધીને અતિથિનાં દુખણાં લીધાં, ટાચકા ફોડ્યા.

"તમે મને પિછાનતાં નહિ હો." બાળકે આ કદાવર કાઠિયાણીના ખુલ્લા વેશવાળા આગમનથી અને આટલા વહાલભર્યા મિલનથી તાજ્જુબી બતાવી.

"ઓળખાણ તો આંખ્યુંની છે ને, ભાઈ ! મીટેમીટ મળે એટલે હાઉં, ઓળખાણની ખાણ્ય ઊખળી પડે, મારા બાપ !"

યુવાનને કાને પડતી એ વાણી પૂર્વે અણસાંભળી હતી. એ વાણીમાં દર્દ હતું, આસ્થા હતી, મજાક હતી, મીઠાશ હતી – કેટલું હતું !

"આ સગી બહેનનું જ ઘર સમજી લેજો, ભાઈ, ભે માતર રાખશો નહિ." એટલું કહીને કાઠિયાણી પોતાના ધરતીઝૂલતા મલીરને એમ ને એમ ધુળાળું થવા દેતી ગંભીર પગલે ચાલી ગઈ.

"અમદાવાદથી પધારો છો ને ?" લોમા ખુમાણે મરકમરક મોં રાખીને કહ્યું.

"તમે કેમ કરતાં જાણ્યું ?"

લોકો ખુમાણ ખડો થયો. એણે ઝૂકીને પાદશાહીની અદાથી સલામ ભરી. એ પ્રકારની અદબમાં સોરઠના રાજાઓના હાથ ગુજરાતના સુલતાન સિવાય કોઈને નમતા નથી એવું મુઝફ્ફરે સાંભળ્યું હતું. મુઝફ્ફરે સલામ ઝીલી. પણ પૂછ્યું : "તમે મને ઓળખો છો ?"

"બરાબર." "મળ્યા છો ?"

"રૂબરૂ તો મળવા મને કોઈએ દીધો નહોતો. પણ કચેરીમાં ધારીધારીને નિહાળ્યા હતા."

"ક્યારે આવેલા ?"

"બે વરસ પર."

"શેની કચેરી હતી ?"

"જામનગરના જામ સતાજીનો નજરાણો લેવાની."

"સતાજી ! નજરાણો !"

"આપના સુલતાની રૂપિયા સાથે જામે એની 'કુંવરી' પરણાવી તે દિવસે."

"કુંવરી ! હા, હા, કુંવરી, હવે યાદ આવ્યું." બે વર્ષ પૂર્વેના બાળ મુઝફ્ફરને એ કચેરીની આ એક જ વિગત યાદ રહી હતી, કેમ કે એમાં બાળકને રમૂજ પડી હતી. સતા જામે સુલતાની રૂપિયાની સાથે ખૂમચામાં મૂકેલો 'કોરી' નામનો નાનો રૂપા-સિક્કો મુઝફ્ફરની સ્મૃતિમાં રમી રહ્યો.

"આપે એને ટંકશાળનો હક્ક નવાજેશ કરેલો." લોમા ખુમાણે યાદ કીધું.

"સાચે જ ? ઓહો, ત્યારે તો એ મને... હાં, એ આંહીંથી કેટલા દૂર છે ?"

"ઢૂકડા જ છે."

"એ પણ ત્યારે તો, મને મદદ કરશે. સોરઠનાં માણસો અહેસાન ભૂલતાં નથી એવું મેં ચારણોની પાસેથી સાંભળ્યું છે."

"બધાં જ રૂડાં વાનાં થઈ રહેશે, સુલતાન ધણી ! આ સોરઠ તો આપની જ છે. આપ તો અમારાં હાડ-ચામડીના ધણી છો."

"કોઈ વિશ્વાસઘાત તો નહિ કરે ને ?"

"વિશ્વાસઘાત ! સોરઠની ધરાનો કોઈ જણ્યો કરે ? તો તો ધરતી રસાતાળ જાય, ધણી !"

"તમે ખબર જાણ્યા છે અમદાવાદના મામલાના ?" બધું જ જાણતો બેઠો છું. મારા અસવારો દનરીજ વાવડ લઈને આવે છે. આપ હાથમાંથી વછૂટી ગયા પછી ઇતમાદખાં બાપો લપાઈ બેઠા છે. ને અમદાવાદની ગાદી માથે ચંગીઝખાં ચડ્યા છે."

"ચંગીઝખાં ?"

"હા, સુલતાન."

"ચંગીઝખાં ગુલામ !"

"હા, ને એ ઇતમાદખાંને લલચાવે છે, કે પાછા જૂની જગ્યા પર આવીને સત્તા સંભાળી લ્યો."

"ઇતમાદખાં શું જવાબ વાળે છે ?"

"એ તો આપને જ ગોતે ને ?"

"લોમા ખુમાણ," સુલતાનનું મોં ગરીબડું બન્યું : "મને પાછો સોંપી તો નહિ દિયો ને ?"

"સોરઠમાં આવ્યા એટલે માના પેટમાં બેઠા હો એવું જ જાણજો, ધણી ! કોઈ ન સોંપે."

"ને મારે તો ગુજરાતનું રાજ્ય પણ નથી જોતું, લોમા ખુમાણ. મારે કિતાબો ભણવી છે, ઘોડેસવારી કરવી છે, તમારા ચારણોને મોંયેથી ઇમાનદારીના અદ્‌ભુત કિસ્સાઓ સાંભળવા છે."

"એ બધું ય ઠીક, પણ રાજપાટ શા માટે પાછું નથી જોતું ? તમે હક્કદાર છો, સાચા સુલતાન છો."

“ના રે ના, કાઠીરાજ, હું તો બનાવટી સુલતાન હતો.”

“આજ સુધી બનાવટી હતા, તો અમે સાચા બનાવશું. અમે સોરઠિયાઓ આપની ભેરે છીએ.”

“સતા જામ પણ ?”

“અફર. સમજાવવો રહે છે એક ફક્ત આપના જૂનાગઢ-સૂબા અમીનખાન ઘોરીને.”

"હા, હા, અમીનખાન. અમીનખાનને મારા ઉપર ભારી પ્યાર છે. અમીનખાનની પાસે હું જલદી પહોંચી જાઉં.” “કાંઈ ફિકર કરો મા, ખુદાવંદ ! અમે સોરઠના પોતરા આપને માટે શરીરની ચામડી ઉતારી દેશું. આપ નિરાંતે રહો. હું તેલ જોઉં, તેલની ધાર જોઉં, કોઈ ક્યાંય ફસાવી ન દ્યે, એવી ચાલબાજી ચાલવી જોવે. આપ સુખે સૂઓ. મારા કાઠીઓ આપને માટે માથાં દેશે. આપ સુલતાન છો એ તો ઠીક, પણ આપ અમારા શરણાગત છો. શરણાગતિ સમો બીજો કોઈ ધરમ સોરઠના પોતરાઓએ જાણ્યો નથી.”

“ને પાછાં, ઓહોહો ! મને અજાણ્યાને એક સોરઠિયાણી બહેન મળ્યાં. હવે મને શેની બીક હોય ?”

અને આઠ દિવસ પછીની એ સોરઠી રાત પોતાના શરણાગતને ખોળામાં ઘસઘસાટ પોઢાડી દઈ, બેઠીબેઠી અનંત ઝાકળ-બિન્દુઓનાં આંસુડાં પાડતી હતી.

9

## ભવિષ્ય-વાણી

“સજાવવાં તે કોઈને છરી કટારી, અરે સજાવશો કે કોઈ દોધારી ચોધારી... ઈ... ઈ ?”

મધ્યાહ્ન પછીના ઢળતા બપોરે શેરીએ શેરીએ થઈને ચાલ્યા જતા આવા સાદ સાંભળવા મીઠા લાગે છે. ઘેરે અવાજે નર બોલે ને પાછી નારી એ નરનું પૂરું થતું વેણ ઝીણે સાંદે ફરીથી ઊથલાવે ત્યારે હવામાં જાણે સૂરની લેરિયા – ભાત્ય પડી જાય છે.

નાગની ઉર્ફે નવાનગર બંદરના સોળસોળ દરવાજા આવા સરાણિયા-સાદે ગુંજી ઊઠ્યા. એક બુઢ્ઢો ને બે જુવાનડાં, ત્રણ સરાણિયાનું ઝીણું ઝૂમખડું દરવાણીઓની નજરે પડ્યું. પીપરને છાંયે જુવાન આદમીને ખભેથી વહુએ પથ્થરની સરાણ ઉતારી ખાડાં ખોદીને પગાં ખોડી દીધાં. તેના ઉપર સરાણનું પૈડું બેસાર્યું. જુવાન પુરુષનાં ઓળેલાં ઓડિયાં ઉપર ફેંટાનું છોગલું નાચવા લાગ્યું, ને વહુના બાજુબંધોએ પણ સરાણનું ચક્કર ખેંચવા સાથે ફૂમતાં હીંચોળ્યાં. બુઢ્ઢો સજાવવાનાં હથિયાર એકઠાં કરવા શેરીઓમાં આંટા દેવા લાગ્યો.

જેસા વજીરની ડેલી નજીકમાં હતી.

“કોઈ સજાવો છો, બા, સમશેરું છરીઉં...” બુઢ્ઢાના એ સાદે એક મેડીની બારી ઊઘડાવી.

“જે આશાપરા ! બા, જે આશાપરા ! નરવ્યાં છો ને, બા ?” બુઢ્ઢાએ એ બારીમાંથી ડોકાતી પ્રૌઢા સ્ત્રીને બે હાથ જોડી પ્રણામ કર્યા.

"કોણ, રતનું સરાણિયો ?” જોમાબાઈએ ઓળખ્યો.

"ભલો ઓળખ્યો મને. બા. સોળ વરસે જોયા ભેળો જ ઓળખી લીધો !”

"જોયે તો નહિ, ભાઈ, પણ સાદ સાંભળ્યે પારખ્યો તુંને.”

“ખમા ! સાદનું તો હવે, બા, અવસ્થાના પ્રમાણમાં કાંઈ નક્કી કહેવાય છે થોડું !”

“ન કહેવાય શું? સાદ તો એવો ને એવો સરવો સાચવ્યો છે તેં તો, માડી રતનું. કેમ, બધાં નરવ્યાં છે ને ?”

"નજરે જ જોવોને, માડી ! ઓ જો સરાણ તાણે પીપરને છાંયડે.”

રતનું સરાણિયે આંગળી ચીંધીને દીકરી દેખાડી.

“આવડી મોટી થઈ ગઈ !”

“અરે માડી, પરણાવી સોત ને !”

નીચે ઊભેલો સરાણિયો અને ઊંચે ઊભેલી વજીર-પત્ની વાતો કરે છે, ત્યાં તો સરાણ તાણતી કન્યાનું મધકંઠીલું ગળું ટપક્યું :

કાટેલી તેગને રે

ભરોંસે હું તો ભવ હારી

હું તો ભવ હારી.

રતનું સરાણિયે હોઠ મલકાવીને જોમબાઈને કહ્યું : “જોયું. મા ? એનું ગળું સાંભળ્યું ?“

“નામ શું રાખ્યું છે ?”

“નાગબાઈ. સદાનું સંભારણું.”

“માદળિયું સાચવીને રાખ્યું છે ને ?”

“એની ડોકમાં જ છે.”

“ધૂપ ?”

“એકોય દિ’ ભૂલ્યો નથી હું, મા ! તમારે નજરે કરવા જ તેડી લાવેલ છું. નીકર અમદાવાદમાં તો પૂરતી કમાણી હતી.”

“આંહીં લઈ આવીશ ને ?"

“શા માટે નહિ લાવું ? આ તો મારા મનમાં કે માને ગમશે કે નહિ ગમે ?”

“બીકાળું તો બહુ છે, ભાઈ, પણ મને જોવાની ઝાઝા દિ’થી ઝંખના હતી. એટલે હું જોઈ લઉં પછી તું એને આંહીં રહેવા દઈશ મા, હોં ભાઈ ! મારા માથે હજી વે’મનું ચક્કર ફરે છે.”

દરબારની વચેટ રાણીની જન્મેલી દીકરીને તત્કાળ ‘દૂધપીતી’ કરવા માટે, એટલે કે દૂધમાં ઝબોળી ઝબોળી મારી નાખવા માટે, આ વજીર-પત્નીને સોંપાઈ હતી, પણ એણે છોકરીને મારી નહોતી એવો વહેમ એના પર ભમતો હતો તે વાચકને પહેલા પ્રકરણથી યાદ હશે.

"અરે રામ રામ કરો, મા. કપાઈ જાઉં તો ય કહું થોડો કે ? ને હવે તો પૂછે જ કોણ ? કોને પડી છે ? રાજના કરતાં અહીં આપણે આશરે સુખી છે. ઓછામાં પૂરું વળી મા આશાપુરાની પણ માનેતી બની છે, થઈ થાવી કહી આપે છે, હોં બા ! અને હેં મા, ભાઈ ક્યાં છે ?"

"ભાઈને તો હું હારી બેઠી છું."

"શું કહો છો ? ભગવાને..."

"ના. ભગવાને તો નથી તેડાવી લીધો, પણ માણસુંએ ચોરી લીધો છે. આજકાલ કરતાં દસ-બાર વરસ વીતી ગયાં છે. આજ તો અઢાર વરસનો હોત." સરાણિયાએ પોતાની સ્મૃતિઓના લાંબાલાંબા પંથ પર દિલ દોડાવ્યું ને પછી કહ્યું : "મા ! આંખ્યુંને તો સદાનો દોષ છે. પણ મારો રુદો સાક્ષી પૂરે છે કે ભાઈને રામ-રખવાળાં હોવાં જોઈએ."

"ક્યાંય દીઠો ?"

"કેટલાં વરસના થયા હોય ?"

"સત્તર-અઢાર."

"મનને વહેમ છે કે અમદાવાદમાં નાગડાઓની જમાતને અખાડે એક એવડો જ, અને એવો જ કોઈ મેં દીઠો છે."

"શું કરતો'તો ?"

"તલવાર-પટે ખેલતા."

"સાચેસાચ ?" માતાનાં થાનમાં થરેરાટ જાગ્યો.

"બાવાઓ એક પંદર-સોળ વરસના છોકરાને સમશેરબાજી શીખવતા હતા. ભેખ નહોતો પહેરાવ્યો. સંસારી વેશમાં જ જોયો છે મેં બાળકાને. ધોતિયાનો કછોટો ભીડેલો. છાતીનો ભાગ ઉઘાડો હતો. ભરપૂર ભુજાઓ : બેવડમથ્થો : શું તલવાર સમણતો'તો, શું પટા ખેલતો'તો ! અમદાવાદ ગાંડું બનતું. મારું તો મન જ જોયે ધરાતું નહોતું. ને બાવાઓ એને હાથે હારતાં હારતાં ય પડકારા દેતા'તા, શાબાશ સોરઠિયા ! રંગ તેરી જનેતા કા ધાવણને,

સોરઠિયા ! પણ, કોણ જાણે શાથી, જનેતાના ધાવણના ધન્યવાદ ઊઠતા કે જુવાન થંભી જતો ને ચકળવકળ, ચકળવકળ, ચારેય કોર જોતો હાથ જોડીને પગે લાગતો.”

“એને તે બોલાવી જોયો’તો ?”

“મારી પાસે એક વાર એ પોતાની તલવાર ને કટારી સજાવવા લાવ્યો’તો. મેં ઘણું ઘણું પૂછ્યું, પણ બોલે જ નહિ, કે પોતે કોણ છે.”

“તેં એના હાથ જોયા હતા ? એક હાથની ટચલીને છઠ્ઠી નાની આંગળી લાગેલી હતી ?”

“આંગળી ? ના, આંગળી તો નહિ, પણ કાંઈક છેદેલું લાગતું હતું.” “ડાબી ભુજા માથે લાખું હતું ?”

“હતું, હતું, મા.”

“ઇ જ ! ઇ જ ત્યારે તો. એ ભાઈ, તારે પગે પડું છું. કોઈને વાત કહેતો નહિ.”

“આમ જોઈયેં તો લાગે બોતડ અને બહેરા જેવો. પૂછીએ એ સાંભળે નહિ, બોલાવ્યો બોલે નહિ, ‘હાં ? હાં ? હાં ? ક્યા ?’ એવું પૂછ્યા કરે. ‘સોરઠ મેં જાના ? હાં હાં ? નાગની મેં જાના ?’ એવું બોલ્યા કરે. ત્યારથી જ, મા, મને વે’મ પડી ગયેલો. ને મેં બે વરસના દીઠેલા ને, એ જ તોતિંગ મોટું માથું, ને એ જ જરીક વહરું રૂપ...”

વાર્તાલાપમાં ભંગ પાડતી એક ચીસ સંભળાઈ. ગીત ગાનારીના ગળાની જ એ ચીસ હતી. બેબાકળો બુઢ્ઢો સરાણિયો દોટ કાઢતો ગઢની રાંગે પહોંચ્યો ત્યારે દીકરી મૂર્છાવશ બનીને પડી હતી, બાજુમાં સજેલી સમશેરો પડી હતી, જાડેજા જોદ્ધાઓનું કૂંડાળું થઈ ગયું હતું, ને બેભાન છોકરી બોલતી હતી : “રણથળ ! રણથળ ! રણથળ ! ભાઈનું રણથળ ! ભાઈનો વિશ્વાસઘાત !”

એને ખોળામાં લઈ, એની આંખો પર ને માથા પર પાણી છાંટતો બુઢ્ઢો બેસી ગયો. જાડેજા જોદ્ધાઓ ઝબકેલા ઊભા હતા, જુવાન સરાણિયો માલિયો પોતાની વહુનાં કપડાં સંકોરતો હતો.

બાઈ ધીમેધીમે શુદ્ધિમાં આવી. એણે એક વાર પોકારી પોકારીને રુદન આદર્યું. રોઈ કરીને, આંસુ ખંખાળીને એ બેઠી થઈ, ત્યારે બાપે પૂછ્યું : "શું થયું છે તને, બેટા ?"

"આ બધીયુંય તરવાડુંમાં મને એક મોટું રણથળ દેખાયું. મેં મારા ભાઈને મરતો જોયો."

"અરે ગાંડી, તારે ભાઈ જ ક્યાં છે ?"

"ન હોય તો મરતો ક્યાંથી જોઉં ? મારો ભાઈ, જોબનજોદ્ધ ને મીંઢળબંધો, અધૂરે ચોરી-ફેરે રણથળમાં પડેલો મેં જોયો. હજારું લાખુંની મેં કતલ દીઠી, આ જાડેજાઓને મેં પડતા જોયા. રણથળ ! રણથળ ! ભેંકાર કાળું રણથળ !"

"લે હવે રાખી જા, બાઈ, ગાંડી થા મા ગાંડી !" એમ કહેતો બુઢ્ઢો શસ્ત્રો સજાવવા ઊભેલા સિપાહીઓને સમજાવવા લાગ્યો : "બેક સાગર-ઘેલડી છે આ મારી છોકરી. કોણ જાણે ક્યાંથી એને આ વેન થઈ ગયું છે. જે જે હથિયાર સજે તેનાં પાનાંમાં જોયા જ કરે છે. મોરૂકી વાતું સાંભળી છે ખરીને, એટલે રણથળની ને હત્યાની ને આપઘાતોની વાતું કર્યા કરે છે. તમે કાંઈ મનમાં આણશો નહિ, બાપા !"

જોડિયા દરવાજા તરફથી એ જ વખતે પાંચ ઘોડેસવારોની મારતે ઘોડે સવારી ચાલી આવતી હતી. એક અસવાર મોખરે એકલો આવતો હતો. પાંચમાં એ નાનો હતો. અઢારેક વર્ષનો લાગે. મૂછોની પાંદડીઓ હજુ બેસુંબેસું થતી હતી. ટોળું દેખીને એણે લગામ ખેંચી. કૂંડાળે વળેલા સૈનિકોએ હારબંધ થઈને નીચા ઝૂકી રામરામ કર્યા. જુવાન અને બુઢ્ઢો બેઉ સરાણિયાએ પણ કોઈક અમલદાર આવ્યો સમજી ઊભા થઈ, સૌના કરતાં વિશેષ નીચી કાયાઓ ઝુકાવી. બાઈ પણ મીટ માંડીને જોઈ રહી, જોતી જોતી એ મોં મલકાવતી હતી.

"એમને જ મેં દીઠા. હં અં ! એમને પંડ્યને જ." લેશ પણ દબાયા વગર એ બોલી ઊઠી.

"મૂંગી મર." બુઢ્ઢાએ પુત્રીને હબડાવી અને કિશોર ઘોડેસવાર તરફ ફરીને કહ્યું : "ખમાં ધણીને. બાળકીનું જરાક ખસી ગયું છે, બાપા !"

કિશોર ઘોડેસવારે બુઢ્ઢાને કહ્યું કે "ફિકર નહિ". ને પછી ઓરતને પૂછ્યું : "મને ક્યાં જોયો તેં, હું બાઈ ?"

“તું ઓળખતી નથી, બાઈ.” એક જોદ્ધાએ બાઈને ધીરે અવાજે માહેતી દીધી : “નગરના પાટકુંવર અજાજી જામ છે.”

“ખબરદાર કાંઈ હીણું બોલી તો.” બાપે છોકરીને ચેતાવી.

“ના, એમ એને ચૂપ ન કરો, બોલવા દિયો. ક્યાં જોયો તેં મને, હેં બાઈ ?”

“રણથળમાં, ભેંકાર રણથળમાં, ભરજોબન, મીંઢળબંધા મારા વીર...” એમ કહેતી કહેતી એ બાઈએ દૂરથી વારણાં લીધાં. સૌને હસવું આવ્યું : “ગાંડી છે.”

“ચાલશું, બાપા ?” ચાર અનુચરોમાંથી એક બુઢ્ઢાએ બાજુમાં આવીને કિશોર આગેવાનને આ રોનકમાંથી ખેસવવા પ્રયત્ન કર્યો.

“જરા થોભો,” કિશોરે એને જવાબ આપીને બાઈ પ્રત્યે પ્રશ્ન કર્યો : “રણથળમાં કોણ હતા સામા ?”

“મુંગલા.”

“અરે ભાન વગરની...” એટલું બોલીને બાઈનું મોં દાબવા જતા ડોસાને અટકાવતા કુંવર અજો જામ વધારે કુતૂહલવશ બન્યા. પૂછ્યું : “રણથળમાં હું કેવો લાગ્યો, બોન ?”

“બહુ રૂડા લાગ્યા, ભાઈ !”

“મારા જોડીદાર કોણ હતા ?”

“જટાળો એક જુવાન. બાવા... બાવા... બાવા...” કહેતી બાઈ ફરીવાર મૂર્છામાં પડી.

“બીશો મા, બાપા.” બુઢ્ઢાએ એ ચમકેલા કિશોરને સમજ પાડી : "ઈ છે જ એવી ભમેલ માથાની. અબઘડી પાછી ભાનમાં આવી જશે. આપ આપને ઠેકાણે સિધાવો, ધણી ! અમે તો હમણાં જ હાલી નીકળશું.”

“ના, ના, હલાય નહિ.” એમ કહીને કિશોરે પોતાના બુઢ્ઢા, અનુચર તરફ ફરીને કહ્યું : “એની બરદાસ્ત કરાવો. જોજો કોઈ રંજાડે નહિ.” વૃદ્ધ અનુચરે ત્યાં ઊભેલા ચોકીદારને ઇશારત કરી

દીધી.

પળવારમાં તો પાંચેય ઘોડાં પાટીએ ચડ્યાં.

બાઈ ફરીથી ભાનમાં આવી, એટલે બુઢ્ઢો એને કહેતો કહેતો કપાળ કૂટવા લાગ્યો : "બાઈ, કરમહીણી, તેં આ શું નખોદ કાઢ્યું અમારું ! આ રાજવળામાં રાત રાખ્યાં !"

"ને હવે દિ' ઊગી રિયો !" એક સૈનિકે ભયમાં વધારો કર્યો.

"કાં ?"

"મોટા જામબાપુને જાણ થાય એટલી જ વાર છે હવે. જીવતાં જ ગારદ કરશે. ગઢમાં ચણી લેશે ચણી."

"કેર કર્યો તેં તો, બાઈ, ગઝબ ગુજાર્યો." ડોસો સૌને પાઘડી ઉતારીને કરગરવા લાગ્યો : "એ ભાઈ, એ દરબાર, અમને નીકળી જાવા દિયો ભલા થઈને. અમે કોઈ દિ' આ નગરની દૃશ્યે નહિ ડોકાઈએ."

"તમને જાવા દઈએં એટલે હાંઉં, અમને જીવતાં ચણે, કોઈક કરતાં કોઈકને જીવતાં ચણ્યા વગર રિયે કાંઈ મોટા જામ ? ને હું શું સગપણે તમારા માટે જાન જોખમાવું, ભાઈ ?"

એમ બોલતો એ રાજ-ચોકીદાર આ ત્રણેયને લઈ ચાલ્યો. બીજાઓ પણ પોતપોતાનાં સજેલાં હથિયારો ઉપાડી, એનાં ચકચકિત પાનાંઓમાં રણથળને બદલે પોતપોતાનાં લાંબાં ચૌડાં, ગોળ ચોખંડાં, રૂડાં ને કૂબડાં મોઢાં જોતાં જોતાં ચાલી નીકળ્યા. ગઢની રાંગ ખાલી પડી ત્યારે થોડેક છેટે વજીર-મેડીની અધઊઘડી બારી બિડાઈ ગઈ.

10

## મસલત

રાજગઢની ખાનગી મેડી ઉપર તે વખતે ત્રણ જણા બેઠા હતા : એક સતો જામ, બીજા જેસો વજીર ને ત્રીજા ખેરડી ગામના લોમો ખુમાણ.

“ત્યારે તો મા આશાપરાએ જ મહેર કરીને સુલતાન આપણા હાથમાં સોંપ્યો કહેવાય.” સતા જામને લોમાએ આપેલા નવા સમાચારથી સંતોષની ઊર્મિઓ ઊપડી. લોમા ખુમાણે જામની ઊર્મિઓને વધુ ચાનક ચડાવી : “અને અટાણે તો આકડે મધ, વળી માખિયું વિનાનું, એવો મામલો અમદાવાદમાં મચી ગયો છે. અમીરોની જાદવાસ્થળી ચાલી રહી છે. ઇતમાદખાન તો સુલતાનની જ ગોતમાં રઘવાયો ભમે છે ને લશ્કરો ભેગાં કરીકરી માર ખાય છે. સૈયદ મુબારકનું તો કાટલું કાઢી નાખ્યું. એનો દીકરો સૈયદ મીરાન માર્યો ફરે છે. પણ ગાદીએ બેઠેલો ચંગીઝખાન લોકુંનો ભારે લાડીલો બની બેઠો છે ને !"

“સાંભળ્યું છે ખરું.” સતો જામ માહિતી હોવાનો ડોળ કરતા હતા.

“એ વાત ખરી. એણે તો આવતાંવેંત જ છોકો બેસાડી દીધો છે. એક તો એક દરબારી મુગલને, કોઈક ગરીબ માણસની છોકરીને ઉપાડી જવાના ગુના બદલ છડેચોક ફાંસીના લાકડા માથે લટકાવી દીધો. લશ્કરમાં ધાક બેસી ગઈ. ને તે પહેલાં ય, કાંકરિયાને કાંઠે પહેલો પડાવ કર્યો, પંદર દિવસ ફોજ પડી રહી, આજુબાજુ લીલાંછમ ખેતરો-વાડીઓ, પણ હુકમ કર્યો કે ખબરદાર જો કોઈનાં ઘોડાંએ ખેડુનું એક લીલું પાંદડુંય બગાડ્યું છે તો. ઠાર જ મારીશ. પંદર દિવસ ફોજ પડી રહી, પણ એક ટીડડું ય જાણે ન બેઠું હોય એવી નિરાંત લઈને ખેડૂતોએ નીંદર કરી. આમ લોકોમાં તો થયો છે વાહ વાહ, પણ એટલા જ કારણસર અમીરોમાં કડવો ઝેર બન્યો છે.”

“કાં ?” સતા જામનો સવાલ એની બુદ્ધિનો માપક હતો.

“અમીરોને જોતું’તું ઓડું. ને આ તો નીકળી પડ્યો પાણીદાર, એટલે હવે તો એને લાવનારો શેરખાન જ પસ્તાય છે.”

“આપણે ત્રાગડો સાંધીએ તો ?”

“એ જ મારી ગણતરી છે. મેં શેરખાનને સંદેશો મોકલ્યો છે, કે જૂના સુલતાનનું ઠેકાણું મારા જાણવામાં છે, જ્યાં છે ત્યાં એ સહીસલામત છે, તમે નવાને ઠેકાણે કરી નાખો તો પછી હું જૂનાના વાવડ દઉં.”

“તમે ઉતાવળ કરી, લોમાભાઈ !” જામ સતાએ અણગમો છતો કર્યો.

"કાં ?”

“આપણા બેયના તરફથી કહેવરાવું’તું.”

“જોજો જામે મારી કિંમત કરી ! મેં શું મારા નામથી જ મોટાઈ ખાટી હશે ? મેં તો, જાડેજારાજ, તમને જ આગળ ધર્યા છે. નીકર હું આંહીં આવું શા માટે ?”

“ત્યારે તો મારી ભૂલ થઈ.”

“કાઠીઓનો આપને ઇતબાર કાંઈક ઓછો ખરો ને ?” લોમા ખુમાણે ઠેકાણાસર ઘા કર્યો.

“હવે, ભાઈ ! દરગુજર કરો. પણ હવે પહેલું કામ આપણે જૂનેગઢ જઈ અમીનખાનને હાથ કરવાનું રહે છે.”

“એને ય મેં સંદેશો મોકલ્યો છે – એ ય પાછો આપના સેવક તરીકે, હોં !” ખુમાણે પાણી પહેલાં પાળ બાંધી.

“ત્યારે તો આપણું ત્રણનું જૂથ નક્કી થયું.”

“ગુજરાત આપણી સમજો ને !”

“છોકરો તો નહિ છટકે ને ?”

“એ તો સોરઠની ઈમાનદારી ઉપર ઘેલો બન્યો છે. એને તો કાયમ ફફડતો રાખવાની ચાવી મારી આગળ છે.”

“શું ?”

“ઇતમાદખાનું નામ. ‘એ આવ્યો ઇતમાદ !’ એટલું કહેતાં તો આપઘાત કરવા ઊઠે છે.”

“ત્યારે હવે ?”

“હવે બસ, વાટ જ જોઈએ છીએ. નવો સુલતાન ચંગીઝ ઠાર થયો સાંભળીએ કે ઘોડાં ચાંપીએ.”

“કેમ, જેસા વજીર.” જામ સતાએ ત્રીજા મૌન ધારણ કરી બેઠેલા એ વૃદ્ધ તરફ આંખો ઠેરવીને પૂછ્યું : “તમે કેમ કાંઈ બોલતા નથી? તમારું શું ધ્યાન પડે છે ?”

“આટલું જ.” જેસા વજીરે શાંતિથી કહ્યું : “કે આપણી દાનત એ છોકરાને ખાતર છેલ્લામાં છેલ્લી વાત સુધી ખપી જવાની હોવી જોઈએ. ફક્ત ગુજરાત હાથ કરવાની ગણતરી હશે તો એ છોકરાનું કાસળ નીકળી જશે.”

“જેસાભાઈ તો, જામબાપુ,” લોમા ખુમાણે આંખ ત્રાંસી કરી : “સદા ટેકની, નીતિની ને વિશ્વાસની જ વાતો કરતા રહ્યા. વાતવાતમાં, બસ, ખપી જવું – ખપી જવું, ખપી જવા સિવાયની રાજનીતિમાં જેસાભાઈની ચાંચ જ બૂડતી નથી.”

“રાજનીતિ !” જેસાભાઈ ખુમાણ સામે હસ્યા.

“હવે, જેસા વજીર” જામ સતાએ કહ્યું : “એ નેક ટેક ને ઇમાનદારીની વાત અમ રજપૂતોને માટે રહેવા દિયોને, બાપા !”

જામના બોલવાનો વ્યંગ જેસા વજીરને એની હલકી ખવાસ જાત સંભારી આપવાનો હતો.

“તો પછી હાંઉં, ધણી !” જેસાભાઈએ શિર નમાવ્યું, “હું તો આપનો ચાકર છું. હુકમ કરો એટલું જ માગું છું.”

“શાબાશ તમને, લોમા ખુમાણ ! મારો વજીર તો જોગી છે જોગી.”

“નગરનાં નગારાં ક્ષત્રિવટે અને જોગે કરીને જ સાબૂત છે ને, જાડેજારાજ !" લોમા ખુમાણે ખોબે ને ધોબે જીભની ખાંડ પીરસી. “હવે, એ છોકરાને આંહીં લાવું ?”

“ના, દાખડો કરશો મા. હું જ આવીને મળી જઈશ. ને બીજી એક વાત કહું. પેટમાં રાખજો. મારી ઉમેદ તો, બધું પાંસરું ઊતરે ને, તો એ છોકરાને એક જાડેજી કન્યા જ પરણાવી દેવાની છે. પણ અત્યારે જાડેજા કુળ તો ખાલી છે, સગાંસંબંધીમાંથી ગોત કરાવીશ.”

“તો તો રંગ રહી જાય.” લોમા ખુમાણે જેસા વજીર તરફ આંખ ત્રાંસી કરી.

“વાવડો કઈ દૃશ્યે વળે છે એ જોયા પછી નક્કી કરશું.”

"આપને તો એ લા'વો લેવાનો કુળધર્મ મોકળો રાખ્યો છે આપના વડવાઓએ. અમારાથી કાઠીઓથી થોડો લાભ લેવાય તેમ છે ? આપના પૂર્વજો રાજનીતિના સાચા જાણભેદુ હતા. અમે તો ઢોરાં ચારવામાં જ રહી ગયા." લોમા ખુમાણે સતા જામને ફુલાવી ઢોલ કરી મૂક્યા.

"અમારો જાડેજાઓનો પણ કુળધર્મ કડક છે !" સતા જામે મૂછ પર હાથ મૂક્યો : "મારી નાખીયેં દીકરીને, પણ અમારાથી ઊતરતા રજપૂતોને દઈયેં નહિ. સુલતાનોને બેશક દઈએ."

"જાડેજાનું ખોરડું તો પડતા આભનો થાંભલો જ છે, જામ-બાપુ ! અમે તો જાડેજાથી જ ઊજળા છીએ."

એમ કહીને પછી લોમા ખુમાણે વિદાય લીધી.

મહેમાનના ગયા પછી પણ જેસા વજીરનું મૌન હલ્યુંચલ્યું નહિ. સતા જામે કહ્યું : "જેસા વજીર ! આમ કરતાં તો તમને વિચારવાયુ ઊપડી જશે. શું ભાંજઘડ કરી રહ્યા છો મનમાં ?"

"નહિ, અન્નદાતા." જેસા વજીરે કહ્યું : "બીજું તો કાંઈ નહિ, પણ આપે લોમા ખુમાણની ચાલે ચાલવા જતાં પહેલાં ખૂબ વિચાર કરવા જેવું છે."

"વાત શું કરો છો, વજીર ?" જામને આ ચેતવણી પોતાની અક્કલના અપમાન બરાબર લાગી : "હું શું મૂરખ છું, કે કોઈકની મતિએ ચાલું ? હું તો લોમા જેવા અઢારને મારી મતિએ ચલાવું, જાણો છો, જેસા વજીર ?"

"અન્નદાતા," જેસાએ સહેજ સ્મિત કર્યું : "જાણું છું એટલે જ આપના વિષે આપના અભિપ્રાયથી હું જુદો પડું છું ના ?"

"મારા વિષે આખી દુનિયાનો ઊંચો મત, હીણો મત એક તમારો જ. તમને હું કોઈ દિવસ ન સંતોષી શક્યો. અભાગ્ય છે મારી !" જામ નાના બાળકની પેઠે બળતરા કાઢવા લાગ્યા.

"ખમ કરો, અન્નદાતા. પણ આપનું મન ચોક્કસ નથી રહી શકતું. તે દિવસે દેદાઓની મોકલી ધૂળ મેં સંઘરાવી લીધી. વળતે દિ' હું એને વિશ્વાસ આપીને નગરમાં તેડી લાવ્યો. મારે તો પાડોશીઓને મજબૂત રાખી નગર ફરતો મિત્રોનો ગઢ બાંધવો હતો. પણ આપે મને ય ખબર પડવા દીધા વગર એ પરોણાઓની કતલ કરાવી નાખી. એ બળતરા હું ક્યાં સંઘરું ? તો ય સંઘરીને બેઠો છું. ઉપર જાતે આપનું દિલ દુભાય છે. ખેર, માફ કરો, ધણી છો." એવું કહીને

જેસા વજીરે પણ ઘરની વાટ લીધી. તે પછી જામ પાસે એના કુંવર અજાજીએ આવીને સરાણિયાની છોકરીનો બનેલો મામલો કહી બતાવ્યો.

"ઢોંગબોંગ તો નથી કરતી ને ?"

"નહિ રે નહિ, બાપુ, ઢોંગ આવા હોય કદી ? એ જ્યારે બેભાન બને છે ત્યારે આપોઆપ લોબાનનો ધૂપ પ્રગટ્યો લાગે છે. નક્કી. એની સરમાં કોઈક દેવતા આવે છે."

"એણે શું કહ્યું ? કોનું રણથળ રચાશે ?"

"મુંગલા મુંગલા કરતી'તી એ તો."

"મુંગલા તે આંહીં કેવા ? દલ્લીના મુગલો બાપડા સોરઠમાં ક્યાંથી આવી શકે ?"

"આવે કે ન આવે, બાપુ, પણ આપની તલવાર એને બતાવીએ."

"ભલે, કરો ત્યારે રોનક."

વળતા દિવસે દરબારગઢના ચોકમાં સરાણિયાંઓએ સરાણ માંડી. સરાણનાં નેતરાં ખેંચાયાં. ખેંચનારીના બાજુબંધોનાં ફૂમકાં ઝૂલ્યાં, ને એણે ગાણું ઉપાડ્યું :

કાટેલી તેગને રે

ભરોંસે હું તો ભવ હારી

હું તો ભવ હારી.

કુંવર અજાજી પિતાની તલવાર લઈને ઉમળકાભેર દોડતા આવ્યા. બાઈએ કુંવરને જોતાંની વાર સરાણ-પટા હેઠા મૂકીને દૂર રહ્યેરહ્યે કુંવરનાં વારણાં લીધાં. પાછી એ રસી તાણવા લાગી. કુંવરે સરાણિયાના હાથમાં એ પહોળા પાનાની લાંબી ને પાતળી સમશેર મૂકી. મ્યાનમાંથી નીકળતી સમશેરે કેટલાય માણસોનાં પ્રતિબિમ્બો રમાડી લીધાં. રત્નજડિત મ્યાનમાંથી બહાર આવતી એ તલવાર ફૂલભર્યા બગીચામાંથી બહાર આવતી રાજકુંવરી જેવી લાગી.

"બાપુની સમશેર : મોટા જામ બાપુની સમશેર આ તો !" એવું બોલીને કેટલાક માણસોએ તલવારની ઓળખાણ પાડી. "એમાં તો ભવિષ્યવાણીની શી મણા હશે !" સતા જામની શૂરવીરતાના પ્રશંસક યોદ્ધાઓ ગુપચુપ આવી ભવિષ્ય-વાણી કરતા ઊભા હતા.

જુવાન સરાણિયાએ સજવા માંડેલી એ તલવારમાંથી તણખા ન ઊપડ્યા, પણ ઉગ્ર કિકિયાટા સંભળાયા. જાણે સરાણના પથ્થરને કાળી નાગણી રોષે ભરાઈ હસતી હતી.

ધગધગતી એ તલવાર જુવાને પોતાની વહુના હાથમાં મૂકી, સ્ત્રી જોવા લાગી, એની આંખો કેવા રંગો, કેવા ભાવો ધારણ કરે છે તે નિહાળવા બધા તલપાપડ ઊભા. શ્વાસ પણ સંભળાતા નહોતા.

"રણથળ; એ-નું એ જ રણથળ :" બાઈએ બોલવા માંડ્યું : "અરે ભાગ્યો, રણથળમાંથી ભાગ્યો, શરણાગતને દીધો દગો, દગો, દગો ! બેટડા કપાણા ને બાપ બુઢ્ઢો ભાગ્યો... હો... હો.. હો... હો..."

બાઈના મોંમાંથી અટ્ટહાસ્ય નીકળી પડ્યું ને બાઈ બેહોશ બની. ઊભેલ માણસોનાં મોં શ્યામ બની ગયાં. કુંવર અજો જામ થીજી રહ્યો.

ધબ, ધબ, ધબ, મેડીનાં પગથિયાં બોલ્યાં. ઊતરનાર આદમી સતો જામ પોતે જ હતા. એક પણ આંખ એમની સામે ઊંચી ન થઈ. "ડેલે લઈ જાવ આ ત્રણેયને." જામે ઘેરા રવે હુકમ આપીને પાછાં પગલાં સીડી પર ભર્યાં. તે પછી ત્યાંથી આખો રાજ-સમૂહ ક્યારે વિસર્જન પામી ગયો ને સરાણિયાંને જીવતાં ભોમાં ભંડારી દીધાં કે શું કર્યું તેની ગમ જ ન પડે એવી ત્યાં ચુપકીદી છવાઈ ગઈ. એ ચુપકીદી જાણે મગર હતી. રાજગઢ જાણે નાનું માછલું હતો.

સૂનકાર રાજગઢને એ જ સ્થાને હલ્યાચલ્યા વગર ખડો રહ્યો હતો એકલો કિશોર કુંવર અજો જામ. કોઈએ એના પગમાં જાણે મેખો જડી દીધી હતી.

"ડેલે ! ડેલે લઈ ગયાં ! ડેલે !" આટલા જ શબ્દોનો પ્રશ્ન એણે પહેરેગીરોને પૂછ્યો. પહેરેગીરોએ માથાં ધુણાવી હકાર ભણ્યો. 'ડેલો' શબ્દ જાણે કે બોલવા જેવો જ નહોતો. 'ડેલો' બોલતાં બીક લાગે, 'ડેલો' સાંભળતાં રોમેરોમે સ્વેદ વળી જાય. ડેલો એક એવું સ્થાન હતું, કે જ્યાં જનારા પરોણાઓ પૃથ્વી પર પાછા નહોતા વળતા.

ડેલો એ મોટું કેદખાનું હતું. ઈન્સાફની અદાલતો બેસવાનો એ હજુ સોરઠી સમય નહોતો. 'ડેલો' તો હતું રાજશત્રુઓને દળી નાખવાનું વૈરાલય. સરાણિયાની છોકરીએ રાજનો દ્રોહ કર્યો હતો, કેમ કે રાજાના નામ પર એક અણશોભતી ભવિષ્ય-વાણીની બદનામી બેસાડી હતી.

**11**

## પરદેશીને તેડું

ઘોડો જે રાતે નહનૂને ઉપાડીને સૌરાષ્ટ્ર તરફ પાંખો કરી ગયો તે રાતથી ઇતમાદખાન પણ હાથ ઘસતો બની પલાયન થયો હતો. એની પાસે સુલતાન-પંખીડું છે એ માન્યતાથી એનો પીછો અન્ય ઉમરાવોએ લીધો હતો. ગુજરાતમાં એને ઊભવાની જગ્યા રહી નહોતી. એ જીવ લઈને પહાડોમાં શરણ શોધતો રહ્યો. પાલના પહાડો પર એક દિવસ ઇતમાદે સમાચાર જાણ્યા કે અમદાવાદનું તખ્ત તો એક ગુલામના છોકરાએ રોકી લીધું છે. આ સાંભળીને એણે દાઢી પસવારી. એને સંદેશો મળ્યો કે તખ્ત પર બેસનાર ગુલામ-પુત્ર ચંગીઝે પ્રજામાં નવો છાકો બેસારી દીધો છે. ફોજના એક મુગલ સિપાહીને, એ સિપાહી કોઈ ગરીબની બેટીને ઉપાડી લાવેલ તે અપરાધ બદલ, છડેચોક ફાંસીને લાકડે લટકાવ્યો છે : અને વસ્તીનાં લચી રહેલાં ભરપૂર ખેતરોમાંથી જુવારના એકાદ રાડાને પણ ન અડકવાની એની કરડી આજ્ઞા લશ્કર પર ફરી વળી છે. એ ન્યાય આપે છે, અરજો સાંભળે છે, તાબડતોબ રાહત આપે છે, દંડ દે છે, રક્ષણ કરે છે. સાંભળીને ઇતમાદ ઠરી ગયો.

એમાં એક દિવસ કાસદ એક સંદેશો લઈને અમદાવાદથી આવ્યો. સંદેશો અમદાવાદના નવા તખ્તધારી ચંગીઝખાન તરફથી હતો કે 'ખાનજી, પાછા વળો. આપને માટે આપનો દરજ્જો, માન ને મરતબો, પોશાક અને પદવી તૈયાર છે.'

સંદેશો લાવનાર અમીરને ઇતમાદે આંખો ઝીણી કરીને પૂછ્યું : "હંમ ! મને પાછો તેડાવવામાં શો ઇરાદો છે ચંગીઝખાનનો ?"

"ઇરાદો આ છે : હવે ગુજરાતને સાચા કે ખોટા, લંપટ કે સદાચારી, કોઈ કરતાં કોઈ સુલતાન-બુંદના તખધારીને હાથ સોંપીને અમીરોમાં એકબીજા સામેની ખટપટો ને ઈર્ષાઓ જલાવવા દેવી નથી. હવે દારૂ અને દુરાચારમાં ડુબાવેલા સુલતાનોની જમાત ખતમ થઈ ગઈ. આવો, ઇતમાદખાન, આવો, સમસ્ત અમીરો, આપણે અમીર મંડળ જ રૈયતની રાય પૂછતા પૂછતા અદલ ઇન્સાફવાળો વહીવટ કરીએ. આપણામાં ન કોઈ મોટો, ન કોઈ નાનો, આપણે સર્વ

સમાન, પણ એક સમર્થને આપણા અગ્રપદે સ્થાપીએ, ગુજરાતના ગુલશનને ફરી એકવાર ગુલોથી ભરપૂર, મહેકતું, સુખી સંતોષી બનાવી દઈએ."

સર્વ વાત સાંભળી લઈને ઇતમાદે દાઢી પર હાથ નાખ્યો. સંદેશો લાવનારને કહ્યું : "હા, ઠીક વાત છે. હું વિચાર કરું છું."

બીજી તરફથી બીજો એક સંદેશો આવ્યો : "હું આ મુલકમાં આપને મદદ કરવા આવ્યો છું. ચાલો, આપણે એકત્ર બની આ પ્રજાપ્રેમના, ડોળઘાલુ ગુલામ બેટા ચંગીઝખાનને ચોળી નાખીએ. આપને આપના અસલ સ્થાન પર નીમી દઈને અમે તો અમારે દેશ સિધાવીશું."

પહેલો અવાજ સ્વદેશીનો, સમોવડિયાનો, સજ્જનનો હતો. બીજો અવાજ એક પરદેશીનો, બુરહાનપુરના પાદશાહ-બેટા મીરાન મહમદશાહનો હતો.

સ્વદેશી અને પરદેશી, બન્ને અવાજોને ઇતમાદે ઉત્તર આપ્યો કે "હાં, હું તમારી સાથે છું, હા, હું તમારે જ પક્ષે ચાલ્યો આવું છું."

ચંગીઝખાનના સંદેશાને સામે રાખીને ઇતમાદ એકલો એકલો હસી પડ્યો : 'ગુજરાત, ગુજરાતનું પ્રજાસુખ, ગુજરાતની ગુલશન સમી ખૂબસૂરતી ! હટ ! એક સુલતાન-સર્જકને એવી પોચી ભાવનાઓની શી પડી હતી ! મારી તો ગણતરી છે, પાછા ગુજરાતની ગાદીના કુલ માલિક બની જવાની.

પણ એણે મોડું કર્યું, અતિ મોડું કર્યું. એને તો બેસવું હતું, જીતનારના ગાડે. એણે રાહ જોઈ, બીજાઓનો ઘડોલાડવો થઈ જવાની. પરદેશી બુરહાનપુરી પરાજય પામીને ભૂંડે મોંએ પાછો વળ્યો, કેમ કે સ્વદેશપ્રેમી ગુલામ ચંગીઝના કલેજામાં ગુજરાતને ગુલશન બનાવવાની જે તમન્ના હતી તે તમન્નાએ પરદેશી બુરહાનપુરી મહમદશાહને ક્યાં મરણિયો કરી મૂક્યો હતો ? સ્વદેશપ્રેમી ચંગીઝે સાંભળી લીધું કે એ પરદેશી લૂંટારાના પીઠબળ તરીકેનું કામ પાલ પ્રદેશમાં બેઠે બેઠે ઇતમાદે જ કર્યું હતું.

બુરહાનપુરીને માર મારી પાછો કાઢ્યા બાદ ફરી વાર ચંગીઝે કાસદ મોકલ્યો.

"ઓ ઇતમાદ ! હજુ આવો, પાછા આવો, પાલનું તમને પાણી લાગશે. રાજ-બુંદની જીદ છોડી દો, આવો, ગુજરાતને ગુલશન બનાવીએ." પણ ઇતમાદે તો નિશ્ચય કર્યો : 'ન જાઉં, ગુજરાત

ગુલશન બને તેમાં મારી કઈ મુરાદ ફળે ? હું ત્રણ-ત્રણ સુલતાનોને માથે હાથ મૂકીને ગુજરાતનું તખ્ત સોંપનારો, ન લઉં એ ગુલામ-પુત્રની મહેરબાનીનો ટુકડો.'

ઇતમાદ એકલો પડી ગયો. એક પછી એક તમામ અમીરોએ ચંગીઝખાનની તાબેદારી સ્વીકારી.

પણ ચંગીઝખાન સ્વપ્નદ્રષ્ટા હતો. ગુજરાતના અમીરો ધરતીનાં માનવી હતાં. સ્વપ્નદ્રષ્ટાની એક જ ભૂલ થઈ ગઈ. પોતાની માતાના જનાનખાનામાં એક ગુલામ હતો. મુસલમાન રાણીવાસના ગુલામો એટલે કાં તો કુદરતી જ નામર્દો, અથવા બનાવી લેવામાં આવેલા નામર્દો. આ નામર્દનું નામ બીજલખાન. ચંગીઝખાનના બાપે એ ગુલામને ભણાવેલો ને ચંગીઝખાને એને અમીરની પદવી આપી, ખંભાત ગામ એનાયત કર્યું. પણ એ ભૂલ થઈ હતી. ચંગીઝખાને ફરીથી વિચાર કર્યો. ખંભાત ફરીથી પોતાની માને અર્પણ કર્યું. ચંગીઝ સ્વપ્નદ્રષ્ટા મટીને વ્યવહારદક્ષ બન્યો. ચંગીઝે ગુલામ અને મા વચ્ચે કિંમતનો તફાવત મૂક્યો. એ વ્યવહારદક્ષતાએ ચંગીઝના માથાનું મૂલ લીધું. ખસ્સી પ્રાણી વધુ નરમ બને છે, પણ ખસ્સી માનવી બને છે ભયાનક, નપુંસક બીજલખાને અન્ય બે અમીરોને ઉશ્કેરી ચંગીઝનો શિરચ્છેદ કરાવ્યો.

'ઈન્શાલ્લાહ !' પાલના ડુંગરોમાં લપાઈ બેઠેલ ઇતમાદખાંએ ફરી એક વાર દાઢી પસવારી અને એણે યુક્તિ વિચારી. મુઝફ્ફર ભલે મારા હાથમાં નથી, છતાં અમદાવાદ પહોંચીને દાવ અજમાવું.

'હું સુલતાન મુઝફ્ફરને લઈને આવું છું' એવો સંદેશો એણે અગાઉથી પહોંચાડ્યો, અને પછી પોતે એક દિવસ અમદાવાદ જઈને ઊભો રહ્યો. અને અમદાવાદ નગરનો જેણે કબજો લીધો હતો તે શેરખાન ફોલાદીએ ખાંસાહેબનું સ્વાગત કર્યું. પૂછ્યું : "સુલતાન ક્યાં બિરાજે છે ?"

"સલામત છે – મારા નક્કી કરેલા સ્થાનમાં."

"સાથે પધારવાના હતા ને ?"

"હા, પણ અહીંનો બંદોબસ્ત જોયા પછી જ એમને આંહીં લાવું એવો વિચાર કર્યો – એમની સલામતી માટે વિચારવાની ખરી ને ?"

"સાચું છે, જનાબ !" શેરખાનના મોં પર વિનોદ તરવર્યો ; "આપે જ એમને સાચવ્યા, નહિતર આજ એનું કોણ હતું ? સાંભળ્યું હતું કે સુલતાન સૌરાષ્ટ્રમાં ગયા હતા."

"હા, પણ કાઠીઓએ એમને મહેમાનીનો કડવો સ્વાદ ચખાડ્યો, તોબાહ પુકારીને પોતે મારી પાસે આવતા રહ્યા.",

વાતો કરતાં કરતાં શેરખાન અને ઇતમાદખાને ભદ્રમાં પ્રવેશ કર્યો. શેરખાને કહ્યું : "અહીં જરા પધારો, સૌ આપની જ રાહ જુએ છે."

"ભલે, ચાલો."

અમદાવાદની આખી બજારને અને ભદ્રને ધજા-પતાકાએ શણગારેલાં દેખીને ઇતમાદખાને ગર્વ અનુભવ્યો. એને આ સ્વાગત પોતાનું જ લાગ્યું. મલપતે પગલે ચાલતાં ચાલતાં ખાંસાહેબ સુલતાન-કચેરી તરફ ચાલ્યા, તો ચોઘડિયાં વાગતાં હતાં, ડંકા-નિશાન ગાજતાં હતાં, છડીઓ પુકારાતી હતી. 'વાહ ! વાહ !' એવું ડોલતું દિલ લઈને પોતે કચેરીમાં પગ મૂક્યો; પગ મૂકતાંની વાર એણે જે દીઠું તેનાથી પોતે ચમકીને ઊભો રહી ગયો. પઠાણ શેરખાન આ કોનો રાજદંડ પકડીને ઊભો છે ? આ તખ્ત પર કોણ છે ? એક જુવાન છે. એની રક્ષા કરતા પચાસ પટાધર કાઠીઓ સફેદ કપડાં સજીને કચેરીમાં ઊભા છે. તખ્ત પર બેઠેલો એ જોબનજોધ મુઝફ્ફર નહનૂ જ છે. શેરખાન અને અન્ય અમીરો આજે ફરી એક વાર એની કુરનીશ બજાવી રહ્યા છે.

"ધ્રૂજો ના, ઇતમાદખાન !" શેરખાન ફોલાદીએ સંભળાવ્યું : "તમારે માટે હજુ પણ આશા છે. અમે તો તમને હાથીને પગે છૂંદાવવાના હતા, પણ સુલતાનની દયા અમારી આડે આવી છે. તમારી જૈફી તમારું જીવતદાન દેવરાવનાર બની છે. બોલો, શાંતિથી તસ્બી ફેરવવી છે ?"

ડબ ડબ ડબ, ઇતમાદખાનનાં નેત્રો વહેવા લાગ્યાં. એણે કહ્યું : "મુઝફ્ફરશાહ ! મારા સુલતાન ! મારા બચ્ચા ! મને ખત્મ જ કરો. હું જીવવા માગતો નથી."

"ઇતમાદખાન !" સુલતાન મુઝફ્ફરે કહ્યું : "તમને ખત્મ કરવાની મારી હિંમત નથી. તમે મને ઉછેર્યો છે. જાવ, અમદાવાદ જેમ મારું તેમ તમારું પણ ઘર છે. બંદગી કરો. કોઈ તમારું નામ નહિ લે. ને હું તો આ જિંદગી પાસેથી એક જ વાત શીખ્યો છું : ઇતબાર કરવાની વાત. જાઓ."

ધીરેધીરે ડગલે ઇતમાદખાન પાછો વળ્યો. ઘેર ચાલ્યો ગયો.

“કાઠીભાઈઓ !" નવેસર સુલતાન બનેલો મુઝફ્ફર હવે બાળપણાની બેવકૂફ બોલીને વટાવી જઈ ડહાપણનાં વિદાય-વચનો બોલતો હતો : “કાઠીભાઈઓ! સલામો કહેજો લોમા ખુમાણને, પણ અસીમ પ્યારથી ભરેલી મારી અદબ તો દેજો કાઠિયાણી બહેનનાં કદમોમાં. એનો બનાવ્યો જ હું આજે સુલતાન બનું છું. ને કહેજો એને, કે સલ્તનતના સિંહાસન પરથી ગબડી પડીશ તે દિવસ પાછો હું કાઠિયાણી બહેનનાં જ કદમોમાં દડતો દડતો આવી પહોંચીશ.”

“આવજે ભણેં બા ! જરૂર આવજે ! તુંથી વષેક શું છે, ભણેં બાપ !” કાઠી સરદારે સરળ જવાબ દીધો.

કાઠિયાણી બહેનને માટે અઢળક પહેરામણી લઈને લોમા ખુમાણના અંગરક્ષકો સૌરાષ્ટ્ર સિધાવ્યા. અને અમદાવાદ શહેરમાં પોતાના ઘરને ઉપલે માળે ઇતમાદે એકલવાસ સ્વીકાર્યો. અમીરો ને સેનાપતિઓ મુલાકાતે આવ્યા. નીચેથી જ ઈતમાદે જવાબ મોકલ્યો : “હમો દુનિયાદારીથી વાનપ્રસ્થ થયા છીએ. હમારા ઘરના ખૂણામાં એકાંતે રહીએ છીએ. તમે જાણો ને દેશ જાણે. સુલતાન જાણે ને ગુજરાત જાણે. આ ખૂણામાં રહેવા દેશો તો ઠીક છે, ન રહેવા દેવા હોય તો હમો જ્યાંથી આવ્યા છીએ ત્યાં ચાલ્યા જશું.”

પણ એ એકાંતવાસી વાનપ્રસ્થ પુરુષ કયા ઈશ્વરને ભજી રહ્યો હતો ? કિનાને : સર્વસત્તાધીશીને : ગુજરાતના ગુલશનને નહિ, પણ ગુજરાતના કબજા-ભોગવટાને. એ કોઈક છૂપો કાગળ લખાવતો હતો.

એકાએક એની મેડી પર એ કોણ ચડી આવ્યું ? સૈયદ મુબારકના પુત્ર સૈયદ મીરાનને જોઈ ઇતમાદને ધ્રાસકો પડ્યો. એણે લખેલો કાગળ ગોઠણ નીચે દબાવી દીધો. હાંફળાફાંફળા બનીને એણે સત્કારના સખુનો કહ્યા : “આઈયે હઝરત, આઈયે ! સુબાનલ્લાહ ! આપ ક્યાંથી ?”

“એક જ વાત કરી લેવા આવ્યો છું, ખાંસા’બ ! ફુરસદ હોય તો કહું.”

“બેલાશક બોલો.”

“યાદદાસ્ત કેવીક છે ?”

“ખુદાની રહમથી સારી છે.”

“સુલતાન મહમૂદ ત્રીજાના વખતમાં વિદેશી શાહ ચડી આવેલો ત્યારે તમારી ને મારા પિતા વગેરે અમીરોની મસલતોમાં શું થયું હતું તે યાદ છે ?”

“બેશક, મેં કહ્યું કે આપની ફોજ છોટી છે, પરદેશની ફોજ બુલંદ છે, ચાલો આપણે દિલ્હીના પાદશાહને આંહીં તેડાવીએ.”

“ત્યારે મારા પિતાએ શું કર્યું હતું, ખબર છે ?”

“શત્રુ સામે જંગમાં ઊતરીને ખપી ગયા હતા.”

“ત્યારે એને કોની સલાહ મળી હતી જાણો છો?”

“નહિ."

“તો સાંભળો. એક પરદેશીથી બચવા માટે બીજા પરદેશીને નોતરી આવવાની તમારી સલાહ સાંભળ્યા પછી મારા પિતા ચુપચાપ જેની પાસે ગયા હતા તે હતી પોતાની પુત્રવધૂ : આપની સામે આજે બેઠેલા મીરાનની જ એ પરણેતર યુવાન ઓરત.”

“ઓરત !”

“હા ખાંસાહેબ, એક બુઝર્ગ વયના રાજનીતિજ્ઞ સૈયદે તે દિવસ અન્ય શાણાની નહિ પણ પોતાની પુત્રવધૂની સલાહ પૂછેલી કે “બીબી બેટા, અમીરો મને આમ કહે છે; મારે શું કરવું, મને માર્ગ બતાવ, બચ્ચા !”

“ને તમારાં બીબીએ શું કહ્યું હતું ?”

"કહ્યું હતું કે હું તો બીજી શી સલાહ આપી શકું ? હૃદયમાં સ્ફૂરે છે તે કહી નાખું છું. બાબાજાન, આપની ઉંમર કેટલી થઈ ? મારા પિતાએ કહ્યું, અઠ્ઠાવન વર્ષની : તો બીબીએ કહ્યું કે હઝરત પયગમ્બરના વંશજો 60થી 70 વર્ષ જ ઘણુંખરું જીવે છે. તો પછી બાકી રહેલી કેટલી જિંદગીને ખાતર આપ અત્યાર લગીની આબરૂ પવનને સોંપીને દિલ્હીના પાદશાહની પાસ સિધાવો છો ? શું એ કહેશે નહિ કે તમે એક બકાલથી ડરી આંહીં નાસી આવ્યા ! માટે સૌથી સરસ રસ્તો તો મરવાનો નિશ્ચય કરી છેલ્લી લડાઈ લડી લેવાનો છે. આ હતી એક ઓરતની સલાહ. સલાહ જ આપીને એ ઓરત નહોતી બેઠી રહી. એણે સસરાની

સાથોસાથ પોતાના બાર વર્ષના દીકરાને પણ જંગમાં મોકલેલો. ખાંસાહેબ, આજે હું પણ એ જ સૈયદ ઓરતનો સંદેશો આપને આપવા આવ્યો છું."

"મને... મને... મને..."

"હા હા, ખામોશ રાખો ખાંસાહેબ આપને,"

"પણ મેં... મેં... મેં..."

"આપે મુગલોને ગુજરાત ખૂંદવા આવવાનું ઇજન આપ્યું છે. આપે. એમનાં કદમે કદમે અશરફીઓની સડક બાંધી છે. કારણ..."

"કારણ ?" ઈતમાદમાં પોતાનાં ચશ્માં સોંસરા દૃષ્ટિ તાકી રહ્યા.

"કારણ, બસ, ફક્ત આટલું જ, કે આજે નહનૂ મઝફ્ફર આપની પહેરેગીરીમાં નથી, તો બીજા કોઈ ખાંસાહેબની ચોકીદારીમાં છે."

"નહિ નહિ – હૈં-હેં-હેં હઝરત !" બુઢ્ઢો ઇતમાદખાં હસી કાઢતો હતો.

"ને આ બધું પાછું આપ વાનપ્રસ્થાશ્રમના નામે કરી રહ્યા છો." સૈયદ મીરાનની વાણીમાંથી યોદ્ધા અને ધર્મવીર, બેઉનું મિશ્ર ગળું ગુંજતું હતું.

"આપને કોઈકે ભંભેર્યો લાગે છે, હઝરત !"

"ખુદાને ભંભેરણીની રીત પસંદ નથી. બીબીને કહેનારો એ એક જ છે. ખુદાને બદનામી ન આપો, ખાંસાહેબ !"

"ને ગુજરાતની બદનામી આ અફઘાનો કરી રહ્યા છે તે તો અટકાવો, હઝરત !"

"એ અટકાવવાની કોશિશો માટે જ હું જીવું છું. પણ એની અટકાયતનો ઈલાજ પરદેશી મિરઝાઓ નથી, બહારવાળાઓ નથી, દિલ્લીનો શહેનશાહ નથી..."

"કોણે કહ્યું પણ ?"

"નહિ, હું તો સહજ કહું છું. મારો મનોરથ તો આપણી ને આપણી ભૂમિ આ ગુજરાતની અંદરથી જ સુલેહની અને રાષ્ટ્રની પાક ખિદમતની શક્તિઓ ઉત્પન્ન કરવાનો છે. એટલા માટે જ હું ગુજરાતની અમીરાત વચ્ચે એકસંપી શોધું છું. બિચારો શેરખાન ગુર્જર અમીરોના સંગઠન પછી કેટલા રોજ ? ચંદ રોજ ! પણ ગુજરાતમાંથી એક શેરખાનને હાંકી કાઢવા હું બીજા પરદેશીને તો નહિ જ બોલાવું. એ કરતાં તો હું શેરખાનને ગુજરાતી બનાવી લેવા માટે એને પક્ષે ઊભી પ્રાણ આપીશ." બોલતાં બોલતાં સૈયદ મીરાનની આંખોમાં રોશની ઊઠતી હતી.

"આપને તો મારે મારી યોજના કહેવી હતી, હઝરત ! આપ ઊલટા જ માર્ગે ચડી ગયા છો."

"એક પાક ઓરતે બતાવેલો એ માર્ગ છે. બસ, વધુ કાંઈ કહેવું નથી, રજા લઈશ."

"આદાબ, હઝરત !"

સૈયદ મીરાન ગયા, એટલે અધૂરો લખેલો કાગળ વાનપ્રસ્થ ઇતમાદખાંએ પૂરો કરવા લીધો. એ કાગળ દિલ્હીપત અકબરશાહને સંબોધાયેલો હતો. એની છેલ્લી પંક્તિઓ આ હતી : "જો પાદશાહ જલદીથી આવશે તો ગુજરાત પાદશાહને મળશે, નહિતર અફઘાનોને હંફાવવા અમદાવાદ શહેર અમે મિરઝાઓને આપીશું."

સહી, સિક્કો ને સીલ કરીને ઈતમાદે એ કાગળ ડીસા રવાના કર્યો. મુગલ સુલતાન અકબરશાહનો મુકામ ત્યારે ગુજરાતની સરહદ પર જ હતો.

કાગળ મોકલીને પોતે પથારી પર ગયો. જઈને બોલ્યો : "મારું પણ બેવડે દોરે કામ છે ! કાં તો મિરઝાઓ આવી પહોંચે છે, ને કાં અકબરશાહ પહોંચે છે."

"મિરઝાઓને કહેશું, કે મારો અકબરશાહને : અકબરને બિરદાવશું કે માર મિરઝાઓને."

થોડી વાર એ થોભ્યો. સૈયદ મીરાનની વાણીનો એક બોલ એના મનમાં ગોખાઈ રહ્યો હતો : "ગુજરાતી ! આપણે ગુજરાતી ! આપણે મુસ્લિમો કે ગુજરાતી ? ગુજરાતી જેને થવું હોય તે થાય. હું તો થઈશ મુગલ, તારતાર, મંગોલ, પઠાણ – ગુજરાતને કબજે રાખવા જે થવું પડે તે !" એમ કહીને એણે સામે પડેલા આયનામાં પોતાનું મોં બગાડ્યું : "ગુ-જ-રા-તી !!!"

## લોહીનું ટીપું પાડ્યા વિના

ધોળકા ગામમાં પ્રભાતે બે લાશો પડી હતી : એક સૈયદ મીરાનની, અને બીજી એના લડાઈ-ઘોડા 'દુલદુલ'ની. બન્નેનું મોત આગલી જ રાતે ઇતમાદે ગુજરાત પર ઉતારેલા બહારના શત્રુઓ મિરઝાઓની સાથેના યુદ્ધમાં થયું હતું. સૈયદે પોતાનો બોલ પાળી બતાવ્યો હતો. એના શબ ઉપર મુઝફ્ફર નહનૂ અદબ ભીડીને ઝૂક્યો હતો. મુઝફ્ફરની કલગીમાં આગલી રાતનો વિજય ફરકતો હતો. પણ આ એક મૃત્યુએ રાતના વિજયને મોંઘો બનાવ્યો હતો.

લાશને દફન કરવામાં આવી. અઢાર વર્ષનો સુલતાન એની કબર પર ફાતેહા પઢીને વળતી સાંજે જ્યારે ઊભો થતો હતો, ત્યારે એણે ગુસપુસ કશીક તૈયારીઓ થતી નિહાળી.

"શેરખાન ફોલાદી !" એણે ચકિત બનીને પૂછ્યું : "ક્યાં જાવ છો ? કેમ ઘોડે ચડો છો ?"

"સુલતાન ! રજા લઈએ છીએ. તમારું સ્થાન આંહીં ગુજરાતમાં જ છે."

"શા માટે રજા લઈ જાવ છો ? આપણો તો વિજય થયો છે ને ?"

"અકબરશાહ આવી પહોંચ્યો છે. ગુજરાતી સલ્તનતનું જીવતું મોત આવેલ છે."

"ક્યાં છે ?"

"પાટણ." "કોણ લઈ આવ્યું?"

"ઇતમાદખાન. બસ, અલાબેલી સુલતાન, અમારાથી હવે ગુજરાતમાં જીવી શકાશે નહિ."

"પણ મારાથી ?"

"મરી શકાશે."

એટલું કહીને શેરખાને પઠાણી ફોજ લઈ પલાયન કર્યું. સુલતાન નહનૂ થોડી ઘડી એ દરગાહ પાસે થંભી રહ્યો. બે વર્ષો પરની એક રાત યાદ આવી. તે રાતે 'નહનૂ'ને કોઈ છોડવા તૈયાર નહોતું. આજ રાતે નહનૂને કોઈ સાથે લઈ જવા તૈયાર નથી. એક અમીરે આવીને એને

હેબતાવ્યો : "સુલતાન ! આંહીં ઊભા છો, પણ આ સૈયદકુળ પર તમારી છાયા પડે છે. એનું જડમૂળ નીકળી જશે. એને છોડો, ભાગી છૂટો."

"સાચી વાત. હું હવે જ્યાં ઊભો રહીશ ત્યાં ઝાડ પણ લીલું નહિ રહે." નહનૂ મુઝફ્ફરે ઘોડો પલાણ્યો. એની સાથે પંદર-પંદર રૂપિયાના પગારદાર રક્ષકો સિવાય કોઈ નહોતું.

"નામદાર !" હવાલદારે ચેતવણી આપી : "આમ, સોરઠ ભણી."

"નહિ, ગુજરાતમાં જ."

"ઇતમાદખાં..."

"ભલે આવે ધગધગતી સાણસી લઈને."

યુવાને અમદાવાદમાં પહોંચીને ભદ્રમાં પ્રવેશ કર્યો. અમદાવાદમાં સૂનકાર હતો. એકેએક અમીર, નગરના લખપતિઓ ને કોટ્યાધીશો અમદાવાદ છોડી ગયા હતા. ફોજના સેનાપતિઓ પણ રવાના થયા હતા. સેનાઓ સાથે ચાલી ગઈ હતી.

"કયા માર્ગે ગયાં બધાં ?"

"પાટણને માર્ગે. અકબરશાહને શરણે."

"મારા આવવાની પણ વાટ ન જોઈ ? વાહ તકદીર ! ફિકર નહિ. ચાલો સિપાહીઓ, ચાલવું છે પાટણને પંથે ?"

"મોતના મુખમાં ?" "ગુજરાતી તરીકેનું મૃત્યુ હાંસલ કરવા. ચાલો હવે, ભય નથી ઇતમાદનો, ભય નથી અકબરનો. સામી છાતીએ ચાલો. ચાલો એને એટલું જ કહેવાનું કે ગુજરાતને રોળીશ ના, શહેનશાહ, જેને એકને ખતમ કરવા તું આવેલ છે અથવા તને ઈજન થયેલ છે, તે આ રહ્યો. તે તારા હાથમાં સોંપાય છે; શરણાગત લેખે નહિ, સુલતાન લેખે." એક જ બોલ, એ જેમજેમ આગળ ચાલ્યો તેમ તેમ એના કંઠમાં ગોઠવાઈ ગયો : "મારી ગુજરાતને છૂંદીશ ના, શહેનશાહ, જેને છૂંદવો છે તે આ રહ્યો."

"એક પણ લોહીનું ટીપું પાડ્યા વગર... મારી ગુજરાતને એક પણ ચીસ પડાવ્યા વગર.... સમાપ્ત થતું હોય તો ભલે થાવ આ મારી ગુજરાતનું સ્વરાજ... મારી અમ્માએ જેવી ચીસો પાડી હતી, એવી ચીસો પડાવશો ના કોઈ ગુજરાતને..."

પોતાના આવા અંતર-સૂરો સાંભળતો નહનૂ આગળ ને આગળ ઘોડો ચલાવતો હતો. પાછળ મૂંગા થોડા અંગરક્ષકો હતા. પંથ પાટણનો હતો. પાટણ, ગુજરાતની રાજપૂતીનો દીવો જેમાં ગુલ થયો હતો તે સ્થાન : તે ધર્મસ્થાન, તે પ્રેતસ્થાન, તે કબ્રસ્તાન.

"આ શાની છાયા મારા ઉપર પડી રહી છે ?" નહનૂએ ઊંચે જોયું. પોતાના મસ્તક પર એણે આગના ભડકા જેવું છત્ર જોયું. હજુ પણ એક અનુચર એ છત્ર ધરી રહ્યો હતો. નહનૂએ કહ્યું : "હટાવી લો એ આગને. હવે શા માટે મને ને આસમાનને જુદાઈ પડાવો છો ? એ છત્ર મારી શોભાનું છે કે મારી મશ્કરીનું ? હટાવી લો એને. ફગાવી દો આ પૃથ્વીને ખોળે. છત્ર તો ગુજરાતના રક્ષકને શિરે હોય. હું ક્યાં ગુજરાતને રક્ષી શક્યો છું ?"

છત્ર એણે દૂર હટાવી દીધું. સાથે લેવાની પણ ના પાડી. છત્ર ધરતીને ખોળે મુકાવી દીધું.

"અને આ ચંદ્રવો પણ શા માટે ? કયા વિજયનું આ નિશાન છે ? હવે મારી હાંસી કરાવો ના."

ચંદ્રવો પણ એણે ધરતી-ખોળે મુકાવી દીધો. "બસ, પરવરદિગાર !" એણે શાંતિનો ઉદ્ગાર કર્યો : "હવે હું ફરી એક વાર અદનો નહનૂ થઈ રહ્યો. હવે મનને કેટલી બધી મોકળાશ લાગી રહી છે ! રાત્રિના આવા શીતળ પવનને, પૂનમની આવી ચાંદની-ધારાઓને, ખેતરોની આવી ખુશબોને રૂંધનાર ચંદ્રવો અને છત્ર ખસી ગયાં.

થાક લાગ્યો છે. નીંદ આવે છે. પલંગોની ચિતાઓમાં સુખેથી સૂતો નથી કો' દી. ઘોડાની પીઠ પર આંખો ઝોલે જાય છે. રસ્તામાં એક ખેતરનું ખળું આવ્યું. ઘઉંની ફોતરીની બિછાત ચાંદનીમાં ચમકી ઊઠી. નહનૂએ ઘોડાની રકાબ છાંડીને ઘઉંની ફોતરીને સ્પર્શ કર્યો. સ્પર્શ સુંવાળો લાગ્યો. પોતે ફોતરીમાં બેસી ગયો. લેટવા લાગ્યો. નીંદ એના મગજની ચોપાસ ઘુમરાવા લાગી.

એણે આજ્ઞા આપી : "અંગરક્ષકો ! આવવા દો જે આવતા હોય તેને, તલવાર કે ખંજર ખેંચશો નહિ. એક પણ લોહીનું ટીપું રેડવું નથી. મને કેદ કરવા આવનારાઓને કહેજો ફક્ત આટલું જ, અરજ એક આટલી જ કરજો, કે મને છેલ્લી વાર પેટ ભરીને આ ગુજરાતની પૃથ્વી

પર નીંદ કરી લેવા દે. પછી મને સુખેથી પકડીને પાદશાહ પાસે લઈ જાય. થોડીક જ વાર એને બેસવા કહેજો : હું જલદી જાગીશ.”

પછી એ જાગ્યો ત્યારે પ્રભાતનું સૂરજ-ફૂલ ઊઘડતું હતું, ને એની આસપાસ લાલ વાવટા ફરકાવતી મુગલ-ફોજ ઘેરી વળી હતી. તેમના કબજામાં મુઝફ્ફરે ફેંકાવી દીધેલાં બન્ને રાજચિહ્નો હતાં.

અંગેઅંગનાં પરિશ્રમને નિતારી લ્યે એવી એક નિરાંતની આળસ ખાઈને ‘હાશ’ કહેતો એ ખડો થયો. પેલાં બે રાજચિહ્નો પ્રત્યે એણે હસીને કહ્યું : “તમે ચીંથરાં પણ રાજપ્રપંચમાં ચાડિયાં બની શકો છો ને શું !”

મુગલ-ફોજની ચોકી વચ્ચે થોડી જ મજલ કાપ્યા પછી એ ઓગણીસ વર્ષનો યુવાન પાટણના કિલ્લામાં એકત્રીસ વર્ષના તેજસ્વી, હસમુખા, લાલીભર્યા અકબરશાહની સન્મુખ ઊભો રહ્યો. “આ ગુજરાતનો સુલતાન !” અકબરે અજાયબી બતાવી : “નૌજવાન ! તું તો હજુ કિતાબો પઢવા જેવડો છે. તારા હોઠની હિના તો હજુ માતાના દૂધ વડે ભીની ભીની ભાસે છે.”

“મારી માતાએ જેવી ચીસો એક વાર પાડી હશે, તેવી ચીસો ગુજરાતની કોઈ સૈનિક-માતાને ન પાડવી પડે માટે, હે દિલ્હીપતિ ! હું તમને સુપુર્દ થવા આવ્યો છું.”

એમ બોલીને એણે શહેનશાહના દરબારમાં દૃષ્ટિ ફેરવી. ઊભેલા સર્વ ગુજરાતી અમીરોને એક પછી એક ઓળખ્યા. એક દાઢીમાં ઢંકાયેલું મુખ નીચે ઢળ્યું હતું. કાળા સાપની સફેદ કાંચળી સોંસરી પાણીદાર લાલ આંખો ચમકે તેમ એ મોંની બે આંખો ચમકતી હતી.

“ઓહોહો ! આ તો મારા પાલક-પિતા ઇતમાદખાન !” નહનૂએ એ વૃદ્ધને પિછાની લીધો ને પછી નીચે જોયું.

“નૌજવાન !” અકબરે જવાબ દીધો : “મુગલશાહ ગુજરાતને ગુલશન બનાવશે.”

નહનૂએ દોડીને અકબરના હાથ પર બોસો લીધો. અકબરશાહ બોલ્યા : “પણ એક જ શર્તે કે તારે મારી સાથે આગ્રા આવવું. જો આ મારા સાથીદાર રાજા માનસિંહ અને ટોડરમલ : તારા જેવડા જ છે ને હજુ ! એ તને ઈલમ ભણાવશે – વીરતાનો ને રાજવહીવટનો. એ તને સવારીઓમાં લઈ જશે. અબુલફઝલ તને ઇતિહાસ શીખવશે. ફરી એક દિવસ હું તને

ગુજરાતનું ગુલશન સંભાળવા મોકલીશ ત્યારે તારી આ દશા કોઈ ઇતમાદ, કોઈ શેરખાં કે કોઈ મિરઝા નહિ કરી શકે.”

“અહેસાન અકબરશાહનો.” નહનૂએ નમન કર્યું, અને યમુના નદીના કિનારા એની આંખો સામે અનંત હરિયાળી પાથરી રહ્યા.

## સોહાગની રાત

નાગમતી નદીનાં માછલાંને પણ કોણ જાણે ક્યાંથી યે સાન થઈ ચૂકી હતી કે મહિનાના અમુક દિવસે તો ચોક્કસ આ છીપર ફરતા અમુક સુગંધ અને સ્વાદવાળા મેલ ઊતરશે. માછલાંને સાંભળવાની શક્તિ હોય છે એમ જાણકારો કહે છે. મહિનાના ચોક્કસ ચાર દિવસે આ છીપર ઉપર અમુક ચોક્કસ કંઠનો અવાજ, ચોક્કસ ચૂડીઓનો ખણખણાટ, અને ચોક્કસ પ્રકારના છબછબાટ થવા જ જોઈએ, થયા વગર રહે જ નહિ ! સત્તર વર્ષોથી તો વણચૂક્યા એ થાય જ છે. એક પણ દિવસ પડ્યો નથી. માછલાંને અક્કલવિહોણાં માનનારાઓને પણ માછલાંની આવી સંજ્ઞાનો સ્વીકાર કરવો પડે એવો એ તાલ હતો.

માછલાંઓએ મુકરર માનેલા બપોર ટાણે જ એ ધોનારીના ધીરા પગ નીચે નદીકાંઠાની લીલવણી ધ્રો ચંપાણી. માછલાં સાચાં પડ્યાં. પસીનાની જે ચોક્કસ ગંધ માટે તેમની રાહ હતી તે પૂરી થઈ. ધોનારીની દેહ-ગંધ બદલી નહોતી.

બદલ્યું હતું ફક્ત કાયાનું શિલ્પકામ. સત્તર વર્ષ પૂર્વે પાંત્રીસ વર્ષની પ્રૌઢા આજે આવરદાના વનમાં આથડતી હતી. બરડા ઉપર ઊડતા છાંટા નિશાળનાં છોકરાંની જેમ બરડાના પાટિયા પરથી લસરી નહોતાં શકતાં, પણ કરચલીઓની વચ્ચે રોકાઈ જતાં હતાં. કાપડાની કસોના એ બરડી પર પડતા કાપ ઝાંખા દેખાતા હતા, તેમ જ તેનો રંગ પણ ગુલાબી મટીને ગૂઢો બન્યો હતો. કેમ કે વૃદ્ધા હવે ખૂલતા રંગની અતલસોનાં કપડાં પહેરતી નહોતી. છીપર ઉપર એના હાથ ધીમીધીમી ચાલ્યે કપડાં ચોળતા હતા. એના કંઠમાં કિલકિલાટ ભરી વાતો નહોતી રહી. એની સાથી સ્ત્રી પણ આધેડ વયને ઉંબરે હતી.

“જોયું ને મા, ગામથી આંહીં સુધી આવતાં કેટલાં સળગી ગયાં તડકામાં ને તડકામાં ?”
“હોય.” વૃદ્ધાએ ટૂંકો જ જવાબ વાળ્યો.

“હવે તો આ કાષટી મૂકો, મા, હવે તો ભલાં થઈને મૂકો.” સ્ત્રીના એ ઠપકામાં મીઠાશ હતી.

"હવે આખરની વેળા થયે શું મૂકવું, ભૂંડી !" વૃદ્ધાએ હાસ્ય કરતેકરતે છીપર ધોઈ નાખી. માછલાંને લોટની ગોળીઓ નાખી.

"હદ છે, બાઈ ! બાળકના જેવી જ હઠીલાઈ. કેમ જાણે અમારા હાથ ભાંગી ગયા હોય ને, તે બસ એમ જ કહીને ઊભા રહે કે ના, તમને ઇ ધોતાં ન આવડે, તમે ઇ વજીરનાં લૂગડાંને અડશો ય મા ! વજીરને લૂગડે કોઈએ હાથ દેવો નહિ. ગલઢાં થિયાં તો ય વજીર ! બસ વજીર !"

"હવે બહુ બોલકી થાવી રે'વા દે, ને ઝટ લૂગડાં ભૂતડામાં ઘસીઘસીને મને દેતી જા. પાછું મોડું થાશે." વૃદ્ધા છીપર પર બેઠીબેઠી માછલાં રમાડતી ને પોતાની સાથી પર બનાવટી ગુસ્સો કરતી હતી.

"ને હવે પાછી," સાથી સ્ત્રીએ બોલબોલ કરવા માંડ્યું : "વજીર શાબની ધોણ્યું ય ગઝબ મેલી થઈને ઊતરે છે. ન થાય મેલી ? એક મહિનો ય એણે કોરો રે'વા દીધો છે ? મહિનો થિયો ને આ ચડ્યા ફોજ લઈને. સિત્તેર વરસનાં ઘડિયાળાં વાગ્યાં તો ય વજીર સાબને ઘોડાને ટેકો લઈને થોડું ચડવું પડે છે ! ડુંગર જેવડા ઘોડાના કાઠામાં કેમ જાણે પવનની ફૂંકે ચડી જાતા હોય એટલું તો ડિલ કબજે છે; ને નાગનીના જામને કોણ જાણે કેટલી ધરતી કમાવી દેવાનું લેણું ચૂકવવું છે, કે જંપ નથી. પછી તો ધોણ્યુંના ઢગલા જ થાય ને !"

"થાય તો પછી ધોવાં જ પડે ને !" વૃદ્ધાએ લૂગડું ધોતધોતે કહ્યું.

"શું કામ પોતે ધોઈયેં ? અમે માણસ કાંઈ મરી નથી ગિયાં."

"તમથી ચોખાં ધોવાય નહિ ધોવાય એનાં લૂગડાં. ઠાલી ફૂલ્ય માર માને, બાઈ ! પહેરવા ટાણે એનો રૂદો અંદરથી કેટલો રાજી થાય છે તેની તેને શું ખબર ?"

ખણણ ! ખણણ ! હાથ પરનાં બલોયાં બોલતાં હતાં. ચોળ ! ચોળ ! ચોળ ! એવો પુરુષ-કપડાંનો ચોળાવાનો અવાજ થતો હતો.

જામનગરમાં આવ્યાં ત્યારથી જોમબાઈએ દર મહિનાની બે આઠમે, પૂનમે ને અમાસે ધણીનાં કપડાંની ધોણ્ય લઈને જાતે ધોવા આવવાનો આ શોખ રાખ્યો હતો, તે પછીની આ આદત બની, ને આજનું તો વ્રત થઈ પડેલું છે. એને ખબર છે કે પતિનાં મેલાં વસ્ત્રોનો હવે વધુ મોટો ઢગલો થતો હતો, ને પોતાની તાકાતનાં તળિયાં દેખાવા લાગ્યાં હતાં. વીસ વર્ષ પહેલાં તો

વાટકી જેવડા નવાનગરની વજીરાત કરતાં આજના, દસેય દિશાઓની પર-સીમોને ગળતા જતા અજગરરૂપ નવાનગરની વજીરાત વધુ માતબર બની હતી, નોકરચાકરો અને સાધનસગવડોની ન્યૂનતા નહોતી. છતાં વજીર-પત્નીનું એ વ્રત કોઈથી ન છોડાવી શકાયું. પતિ પાસે પોતે એક જ વાર જતાં : એમને રોજ નવી જોડ કપડાં પહેરાવવા માટે. પતિને ધારીધારીને એ એક જ વાર નીરખતાં : વસ્ત્રોની નવી જોડ ચડાવીને એ શરીર હાથમાં ભાલો લેતું ત્યારે. સત્તર વર્ષોના અબોલાની ખાઈ ઉપર અંતરને અવરજવર કરવાના નાનાનાના સેતુઓ સમા આ પ્રસંગો હતા.

ઉપરાંત આખી વસ્તીને અચંબો પમાડનારું આ વ્રત વજીર-પત્નીને વધુ વહાલું હતું કેમ કે નદીનાં માછલાં સાથે આટલાં વર્ષોનો સ્નેહ બંધાઈ ગયો હતો.

“લોકુંમાં તો તમારી આ રઢ પણ સ્વારથમાં જ ખપી ગઈ છે.”

“તે હું પરમારથ કરું છું એમ ક્યાં લોકુંને કહેવા જાઉં છું ?”

“એમ નહિ.”

“ત્યારે ?”

“બોલાય છે, કે જામ બાપુએ તો ઘણું ઘણું સમજાવ્યા, કે વજીર, ફરી પરણો, વજીર, તમને ફરીથી સારું ઠેકાણું જોઈને સુખી કરીએ : પણ મારા વજીર બાપુએ એક જ જવાબ દઈને જામને સમજાવી લીધા’તા, કે બધું જ બીજું મારાથી છૂટી શકે, નહિ છૂટી શકે આ વજીરાણીના હાથનાં ધોયેલાં લૂગડાં પેરવાનું બંધાણ. જામ બાપુને વજીર બાપુએ કહ્યું કે મારી આ સ્ત્રીના તમે એક હજાર દોષ કાઢશો તો હું એક હજાર ને એક દોષ કાઢવા તૈયાર છું પણ એના જેવાં મારાં લૂગડાં બીજા કયા હાથ ધોઈ શકવાના છે ? મેલ કાઢવાની એ કળા બીજી કઈ હથેળિયુંમાં છે ? માટે, બાપુ, માફ કરો, ફરીથી મારી આગળ આવી વાત કાઢજો મા ! આમ વજીર બાપુને ફરી પરણતા રોકવા જ તમે એનાં લૂગડાં ધુઓ છો એમ વાતું થાય છે.”

ખણણ : ખણણ : ખણણ : બે મોટાં બલોયાંના ખણખણાટ : ચોળ : ચોળ : ચોળ : ચોળાતાં કપડાંના સ્વરો : ને માછલાંની રમતિયાળ ડૂબકીઓ : ‘ડબાક’ સ્વરે કલકલિયા પક્ષીના ઊંધે માથે નાગમતી નદીમાં શિકાર-કોશિયા : અને આઘેઆઘેથી ‘શિયોરામ ! શિયોરામ ! શિયોરામ !’ ધોબીના ધોણ્ય-પછાડાને મૃદંગે તાલ રાખતાં એ રામસ્તોત્રો.

“ગામને પણ પારકી વાતું કરવાની ટેવ, ઠેઠ રામસીતાના કાળથી હાલી આવે છે.” વૃદ્ધાએ સફેદ ભવાંને સંકોડી કટકા કર્યા. “તમે આ બધી વાતો લાવો છો ક્યાંથી ?”

“પાનબીડીવાળાની હાટડીએથી, ઘાંચીની ઘાણીએથી, સંઘેડિયાની કોડ્યેથી, રંગાટીની ભઠ્ઠીએથી...”

“લે રાખ હવે રાખ, બોલકણી કાબર !”

“આજ શી વાત ફૂટી છે, જાણો છો, મા ?”

“નથી જાણવું મારે.”

“જાણવા જેવું છે.”

“ઠીક જે હોય તે ઝટ કાઢી નાખ, માવડી ! તું બહાર નૈ કાઢ ત્યાં સુધી તારા પેટમાં વાતું અળશિયાંની જેમ સળવળ સળવળ થયા જ કરશે.”

“વાત થાય છે કે ડેલાની તુરંગમાં જામબાપુએ ત્રણ સરાણિયાંને કેદ પુરાવ્યાં છે. કોઈ કરતાં કોઈ વાતે કાઢતા જ નથી. માંઈ ને માંઈ મારી નાખશે કે કોણ જાણે શી કઠણાઈ કરશે.”

“કોણ–કોણ–કોણ ? સરાણિયા ? ત્રણ જણાં ? ઇ તો કુંવરનાં મેમાન હતાં ને ?”

વૃદ્ધાનાં કાંડાં કપડાં ચોળતાં ચોળતાં એકદમ અટકી પડ્યાં. એણે. એ વાતમાં એકાએક તીવ્ર કૌતુક દર્શાવ્યું, એ દેખીને દાસી પણ મલકાઈ ગઈ. એણે કહ્યું : “ના, ઇ તો કાંઈ નહિ. ગામગપાટા.” એટલું બોલીને દાસી વૃદ્ધાને ચીડવવા લાગી.

“વાત પૂરી તો કર.”

“ના, ઇ તો કાંઈ નૈ, ઇ તો મારે લવલવ કરવાની ટેવ છે તે હું અમથીઅમથી લવલવતી’તી.”

“એમ કર મા, મારી દીકરી ! એમ મને ટગવ મા. વાત કર જોઉં.”

“કહેતાં’તાં ને કે નથી સાંભળવી ?”

“માફ કર. ભૂલ થઈ.”

“તો સાંભળો. હવે ઈ ત્રણેયમાં એક છે જુવાન છોકરી. ઈ છે રાંડ કોક ડેણડાકણ, કોક જોગણી કે કાં કોક જાદુગરી. એને તરવારુંમાં કાંક દેખાય છે દેખાય છે એમ ઢોંગ કર્યા. જામ બાપુની તરવાર જોઈને એણે શું કહ્યું ? કહ્યું કે આ તરવારનો ધણી તો આંહીં એક મોટું રણથળ મચવાનું છે, એમાંથી પારોઠ (પીઠ) બતાવીને ભાગી નીકળશે. કુંવર અજા જામની તરવાર જોયા વિના, બીજા સૌની તરવારુંનાં પાનાં ઉકેલીને કહે કે કુંવર રણથળમાં રૂડા દેખાશે. આ બધું ચેટક જામ બાપુને તો ભારે પડી ગયું છે. એને દિવસ ને રાત વહેમ પેઠો છે કે આ છોકરી મંગલા બાદશાની જાસૂસ હોય તો ના નહિ. આવી લાગે છે. અમારી બાપ-બેટાની વચ્ચે ભેદ ઊભો કરવા. ને કાં આ છોકરી કોઈક મુસલમાન પીર ઓલિયા કે જનની સાધેલી હોવી જોવે.”

“અક્કલ ! કાંઈ અક્કલ !” વજીરાણીએ જામ સતાજીની બુદ્ધિ વિષેનો પોતાનો નિત્યનો મૂંગો અભિપ્રાય આ વખતે નિશ્વાસ સાથે વ્યક્ત કર્યો.

“પછી બાપુએ તો પંડિતોને ને શાસ્તર જાણવાવાળાઓને બોલાવ્યા. ભૂવાઓને ને ભૂતની સાધના કરવાવાળાઓને તેડાવ્યા. સૌનો મત એમ જ પડ્યો કે ઈ બાઈ કોઈક મેલાં મંતરતંતર સાધનારી હોવી જોવે, ને કાં મુંગલા પાદશાની જાસૂસ હોય તો ય ના નહિ.”

“બાપુના પઢાવ્યા પોપટડા જ ને બધા !” વૃદ્ધાએ વચ્ચે ટકોર કરી.

“હવે આનું કરવું શું ? બાપુને થઈ પડી ચિંતા. ડેલામાં ને ડેલામાં ઠેકાણે પાડે તો, છે ને કદાચ મેલી કોઈ જોગણી હોય, તો પાછી કાયમની ચોટે; મુંગલાની જાસૂસ જો હોય, તો એના મોતની વાતું દલ્લી પોગ્યે કાંઈક ડખમાળો જાગે. એટલે પછી નાગનાથના બાવાજીને બોલાવ્યા. બાવાજીએ ભેરવને સાધેલ છે. બાવાએ કહ્યું કે હું એ લડકીના પેટનો સાચો તાગ લઈ શકીશ, મને એ સુપરદ કરો. હું એને મારા થાનક માથે લઈ જઈને પારખું લઈશ.”

“હેં ! હેં ! એને સોંપી દીધી ?” જોમાંબાઈ ફાટતે ડોળે પૂછતાં થંભી ગયાં.

“સોંપી દીધી, ને નાગનાથના બાવાજી એને લઈને બરડાના ડુંગરાઓમાં ચાલ્યા પણ ગયા. આજ દી થઈ ગયા બે.”

કપડાં ચોળાઈ રહ્યાં હતાં. નાહવાની વેળા થઈ ચૂકી.

"લ્યો, મા, વાંસો કરું." ગોલીએ કહ્યું, તેનો કશો પ્રત્યુત્તર વજીર-પત્નીએ આપ્યો નહિ. એનું મન નાહવા-ધોવામાં નહોતું રહ્યું. એનો બરડો ચોળતી ચોળતી ગોલી બોલ્યે જ જતી હતી : "છોકરી જાસૂસ તો શું ધૂળ હોય, મા, હશે તો જાણે કે નક્કી કોક વિદ્યાધરી : કોક મેલી જોગણી : કાંક પૈસા પેદા કરવા આવી હોવી જોવે. રહી તો ચાર જ દા'ડા, પણ ઘેરઘેર ઢોરાંને રોગચાળો લાગી પડ્યો. પરમ દી ગઈ તે પછી રોગ હેઠો બેઠો. સારા પરતાપ નાગનાથના બાવાજીના, આસુરી માયાને ગાંઠે બાંધી લીધી. મહીંમહીં તો લોક એમ પણ બોલે છે કે ઢેઢું હારે ઈ બાઈને સંતલસ પણ હશે. ખૂબ ઢોર મારીને ચામડાંમાંથી ભાગ મેળવવો હશે."

જોમાબાઈએ બોલ્યા વગર ચાલ્યા જ કર્યું. ઘરમાં આવ્યાં : ઘર ચક્કર ચક્કર ફરતું દેખાયું. દીવાઓ થયા હતા. પણ વસ્તુઓ જાણે દેખાતી નહોતી. પૂછવા આવનારાં ચાકરોની વાણીની જાણે કે સમજ જ એકાએક ચાલી ગઈ હતી.

કોને કહું ? કોને આ ભેદ બતાવું ? વજીરને સંભળાવીને શું કરું ? એના કાન મારા શબ્દોને માટે ફૂટી ગયા છે, એના કાનમાં કેવળ એકલા 'નગારે ઘાવ' અને તોપો બંદૂકોના બાર જ સાંભળવાની શક્તિ રહી છે. એક છોકરીની ચીસ એને અંતરે નહિ પહોંચે. છોકરીને જિવાડનાર, એક-બે વાર ધવરાવી પણ લેનાર દૂધમાતા તરીકેનું મારું હૈયું એના બખ્તરને નહિ ભેદી શકે. પોતાના રાજા-પ્રભુની લાજ ઢાંકવા કદાચ એ તો મને ને એ છોકરીને બેયને દુનિયાની બહારનો માર્ગ બતાવવા તૈયાર થશે.

હું કોને જઈ કહું ? મા આશાપરાને ? એ કાંઈક બુદ્ધિ સુઝાડશે. એને દેરે જાઉં. કોઈ દિવસ નહિ ને તે રાત પડતાં માફ જોડાવ્યા વગર આશાપરાને થાનકે એ ઘી, શ્રીફળ અને પૂજાનો થાળ સાથે પગપાળા ચાલ્યાં. દેરામાં ઊભાંઊભાં એણે આશાપરાની મહેર માગ્યા કરી, પણ અક્કલમાં કશું અજવાળું પડ્યું નહિ.

એટલામાં એણે કોઈ બે જણને વાતો કરતા સાંભળ્યા. "કુંવરને ને વજીરને તો ખરેખરાની આંતરે ગાંઠ્યું છે. અબઘડી કુંવર ગામતરેથી ઘેર આવ્યા, અને બાપુને મેલ્ય પડતા ને બારોબાર વજીરને મળવા ચાલ્યા ગયા. વજીરબાપુ એને ભારી તાલીમ આપી રહ્યા છે. કુંવરને હાથે આ સોત ત્રીજી વાર ફોજ મોકલવાની ને વિષ્ટિ કરવાની અજમાયેશ કરી છે ને કુંવર વજીરબાપુની જ ધારેલી બાજી જીતી આવે છે. હડીઆણેથી આવીને કુંવર વજીરબાપુને મળવા બારોબાર ગયા. કહે કે પે'લાં મારા સદ્ગુરુ, પછી મારા બાપ."

વજીરાણીએ દેરાની પ્રદક્ષિણા કરતે કરતે માતાની આંબલી હેઠ બેઠેલા માણસોના આવા બોલ સાંભળ્યા ને એણે જાણ્યું કે કુંવર પોતાને જ ઘેર ગયેલ છે. એ ઘેર જવા નીકળી તે પૂર્વે

માતાની સામે છેલ્લી વાર જોઈ લીધું. કોણ જાણે કેમ પણ માતાની સન્મુખ બળતો છૂટો દીવો એને માતાના નાક પર મંડાયેલી તર્જની જેવો લાગ્યો. એ તર્જની બતાવીને દેવી શું કહેતાં હતાં ? ‘કહીશ મા ! કહીશ મા ! કહીશ મા !’

પોતે ઘેર ગઈ ત્યારે પતિ અને કુંવર બેઉ જણ એક જુદી જ મેડી પર અણજાણ રહીને બેઠા હતા એ જાણ્યું. પોતે જલદી જલદી છોકરી સાથે કહેવરાવ્યું : “વજીરાણીમાએ વારણાં કેવરાવ્યાં છે. કુંવરબાપુને જરીક જોવાની ઉમેદ થઈ આવી છે.”

“આંહીંથી જતોજતો વજીરાણીમાની આશિષો લેતો જઈશ.” કુંવરે કહેવરાવી દીધું.

ત્યાર પછી જોમબાઈનો વિચાર-ધોધ ઊતરતો ગયો ને પાણી આછરવા લાગ્યું. આછરેલી બુદ્ધિમાં એણે પોતાના મનસૂબાને મૂકી જોયો : પોતે કુંવરને શું કહેવાની હતી ? એ સપડાયેલી સરાણિયણ કન્યા તારી બહેન છે એમ કહીશ ? એમ કહેવાથી કુંવરનું શું ભલું થશે ? એ જઈને હમણાં ને હમણાં બાપને કહેશે. બાપ-બેટાની વચ્ચે કજિયો સળગશે. કજિયાનું મૂળ હું બનીશ. મારા ઉપર ઇતરાજી તો ચાલી જ આવે છે. એમાંથી મોટો હોળો જાગશે. કુંવરનું કાળજું રાજપાટમાંથી, સંસારમાંથી, વાતવાતમાંથી ખડી જશે. આખા રાજકુળને આવી ઉઘાડી બદનામીમાં ઉતારીને અને કુંવર અજાનું ચિત્ત એક મરી ચૂકેલ ને કાં મરવાની તૈયારીમાં પડેલ કન્યાને ખાતર ચકડોળે ચડાવીને તું શું કમાઈશ, બુઢ્ઢી ?

રહેવા દે. નથી કહેવું. એ જૂની સમાધ નથી ઉખેળવી. એનાં શબો એમાં જ સૂતાં રહો.

અજો જામ મળવા આવ્યા.

“કાંઈ કામ નો’તું, માડી, સાજાનરવા છો એટલું જ નજરે જોવું’તું. ખમા આપને, પધારો હવે.” કહેતી વૃદ્ધા ઊભી રહી.

“તમારે જે કહેવાનું છે તે તો હું વગરકહ્યે જ જાણતો બેઠો છું, વજીરાણીમા !” અજાજીની કલ્પના જુદી જ વાતે વિચરતી થઈ. “હું કોઈને જાણ ન થાય તેવી રીતે મસીદોના ને ફકીરોની જમાતોના વાવડ મેળવતો રહું છું. તમે તો માનું હૈયું સંઘરીને બેઠાં છો. ન વીસરી શકો, પણ મારા જેવા ત્રાહિતે ય ઝૂરી રહે તેવું જ બન્યું છે. પણ, મા, મારો રૂદો સાક્ષી પૂરે છે, કે ભાઈ પાછો આવશે. એ સરાણિયાની કન્યાએ કહેલી કાળ-વાણી મારા અંતરમાં અક્ષરેઅક્ષર લખાઈ ગઈ છે. ભાઈ આવશે – મને આખરી ટાણું થયે રૂડો દેખાડવા આવશે, કોક જોદ્ધાર એક દિવસ આવશે એ વાત નક્કી છે.”

“ના ભાઈ, મારે એ વાત નહોતી કહેવી. મા આશાપુરાની દુહાઈ મને.” બુઢ્ઢીનું મુખ સખ્ત બન્યું. જાણે કે મનમાંથી કશોક ભાર બહાર ધકેલતી હતી.

“હવે તો, મા, થોડીક જ ધીરજની જરૂર છે.”

“ખમા તમને, સીધાવો, બાપા.”

“તમે જાણે મને કાઢી મૂકતાં ન હો, એવું લાગે છે.”

“હા જ તો, બાપા,” વૃદ્ધાએ મહામહેનતે શબ્દો ગોઠવ્યા : “મોલે મા વાટ જોતાં હશે, બાપુ ટળવળતા હશે; ઝટ પોગો, સારું ન દેખાય.”

કુંવરને જાણે કે વૃદ્ધાએ ધકાવીને કાઢ્યો. એ ગયા પછી. મોંમાંથી હાશકારો હેઠો પડ્યો. જાણે કોઈ ગજબ ગુજરવાનો હતો તેમાંથી બચી જવાયું. હોઠે આવેલા શબ્દોને સરી પડતાં શી વાર લાગત ? માં આશાપરાએ જીભને ઝકડી રાખી.

વિચારતાં વિચારતાં કપાળે કરચલીઓ વળી. યાદ આવ્યું : “આજ જો એ એક જ હોત ને, તો હું એને દોટાવી મૂકત. પણ એ એક નથી, ને મારું જાણે કે કોઈ નથી.”

વજીરની વાળુ-થાળીનો વખત થઈ ગયો. વિચાર-તાંતણા વેરાતા રાખીને વૃદ્ધા રસોડે ચાલી . રોજનો બંદોબસ્ત સાચવીને વજીરને જમાડી લીધા. જમતાંજમતાં વજીરે કહ્યું : “લૂગડાં તૈયાર છે કે ?”

હકારમાં એ વૃદ્ધ માથું હાલ્યું. વગર જરૂરનાં વેણ એ વજીર જોડે નહોતી બોલતી.

“ત્રીજે પહોર મારે ચઢી જવાનું પરિયાણ છે. ઉઠાશે ?” "ઊઠવાની જરૂર નથી.”

“કેમ ?”

“જાગતી જ રહીશ ને !”

“જાગશો તો હવે શરીર ક્યાંથી ઝીંક ઝાલશે ? એમ કરો. હવે તમે આ કષ્ટાઈ છોડો. હું મારી જાતે પહેરી લઈશ.”

"ના, એટલી દયા છે તે તો ન જ ભૂંસી નાખતા. કષ્ટાઈ મને કાંઈ નથી."

વજીર પોતાના સૂવાના ઓરડા તરફ ચાલ્યા. પાછી વળતી પત્નીને એણે કહ્યું : "મને ઓઢાડતાં જશો ?"

આજ સત્તર વર્ષોથી જે શયનગૃહમાં પગ મૂકવાનો અધિકાર પણ ખૂંચવાઈ ગયો હતો તે એકાએક પાછો મળવાનું કારણ વૃદ્ધા તાગી ન શકી. પાછળપાછળ ચાલી ગઈ. વજીરે પલંગ પર પડ્યેપડ્યે જંજરીની ઘૂંટો લીધા કરી. વજીરાણી ઊભાં થઈ રહ્યાં.

"બેસો, થોડીક વાર લાગશે. હં હં, નીચે નહિ, આંહીં ઢોલિયે જ બેસો."

જંજરી પીવાઈ રહી ત્યાં સુધી બેમાંથી કોઈ બોલ્યું નહિ. જંજરી એકલી જ બેઉને જાણે કે મનાવતી મનાવતી ટૌકા કરતી હતી. જંજરીના ટૌકાર પૂરા થયા. વજીરાણીએ જંજરી દૂર મૂકી. પછી એ જ્યારે સ્વામીને રજાઈ ઓઢાડવા ગઈ ત્યાં સ્વામીએ એને બાથમાં લઈને ખેંચતા ખેંચતાં કહ્યું : "મારે તો આ રજાઈ ઓઢવી હતી."

એક જ ક્ષણ પોતાની જાતને ખેંચાવી દીધા પછી વજીરનો હાથ છોડાવીને વૃદ્ધા ચાલી ગઈ, અને બહારથી બારણું બંધ કરતાં પહેલાં એણે ધીરે રવે એટલું જ કહ્યું કે "મને જોરારને..."

અભિમાન તૃપ્ત થયું. જખ્મ પર શાતા વળી ગઈ. વિજયનું ભાન થયું. હવે પછીનું પ્રભાત આ સુખને ક્યાંઈક નંદવી નાખશે તો નહિ ને ! જીવનની છેલ્લી રાત આજે જ ખલ્લાસ થાય તો ?

સુખનો એ ભાવ ઊપડેલી વેળ્યના મોજાની માફક એક જ પળમાં ભાંગી ગયો. એના હૈયા ઉપર એક પડખું ખૂંદી રહી પુત્ર નાગડાની સ્મૃતિ, ને બીજે પડખે ચડી બેઠી સરાણિયણ કન્યા.

ત્રીજા પહોરની ખેરિયાત પહેરેગીરે પોકારી લીધી. વજીરાણીએ વજીરના સૂવાના ઓરડાનું બારણું ધકેલ્યું.

"કોણ ?"

"લૂગડાં લાવી છું."

"હા, ભલે."

એ રોજની ક્રિયા રોજની રીતે જ પતી ગઈ, રાતની વાતનો બેમાંથી એકેય જાણે ઉચ્ચાર ન કર્યો. સંપૂર્ણ સજાવટ થઈ ચૂકી તે પછી વજીરાણીએ ભાલો હાથમાં આપ્યો. બન્નેના વર્તનમાં રાતવાળા બનાવની એકેય અસર વ્યક્ત નહોતી. અવ્યક્ત મંથનમાંથી તો કોણ ઊગરી શક્યું છે ?

વજીરે ઘર છોડ્યું ત્રીજે પહોરે. ચોથા પહોરે વજીરાણીએ પોતે પણ ઘરને જીવ્યામૂઆના જુહાર કર્યા.

## યમુનાને કિનારે

યમુનાના કિનારા પર એકાંતે એક પડાવ પડ્યો હતો. પણ લશ્કરી ઠાઠમાઠ એ પડાવમાંથી ગેરહાજર હતા. છતાં દીદાર કોઈ પલટનની છાવણી જેવો હતો. એક મંદિર હતું. ઊંચા થંભની ટોચે ઝંડો ફરકતો હતો. ઝંડાનો રંગ ભગવો હતો. પરોઢના શંખનાદ સંભળાયા, ને પોષ મહિનાના પવનફૂંફાડે હમણાં જાણે થીજી જશે એવાં યમુના-વહેનની ઊંડી ધારામાં નખશિખ નગ્ન, એવાં આઠસો-હજાર પોલાદી શરીરોએ ‘જય ગુરુ દત્ત’ની ત્રાડ દેતે દેતે ઝંપાપાત કર્યો. બીજો શંખનાદ : ને આઠસો-હજાર શરીરો કિનારા પર એક-કતાર થાય છે, કવાયતી તોરથી શરીરો લુછાય છે, ભેરીનાદ થાય છે, ને ત્યાં પડેલા ભસ્મના ઢગલામાંથી દોથા ભરીભરીને પ્રત્યેક શરીર પોતાને અંગેઅંગે ખાખ લપેટે છે. ઠંડીનું નામ કે નિશાન એ શરીરોના એકેય રોમમાં રહેતું નથી. વ્યાયામ આરંભાય છે. લંગોટીધારી કલેવરોની પેશીએ પેશી જાણે કે જુદી પડીને પોતાની હાજરી નોંધાવતી જાય છે. સાચા વટની તલવારો કમાનરૂપે વળી શકે છે એમ કહેવાય છે. સાચાં પોલાદી શરીરો પણ વાળો ત્યાંથી વળી શકે છે.

પ્રભાતની લાલી ઝળહળે છે અને એ લંગોટીભર નગ્ન દેહો પહાડી અશ્વો પર પરબારી એક જ છલંગે પલાણી બેસે છે. નગારું બજે છે, ને નગ્ન ઘોડેસવારો યુદ્ધના વ્યૂહો રચે છે.

પ્રભાતનાં અજવાળાં એ આઠસો પૈકીના એક યુવાન પર એકાગ્ર બને છે. એની કમ્મર પર લંગોટીને સ્થાને પૂરી ધોતીનો કછોટો દેખાય છે. બાકીનાં રંગરૂપ સૌની સાથે એકસમાન છે. મોઢું તો કદરૂપું છે, પણ કાયા રૂપાળી છે. એ દીક્ષા પામ્યો નથી જણાતો. અન્ય ફોજી જોગીઓનાં ગળામાં તેમ જ જટાજૂટ ઉપર, કાનમાં તેમ જ બાહુઓ ઉપર જે કેટલાંક ધાર્મિક ચિહ્નો છે તેનાથી આ એક જ યોદ્ધો વંચિત છે. એના ગળામાં રુદ્રાક્ષની માળા નથી, બાહુઓ પર રુદ્રાક્ષ પારાનો બેરખો નથી. ભસ્મ છે પણ ત્રિપુંડ નથી. કાન એના વીંધેલા નથી, વાળી કાનમાં ઝૂલતી નથી.

જોગીઓની એ ફોજ હતી. બાવાઓની પલટનો અકબરશાહના કાળના ઇતિહાસમાં જાણીતી છે. કોઈ કહે છે કે એ હતી અતીતોની પલટન, બીજો કહે છે કે એ હતી કાનફટ્ટા ગોરખ-પંથીઓની ફોજ, કોઈ વળી એને નાગડા બાવાઓના સૈન્ય નામે પણ ઓળખાવે છે. સંસારમુક્ત એ મર્દાઈઓ હિન્દના ઇતિહાસ-પાને ઘૂમી ગઈ છે, સમરાંગણોમાં ખપી ગઈ છે. રુદ્રાક્ષના બેરખાઓ પહેરતી એ ભુજાઓને આયુધો અજાણ્યાં નહોતાં, યુદ્ધો અધર્મી નહોતાં. એ પૌરુષ અનોખું હતું, કેમ કે વ્રત વીર બ્રહ્મચારીઓનું હતું.

કવાયત કસરતોમાં આઠસો જોગીઓની જમાતને ચકિત કરે તેવાં સામર્થ્ય દેખાડીને જ્યારે એ અર્ધસંસારી યુવાન ગુરુદેવની પાસે ચરણરજ લેવા આવતો ત્યારે એની પીઠ પર પંજો મૂકીને ગુરુ એનું મોં તપાસતા, પછી મશ્કરી કરતા : "અબ તક તો તેરી મૂછડિયુંને વળ નહિ ઘાલ્યા હૈ, હો બચ્ચા ! અબ તો તેરે યહીં ઠેરનાં હૈ ન !"

યુવાન ગમગીન બની જતો. હજુ ય મૂછોએ વળ નથી ઘાલ્યા. ઘેર જઈ શું કરું ! માતા એ વાતનો ભેદ સમજાવશે નહિ. આટઆટલી વ્યાયામ-કળામાં પ્રવીણ બન્યો છતાં મૂછો હજુ કેમ જલદી વળ ઘાલતી નથી ?

"લે જા, અબ તો જલદી જલદી તેરી મૂછડિયાં વળ ઘાલેગી, ને નહિ ઘાલેગી તો મેં તું ને, મેં તેરી મૂછડિયાંકુ ચામડી ચીરકે બહાર નિકાલ દૂંગા, માલુમ સે ને !"

ગુરુદેવ એક આ જુવાનની સાથે બોલતા ત્યારે જ હિન્દી સૌરાષ્ટ્રી ભાષાને એકસાથે કચરીને કચુંબર કરતા. પોતાના વતનની વાણીનો આટલો ભેળસેળિયો ઉચ્ચાર સાંભળવામાં યુવાન પોતાના ઉર-સંતાપનું શમન અનુભવતો. ગુરુદેવનાં ચરણોમાં એ આખો ય દેહ લંબાવીને દંડવત્ કરતો. એને ફક્ત એક જ ગમ રહેતી, કે ગુરુદેવ ગમે તેમ કરીને પણ હવે તો ટૂંક મુદતમાં જ મારી મૂછડીએ વળ લાવી દેવાના છે.

બાર વર્ષોના પરદા પડી ગયા હતા. તો યે યાદ હતી બે-ત્રણ વાતો : એક તો માતૃભૂમિનો રંગમતી-આરો, કે જ્યાં પોતે માને ધાવણે ધરાઈધરાઈ મોટો થયો હતો : બીજું નહોતું વીસરાયું માનું મોં, જેણે પિતાની તોછડાઈથી એકલતા શોધી હતી : ને ત્રીજો નહોતો વીસરાતો એક દોસ્ત, જેના પગ હેઠળ પોતે આશાપરાને થાનકે ઘોડી બન્યો હતો. યમુના અદ્વિતીય હતી, પણ માભૂમિ તો પ્યારી હતી. જમાતના એકધારા લશ્કરી જીવનમાં એને જંપ નહોતો, કેમ કે ત્યાં સ્નેહ નહોતો; પિતાનો, પાલકનો, પરગજુઓનો સદ્‌ભાવ હતો. હેતુ વગરનું જીવન હતું. કુમાશ વગરની વીરતા હતી.

વતનના વાતાવરણમાંથી મમતાનાં રજકણો ચાલ્યાં ગયાં હતાં. ત્યારે એ સાત વર્ષના શિશુને નાસી છૂટવાનું મન થયું હતું. સીમોમાં રઝળતો હતો. માણસોથી સંતાતો હતો. વળી ક્યાંક ‘જોરાર’નો શબ્દ કાને પડી જશે એવી ફાળ પામીને વૃક્ષો, પાંદડાં ને વહેળાંની સોબત શોધતો હતો. એક દિવસ કૂતરાની ગોદમાં લપાઈને સંધ્યાનાં શિયાળુ પવનનાં ખંજરો ખાળતો હતો. અસૂર થઈ ગયું હતું. તે રાતે નાગડાઓની જમાત નીકળી, નિરાધાર જાણી ઉઠાવી ગઈ, તે પછી એણે સાબરમતીનાં, મહીના, નર્મદાનાં વગેરે અનેક નદી-તીર નિહાળ્યાં હતાં. બદરીકેદારનાં ને પશુપતિનાથનાં હિમ-શૃંગોમાં પણ જમાતે એને ઘુમાવ્યો હતો. છેલ્લી ભેટી હતી યમુના નદી. કલ્પનામાં ન સમાય તેટલું સૌંદર્ય જોઈ રહ્યા પછી વતનના ત્યાગનો ખેદ પાછો વળ્યો હતો. નાગની ગામની પીપરોના પેપા અને આંબલીના કાતરા ફરી વાર એને સાદ પાડી ઊઠ્યા.

“તું કોણ છો ? ક્યાં રહેવું તારે ?” એવા પ્રશ્નો અને એક વાર એક જ માણસે અમદાવાદમાં પૂછેલા. આગ્રામાં એના વતનની વાણીથી એને સંબોધનાર કોઈ ન સાંપડ્યું.

એક દિવસ યમુનાનો તટ નિર્જન હતો. પોતે એક ભેખડ પર બેઠો બેઠો ગાયત્રી કરતો હતો. સાંજ હતી. કોઈક ગાતું હતું –

કાટેલી તેગને રે

ભરોંસે હું તો ભવ હારી

હું તો ભવ હારી.

શબ્દો ઓળખીતા હતા, કોઈક દિવસ કોઈ એક કંઠમાંથી ગવાતું પોતે એ સાંભળ્યું હતું. પણ આ કંઠ કોઈક જુદો હતો. એક પુરુષ ગાતો હતો. નાનપણમાં લોકપરિચયના અભાવે એના કાનની લઈ લીધેલી શક્તિ આજના ભર્યા સંસારે પાછી આપી હતી તેથી એના કાનમાં સોરઠી શબ્દોનું સંગીત ઊંડે ઊતર્યું. એ સૂરોની દિશામાં પોતે આગળ વધ્યો. ગાનારે ગાન બંધ કર્યું. ગાનારથી થોડે દૂર ચાર બીજા માણસો બેઠેલા. એણે ગાયકને કાંઈક કહ્યું. ઊઠીને એ ગાયક ચાલતો થયો. પાછળ ચારેય જણ ચાલ્યા. અર્ધજોગીવેશધારી નાગડો એ ગાયકની પાછળ ચાલ્યો. ચાર રક્ષકોની સાથે ગાયક ઊપડતે પગલે એક રાજનિવાસના દરવાજામાં પેસી ગયો. તે પછી એનો પત્તો મળ્યો નહિ.

એક દિવસ આગ્રામાં વીરતાના ખેલોની મિજલસ હતી. જુદાજુદા પ્રદેશોમાંથી રમતવીરોને તેડાવ્યા હતા. જોગીઓની ફોજને પણ પોતાની શૌર્યલીલા બતાવવાનું નોતરું હતું. શહેનશાહ

અકબરની હાજરીમાં શૂરાતનની હરીફાઈ ઊજવાતી હતી. સૌના સાંભળવામાં આવ્યું હતું કે ગુર્જરદેશના રજપૂતો વધુમાં વધુ રોમાંચક વીરતાની રમત લઈને આવ્યા છે.

જોધપુરી, બિકાનેરી, જયપુરી ને મહારાષ્ટ્રી બધા દાવ ખેલાતા ગયા તેમતેમ પ્રેક્ષકોની અચરજ વધતી ગઈ, કે ગુર્જરી તે વળી કયા ચડિયાતા દાવ દેખાડવાના હશે ! આખરે ગુર્જરીનો તમાશો આવ્યો ત્યારે તમાશબીનોનાં મુખ ઊંચાં થયાં. બે ગુર્જર ક્ષત્રિયો ફક્ત કછોટાભર તમાશબીનોના તંબૂમાંથી બહાર નીકળ્યા. તેમનાં શરીરોમાં ખાસ કશી વિશિષ્ટતા નહોતી, કસાયેલા દેહનો દમામ તેમની પાસે નહોતો.

“છે કોઈ ગુર્જર ?” બેમાંથી એક જણાએ સાદ પાડ્યો.

“મુઝફ્ફર ગુજરાતી, મુઝફ્ફર ગુજરાતી.” શહેનશાહે નહનૂને ઇશારત કરી. નહનૂને મુગલ દરબાર મુઝફ્ફર ગુજરાતી નામે ઓળખતો.

શહેનશાહનો લાડીલો નજરકેદી નહનૂ પોતાના આસન પરથી ઊભો થઈને તમાશબીનો પાસે આવ્યો.

“આને બરોબર વચ્ચેથી પકડો.” એમ કહીને તેમણે નહનૂના હાથમાં એક બરછી પકડાવી. બરછીની બંને બાજુએ તીક્ષ્ણ અણીઓ હતી.

“કસકસીને પકડો, પંજાને ધ્રુજવા ન દેશો.”

મુઝફ્ફર બે પંજા વતી બરછીનો વચલો ભાગ ઝાલીને ઊભો રહ્યો. એની બંને બાજુથી અક્કેક ગુર્જર ખુલ્લી છાતીએ દોટ કાઢતો આવ્યો. દેખીને મુઝફ્ફરના હાથ કંપી ઊઠ્યા. બરછી એના હાથમાંથી પડી ગઈ. મુઝફ્ફર શરમિંદો બનીને પાછો પોતાને આસને જઈ બેઠો.

“છે કોઈ બીજો ગુર્જર ?” તમાશબીનોની હાક પડી. એ હાકને જવાબ દેવા નાગડાઓની જમાતમાંથી એક આદમી ઊભો થતો થતો બેસી ગયો. અકબરની આંખ એ આદમી તરફ ખેંચાઈ. “ગુર્જર છો ?” શહેનશાહે પૂછ્યું.

“સોરઠિયો હોય તો ચાલશે ?” જમાતના આગેવાને સામો સવાલ કર્યો.

“સોરઠિયો પણ ગુર્જર જ છે.” ગુજરાતી તમાશબીને મંજૂર રાખ્યું.

“મંજૂર.” શહેનશાહ શબ્દ કહ્યો.

મંજૂરી સાંભળતાંની વારે જ જમાતમાંથી એક કછોટાધારી જુવાન ઊઠી વચ્ચે આવ્યો. એ નવાનગરનો નાગડો હતો. એણે બરછીનો વચલો ભાગ એક જ પંજામાં ઝકડી લીધો ને પછી એ ઊભો રહ્યો ત્યારે ગિરનારી ગુરુદત્તના શિખર-શો ભાસ્યો.

સો-સો કદમને અંતરેથી એ ગુર્જરી ખુલ્લી છાતીએ દોડ્યા. તેમણે બરછની બંને બાજુની અવિચલ અણીઓ સાથે છાતીઓ ભીંસી દીધી. બંનેની પીઠ પાછળ અણીઓ તગતગવા લાગી. પાછી બંનેએ ઝોંટ મારી, બરછીની અણીઓ કાદવમાંથી ઊપડે તેમ નીકળી આવી. જખ્મોમાંથી લોહીની ધારો ચાલી. બંને બેભાનોને ત્યાંથી ઊંચકીને લઈ જવામાં આવ્યા. તમાશાના મેદાન પર સન્નાટો પથરાયો. કોઈની તાળીઓ પાડવાની પણ મગદૂર ન ચાલી. મુગલો સ્તબ્ધ બન્યા.

અકબરશાહનાં નયનો ચોમેર ફરી વળ્યાં. ગુર્જર રજપૂતોની સરસાઈ કરનારો કોઈ અફઘાન ? કોઈ ઇરાની ? હબસી ? મુગલ ?

સર્વનાં નેત્રો નીચે ઢળ્યાં હતાં. એ નેત્રો જ્યારે ઊંચાં થયાં ત્યારે તેમણે ખુદ શહેનશાહને જ ઊભો થઈને તલવાર ખેંચતો જોયો. ખુલ્લી તલવારે એ મેદાનની વચ્ચે જઈ ઊભો રહ્યો, ને બોલ્યો, “હું મારો કોઈ જોડીદાર રાખતો નથી કે જેથી ગુર્જર રાજપૂતોની માફક કસરત કરું. મારે માટે તો દીવાલ જ બસ થશે.”

એટલું બોલીને એ સામી દીવાલે ધસ્યો. તલવારની મૂઠ દીવાલ સાથે ટેકવીને એણે તલવારની પીંછી પોતાના પેટ પર વચ્ચોવચ લીધી.

“આહ ! આહ ! આહ !” એવી તાજુબીના ઉદ્‌ગારો તમાશબીનોમાં ઊઠ્યા. એક જ પળ પૂરી થાત, ને તલવાર અકબરના પેટને પાર કરી ગઈ હોત. એક જ જુવાનને અકબરનાં જીવન-મૂલ્યની જાણ હતી. એક જ રાજપૂત. એ જિંદગીનો આવો અંજામ ન જોઈ શક્યો. એક જ નરના હૃદયમાં એટલી પ્રીતિ હતી. એણે દોટ દીધી. એણે પહોંચી જઈને જોરથી તલવાર પર મુક્કો લગાવ્યો. તલવાર અકબરના અંગૂઠા પર થોડો કાપ મૂકતી દૂર જઈ પડી. એ હતા યુવાન મહારાજા માનસિંહ. પાદશાહે કોપાયમાન બની માનસિંહને ભોંય પર પછાડી દીધો. એક સૈયદે દોડ્યા જઈ પાદશાહને મહારાજા માનસિંહથી લડતા છૂટા પાડ્યા.

તમાશાનો આવો અણધાર્યો અંજામ આવ્યો. પ્રેક્ષકો વિખરાઈ ગયા. અને વિસર્જન ન થતા બે મુગલો મુઝફ્ફર તરફ તિરસ્કારની નજર કરીને બોલી ઊઠ્યા: "ગુજરાત પર હકૂમત તો શાહ અકબર જ કરે; એ નામર્દ શું કરતો'તો, જેના હાથમાં બરછી પણ ધ્રુજે છે !"

"રંડીનો બેટો છે." બીજાએ છૂપુંછૂપું કહ્યું.

તમામ આંખોમાં જાણે તિરસ્કાર ભર્યો હતો. કોઈએ કહ્યું : "હેઠ ગુજરાતી !" સાંભળીને મુઝફ્ફરે શરમ અનુભવી. બધાય ચાલ્યા ગયા પછી એ એકલો ઊભો હતો.

એક માણસનો પડછાયો એના પર પથરાયો. માણસે આવીને કુમાશથી એને ખભે હાથ મૂક્યો. પૂછ્યું, "તમે ગુજરાતી છો ?"

મુઝફ્ફરે એ સવાલમાં પણ હીણપત સાંભળી. એણે લજવાઈને માથું હલાવ્યું.

"યમુના તટે તમે ગાતા હતા ?"

"તમે કોણ છો ? સોરઠિયા છો, ખરું ?" મુઝફ્ફરે પેલા બરછી પકડી રાખનાર યુવાનને ઓળખ્યો. યુવાને નરમાશથી પૂછ્યું : "મેં તમને ભોંઠા પાડ્યા એવું લાગે છે ?"

મુઝફ્ફરને અચંબો લાગ્યો : એક કદરૂપ જોગી જેવો જણાતો માણાસ આટલી નરમ સુંદર વાણી વાપરી શકે છે !

"ચાલશો યમુના-તટે ?" નાગડાએ પૂછ્યું.

"શું કરશું ?"

"તમે ગાજો, સાંભળીશ."

"મને ગીતો આવડતાં નથી."

"એ એક જ બોલ ગાશો તોપણ હું મારી ધરતીનો સ્પર્શ અનુભવીશ."

યમુના-તીરે બેઉ જણા બેઠા. મુઝફ્ફર સરાણિયણ છોકરીના ગ્રામગીતની બે-ચાર પંક્તિઓ ગાઈ.

એ વખતે પણ થોડે દૂર ચાર બીજા આદમીઓ બેઠા હતા.

"પૂર્વે મેં આ જ પંક્તિઓ સાંભળી છે. ક્યાં સાંભળી હશે ?"

"અમદાવાદમાં રહ્યા હતા?"

"હા, સાબરમતીને તીરે."

"હથિયાર સજાવવા ગયા હતા ?"

"યાદ આવ્યું. એક છોકરી સરાણ ખેંચતી ગાતી હતી."

"એ મારી બહેન થાય."

"તમારી બહેન ? શા સગપણે?"

નહનૂએ જવાબ ન દીધો. યમુનાતીરે બાદશાહી મહેલોની બત્તીઓના તેજ વરસતાં હતાં. તેને અજવાળે નાગડાએ નહનૂના નિરુત્તર મોં સામે નજર કરી. મોં પર પ્રેમનો ઝલકાટ હતો. ધીરેધીરે બે આંસુઓ ટપકતાં હતાં. દેવમૂર્તિઓને રોજરોજ નિહાળતા નાગડાએ આ માનવમૂર્તિના મોં પરની પ્રેમ-ઝલકને પણ છૂપી વંદના દીધી.

"તમે જમાતના જોગી છો ?"

"ના, આશ્રિત છું."

"અસલ ક્યાંના ?" "રઝળતો."

"તોપણ, કોઈક ગામ હશે ને ?"

"જામનગર – નાગની."

"સતા જામનું જામનગર ?"

"એ જ."

"મારા તો એ દોસ્ત છે, રાજપૂત વીર છે. સૌરાષ્ટ્રના રાજપૂતો જબરા ઈમાનદાર હોય છે એમ મેં ચારણોની વાતોમાં સાંભળ્યું છે."

નાગડો કશું બોલ્યો નહિ.

વધુ વાર્તાલાપ ચાલી ન શક્યો. દૂર બેઠેલા ચાર આદમી પાસે આવ્યા. તેમણે નહનૂને કંઈક કહ્યું. નહનૂ નાગડાને સલામ પણ કર્યા વગર એ ચારેયની સાથે ચાલી નીકળ્યો.

કોણ હશે ? નાગડાએ વિચાર કર્યો. કોઈ રાજકેદી હશે ?

## જનની જન્મભૂમિ

દુનિયાની મહાન કૂચોનો ઇતિહાસ લખાશે તે દિવસ સુવર્ણાક્ષરોમાં અંકિત થનારી સવારી અકબરશાહની હશે. ગુજરાતને લોહીનું એક પણ બિન્દુ છાંટ્યા વગર આણમાં લેનારો અકબર, ફરી પાછું ગુજરાતના મીરજા અમીરોએ બંડો સળગાવ્યાનું સાંભળીને પોતાના 'નૂરેબેઝા' (ધવલ પ્રકાશ) અશ્વ પર પલાણ્યો. એકલો નહિ, સૈન્યના રસાલા સાથે ઊપડ્યો. રવિવારનો એ દિવસ હતો. આગ્રાથી અમદાવાદનો પાંચસો ગાઉનો પંથ, બરાબર નવ દિવસમાં કાપી નાખ્યો. સોમવારની સંધ્યાએ એણે શત્રુઓને ચકિત કર્યા. ઝાડી અને જંગલો, બે કાંઠે વહેતી નદીઓ અને ઠેરઠેર છુપાયેલ બંડખોર સૈન્યોની વરસતી તીર-ધારા એને ન રૂંધી શકી. કડી, વડોદરા, ભરૂચ, સર્વત્ર એ વંટોળરૂપે ઘૂમી વળ્યો, એના ડાબા-જમણા બાહુરૂપ હતા રાજા માનસિંહ અને રાજા ટોડરમલ. સ્વાર્થાંધોને સાફ કરવામાં એણે દયા ન જાણી. પશ્ચાત્તાપમાં પ્રમાણિક જણાયા તેમને એણે દિલાવરીથી જીત્યા. ચંગીઝખાંની માએ આવીને પોતાના બેટાનો દગલબાજીથી જાન લેનારા સીદી અલફખાન સામે ફરિયાદ કરી. અપરાધી પુરવાર થનાર એ હત્યારાને અકબરે હાથીના પગ હેઠળ છૂંદાવ્યો. રાજા ટોડરમલને એણે ગુજરાતના અંધાધૂંધીભર્યા વસૂલાત-વહીવટને સ્થાને અદલ ન્યાયનિષ્ઠ જમાબંદી માટે રોકી દીધા.

એ શાંતિ-સ્થાપનાની અકબર-સવારીને સ્વાર્થી મુસ્લિમોએ 'કેહેર બ ગુજરાત આમદ' નામે ઓળખાવી. ઠેરઠેર નિંદા પહોંચી કે ''ગુજરાતમાં કેર આવ્યો'. અકબર ન આવ્યો પણ કાળો કેર આવ્યો. આગ્રામાં પણ નહનૂને કાને શબ્દો પડ્યા : 'ગુજરાતમાં પાદશાહી કેર' આવતો હતો. હવે એ કેર સૌરાષ્ટ્ર પર ઊતરવાનો છે એવી અફવાઓ ચાલી.

નહનૂ મુઝફ્ફરે ફરી એક વાર યમુના-તટ તરફ પગલાં માંડ્યાં. બે વર્ષની રાજકેદ તો ચાલી ગઈ હતી. દેખરેખ ઢીલી થઈ હતી. ખુદ પાદશાહે જ મુઝફ્ફરના યૌવનનું ઘડતર કરવાના અભિલાષ રાખ્યા હતા. અવરજવરની છૂટ વધી હતી. મુઝફ્ફર કોઈ કોઈ વાર એકાકી પણ યમુનાતીરે જઈ બેસતો. અનુચરો ઉદાર, શિથિલ અને વિશ્વાસુ બન્યા હતા. નાગડાને એ વારંવાર મળતો ને બંસી બજાવી સૂરો સંભળાવતો.

ફરી એક વાર એની ને નાગડાની ભેટ થઈ.

નાગડો બેઠોબેઠો પોતાની મૂછો પર હાથ ફેરવતો હતો. એનાં આંગળાંમાં વાળની ઝીણી શેડ્ય રમતી હતી. યમુનાનાં તીર જાણે એને સાંકડાં પડતાં હતાં, ઊઠીઊઠીને એ આંટા મારતો હતો. પોતાની ભુજાઓ લાંબી કરી કરીને તપાસતો હતો. પોતાની છાતી એ ફુલાવતો અને સંકોડતો હતો. એ મુઝફ્ફરની જ રાહ જોતો હતો. "મુસ્લિમ ભાઈબંધ !" એણે મુઝફ્ફરની સામે હાથ જોડ્યા. "છેલ્લી મુલાકાત કરવા આવ્યો છું." "કેમ?"

"આવતીકાલે હું સ્વદેશ જાઉં છું. મારી મૂછડીએ વળ ઘાલી લીધા. ગુરુજીએ સૌરાષ્ટ્રની તીર્થયાત્રા પર નીકળવાનો જમાતને હુકમ કર્યો છે. તેમની સાથે કાલે હું માતાના દ્વાર તરફ પ્રયાણ કરી જઈશ."

"તમારી અમ્મા તમને ઓળખી શકશે ? આટલાં બધાં વર્ષે એ તમારા મોંને પારખશે ?"

"પણ હું એને કહીશ ને કે, માતા, હું તમારો પુત્ર છું. હું ઘેલોનાદાન પાછો ડાહ્યો થઈને તમારે ખોળે આવું છું."

"એ જીવે છે ?"

"જીવતી જ હશે ને ! મારી વાટ જોતી જોતી એ ન જીવે તો બીજું શું કરે ?"

"નહિ હોય તો ?"

"તો ? – તો ? – તો ? – મને ગુરુદેવે કહ્યું છે કે जननी जन्मभूमि स्वर्गादपि गरियसी । – મા અને જન્મભૂમિ, બેઉ સ્વર્ગથી યે મહાન. મારી જન્મભૂમિ તો મને ખોળે લેશે ને ? એને કહીશ કે માતા, હું ઘેલો પુત્ર પાછો આવ્યો છું."

"ઘેલા પુત્રને જન્મભૂમિ પણ સ્વીકારતી હશે ?"

"તમે કેમ આવા પ્રશ્નો પૂછો છો ?"

"જેને જનની ન હોય તેની જન્મભૂમિ જનની થતી હશે ? તેને ગોદમાં લેતી હશે ? એકાદ નદી-કિનારો કાઢી દેતી હશે ? દસ-બાર જુવાન જોદ્ધાઓ મેળવી દેતી હશે ? પહાડો ઘૂમવા દેતી હશે ? દુશ્મનો સાથે ભેંટભેટા કરવા દેતી હશે ?"

"આમ કેમ પૂછો છો ? કોઈ યાદ આવે છે ?"

"યાદ આવનારી અમ્મા તો મારે નથી."

"તમારે માતા નથી ? મરી ગયાં છે ?"

"મને ખબર નથી."

"માતા યાદ તો આવે છે ને ?" "દીઠી નથી. મોં નથી મળતું પણ માતાને કલ્પી છે મેં. એક ચીસરૂપે, વેદનાની રુદનધારરૂપે. અનંત યાતનારૂપે."

"તમે આવોને મારે વતન ! ત્યાં મારી માતાને હું યાચના કરીશ કે આ બંધુને પણ બેટો બનાવો, પ્યાર કરો. ને મા એટલી બધી પ્રેમાળ છે ને, કે જરૂર જરૂર તમારા પર વહાલ બતાવશે. ચાલો તમે, મારી માનું હૃદય આપણે બંને સમાઈએ તેટલું બધું પહોળું છે."

એટલું કહીને એણે ધરતી ફરતા વિશાળ સીમાડા પર હાથ ફેરવ્યો. જાણે માના હૈયાનો વિસ્તાર દેખાડવાનું એ એક જ શક્ય માપ હતું. પછી એણે મુઝફ્ફરના ખભા પર મૈત્રી-ઝરતો હાથ મૂક્યો. એનો પંજો મુઝફ્ફરના અરધા બરડા પર પથરાઈ રહ્યો.

"મોટામાં મોટું દુઃખ શું હશે, દોસ્ત ?" મુઝફ્ફરે નાગડાને પૂછ્યું.

"ગુરુદેવે તો કહ્યું છે કે મોટામાં મોટું દુઃખ નામર્દાઈ છે."

"નહિ ભાઈ, એથીયે મોટું દુઃખ તો નામર્દ તરીકેનું મહેણું છે – ગાળ છે. કારણ ? કારણ કે એમાં આપણું એકનું જ અપમાન નહિ પણ આપણને જન્મ દેનાર માતાને પણ લ્યાનત સૂચિત છે."

"એવી ગાળ ખાઈને બેસનાર વધુ ને વધુ નામર્દ બને છે." નાગડાએ જાણે કે પ્રસ્તાપી કોઈ ચર્ચા ચાલતી હોય તેવી અદાથી વાત આગળ ચલાવી. એને ખબર નહોતી કે આ વાક્ય મુઝફ્ફરના અંતર પર જખ્મરૂપ થઈ પડ્યું છે.

"એવી ગાળને ધોઈ નાખવા ખાતર માણસે પોતાની જાન પણ કાઢી દેવી જોઈએ એ તો ખરું, પણ બીજા હજારોની જાન હોમાઈ જતી હોય તો હોમી નાખવી જોઈએ કે નહિ ? ગુલશનોનાં વેરાન કરી નાખવા જોઈએ કે નહિ ? દયા, માયા, મમતા, તમામ પ્રકારની કુમાશને સળગાવી દેવી જોઈએ કે નહિ !"

મુઝફ્ફર એમ ને એમ આગળ વધતો હતો. એણે નાગડાના જવાબની રાહ જ ન જોઈ. એ જાણે પોતાની જાત જોડે જ વાર્તાલાપ કરી રહ્યો. શંખનાદ થયો. નાગડો સફાળો જ ઊઠ્યો. એણે મુઝફ્ફરની સામે હાથ જોડ્યા

"મેરે મિત્ર ! અબ મેરે જાનાં હોગા. સોરઠમાં આવજો, મા તમને બેટા કરી બોલાવશે. એ મારા જેવડા તમામને બેટા કહે છે. આવજો સોરઠમાં – નાગની ગામ, સતો જામ રાજા, ને – ને મારો પિતા... એનું નામ તો ગુરુદેવ બતાવી શક્યા નથી. એનું નામ ન દેજો, એને વાત ન કહેજો, પરબારા મા પાસે જ આવજો. આવજો હોં જરૂર ! નમસ્કાર, મિત્ર !"

એમ કહીને એ દોટ મારીને જોગીઓની જમાતના પડાવ તરફ ચાલ્યો ગયો, અને મુઝફ્ફર પોતાના ભેજામાં એક જ ધૂન લઈને પથારી તરફ વળ્યો : 'ગુજરાતમાં પાદશાહી કેર' : 'કેર બ ગુજરાત આમદ' એ ધૂને એના કલેજામાં એક ઝેરી કીડો મૂક્યો. અને એના મગજમાં એક બીજો મોહક સૂર મદિરાનો કેફ ભરવા લાગ્યો : "સોરઠના રાજપૂતો-કાઠીઓ ઈમાનદાર છે. ચારણની વાર્તાઓમાંથી મેં એ સાંભળ્યું છે, સોરઠમાં જઈ પહોંચું."

## 16

## વિજયી મસ્તક

પત્ની સાથેની છેલ્લી સોહાગ-રાત પછી લગભગ ત્રણ મહિને જેસા વજીર જૂનાગઢ તરફથી પાછા ફરતા હતા. એની પછવાડે ચાર હજાર નવાનગરી સવારોનું સૈન્ય ચકચૂર ચાલતું હતું. સૈન્યની સાથે તોપો, બંદૂકો, નિશાનો, ડંકા, તંબૂઓ ને શમિયાના, ટોપ અને બખ્તરો – અઢળક અસબાબ હતો. ગયા ત્યારે નહોતા લઈ ગયા એવી એ બધી રિયાસત હતી. એ ચીજોનો દેખાવ મુગલાઈ હતો. સાથે એક લડાયક હાથી પણ હતો. "જેસાભાઈ !" એની બાજુએ ચાલતા બે આગેવાન ઘોડેસવારો પૈકીના એક ત્રાંસી આંખો તાણતા અસવારે કહ્યું : "માળો હાથી પણ ઠીક મળી ગયો. મુંગલા બધુંય મૂકીને ભાગી ગયા. હાથીને તો મેં આડા પડીને હાથ કરી લીધો હોં, જેસાભાઈ ! હાથી ઠાવકો છે."

"નહિ નહિ, લોમા ખુમાણ." બાજુએ ચાલતા ત્રીજા જુવાન અસવારે વાંધો રજૂ કર્યો : "હાથીને તો મેં સૂંઢ ઝાલીને..."

જેસા વજીરે એ જુવાનની સામે શાંત દૃષ્ટિ કરી એને વધુ બોલતો અટકાવ્યો.

"કુંવર અજાજી !" લોમા ખુમાણ નામે સંબોધાયેલા એ બીજા આગેવાને ઠંડા શબ્દોમાં કહ્યું : "તમે બીઓ મા. મારે કાંઈ હાથી જોતો નથી."

"હાથી તો, લોમા ખુમાણ," જેસા વજીરે હસીને જવાબ દીધો : "તમને જ આપ્યો છે."

"ના, હું ઈ આપેલું લેવા માગતો નથી."

"ઠીક ભાઈ, તમે જીતેલો છે માટે તમારે રહ્યો !"

"હાંઉં, તો એમ કહો. બાકી મારે કાંઈ જોતો નથી."

"આપા લોમા ખુમાણ !" જેસા વજીરે વાતને જુદો ઝોક આપ્યો : "આપણને તો આજ હજારો હાથી હાથ આવે ને થાય તે કરતાં ય વધુ આનંદ થવો જોઈએ. આપણે આજ સોરઠના ઇતિહાસમાં પહેલી જ વાર દિલ્હીની પાદશાહી ફોજનાં પીંછડાં પાડી નાખ્યાં. સોરઠનો સૂબો અમીનખાન, પોતાને માથે અકબરશાહની ફોજ આવે ત્યારે, કોઈને નહિ ને જામને ને ખેરડીના ખુમાણને રક્ષા માટે તેડાવે એ જ એક અજબ વાત હતી. ને અકબરશાહનો દૂધભાઈ કાળઝાળ મિરજાખાન પોતે મુગલાઈ ફોજ લઈને કોડીનાર સુધી ભાગી નીકળે, ભૂંડે હાલે ડંકા-નિશાન, હાથી-ઘોડા ને હથિયાર-પડિયાર મૂકી હાથેપગે વહેલું આવે અમદાવાદ એમ ભાગી છૂટે, એ બનાવ વિચારવા જેવો છે. હાથી-ઘોડાંની લૂંટની વહેંચણ તો વળી શું

કરવાની હતી ? લડાઈઓ લૂંટને માટે જ કરાય, એ જમાનામાંથી આપણે ’દી બહાર નીકળશું ?”

સફેદ દાઢીમાંથી ગળાઈને વજીર જેસાના શબ્દ પડતા હતા. લોમો ખુમાણ પોતાની નાનપ માટે પસ્તાવો કરતો હતો કે આ બુઢ્ઢાનાં બોધવચન ઉપર છૂપો ખાર કરતો હતો, તે તો ખબર ન પડી, પણ એના મોં પર ઝંખાશ પથરાતી હતી.

પાછળ ફોજમાંથી હર્ષના કિકીઆટા આવતા હતા.

“જુઓ, લોમાભાઈ ! સાંભળો, કુંવર !” જેસાએ દેહ મરડીને ઘોડાનાં પાટિયાં પર હાથ ટેકવી પછવાડે ચાલ્યા આવતા ચાર હજાર જોદ્ધા બતાવ્યા. “જોઈ લ્યો, આ સોરઠિયા સૈનિકોને મળી ગયેલો આત્મવિશ્વાસ. પરદેશીઓના માર ખાઈખાઈને પોતાની જાત માથેથી ભરોસો જ ખોઈ બેઠેલી આ બહાદુર સોરઠને રૂદે રામ જાણે પાછો આવ્યો છે. એ આજ કોના ઉપર વિજય મેળવીને વળેલ છે તેનું એને જબ્બર ભાન થઈ ગયું છે. અમીનખાન ઉપરકોટના દરવાજા બીડીને બેસી ગયો. આપણને બોલાવીને પછી બારણાં ઉઘાડ્યાં નહિ. આપણને એમ કહેવરાવીને પાછા પાડ્યા કે અમારે ને બાદશાહના સૂબાને વષ્ટિ ચાલે છે, માટે પાછા જાવ. કરમહીણો અમીનો ખંડણી ભરવા તો ઠીક, પણ ઉપરકોટ સોત સોંપી દઈને નીકળી જવા તૈયાર હતો. આપણને તો ભૂમિ માથે ઊભા રે’વું ભારી થઈ પડ્યું. આપણે આપણા નોકને કારણે આંખો મીંચીને મજેવડીના ખુલ્લેખુલ્લા મેદાનમાં પાદશાહી ફોજ પર ત્રાટક્યા. તે ઘડી સુધી આ સોરઠિયા લડવૈયાના મનમાં બીકનાં કેવાં સસલાં ફફડતાં હશે, આપા લોમા ? બાપડા ચાર જ હજાર –”

“ને અમારા પાંચસો કાઠી.” લોમા ખુમાણે એ વાત ગણતરી બહાર રહી જવા દીધી નહિ.

“ખરા ખરા, કાઠી, આપણા સાડા ચાર જ હજાર શત્રુની કંકાળી તોપોને ખોટી પાડીને મીરજાખાનનાં લાજ-લૂગડાં ઉતારી આવ્યા. એના પોરસની – એની ફુલાતી છાતિયુંની – જ મને તો હવે મોજ લાગી છે, તે ભેગી ચિંતા પણ જાગી છે.” “ચિંતા કરવાની તો તમારી પ્રકૃતિ જ પડી છે ખરી ને !” લોમા ખુમાણે વડીલપણું બતાવ્યું. “અમે કાઠીભાઈઓ તો આજના સૂરજના ઊગવા-આથમવા વચ્ચેની જ વાત વિચારનારા. આવતી કાલની વાત આવતી કાલનો ભાણ ઊગે ત્યારે વિચારીએ. વચ્ચે નાહકની રાત ન બગાડીએ.”

કુંવર અજો જામ આ બંને પુરુષોની મનોવસ્થાને તોળતો તોળતો ઘોડો હાંક્યે જતો હતો.

"એ પણ બેશક મોજીલી મનોદશા છે, કાઠીરાજ !" વજીરે એક નિસાસો નાખીને કહ્યું : "પણ સોરઠી જોદ્ધાઓનો આ પાછો વળેલો હૃદય-રામ જો આપણી જ એકાદ અણઆવડતને કારણે, આપણા જ નાનકડા સ્વાસ્થ્યને કારણે, કે આપણા – એટલે કે આગેવાનોના – નજીવા મતભેદને કારણે પાછો ઊડી જવાનું કમનસીબ ટાણું આવશે તો..."

"'તો' ને જોવાની વાત રેવા દિયોને, વજીર !"

"આપણે રે'વા દઈએ એથી એ કાંઈ ટળે તેમ છે, કાઠીરાજ ? અકબરશાહ પોતાની ફોજનો બચાડા નાનકડા સોરઠના ચાર હજારને હાથે.."

"સાડા ચાર."

"હા હા, ભૂલ્યો, સાડા ચાર હજારને હાથે થયેલ બેહાલીભર્યો ફેજ કાંઈ સાંખીને બેઠો રહેશે ?"

"નહિ ત્યારે ?" લોમાએ પોતાની અક્કલને માપે માપણી કરી : "પાદશાહ ખો ભૂલી જાશે ખો, જેસાભાઈ ! હવે હમુણાં તો એ કાઠીઓનો કરાળ કાળ સોરઠ સામે જોઈ રિયો !"

"હા-હા-હા-હા !" જેસા વજીર હસીને જ બંધ રહ્યા. "મને તો આ મારા કુંવરના ય કાળની ફિકર છે."

"કડાકૂટ છે બધી એ તો." લોમા ખુમાણે કંટાળો બતાવ્યો. "બાકી અમીનખાં તો હવે પાધરોદોર થઈ ગયો. એને જેટલો દબાવી શકાય તેટલો દબાવતા રહીએ."

લોમા ખુમાણના મન પરથી આ બધી વિચારકણીઓ ધૂળમાં દડી ગઈ છે એ તો જેસા વજીરે સમજી લીધું હતું. આ પાકે ઘડે કાંઠા ચડાવી શકવાની આશા એણે છોડી દીધી. ગામ પછી ગામ આવતાં ગયાં. ગામેગામના લોકો આ અપૂર્વ વિજય કામી આવેલી સોરઠી ફોજનાં સામૈયાં કરતાં ગયાં. ગામડે ગામડેથી નમૂછિયા ને મુછાળા, નાના ને મોટા સેંકડો જુવાનો જૂથ બાંધીને જેસા વજીર પાસે નવાનગરની ફોજમાં નોકરી માગતા ઊભા રહ્યા. ગામેગામના લોકોએ આ વિજયવંતી ફોજમાંથી પોતપોતાના ન્યાતીલા કયા કયા જુવાનો હજુ કુંવારા છે તેની શોધાશોધ કરવા માંડી. વેવિશાળોની વાટાઘાટ રસ્તામાંથી જ ચાલવા લાગી. ઉંમરલાયક દીકરીઓના બાપ આવી આવીને જેસા વજીરના અંગરખાના છેડા ઝાલી વીનવવા લાગ્યા. ને ગામગામની છોકરીઓ ય ક્યાં કમ હતી ! એ પણ પોતપોતાના મનથી વર નક્કી કરતી કરતી

ગામ-પાદરમાં નદીનવાણો પર નાતીધોતી કે પાણી ભરતી, છાણ વિણતી કે ઓરિયામાંથી માટી ખોદતી આ સૈન્યના વિજયોત્સવમાં પોતાના પ્રાણનાં લીલુડાં તોરણો બાંધતી હતી.

“ઓલ્યો, ઓલ્યો, ઓલ્યો શીળિઆટા ઘોબાવાળો તમારો, હોં જસુબા!” એક હસતી.

"છે !” એ છોકરી અંગૂઠો બતાવીને કહેતી : “રાણકીબા, ઓલ્યો બાડી આંખવાળો તમારો.”

“અરે મણિબા !” ત્રીજી કહેતી : “ઓલ્યો જેનો કોણીએથી હાથ જ કપાઈ ગયો છે ને, એ તમારે ઠીક પડશે. તમે છો એક રિસાળવાં. એ અડબોત મારવા આવશે તો હાથ વગરનો ઊભો થઈ રહેશે !”

“પણ એ ડાબેરી હશે તો !” મણિબા પોતાના ભાવિ સંસારનું એક ચિત્ર દોરી નાખતી : “તો એના ડાબા હાથની થોંટ વધુ ભારી પડે ને !”

“એ કરતાં ઓલ્યો પગ-કાપલો ઠીક. મારવા ઊઠે ઇ મોર્ય તો એની ઘરવાળી રફુચક્કર થઈ જાય !”

“હં.. અં, બાપુ !” પાંચમી કહેતી : “લાગ આવે ત્યારે તો પછી એની કાખ-ઘોડીએ જ લમઠોરી નાખે ને ! એને તો આઠેય પહોર હાજર હથિયાર. એવાને કોણ પરણે ?”

“પણ પોરહ કેવો રિયે ? જીવીએ ત્યાં લગી નામના તો ગવાય ને, કે જો, આનો ધણી દલ્લીના પાદશાની ફોજને જીતી આવ્યો’તો !”

“ને એવા જોદ્ધારની તો બે લાકડીઉં ય ખાવી મીઠી લાગે, હોં બોન !”

“મારો ભાઈ મોટો થાશે એટલે એને ય વજીરબાપુ પાસે મેલી આવશું એમ મારાં માબાપ વાતો કરતાં’તાં. આવી એકાદ શૂરવીરાઈ કરી આવે એટલે કન્યા જડતાં કાંઈ વાર લાગે ?”

“અરેરે, બોન ! મારે તો નાનો કે મોટો એકે ય ભાઈ જ ન મળે. ને ! કોને મોકલીયેં ?”

“હેં એલી, આપણને છોકરીઉંને ફોજમાં દાખલ ન કરે !”

“આપણે ફોજમાં શું કરી શકીયેં ?”

"અરે, સાંબેલે સાંબેલે મુંગલાને મારીયે. નીકર પાણીનાં માટલાં માથે લઈને આપણા મરતા જણને મોંએ પાણી તો ટોઇયેં ને !"

"હવે જુદ્ધ થાય તો આપણે માટલાં ભરીભરીને રણથળમાં જઈ પોગવું."

"હા, કરો વ્રત."

"કબૂલ છે. વ્રત લઈએ."

નાતી-ધોતી ને પાણી ભરતી ગ્રામ-કન્યાઓ ગામ-પાદરના શિવાલયમાં જઈને આગામી યુદ્ધમાં પાણી પહોંચાડવાની પ્રતિજ્ઞાઓ લેવા લાગી. માતાઓ બાળકોને પીઠ થાબડી મોટાં કરવા લાગી. વાંઝિયાં માવતરો જેસા વજીરના જુવાન જોદ્ધાઓને જોયા પછી પોતાના સંસારમાં વિશેષ શૂન્યતા અનુભવી રહ્યાં. ગામેગામની સમૂહ-દૃષ્ટિ નવાનગરની દિશામાં દોડવા લાગી. નવાનગર સોરઠી શૌર્ય-તમન્નાનું મધ્યબિંદુ બન્યું. પોતાની જયવંત ફોજને પગલે પગલે એ તમન્નાનાં કંકુ વેરતો વૃદ્ધ વજીર લોક-સંઘને આંગળી ચીંધતો ગયો કે મને ડોસલાને શીદ ફૂલ ચડાવો છો, ભાઈ ! જુદ્ધનો જીતણહાર તો જુઓ આ રહ્યો અજો કુંવર; અને બીજા જુઓ આ રહ્યા એના જવાંમર્દ પાડોશી – કાઠીરાજ લોમા ખુમાણ. હું તો એ મોરનું પીંછડું છું. જુવાન સોરઠિયાઓ ! દીવાની વાટ્યું વણાઈ જાય એવા તમે સૌ એ તેજના દીવા અજા કુંવરની ફરતા જૂથરૂપે વણાઈ જજો. હજી તો વધારે કઠણ વેળા હાલી આવે છે."

હરેક ઠેકાણે વજીરે એ રીતે અજા કુંવરને આગળ કર્યો. લોમા ખુમાણને આ બાબત ખટકનારી બની. નમૂછિયા એક છોકરાનું ગૌરવ ટોચે નીકળતું હતું. પહાડ સરીખો પોતે કાઠી, તે એક છોકરાની ને એક બુઢ્ઢાની આડશે ઢંકાઈ ગયો.

જોદ્ધાઓને વધામણે ઊમટેલું જામનગર બીજા રત્નાકરનું રૂપ ધરી રહ્યું હતું. સામૈયાની મોખરે સતા જામ પોતે હાથીની અંબાડીએ બેઠા હતા. લોમા ખુમાણને ભેટ્યા, જેસા વજીરને બાથમાં ઘાલ્યા, પણ કુંવર અજાજીએ જ્યારે બાપાના પગમાં હાથ નાખ્યા ત્યારે સતા જામે માથે હાથ મૂકી 'જીવતો રહે' એટલું ય ન કહ્યું. શત્રુઓને કોડીનારની સાગરપટ્ટી સુધી તગડીને ઠમઠોરવામાં કુંવર અજોજી મોખરે હતા એવીએવી ઘણીય પરાક્રમ-કથાઓ જેસા વજીરે જામને કહી. છતાં પિતાએ પુત્રની સામે જોયું નહિ. આખર ટાણે એક જ ટોણો ઉમેરી દીધો કે "કયો મુલક જીતીને લાવ્યા છો ? તસુય ધરતીનો ઉમેરો થવાનો નહોતો એવા મફતના મામલા મચાવવાની મને તો ઝાઝી હોંશ નહોતી. બાકી બાપનું વચન ઉથાપીને ચોરીથી તમારી સાથે ભાગી નીકળનાર દીકરાનો શો ભરોસો ?"

કુંવર ચૂપ રહ્યો. એના કલેજામાં તો મોટી ભેખડો ફસકી પડી.

નગરજનોના ધન્યવાદો લઈ લીધા પછી દરબારગઢમાંથી જેસા વજીરને ખસી જવું હતું. પણ લોમા ખુમાણની વાતોના તડાકા ખૂટતા નહોતા. "વિગતવાર આખી ચડાઈ વર્ણવી આપો." સતા જામે વજીરને કહ્યું.

"ઝાઝી વિગતો તો કશી છે નહિ, ને હવે ઉતાવળ પણ શી છે ?"

લોમા ખુમાણની હાજરી છે ત્યાં સુધી વિગતોમાં ઊતરવાની હોંશ દબાવી રાખી વજીરે વાત ઉડાવી.

"એ શરમાળ માણસ છે, નહિ કહે. લ્યો, જામ રાજા, હું જ ચર્ચી દેખાડું." એમ કહી લોમા ખુમાણે જે પારાયણ માંડી તેમાં પોતે જ એક વીરરૂપે રજૂ થયા, બાકીના બધા ઠીકઠીક, તેમની તો ક્યાં ક્યાં ભૂલો થઈ તે જ રમૂજ સાથે વર્ણવી બતાવ્યું.

જેસા વજીરને કંટાળો આવ્યો. એણે બે-ત્રણ વાર રજા માગી.

"કોઈ દિવસ નહિ ને આજ જાતે જનમારે શી ઉતાવળ આવી ગઈ ?" સતા જામે મર્મ કર્યો.

"થાક લાગ્યો છે."

"થાક ઉતરાવવાની ખેવના હોત તો કાંઈ અમે વર્ષો સુધી કરેલી માથાકૂટને તમે ઠોકરે થોડી મારી હોત ? આપા લોમા ખુમાણ, જાણો છો ને ?"

"જાણતો ન હોઉં એમ તે કાંઈ બને, બાપા ! પણ હજી ય ક્યાં ઘાણ બગડી ગયો છે ? નગરના રાજાના રૂદામાં સાચો પોરહ હોય તો જેસા વજીરને આજે ય શું થાકોડો ઉતારનાર ન મેળવી દેવાય ?"

"ના, એને તો ધોળાં બાસ્તા જેવાં લૂગડાં પહેરવાં છે. એને થાક ઉતારનાર નથી જોતું – ધોણ્ય કાઢનાર ધોબણ જોવે છે. બુઢ્ઢો કદી ય કબૂલ નથી કરવાનો."

આ મશ્કરી આડે દિવસે નહોતી ગમતી. આજે જેસા વજીરનાં નયનોમાં તેજની ટશરો ફૂટી રહી. એણે વધુ ને વધુ અધીરાઈ અનુભવી : "મને કૃપા કરીને રજા આપો."

"જાવ, દોડી લ્યો ત્યારે !"

રાજમહેલથી વજીર-મેડી સુધી આખી બજાર પાર કરવાની હતી. વજીરની આગળપાછળ કડી-બાજતા અસવારો હતા. દુકાનદારો હાટડે-હાટડેથી હેઠા ઊતરીને વજીરના પગને અડકતા ઝાઝા રંગ દેતા હતા. દિલ્હીશાહની મુગલ ફોજને દરિયા સુધી તગડનાર વૃદ્ધ જોદ્ધો વીરપૂજાની પ્રતિમા બન્યો હતો. ડાબા હાથે ઘોડાની લગામ કસકસેલી, જમણા હાથે સૌના રામરામ ઝીલતા જાય, પણ હૃદય ત્યાં બજારમાં નહોતું. મોટામાં મોટો – ને કદાચ છેલ્લામાં છેલ્લો જ – આ જિંદગીનો વિજય માથા પર ભાર કરતો હતો. કોઈકને ખોળે, કોઈકની છાતી ઉપર એ શિરબોજ ઉતારીને હળવા-ફૂલ થવાની ઓચિંતી હોંશ કોણ જાણે ક્યાંથી ઊભરાતી હતી. આવડા મહાન વિજયને પી જનાર પેટને એકાદ ખૂણે, આંતરડાની કોઈ કોર ઉપર, જાણે એક કાચની કણી જેવી લાગણી પડીપડી માંસને ખોતર્યા કરતી હતી એવું ભાન એકાએક થઈ આવ્યું. આ ખટક ક્યાં બોલે છે ? ઊંઘવા જતા મસ્તકને મશરૂના ઓશીકામાં લપાયેલું એ કયું ડાભોળિયું ખેંચે છે ? આવડી મોટી સિદ્ધિ, સુકીર્તિ, શક્તિ અને જવાંમર્દીના સામા પલ્લામાં પડેલું એક તુલસીના પાન જેવડું નાનકડું કયું પાતક દાંડીને અણસમતોલ કરી મૂકે છે ?

હા-રે-હા, મેં એને જીવનભરની મે'ણિયાત રાખી છે. એના જીવનને ઘોર એકાંતની અતલ ખાઈમાં ધકેલી મૂક્યું છે. એનો દિવસકઢણો પુત્ર મેં ગામનું કૂતરું ગયું હોય એવી આસાનીથી ગાયેબ થઈ જવા દીધો છે. આજે તો જઈને એકસામટું જ એનું પ્રાછત માગી લઈશ. આજે તો મેં અજા કુંવરને એટલો બધો તૈયાર થયેલો દીઠો છે કે આ ફોજોની હાંકણીઓ ને સવારીઓનાં દોડાં ઓછાં કરીને એને ખભે નાખી દઈશ. હવે તો બુઢ્ઢીને પડખે બેસાડીને જંજરી પીધા કરીશ. એ રામાયણ વાંચશે ને હું સાંભળ્યા કરીશ, એ મને રજાઈ ઓઢાડવા આવશે ને હું એને...

ત્યાં તો કલ્પના-દોર તૂટી ગયો. વજીર-મેડી આવી ગઈ. મશાલચીઓ બહાર ઊભા હતા. બારીઓ બંધ હતી. પોતે ઘોડાનું પલાણ છાંડીને ચાકરોને હથિયાર-પડિયાર આપતો, દાદર ચડતાંચડતાં જ કમરબંધ છોડતો, માથાની પાઘ ઉતારીને જે નોકર બાજુએ ઊભો હોય તેના હાથમાં સોંપતો ઉપર પહોંચ્યો ત્યારે એના કલેવરે યોદ્ધાવેશનું તમામ અક્કડપણું ખંખેરી નાખ્યું. શરીર કોઈકનો આધાર શોધતું જણાયું. માંડમાંડ ટગુમગુ પગ ટેકવીને પગલાં ભરતું બાળક જેમ પડુંપડું થઈ 'મા ! મા ! મા !' કરતું પોતાના ટેકવણહારને બોલાવતું હોય, તેમ 'કાં ! કાં ! કાં ! ક્યાં છો ? ક્યાં ગયા ?' એવા પ્રશ્નો પૂછતા વૃદ્ધ દાદર પરથી ઓસરીમાં, ઓસરીમાંથી ઓરડામાં, એકમાંથી બીજા ઓરડામાં, ગોખે, ઝરૂખે, શયનની ઓરડીએ ઘૂમાલૂમ કરી મૂકી. 'ક્યાં છો ? ક્યાં છો ! ક્યાં સંતાઈ બેઠાં છો ?' શબ્દોએ વેગ પકડ્યા. પગ શબ્દોની પાછળપાછળ દોડ્યા. શરીરે થાક લાગ્યો. ઢોલિયા પર લથડિયું ખાધું.

મારા આજના વિજયોત્સવને જોવા એ દરબારગઢની મેડીએ તો નહિ ગયાં હોય ? છાનામાનાં ક્યાંઈક માણસોની ભીડાભીડમાં ભળી જઈને તો નહિ ઊભાં હોય ? રસોડે થાળી તૈયાર કરતાં હશે ?

“એલી છોકરી ! ક્યાં મરી ગયાં બધાં ? કેમ કોઈ બોલતું નથી ? મશ્કરી કરી રહ્યાં છો ?” એણે બૂમો પાડવા માંડી. પણ એની પાસે હાજર થઈને જવાબ આપવાની હિંમત એ ઘરનાં ચાર-પાંચ માણસોમાંથી એકેયની ન ચાલી. પ્રત્યેક પોતપોતાનાં સ્થાને ચુપચાપ સ્તબ્ધ હતું. દિવેલ તેલના દીવા કાકીડાઓ જેવા પોતાનાં માથાં ધુણાવ્યા કરતા હતા.

રિસાઈને બેઠી હશે બુઢ્ઢી ? ભલે બેઠી. નહીં જાઉં મનાવવા. આજે શું રિસામણું યાદ આવ્યું ? આજે શું સત્તર વર્ષની દાઝતી પોટલી ઉખેળીને બેઠી ? આજે શું એ કોઠીભર્યાં પ્રારબ્ધ-કણો વીણવા કાઢ્યાં ?

રોષ કરીને બુઢ્ઢાએ ગાદલા પર પડતું મૂક્યું. પોતાનાં લમણાં પોતે જ ચાંપવા લાગ્યો. થાકેલી આંખોમાં એક ઝોલું આવી ગયું. ઝોલામાં ને ઝોલામાં જાણે ઠપકો સાંભળતો ગયો : આવું છું, આવું છું, આવું છું, ત્યાં જ અધીરા બની બેઠા ! આ ઉંમરે બહાવરાઈ અરઘે ? મને શી ખબર કે ગામતરેથી વળતાંવેંત જ ઘેર આવવાની અધીરાઈ તમને સત્તર વર્ષે આજ વ્યાપી હશે ! મેં તો માનેલું કે દરબાર જોડે જમી-કરીને, રાતી દારૂ-પ્યાલીઓ પી-પીને, અધરાતે લોથપોથ ઘેર આવશો અને છાનામાના ઘારણ કરશો ! આજ ફરીથી જોબનિયું બેઠાની વાતની મને શી ખબર હોય ? ના, હું તમારી પાસે નથી આવવાની. આંહીં છેટી ઊભી છું. જે કહેવું હોય તે કહો, જે જોવે તે માગી લ્યો – હા, કપડાં તૈયાર છે. ઊઠો, બદલાવી આપું. ના, તમારા હાથ ઊંચા અધ્ધર ને અધ્ધર રાખો, હું બદલી દઉં છું. ના, તમારે મને કાંઈ કરતાં કાંઈ શિખામણ દેવાની જરૂર નથી, હાથ મહેરબાની કરીને છેટા રાખો...

પોતાના હાથ સ્વપ્નમાં ને સ્વપ્નમાં પોતે જાણે કે વજીરાણીના હૈયા પર મૂકવા જાય છે, હાથ ઢોલિયાની ઇસ ઉપર અફળાય છે. જાગે છે ત્યારે ચાકર બાઈના બોલ કાને પડે છે : “બાપુ, બાપુ, બાપુ, વજીરબાપુ !”

“કેમ? ક્યાં ગયાં ?” ઝબકીને એણે સામો પ્રશ્ન પૂછ્યો.

“મહેમાનો છે.”

“ક્યાં છે ? કોણ છે ?”

“બહાર ડેલીમાં ઊભા છે. ઘોડે ચડેલા છે. ચડ્યે ઘોડે જ આપને મોંએ થઈ લેવા માગે છે.”

“પણ કોણ છે ?”

“ખેરડીવાળા આપા લોમા ખુમાણ છે. ઘેર સિધાવે છે. આપને મોંએ થવું છે.”

“ઉપર નહિ આવે ?”

“ના, કહે છે કે નીચે પધારે તો જ મળવું છે. પલાણ છોડાય તેમ નથી.”

બુઢ્ઢાએ ઊઠીને હાથમાં ડાંગ લઈ ટેકેટેકે જ્યારે સીડી ઊતરવા માંડી ત્યારે એને જોનાર કોઈ પણ ન માની શકે કે આ ખોખરધજ આદમી મુગલ ફોજને ધમરોળીને ચાલ્યો આવતો હશે. એનું શિર સહેજસહેજ ધ્રૂજતું હતું. એણે ફક્ત પોતાની દાઢીને માથાના લાંબા વાળને બોકાનીમાં લપેટી લીધાં હતાં. અંગરખો હજુ એના દેહ ફરતી ઝાલર પાડતો હતો.

ડેલીએ જઈને એણે હાક દીધી : “કાં બાપ, ગરીબનું ખોરડું ભલેને પાવન થઈ જતું જરાક !”

“જેસાભાઈ !” લોમા ખુમાણે ઘોડીને એક બાજુ એકાંતે લઈને કહ્યું : “અહીં પધારશો જરા ?”

બહાર પાંચસો કાઠીઓનાં ઘોડાં ધરતી પર ડાબલા ઠોકતાં હતાં.

“બોલો આપા !”

“હાથીનું શું થયું ?”

“ક્યો, મુગલોનો હાથી ?”

“હા.”

“ઈ તો આપને રિયો છે ને !”

“ના, દરબારી હાથીખાને પેસી ગયો છે.”

“ભૂલ થઈ હશે. હું સવારે જ કઢાવીને ખેરડીએ મોકલી આપીશ.”

“ભૂલ તો તમારી થાય છે, વજીર.”

“કાં ?”

“એ તો હવે છૂટી રિયો.”

“કોણે કહ્યું ?”

“જામે પંડ્યે જ.”

“કોને, તમને કહ્યું ?”

“મોઢામોઢ કહ્યું કે હાથી તે ક્યાંય દેવાતો હશે ?”

“મારું નામ તમે ન આપ્યું ?”

“એક વાર નહિ, દસ વાર નામ આપ્યું. કુંવર અજા જામની સાક્ષી આપી. જવાબમાં જામે હસીને કહ્યું કે એવડી બધી સત્તા મેં નથી વજીરને સોંપી કે નથી કુંવરને સોંપી. મને પૂછગાછ કર્યા વગર બારોબાર એવી રીતની વહેંચણી કરનારાઓ રાજરીત જાણતા નથી.”

“હા ! એ...મ !” જેસા વજીરે ગળે થૂંક ઉતારીને તાળવાને ભીનું કર્યું. લોમા ખુમાણે વજીરને ખભે હાથ મૂકીને કહ્યું : “તમે કાંઈ દખ ન ધરજો. આ તો હું તમારે કાને નાખવા પૂરતો જ આંહીં થઈને નીકળ્યો છું. મારા અંતરમાં એનો જરીકે ડંખ કે ડાઘ નથી, હોં જેસાભાઈ ! અમસ્થોય મારે તો હાથી ખેરડી લઈ જઈને બે-ચાર દી મારા કાઠી જુવાનોને રાજી કરવા’તા. મારા વાટકડીના શિરામણમાં હારો એક ખોરાક ખાનારો હાથી ક્યાં સમાવાનો હતો ? અમારે કાઠીભાઈને પાછી અંબાડી મોંઘી પડી જાત. હું તો ચાર દી પછી આમેય તે આવીને હાથી નગરને હાથીખાને જ બાંધી જાત. મારા કટકને ય મેં તો આમ જ ફોસલાવી લીધું છે કે આપણે હાથીના પડારા ન હોય, આપણે તો કુંવર અજાજીને હાથગરણામાં આપવાનો જ છે એ હાથી. તો પછેં આજથી જ ભલેને એ નગરનું આંગણું શોભાવતો !”

વૃદ્ધ વજીરની આંખો તો અંધારાના કાદવમાં પેસી જઈ ધરતી ખોતરતી રહી.

“આમ ઊંચે જુઓ, જેસા વજીર !” લોમા ખુમાણે વૃદ્ધનું મોં હડપચીથી ઊંચું કર્યું. “મારે ગળે હાથ ! રાત જેવું ધાબું છે. તમને લેશમાત્ર વલોપાત કરાવવા આ અધરાતે નથી જગાડ્યા. આપણી બે વચ્ચેની જ વાત છે – દાટી દેવાની છે. નવાનગર અને ખેરડીનો તો સગા બાપદીકરાનો સંબંધ જાણજો. ને તમારી ઓલી રસ્તાવાળી ચર્ચા તો મારા કલેજાને માથે કાળની લેખણે કોતરાઈ ગઈ છે, કે હાથી-ઘોડાની અને સોનારૂપાની ધૂળ જેવી વાતો હવે આપણને ન શોભે. હવે તો આવતી કાલની તૈયારી કરીયેં. બરાબર છે. મને કાળી રાતે પણ તમારો જાણજો. મારે માથે ય સૂરજકુળ છે હોં, જેસાભાઈ ! લ્યો, રામ રામ !”

“રામ રામ, કાઠીરાજ ! વધુ તો શું કહું ? મારાં ધોળાં સામે જોઈને માફ આપજો.”

“બોલો મા, બોલો મા.” એટલું કહીને ખુમાણે પોતાની ફોજ હંકારી.

## અણપ્રીછ્યું મિલન

“અધરાત થઈ ગઈ ?” વજીરે પાછા વળતાં વળતાં ડેલીના દરવાનને પૂછ્યું : “ક્યારે થઈ ગઈ ? મને ઝાઝું ઝોકું આવી ગયું’તું? તારી મા આવી ગયાં ? ક્યારે આવ્યાં ?”

એણે એક જ શ્વાસે પ્રશ્નો પૂછ્યા. જવાબની રાહ જોતાં એને ડર લાગ્યો. સ્ત્રી ઘરમાં નથી એ ખબર પાકા કરવાની એની છાતી ચાલી નહિ. મેડીનાં પગથિયાં ચડતે ચડતે એણે ડાંગના જે પછડાટા કર્યા, તે પછડાટાની સાથે એના માથામાં નીકળી રહેલા ચસકા તાલ મેળવતા હતા. પરમ વિજયનો દિન કારમા પરાજયની રાતને જાણે કે ચોટલે ઝાલીને પાછળ ખેંચતો આવ્યો હતો, અથવા રાત જાણે કોઈ લુચ્ચી બિલાડી હતી. માળામાં લપાયેલા વિજયને એણે ચૂંથી ખાધો હતો. એનો મદ ઊતરી ગયો. પ્રશ્નો જાગ્યા : હું કયા ધણીને માટે ખપી ગયો ? કયા વીરને આ વિજયકલગીઓ છેલ્લાં પચીસ વર્ષથી પહેરાવતો આવું છું ? એક હાથીએ જ શું મારા બોલ-કોલનું વજન કાઢી લીધું ? પણ આ મારી વેદના સંભળાવવી કોને ? સાંભળનારી તો નથી. હાથીને હમણાં ને હમણાં જઈ હાથીખાનેથી છોડાવી લઉં ? પછી સવારે ઊઠીને ભલે દરબાર શૂળીએ ચડાવે ! પણ હું આમ કરવા જતાં અજાકુંવરનો અવતાર બગાડી બેસીશ તો ? પણ આ બધું મારે પૂછવું કોને ? સ્ત્રી હોત તો પૂછી જોત.

પાછો ઢોલિયે જઈને પડ્યો. પડ્યાંપડ્યાં એણે અંતરીક્ષમાં ‘મા ! મા ! મા કહાં ?’ એવા કશાક ઉદ્‌ગારો સાંભળ્યા, એણે કાન માંડ્યા. પવનમાં કોઈક કમાડ એનાં નર-માદા (નકૂચા) પર

હલબલી જઈને ચાં ચાં કરતું હશે. એણે આંખો મીંચી. કાનને ઓશીકા પર ચાંપી દીધા. પણ અવાજ બંધ ન પડ્યો. એ ઊઠ્યો. ફરી ડાંગ લીધી. ઓરડેઓરડે ઘૂમી વળ્યો. નજીકમાં કોઈનો પાડોશ નહોતો. શોકગ્રસ્ત અને ભયગ્રસ્ત નોકરો ભોંયતળિયે જ લપાઈ બેઠા હતા. એકલ વૃદ્ધ ગોખમાં થઈને ઝરૂખા તરફ વળ્યો. કયું બારણું અવાજ કરતું હતું ? આ ઘરનાં સજીવ-નિર્જીવ બધાંય કાં મારી માફક હચમચી ગયાં ? આ બારણું હલતું લાગે છે. બારણું પકડ્યું. પછવાડે કોઈનો સ્પર્શ થયો.

"ખબરદાર !" શબ્દ એના મોંમાંથી નીકળી ગયો. એણે બારણાની પછવાડે લાકડી ઘોંચી. લાકડીને છેડે કશુંક પોચુંપોચું હોવાનો ભાસ થયો. લાકડી ક્યાંઈક અટવાઈ ગઈ. એણે પાછળ જઈને જોયું. કાળો એક ઓળો લાગ્યો. 'તને લ્યે રે લે મા આશાપરા !" એમ કહીને ડોસાએ છલાંગ દીધી. સાંઠીઓની ભારી જેવી એની કાયામાં આટલું કૌવત ક્યાં લપાઈ બેઠું હતું ? એના હાથમાં એક માનવીના માથાના લાંબા કેશ આવ્યા. પણ એના હાથની લાકડી કોઈકે ઝૂંટવી લીધી. છૂટો હાથ કોઈકના પોલાદી પંજામાં પકડાઈને મરડાયો. તે જ ઘડીએ કેશનો ચોટલો જમણા હાથમાંથી મોકળો થયો. ડોસાએ બીજો દાવ સામા શત્રુની બોચી પર નાખવા હાથ ઘુમાવ્યો. તોતિંગ મોટું માથું એના પેચમાં આવી ન શક્યું. આવડું ગંજાવર માથું એણે કદી જોયું નહોતું. માથેથી છૂટેલો હાથ ગળા પર આવ્યો. ગળામાંથી એ બુઢ્ઢા હાથે કાંઈક રસી જેવું પકડ્યું. 'કોઈક ફાંસીએ લટકાવેલો પ્રેત થઈને તો નથી આવ્યો ને !' એવી એક શંકા આવીને ચાલી ગઈ તે પહેલાં તો એ ગાળિયો રુદ્રાક્ષના પારાનો બનેલો હોય એવો સ્પર્શ થયો. એ એના હાથમાં આવતાંવેંત જ સામા શત્રુએ લાકડી, હાથ, બધું જ છોડી દઈને કરજોડ કરી કરગરવા માંડ્યું : "છોડ દીજીયેં વો માલા ! વો તૂટને સે મેરી મૃત્યુ હૈ."

બુઢ્ઢાએ આ માળા પહેરેલ ખુલ્લા શરીરને સ્પર્શી જોયું. કોઈક બાવો લાગે છે ! માળા ખેંચીને એને ઓરડામાં દીવાને અજવાળે દોર્યો. ગાળિયે દોરાતી ગરીબ ગાય સરીખો એ ચોર અજવાળે આવ્યો. વજીરે એને નખશિખ તપાસ્યો.

"કોણ છો ?" નીચેથી કોઈ દોડ્યું ન આવે એવા ધીરા અવાજે વાત શરૂ થઈ.

"મા કહાં ?" પૂછનાર જુવાન ડાલામથ્થો ને કદરૂપો છતાં મીઠાશથી બોલી ઊઠ્યો.

"ચોરી કરવા આવ્યો'તો ને હવે મા મા કરછ કે, દીકરા !"

"ચોર ના થા, માતાજી ના દર્શન : મેરી માતાનાં પરસન : તમારી પાસ કાંઈ – કાંઈ – કુછ – ચોરવા નથી. મા કહાં છે ?" હિંદી ગુજરાતીનું ભરડકું કરતો જુવાન બોલ્યો.

"જોગટાઓ ! બેટા જોગટાઓએ જ રોજ રોજ એનું માથું ભમાવી નાખ્યું. કોણ જાણે ક્યાં એને કાઢી ગયા ! તું જેવા જ લંગોટા રોજ લાગી રિયા'તા. મારું ઘર ભંગાવી ગયા." દાઝમાં ને દાઝમાં બુઢ્ઢાએ ધીરાધીરા શબ્દો, ચીપિયા વતી એકએક અંગારો લઈને ચાંપતો હોય તેમ ચાંપ્યા. સામે ઊભેલો જુવાન ખભે શિર ઢાળી ગયો હતો. એની માળા બુઢ્ઢાના હાથમાં જકડાયેલી હતી. માળાને જરીકે ઝોંટ લાગે તો પોતાનો પ્રાણ નીકળી પડે એવી બીકે જુવાન હલતો કે ચલતો નહોતો.

"બેસ આંહીં." બુઢ્ઢાએ જરીક માળા ખેંચી ત્યાં તો જુવાન ઢોલિયા પર બેઠો.

"કોણ છો તું ?"

"તુમકો નથી કહેવા. માકો કહેવા થા." જુવાનના અક્કડ શબ્દમાં પણ કાંટાળા કેવડાની અંદરથી ઊપડતી હોય છે તેવી કુમાશભરી ખુશબો હતી.

"દિવસે સીધાં લઈ જવાં, રાતે ખાતર પાડવાં, ને પકડાઈ જાવ ત્યારે 'મા ! મા ! મા !' કરીને દીકરા બની જવું : ગજબ છે તમારી વાત !" બોલતો બોલતો બુઢ્ઢો રુદ્રાક્ષની માળાનો પ્રત્યેક પારો તપાસતો હતો. વળી વચ્ચે "કેમ, જવાબ કેમ નથી દેતો ?" એમ કહી માળાને થોડી સતાણ કરતો હતો. માળા ખેંચાતાંની વારે જ 'દયા કરો' 'દયા કરો' 'મત ખેંચો' એવી કાકલૂદી કરતો એ જુવાન બુઢ્ઢાના અપશબ્દોથી સળગી ઊઠેલી આંખોના દેવતા ઓલવી નાખતો હતો. બુઢ્ઢાને હવે કશી ચિંતા રહી નહોતી. ઢુંઢા રાક્ષસને મારનારના હાથમાં જેમ પોપટ આવી જાય તેમ આ ચોટ્ટા બાવાની જીવાદોરી, માળા પોતાના હાથમાં આવી ગઈ હતી.

"મારા દીકરાએ વળી માળાની વચ્ચે માદળિયું ય ઘાલ્યું છે ને શું ? કયા છોકરાની ડોકી મરડીને આ સોનાનું માદળિયું કાઢી લીધું'તું, હેં એલા સદાવ્રતિયા ? કહે તો ખરો !"

એમ પૂછતો ડોસો માદળિયાને થોડીક વાર હાથમાં ફેરવીફેરવીને પાછો આગલા પારા ઉપર આંગળીઓ લઈ ગયો. માદળિયું આંગળીઓને મળીને પાછળ નીકળી ગયું.

છેક ગરદન પર જઈને માળાના છેડાને અડક્યા પછી બુઢ્ઢાનો પંજો આપોઆપ એ જુવાનના બરડા પર સર્યો. ખભા નીચેના બેઉ ગઠ્ઠાદાર ટેકરા ગેંડાની કૂબાળી ઢાલો જેવડા પહોળા ને લોખંડી લાગ્યા. ઉઘાડો બરડો લીસો લપટ અને ઘણ વડે ઘડેલો ઘાટદાર લાગ્યો. લશ્કરમાં ભરતી થવા આવનારા સેંકડો જુવાનોનાં ખુલ્લાં ગાત્રો તપાસવાની વર્ષો સુધીની તાલીમે વૃદ્ધ

વજીરનાં આંગળાંમાં બારીક પરખશક્તિ પેદા કરી હતી. તાકાતદાર અને સુઘાટીલો દેહ દેખીને ડોસો પ્રાચીન પાટણના કોઈ શિલ્પી સલાટના જેવી મસ્તી અનુભવતો.

"પીઠ તો દીઠી, હવે જોઉં તારી છાતી !" એમ બોલીને પહેલાં પ્રથમ છાતી પર હાથ ફેરવીને મુક્કા-ધુસ્તા મારવા લાગી પડ્યો. મુક્કા મારતે મારતે એનો આનંદ, વર્ષાના મોરલા સરીખો ગહેકી ઊઠ્યો : સદાવ્રતોના દાળિયા ય તને ઠીક સદી ગયા લાગે છે, દીકરા મારા ! માગીમાગીને ખાવા કરતાં મારી ફોજમાં ભરતી થઈ જા ને ! ભૂમિને ભાર કરી રહ્યો છે તે કરતાં કોક ધીંગાણામાં લેખે લાગી જઈશ. મા, મા, મા, કરીને ભોળી ઓરતો પાસેથી આમ માલપૂડા ક્યાં સુધી ખાધા કરવા છે ? હેં ? જવાબ કેમ દેતો નથી ?

"આ છાતી તો જો તારી ! આ તે છાતી છે કે એરણ ? સોરઠિયા જુવાનોમાં કોઈને આવી છાતી મેં તો જોઈ નથી. આખી રાત બેઠોબેઠો આ છાતી ને આ બરડા ફરતો હાથ ફેરવતો રહું તો મહિના સુધી ઊંઘવાનું મન ન થાય, હોં સદાવ્રતિયા !" બોલતો બોલતો બુઢ્ઢો લગભગ હર્ષઘેલડો બની રહ્યો. એ જુવાનના શરીરની હર એક પેશીની પોતે કાયમી ઓળખાણ કરી લેતો હતો. સમજાવતો હતો કે "મૂરખા, આવી ભુજાઓ ઉપર તો હું મારી જુવાનીને ઘોળી કરી દઉં. આવા પંજામાં તુંબડાં પકડાય કે તલવાર ? રોજ પાંચસો-પાંચસો દંડબેઠક કરતો હો તો આ તારા પગની અક્કેક પાટુએ હાથીઓ ય ગડથોલું ખાઈ જાય, નાદાન ! ભોળી બાયડીઉં ભગવાન ભગવાન કરીને પગે લાગે, વાંઝણિયું છોરુની માગણીઉં કરે, કરમહીણીકું ધણીને વશ કરાવવા માટે કાકલૂદી કરે, એમાં મલકાતો શું ફરછ ?"

જુવાન કશો જ જવાબ દીધા વિના, પોતાની માળાનો ઉચાટ કરતો મૂંગોમૂંગો બેસી રહ્યો. એને આ બુઢ્ઢાની બોલીમાંથી બરછીઓ વરસતી હતી, અને બુઢ્ઢાના હાથના આખેયે શરીરે ફરી વળતા ફરસા સ્પર્શ હેઠળ એના દેહની પ્રત્યેક પાંદડી ફરકફરક થતી હતી. પોતાને ચોર ગણીને પછી પાછા આમ મોહી પડનાર પુરુષનું આ આચરણ એને વિચિત્ર લાગ્યું. બુઢ્ઢો મારા બેડોળ ચહેરાની કે મારા માની લીધેલા ચોટ્ટાપણાની વાત વીસરી બેસીને મારા શરીર સાથે આ શા ગેલ કરવા બેઠો છે ? તાકાત અને મર્દાઈનો પૂજક આ મારો વજીર પિતા જ લાગે છે. એકાકી લાગે છે. એની આગલી કરડાઈ ક્યાં ગઈ ? એ ગરીબડો કેમ લાગે છે ?

મા ઘરમાં નહિ હોય ? મા બહારગામ ગઈ હશે ? મા જીવતી તો હશે ને ? માને સૂતી ઝબકાવવી હતી. અણધાર્યા આવીને ચકિત કરવી હતી. જોગીઓની જમાતને સુદામાપુરીને માર્ગે વળાવીને બે ગાઉ પરથી પોતે પાછો વળ્યો હતો. દિવસે આવીને બાર વર્ષ પૂર્વેની યાદદાસ્તને ટેકેટેકે મકાન ગોતી લીધું હતું. ઊંચી મેડીએ ચડવાનો માર્ગ મનમાં ગોઠવી રાખ્યો હતો. પછી રાતે વજીર સૂતા હતા તે વખતે જ ઉપર ચડી ગયો હતો. એણે પણ માને પોતાના

પિતાની માફક, આખું ઘર ઘૂમીને ગોતી હતી. માને શું બાપુએ કાઢી મૂકી હશે ? એની દાઢી ઝાલીને ઝંઝેડું, ને પૂછી જોઉં કે 'મારી માને ક્યાં ગાયેબ કરી છે ?' પણ માળા એ ડોસાના હાથમાં હતી. માળા તૂટે તો મરવું પડે એમ ગુરુદેવે ગાંઠ વળાવી છે. હવે તો બુઢ્ઢાના હાથમાંથી છૂટી જવાની જ રાહ જોવી રહે છે. મા આ ઘરમાં નથી એ નક્કી વાત છે. આ ઓરડાની ભીંતો માવિહોણી દશા દાખવતી ઊભી છે. પિતા પોતે જ માવિહોણી દશાનું ખંડેર લાગે છે. પિતાનો પુત્ર બનીને આંહીં રહી એનો બુઢાપો પાળું ? નહિ નહિ, માને દુભવનાર પિતા એવી સેવાનું તીર્થ કેમ બની શકે ? સાચા સ્વરૂપે પ્રકટ થયે પિતા જ મને શાનો સંઘરશે ?

એવા વિચારગ્રસ્ત બાળકે આખરે પોતાના લલાટ પર પિતાના જરાગ્રસ્ત હાથનો સ્પર્શ અનુભવ્યો. વૃદ્ધનો હાથ એના લલાટ પર થઈને માથા પર ગયો. આખેય માથે ઘૂમતી એ આંગળીઓ એક બેનમૂન ખોપરીનો ઘાટ તપાસતી હતી. ખોપરીનો આકાર તપાસીને બુઢ્ઢાએ કહ્યું : "અક્કલની ઓછપ તો આ ખોપરી જ બતાવી આપે છે. માથું સાવઝનું, પણ બુદ્ધિ રોઝડાની ! નીકર કાંઈ મા, મા, મા બોલતો બોલતો ચોર ચોરી કરે ? ચોરવિદ્યા ચડી નથી તેનું કારણ જ આ માથું. ઢીંક માર્યે તો તું મદોન્મત્ત ખૂંટિયાનાં ય શીંગ ખોખરાં કરી નાખ એ વાત સાચી, પણ બુદ્ધિ નાદાન બાળકની. આવડો મોટો આદમી મા, મા, મા, કરતાં શરમાતો ય નથી ? મને તો તારું શું કરવું એ વિચાર થઈ પડે છે. તારું માથું તપાસ્યા પછી તો તને કોટવાળને સોંપવાની જરીકે મરજી થતી નથી. તારી છાતી ને તારી પીઠનાં પાટિયા પારખ્યાં પછી તને છોડવાનું મન થાતું નથી. પણ તને ફોજમાં દાખલ કરવાનો શો સબબ રહ્યો છે હવે ? હવે તો મારું જ દિલ ઊઠી ગયું છે. નાકના જુવાનોને શીદ કપાવ્યા કરવા ? જા ભાઈ, ચાલ્યો જા, હવે ઠાલો આ મેડીએ ચડતો નહિ. અહીં કોઈ માફા છે નહિ, સોનારૂપાંય નથી, કે નથી સીધાં સદાવ્રત. દ્વારકાને માર્ગે ઊતરી જાજે. જા. હવે તું આંહીં વધુ રહીશ તો મારો જીવ નાહકનો લોભમાં પડશે. એકની વાંસે બીજી ગઈ, ત્રીજાને ય હવે. ગામતરું કરવાની વાર નથી. ત્યાં તને ક્યાં ગળે વળગાડું ! જા તારે માર્ગે."

એમ કહીને વૃદ્ધે જુવાનના ગળાની માળા છોડી દીધી. તે પછી એણે કહ્યું : "ઊભો રે', ફરી એક વાર, બેય હાથે હું તારી કાયાને તપાસી લઉં. એક હાથે પૂરું પારખું થાય નહિ."

પછી બુઢ્ઢાના બંને પંજામાં લપેટાઈ રહેલો એ જુવાનનો અધખુલ્લો દેહ થરકાટ કરતો કરતો જાણે હવે છૂટવું ગમતું નથી એવી એક લાગણી અનુભવી રહ્યો. વૃદ્ધ પણ એ દેહને સ્પર્શતો સ્પર્શતો "વાહ ! રંગ ! શાબાશ ! નવરો હશે દીનોનાથ, જે દી તને ઘડવા બેઠો હશે !" એવા લગભગ હર્ષઘેલાને કાંઠે પહોંચનારા બોલ બોલતો બોલતો એ જુવાનને પોતાની બાથમાં ખેંચતો જ ગયો. જુવાન ડર ખાતો ખાતો દૂર હઠવા મથતો ગયો. પણ આખરે વૃદ્ધે જુવાનને ચોંકાવી મૂક્યો. કસકસીને એને હૈયાસરસો ખેંચી લીધો, "વાહ મર્દાઈ, વાહ !" કહીને બાથમાં

ભીંસી લીધો. ને પછી કહ્યું કે "સારું થયું કે તું પાંચ વરસ વહેલો મારી બાથમાં ન આવ્યો. ભીંસીને ભાંગી નાખત. આજ તો મારી કાયામાં જોર નથી રહ્યું એટલે તું જીવતો જાછ. કોણ જાણે, તારા દેહ માથે એવું હેત ઊપજે છે કે જાણે ભીંસીને ભુક્કા કરી નાખ્યું. બસ, હવે જાતો રે'. મને જ હવે તો બીક લાગતી જાય છે, હું ક્યાંઈક તને રોકી પાડીને નવું સાલ ઊભું કરીશ. ઊઠ, ભાગવા માંડ, લંગોટા ! ખબરદાર જો નગરના સીમાડામાં ફરીને પગ મૂક્યો છે તો !"

જુવાન હસ્યો. બુઢ્ઢાના ક્રોધની બનાવટ એક બુઢ્ઢા સિવાય બીજા કોઈથી અછતી રહે તેવી નહોતી. જાણે કોઈ બાળક બનાવટી બીક બતાવતું હતું કે 'માલી નાખીછ !'

યુવાન જે માર્ગેથી ચડ્યો હતો તે જ માર્ગે પાછો ઊતરતો હતો ત્યારે ડોસો એને જોવા માટે જઈ ગોખે ઊભો રહ્યો. ઘર પછવાડેનો એ ઉજ્જડ પ્રદેશ હતો.

"ચૂપચાપ એલા – જો પડતો નહિ." આ અબોલ જુવાનને સડસડાટ ઊતરતો જોઈને બુઢ્ઢો હસ્યો : અરે ! રંગ રે મારા બેટા ખિલખોડા ! સાચો તાલમબાજ મેડીફાડ !"

અરધું ઊતરી ગયેલા એ જુવાનને બુઢ્ઢાએ ફરી કહ્યું :

"જરીક થોભ, મરદાઈનો પૂજનારો એક છે. સોરઠધરાનો સપૂત અજો જામ, કોક દી આ કાયાને એને માટે ખપાવજે, હોં ! નીકર કાગડા-કૂતરાંને ય ખાવા કામ નૈ લાગે, સદાવ્રતિયા ! બાવાઓ ભેળા થઈને જમીનની જીવાતને જમાડી દેશે. હોં સદાવ્રતિયા ! ખપી જાજે કોક દી મારા અજા જામને કાજે –"

## પુરુષાતનની પ્રતીતિ

નગરથી અધરાતનું ઊપડેલ કાઠી-કટક પરોઢિયે ખેરડી પહોંચ્યું. જીતનો દરબાર સવારે ભરાય તે પહેલાં થોડોથોડો વિસામો ખાઈ લેવા કાઠી જોદ્ધાઓ પોતપોતાને ફળિયે ચાલ્યા ગયા. અને પોતાનું જખમી હૃદય સગી સ્ત્રી પણ ન પરખી જાય તે માટે કાઠીરાજ લોમા ખુમાણે શાંતિથી પોતાના શયન-ખંડના ઓરડામાં ઢોલિયે બેઠેબેઠે કાઠિયાણી પાસે કપડાં ઉતરાવવા માંડ્યાં.

"પણ આવડી મોટી જીતનો ઝળકાટ જ તમારા મોં માથે મુદ્દલ કેમ દેખાતો નથી, હેં દરબાર ?"

કાઠિયાણીના એ પ્રશ્નના જવાબમાં ખુમાણે કહ્યું : “જીતને ય જીરવવામાં શોભા છે, કાઠિયાણી.”

“તમને એક વધામણી આપવી છે.”

“આપો.”

“તમે સ્વપ્ને ય કદાપિ ન માનો એવી વધામણી.” “આવડું જબર વેર દલ્લીના પાદશ્ય સાથે બાંધ્યા પછી હવે વળી બીજી કઈ વધામણી બાકી રહી છે ?”

“વેર બાંધ્યું લેખે લાગે એવી વધામણી.”

“ભણોને ઝટ.”

“કાં કહેતા’તાને કે આવડી મોટી જીત જીરવી લીધી છે ! તો પછી આ વધામણી સાંભળવાની અધીરાઈ કાં બતાવો ?”

“તમને બાયડિયુંને તો સદાને એક જ સંતોષ વા’લો.”

“શો?”

“પુરષને મોંયે મીનો ભણાવવાનો. લ્યો ભા, અમે ય મીનો ભણ્યો. હવે ભણો, શી છે તમારી વધામણી ?”

“આવો આંહીં.”

કાઠિયાણી પોતાના કંથને મેડી ઉપરથી નીચે એક એવા ઓરડાની દીવાલે લઈ ગઈ, કે જેની દીવાલના એક ગુપ્ત બાકોરાની આરપાર બીજા દૂરના ફળિયામાં ખાસ એકાંત રાખવા લાયક દરબારી પરોણાનો વિશાળ ઉતારી દેખી શકાતો અને એ પરોણાની તમામ હિલચાલ પર છૂપી નજર રાખી શકાતી.

“જોઈ લ્યો. ત્યાં કોણ છે ?”

ગુપ્ત જાળિયામાંથી જોનાર લોમા ખુમાણની આંખોએ પરોઢિયાના એ જરીજરી ઊઘડતા અજવાળામાં આઠસો જેટલા આદમીઓને ઊઠતા ને બેસતા, કશીક સંઘ-ક્રિયા કરતા જોયા. ચારસો એક બાજુ, બીજી બાજુ બીજા ચારસો, ને વચમાં એક પચીસેક વર્ષના જુવાનને જોયો. એ આઠસો ને એક નમાજ પઢતા હતા. રાત્રિની નીંદ આપીને પુનઃ પાછી નવા પ્રભાતની બક્ષિસ કરનાર પરવરદિગારને ઉપાસનારા આ મૌનધારીઓ કોણ છે ? ગઢના અતિથિ-ગૃહમાં ફકીરોની કોઈ જમાતને સંઘરી છે શું કાઠિયાણીએ ? નહિ, નહિ, ગેબની માળણ પ્રાતઃકાળની તેજ-ઝારી વધુ ને વધુ છાંટવા લાગી તેમતેમ એ આઠસો ને એક કલેવરો અમીરી ઓલાદનાં દીસ્યાં. તેઓનાં ઝૂલતાં વસ્ત્રો મુલાયમ હતાં. તેમનાં મોં પર ગુલાબી ગૌરતા હતી, બંદગીમાં ઝૂકેલા એ આઠસો ને એકની આંખો બિડાયેલી હતી. અજાણ્યા કાઠી-મુલકમાં, પરાયા ગામધણીને ઘેર, ચોય ફરતા બંદોબરતની વચ્ચે, આટલો બધો ઇતબાર મૂકીને ઈશ્વરોપાસનામાં એકાકાર બનેલા આ પરોણાઓ શું બેવકૂફ હશે ?

ખીંતીએ ખીંતીએ હથિયારોની થપ્પીઓ પડી હતી. તમંચા ભરેલા કમ્મરબંધો ટિંગાતા હતા. અને ઓ દેખાઈ, ઝરિયાની ટોપીનાં ટોપકાં ફરતી બંધાયેલી પડેલી એ મુગલાઈ પાઘડીઓ. ઓ બાંધ્યા એ મુગલાઈ રાજચિહ્નને દાગેલા પ્રચંડ પઠ્ઠા ઘોડાઓ, સાંઠિયાઓ અને સામાન ઊંચકનારા ખચ્ચરો. પોતાના રાજગઢના એ વિશાળ ઉતારાને કાઠીરાજે એક છેડેથી સામા છેડા સુધી ઠાંસોઠાંસ ભરાયેલો દેખી પત્નીને ફાળભર્યો પ્રશ્ન કર્યો : "આ મુંગલા છે ? આ ક્યાંથી ? કોણે ગઢમાં પેસાડ્યા ?"

"મેં, મેં જ તો."

"તમે આ શો ગઝબ ગુજાર્યો ? તમને ફોસલાવીને ગઢનો કબજો તો નથી લઈ લીધો ને ?"

"લે તો હક્કદાર છે."

"અરે પણ તમે આ છોકરવાદી કાં માંડી ? મુગલોને તો હું ધમરોળીને હાલ્યો આવું છું."

"એ સાંભળીને જ આ આઠસો ને એક આવ્યા છે. આપણે ખેરડી ખાલી કરીને એમને સોંપી દઈએ તો ય રૂડા લાગીએ એવા એ મહેમાન છે."

"પણ કોણ છે ? ઝટ ભણોને કાઠિયાણી ! નહિતર નમાજમાંથી ઊઠ્યે બાજી હારી બેસશું."

"જોજો જીતને જીરવનાર જોયા હોય તો ! આમ આવો આમ." એટલું કહીને મલકાટ વેરતી કાઠિયાણી સ્વામીને પાછા સૂવાના ઓરડામાં લઈ ગઈ ને ત્યાં એમના ગળામાં હાથ નાખીને બોલી : "લ્યો, આ વિજયની માળા પહેરાવી તમને, અને હવે વિસામો લેવાની ઉતાવળ રાખો. તમારી વાટ જોવે છે." "કોણ ?"

"અમદાવાદની રાજ-લખમી. આભા થાવ મા, સાંભળો વધામણી, બીજું કોઈ નહિ, મારો ભાઈ આવ્યો છે."

"તારો ભાઈ ?"

"હા, હા, હા, મારો ભાઈ નહનૂ."

"નહનૂ મુઝફરીઓ ?"

"અરે સંભાળો સંભાળો, જીભ સંભાળો, મુઝફરીઓ નહિ, મુઝફ્ફરશાહ."

"આંહીં ? દલ્લીનો કેદી, આંહીં ક્યાંથી ?"

"દલ્લીથી"

"છૂટ્યો ?"

"ના, ભાગી આવ્યો."

"ત્યારે તો વધામણી નહિ આફતના ડંકા, મોતનું તેડું, કાળનો દાવાનળ."

"અરે ચમકો મા, અસ્ત્રીની અક્કલ ઉપર આટલો બધો અવિશ્વાસ આણો મા. ભાઈ મારો નથી તમને મોતનું તેડું કરવા આવ્યો. તમને ભેંસુંના ગોવાળને ગુજરાતની અમીરાઈનો પહેલો પટો બંધાવવા આવ્યો છે. તમે ઝટ સાબદા થઈ જાવ – આપણો સૂરજ આજ સમો ઊગ્યો છે. ઊગતા ભાણને ભાવની અંજળીઉં આપો, કાઠીરાજ ! અને પછી માણકી પલાણો."

"મને વિગતેથી સમજાવો, રાણી. મને કાંઈ ગમ પડતી નથી."

“સાંભળો. મારા ભાઈનું ભૂંડું કરવાવાળો કપાતર ઇતમાદખાં પસ્તાઈને મક્કે હજ પડવા હાલ્યો ગયો’તો, ત્યાંથી એ પાછો દલ્લી આવ્યો. અકબરશાએ ખોટ ખાધી, ગુજરાતની સૂબેદારીનો રુક્કો આ ભાભા ઇતમાદને આપ્યો. આગ્રામાં એ જાણ થઈ અને મારા ભાઈની આંખ ફાટી. અકબરશાહની તમામ રયાસત અને સેના ઢાકા, બંગાળા ને દખણના દંગા દબાવવા હાલી ગઈ છે. નહનૂ ભાઈ આગ્રેથી ભાગી છૂટ્યો. રાજપીપળે આવ્યો. ઇતમાદખાંની આગળના સૂબા શાહબુદ્દીને દલ્લી જતાં જતાં પોતાના મુંગલા જોદ્ધાઓને રજા આપી. એ બધા ઈતમાદ ભાભા આગળ ગયા. કહે કે અમને ચાકરીમાં રાખો. ઇતમાદ ભાભો બોલ્યો કે ગામ-ગરાસ તો તમને ન મળી શકે, રે’વું હોય તો દસ-દસ રૂપરડીનો દરમાયો ખાવ. ભાભો બહુ ભૂંડો લાગ્યો. ફોજમાં ફાટફૂટ પડી. મુંગલા બધા નહનૂભાઈને ભેટી ગયા છે. ખંભાતના દોલતા સૈયદે અને સૂરત-ભરૂચવાળા સરદારોએ દોડ્યા આવીને નહનૂભાઈને કોથળકોથળે નાણાં દીધાં છે, હજારુંની ફોજું તૈયાર રાખી છે. અમદાવાદમાં ઇતમાદ ભાભાનું કોઈ રિયું નથી. વસ્તી હૂકળી રહી છે, કે લાવો, ઝટપટ લઈ આવો અમારા આગલા સુલતાન મુઝફ્ફરશાને. પણ ભાઈ બચાડો, પંડ્યે તમને તેડવા આવેલ છે : આવીને મારા તો પગુંમાં પડી ગયો, ને બોલ્યો કે બેનની દુવા લઈને પછી ગાદીએ બેસવું છે. અને પ્રથમપહેલો આશરો આપનાર કાઠીરાજને ગુજરાતી અમીરાતની પહેલી પાઘડી બંધાવવી છે.”

લોમા ખુમાણે આખી રાત ગળીગળીને મનમાં ઉતારી પૂછ્યું : “આપણા જાસૂસે શું કહ્યું ?

“કહ્યું કે અમદાવાદનો એકેએક ખબર સોળ વાલ ને એક રતી સાચો છે, ને ઇતમાદ ભાભો આજકાલમાં જ ઓલ્યા મોયલા શાહબુદ્દીનને મનાવી લાવવા ઊપડી જશે.”

“કાઠિયાણી,” લોમા ખુમાણે કહ્યું : “હવે તમારી વધામણી સાચી. હવે લાવો દાતણ અને છાશ્યું તૈયાર કરાવો.”

“તૈયાર કરાવવાનું અટાણ લગી હોય ? રાત બધી નીંદર જ કોણ કરે છે. આ ત્રણ દી થ્યા ? આખું ગામ જાગે છે. મહેમાનોની સરભરા કરીયે છયેં.”

“આ વખતે તમને વીરપહલીનું કરીને કાંઈ આપ્યું તમારે ભાઈએ, કે બસ બોન ! બોન ! બોન ! કરીને જ રીઝવે છે ?”

“આમ જરા જોશો ?” એમ કહીને કાઠિયાણીએ ઢોલિયા નીચેની એક પેટી બતાવી. ઉઘાડી. અંદર ભરેલાં જવાહિરો જોતી લોમા ખુમાણની આંખો ચકળવકળ બની. એણે હર્ષાવેશમાં કાઠિયાણીને હૈયે હાથ નાખ્યો.

"કાં, મોટા હારજીતના જીરવણહાર ! લાજો લાજો હવે, લાડા ! સૂરજ ડાડે કોર કાઢી." કહેતી જ એ ઊઠીને ચાલી ગઈ. ને લોમો ખુમાણ ઉતારે ગયા.

"ઓહોહોહો –" એમ બોલતે બોલતે લોમા ખુમાણે એ આઠસો લડવૈયાઓના લાડીલા જુવાન સામે ખડકીમાંથી દોટ દીધી. "બાપ આવ્યો, ભાઈ આવ્યો, મારો ખાવંદ સુલતાન આવ્યો !" એમ બોલતાં બોલતાં અશ્રુજળે કંપાયમાન કંઠે કરીને કાઠીરાજે મુઝફ્ફરને બાથમાં ઘાલ્યો. મુઝફ્ફરે પણ કાઠીરાજના શરીર ફરતી સ્નેહની બાથ ભીડી લીધી. ભેટીને છૂટા પડ્યા ત્યારે પરસ્પર બેઉનાં મોં જોવાનો મોકો મળ્યો. નહનૂના ચહેરા પર નવું નૂર હતું. નહનૂની આંખોમાંથી માયામમતાનાં મોતી વેરાઈ નહોતાં ગયાં. એણે આઠસો અંગરખાધારી, લુંગીધારી, જમાદારી પાઘવાળા મુગલો તરફ લોમા ખુમાણને લીધો. એક પછી એક સરદારની પિછાન કરાવી : "આ સરદાર ખલીલબેગ, સરદાર મીર યુસુફ, મહમદ બખશી, કાદર બેગ, અબાલીક ઉઝબેક, મીર આબેદ, મુગલબેગ..."

એક પછી એક સર્વની સાથે લોમા ખુમાણ હાથ મિલાવતો ગયો. પ્રત્યેકને માટે એના મોંમાંથી "બા...પા ! બાપ ! બાપ ! ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય કાઠીનાં ! વાહ અમીરાત ! વાહ-વાહ-વાહ- પોતાનું ઘર ગણીને આ ધૂડમાં પડ્યા રિયા, મારા બાપ ! મુગલ અમીરાતના ઢગલા ને ઢગલા મુજ રાંકને આંગણે ઊતરી પડ્યાં..."

તમામની સાથે હાથ મિલાવવામાં લોમા ખુમાણે સ્નેહભાવની અવધિ ખરચી નાખી. દાયરો કસુંબો લેવા બેઠો. ચારણોએ કાઠી ઇમાનદારીનાં ને મુસલમાની નેકટેકનાં કવિતો સુણાવ્યાં. મુઝફ્ફરનાં નેત્રોમાંથી નીતરતી રોશનીની ધારાઓ તો સોરઠી ઇમાનદારીની મહાકાવ્યધારા બની ગઈ. "પંદર દિ'માં આગ્રેથી રાજપીપળા ! પંદર દિ'માં પોગાડ્યાં મારા બાપ ? સુલતાન મુઝફ્ફર અને પાદશા અકબર વચ્ચે હવે શું થોડોક જ ફેર ભાંગવો બાકી રહ્યો ?" લોમા ખુમાણે તારીફની નદીઓ ને નદીઓ વહેતી મૂકી.

આગ્રાથી નાસી છૂટેલા નહનૂનું ગુજરાતમાં આવી પહોંચવું, એ બેશક એક મર્દાઈનો કિસ્સો હતો, કેમ કે એ નાસવું એક પાદશાહી બંદીવાનનું હતું. આગ્રાના આનંદો તજીને મોતનાં જોખમ માથા પર લેનારો નહનૂ નાસ્યો ત્યારે નિરાધાર હતો. ગુજરાતમાં કોણ શત્રુ ને કોણ મિત્ર તેની નહનૂને ખબર નહોતી. પાસે ખરચી નહોતી. પલાણવા ઘોડું નહોતું. આગ્રામાંથી એને ઉઠાવનાર ઊંટ કે અશ્વ કોઈ ઇતિહાસની નોંધમાં નથી. એ ક્યાં થઈને ચાલ્યો, એને કોણે જમાડ્યો ને એ કોનો રાત-આશરો પામ્યો, તેની નોંધ ક્યાંય રહી નથી. રહી હોત તો રોમાંચક બની જાત.

"લોમાભાઈ," મુઝફ્ફરે એકાંતમાં દાંત પીસ્યાં : "હું ન ભાગત. અકબરશાહના હાથની તાલીમે મને બીજાં પાંચ જ વર્ષોમાં, સાચો ઇન્સાન બનાવ્યો હોત. અબુલ ફઝલની આગળ ઇતિહાસ ભણવાનું મને ખૂબખૂબ ગમતું હતું. રાજા માનસિંહજી પોતે જ મને સમરાંગણોમાં સાથે લઈ જઈ જવાંમર્દીના પ્યાલા પાતા હતા. હું સુખી હતો. શહેનશાહના જનાનખાનાની કોઈક બેટી સાથે મારી શાદીની વાત પણ દૂર નહોતી. મારી ભોજન-થાળી શહેનશાહના જ બબરચી પકવતા હતા. મને એક દિવસ 'નામર્દ' વગેરે સખૂનો કહેનાર મુગલોને અકબરશાહે જન્મકેદમાં હડસેલી દીધા હતા. મારે કશી કમીના નહોતી. પણ શું કરું ? મક્કેથી પાછા આવનાર, એ મારા શત્રુ ઇતમાદખાનને જ્યારે શહેનશાહે ગુજરાતની સૂબેદારી એનાયત કરી, ત્યારે મારું ખૂન ખદબદી ઊઠ્યું. મારી અમ્માની ચીસો ફરી એક વાર મારા કાને પડી. મારી માતા પર ગર્ભપાતની કોશિશોનો ગજબ ગુજારનાર અને ગુજરાતની સ્વાધીનતાને કૂડકપટથી ખતમ કરનાર ઇતમાદ ગુજરાતની સુબેદારી કરે તો કાં મારે આગ્રામાં જ ઝહર પીને સૂઈ જવું જોઈએ, ને કાં મારે ગુજરાતમાં આવી ઇતમાદનું કલેજું વિદારીને જ હિસાબ ચૂકવવો જોઈએ. હું એવા તોરમાં ને તોરમાં નાસી આવ્યો છું. મને ગુજરાતમાં કદમકદમે યારી મળી છે. યોદ્ધાઓ બેશુમાર છે. ખજાનો તૈયાર છે. હવે આપ ઘોડીએ ચડો તેટલી જ રાહ છે. ઇતમાદ અમદાવાદ છોડી શકે તે પહેલાં જ પહોંચવું છે. ભદ્રનો કિલ્લો ભેદવામાં એક પથ્થર પણ ખેસવવાની જરૂર નથી. ઇતમાદે બુઢ્ઢે દિલ્હીથી કુમક મગાવી છે. એ આવતાં પહેલાં તો ભદ્રના બુરજ પર મહાકાળી તોપો નહિ ચડાવું ? ચાલો, લોમાભાઈ, તમારે ભાલેથી શુકન લઈને હું આ વખતે ગુજરાત સર કરીશ, મારા સાચા રક્ષણહાર આ વખતે તો સોરઠિયાઓ જ બનશે."

"હાલો બા ! હું તો હવે શહેનશાહનો બહારવટિયો બની ચૂક્યો છું."

"મેં એ બધી બીના સાંભળી. ગઝબ શિકસ્ત દીધી તમે તો, લોમાભાઈ. મારા દિલમાં હતું કે આપણે નવાનગર કાસદ મોકલી જામને પણ મારી કુમકે બોલાવી લઈએ. અને મારે મુરાદ તો હતી બે જણાને જોવાની : તમારા જેસા વજીરને તથા જામકુંવર અજાજીને."

"હા, ખાવંદ," લોમા ખુમાણે જવાબ વાળ્યો : "હુકમ હોય તો તેડાવી લઈએ; એ તો આપણા જ છે. હું કહું એટલું જ એ કરવાવાળા છે. પણ અત્યારે ત્યાં સરખાઈ નથી. કુટુંબમાં કજિયો છે, ને વજીર પણ લગભગ ખાટલાવશ છે. મને ભારી કાષ્ટી પડી છે, ખાવંદ ! મિરઝાખાનને તગડવામાં મને તકલીફ પડી તે કરતાં વધુ તકલીફ તો એ છોકરાને ને એ બુઢ્ઢાને હિંમતમાં રાખવાની પડી. કલેજાં જોરદાર નહિ. બી-બીને ફાટી પડે. હવે ઝટ મુગલને શરણે થઈ જઈએ એવી હઠ પકડે. એટલે કાલ તો માંડ માંડ એને ઘેર પહોંચતા કરીને હું છૂટ્યો છું. અમદાવાદમાં એવું કાંઈક કરી બેસે તો રામકાણી રહે. વળી, વધુ મદદની જરૂર નથી. મારા પચીસ હજાર કાઠીઓ તૈયાર છે. આપણે ઠરીને ઠેકાણે થયા પછી તેડાવીએ તે ઠીક નહિ ?" "જેમ તમારી

નિગાહ પહોંચે તેમ કરીએ, લોમાભાઈ ! તમે તમામ વાતના જાણકાર છો. તમે જ મારા સાચા સલાહકાર છો."

*

તે પછીનો ચોથો દિવસ બુધવાર હતો. બપોરની નમાઝનો વખત હતો. અમદાવાદના રાયખડ દરવાજા પાસે કિલ્લાનો બિસ્માર ભાગ મરામત થઈ રહ્યો હતો. બે હજાર કાઠીઓને અને આઠસો મુગલોને પડકારતા સુલતાન મુઝફ્ફરે તેમ જ લોમા ખુમાણે એ દુરસ્ત થતા કિલ્લા-ભાગ પર હલ્લો કર્યો. દીવાલ ઉપર ફોજ ચોકી કરતી હતી તેના ઉપર કાઠીઓ તૂટી પડ્યા, અને અમદાવાદ શહેરને જાણ થઈ કે મુઝફ્ફરશાહ, આપણો સાચો રાજ-વારસદાર, દાખલ થઈ ચૂક્યો. પ્રજાએ મુઝફ્ફરને જૂની રાજભક્તિના ઉમળકાથી ભરેલો આવકાર આપ્યો. અમદાવાદની બજારમાં ઘોડો હાંકતા એ યુવાન મુસ્લિમે પોતાની બાજુએ સોરઠિયા કાઠીરાજને ઘોડો રાખવાનું ગૌરવદાન કર્યું.

"ક્યાં છે કમજાત શેરખાન ? શેરખાન ક્યાં છે ?" મુઝફ્ફરે પોતાનાં વેચાણ કરનાર મતલબી પઠાણ શેરખાન ફોલાદીના ખબર પૂછ્યા.

"શેરખાન ચોકી કરતો બેઠો છે. કિલ્લા નજીકની 'ચોખંડી'માં. હાલ્યા આવો, સુલતાન." જાસૂસે જાણ કરી.

"કાઠીરાજ," મુઝફ્ફરે દાંત કચકચાવીને ભલામણ દીધી : "બે જણને જરૂર પડે તો શેક્યા વિના જ ખાઈ જવા છે : એક શેરખાનને, બીજા ઇતમાદખાનને. એ બે ઉપર દયા બતાવશો નહિ."

"આ આવે શેરખાન, સામે જ ઘોડેસવારો દોટાવતો આવે છે."

"ચાલ્યો આવજે, લૂણહરામી શેરખાન. કસમ છે તારી મર્દાઈના, જો તું ભાગે તો, શેરખાન." એવી ત્રાડો પાડતો મુઝફ્ફર એકલો પોતાનો અશ્વ આગળ કરી વંટોળો જાય તેમ શેખ ભથરીના મકાન તરફ ધસ્યો. એણે આજે ભય તજ્યો હતો. એ પોતે જ આજે ભયનું ભૈરવરૂપ બન્યો હતો. એની જુવાની ખુન્નસ પકડી ચૂકી હતી. એની તલવારના કણેકણમાં શેરખાનના શોણિતની પ્યાસ હતી. "ભાગજે મા, શેરખાન ! પઠાણની ઓલાદનો હો તો તો સામાં કદમો ભરતો આવજે. હું એકલો આવું છું, શેરખાન ! તું પઠાણ, હું ગુજરાતી : તું શેરબહાદુર, હું ગરીબ નહનૂ : મુકાબલે રમીએ, ઓ શેરખાન, ઊભો રહેજે."

પણ શેરખાને જ્યારે પોતાની સામે ધસી આવતું કાળ-રૂપ નિહાળ્યું. ત્યારે પોતાની પઠાણી ઓલાદને વીસરી જઈને રફૂચક થવામાં જ એણે સાચી વીરતા સમજી લીધી. એણે ઘોડાની લગામ ફેરવી. એ સરી ગયો.

ભદ્રના કિલ્લાની ચાવીઓ લઈને દરવાનો દરવાજા પર જ હાજર ઊભા હતા. ઉશ્કેરાટભર્યો ને ખુન્નસની વરાળ કાઢતો નહનૂ ભદ્રમાં ઘૂમી વળ્યો. ઇતમાદ ક્યાં ? ઇતમાદ નથી ? નાસી છૂટ્યો ? ચાબુકોના માર એણે મને આ જ કિલ્લામાં મારેલા. મારી ગહરી નીંદર એણે એક રાતે અહીં જ બગાડી હતી. ને મારી અમ્માને એણે ક્યાં, કયા ઓરડામાં પૂરીને તેજાબો પિવરાવ્યા હતા ? ક્યાં ગયો ઇતમાદ ? છટકી ગયો ? ઇતમાદ અને શેરખાન બેઉ મારી જાનને લોહીની પ્યાસમાં તડપતી રાખીને ગયા.

ખેર, જવા દે, દિલ ! હું આંહીં કેટલા દિન ? હું ક્યાં રાજ કરવાની લાલચે આવ્યો છું ? પણ એક વાર ગુજરાત જોવી હતી મારે. પાટણ જઈને છ વર્ષ પર અકબરશાહના હાથને બોસો કરતો ઊભો રહેનાર મુઝફ્ફર ડરપોક નહોતો, રંડીપુત્ર હશે ભલે, પણ નામર્દ નહોતો, એટલું મારે બીજાને તો ઠીક પણ ખાસ કરીને તો ખુદ મારા જ દિલને દેખાડવું હતું.

ભદ્રના કિલ્લામાં ફરી એક વાર ગુજરાતને સિંહાસને એક ગુજરાતીની તાજપોશી થઈ. મુઝફ્ફરે જુમ્મા મસ્જિદમાં જઈ પોતાના નામનો ખુતબો પઢાવ્યો. મસ્જિદમાંથી પાછા આવતાં એણે પૂછ્યું : “ક્યાં ગયા કાઠીરાજ લોમા ખુમાણ ? એને શું આપણે વિસારી જ મૂક્યા !”

લોમા ખુમાણ અને એના અસવારો ભદ્રમાં હાજર નહોતા. ક્યાં ગયા, ક્યાં ગયા, શોધાશોધ મચી રહી. આખરે કાઠીઓ શહેરનાં અઢળક જરજવાહિરોની લૂંટ કરતા જડ્યા. સુલતાનની પાસે આવીને લોમા ખુમાણે એ લૂંટનો કેટલો હિસ્સો સોંપ્યો તે તો માલૂમ નથી, પણ એક શાણી શિખામણ તો બરાબર દીધી કે “બાપ, ભદરનું તખત તો આજ છે ને કાલ્ય નથી, તખત કાંઈ ભેળું થોડું ઉપાડી જવાશે ? માટે તારા સારુ થોડી ખરચી જોગવવા એક ફેરો મારી આવ્યા. ધરવ થઈ ગયો. હવે પાછું પરિયાણ કરવું પડે તો ય વાંધો નહિ.”

“અરે લોમાભાઈ !” મુઝફ્ફરે અફસોસ ગુજાર્યો. “આપણી તો બેસતી જ બાદશાહી કહેવાય. લૂંટ ન થઈ શકે.”

“લૂંટ તો શુકન છે, બા, શુકન. આ અઢી હજાર કાઠીઓ લૂંટને જ સાચું શુકન સમજે છે. આ લૂંટ કેને માટે છે ? તારે જ માટે, મારા બાપ ! ને હજુ દુશ્મનના ઝપાટા તો આવતી કાલ જોવા પડશે. અઢી હજાર કાઠીઓનાં પાણીની તો હજી હવે જરૂર પડશે.”

સાચી વાત હતી. રાત્રિને ત્રીજે પહોરે જ ખબર આવ્યા કે બુઢ્ઢો ઇતમાદ જૂના સૂબા શાહબુદ્દીનને કડી મુકામેથી પાછો વાળીને ફોજ સાથે પાછો લાવે છે. શાહબુદ્દીન પાછો વળ્યો જાણીને મુઝફ્ફર ફરી એક વાર ફફડી ઊઠ્યો. લોમા ખુમાણે એને ડરાવ્યો : "આઠસો વજીરખાની સવારોની જે ટુકડી આપણો સાથ કરવા આવી છે, જેને તમે શહેરનો કબજો સોંપી દીધો છે, તે ટુકડી અસલ તો જૂના સૂબા શાહબુદ્દીનની ને ? તો તો શાહબુદ્દીનને પાછો આવતો જોઈ એ ટુકડી શાહબુદ્દીનની તહેનાતમાં ચાલી જશે ને ? તો આજની તાજપોશી પર ફરી પાછી ધળ વળી જશે. ને તમને ય પકડીને સોંપી દે તેનો શો ભરોસો ? વાસ્તે, હાલો બાપ, ભાગી નીકળીએ, તે વેલું આવે ખેરડી. ભાગવામાં એબ નથી. જીવતો નર ભદ્રા પામશે. ફરી પાછા ચડી આવશું. દિના ક્યાં દકાળ છે ? પણ આંહીં ભીંત હેઠ ભીંસાઈને શીદ મરવું ?"

એ શિખામણને સાંભળતો મુઝફ્ફર આકુળવ્યાકુળ થતો હતો. લોમાં ખુમાણે બતાવેલી બીક એને વજૂદવાળી લાગી. શાહબુદ્દીન પાછો આવે તો તો પછી આ વજીરખાની મુગલોને મારી શી ગરજ રહી ? બીજી બાજુ, શહેરનો કબજો લઈને ચોકીપહેરા ગોઠવતાં વજીરખાની અમીરો અચંબામાં પડી ગયા કે શત્રુઓની ફોજ બારેજા સુધી આવી ગઈ તો પણ ભદ્રમાં બેઠેલો સુલતાન કેમ કાંઈ હુકમ કરતો નથી ? બહાર કેમ નીકળતો નથી ? વજીરખાની અમીરો લોમા ખુમાણની પાસે દોડ્યા, પૂછ્યું : "સુલતાન કેમ બહાર નીકળતા નથી ? અમને હુકુમ કેમ નથી દેતા ?"

લોમાએ પોતાનો ભય સુલતાનના નામે ચડાવીને જાહેર કર્યો. વજીરખાનીઓએ લલાટ કૂટ્યું. તેઓ કુરાન લઈને સુલતાનની સન્મુખ પાછલી રાતના પહોરે હાજર થયા. કુરાન પર હાથ મૂકીને સુલતાનને સંભળાવ્યું : "અમારા માટે એક પણ નાપાક વિચાર લાવતા ના, સુલતાન, ને આપ એક વાર બહાર નીકળીને જુઓ કે અમે કેવા લડીએ છીએ. અમે જીતીએ તો આપના નસીબની ચડતી જ છે. ને અમે હારીએ તો પછી આપ અમારાં મુરદાંને પણ જોવા ન રોકાજો."

લોમા ખુમાણના કચવાટનો પાર ન રહ્યો. "અન્નદાતા," એણે ચિંતા બતાવી : "તમારું જો કાંઈ અમંગળ થાય તો સોરઠની માલીકોર અમારે જીવવું જ દોયલું થઈ પડશે. ને હું ઘેર જઈને તમારી બોનને મોં શું બતાવીશ ? મુગલો લડવા જવું હોય તો ભલે જાય, મારા અઢી હજાર કાઠીઓ તો તમારી ચોકી કરતા જ ઊભા રે'શે. અમારા કટકા કરી નાખશો તો ય અમે તમું કનેથી નથી ખસવાના."

"ખેર, ખેર, લોમા ખુમાણ !" મુગલોએ એને ધરપત આપી : "અમે જંગમાં જશું, તમે સુલતાન મુબારકને સમાલજો. અમારે મંજૂર છે."

પો ફાટતાં તો સાબરમતીના કિનારે પ્રેક્ષકોની ગણી ન ગણાય તેવડી ગંજાવર મેદની ખડી થઈ ગઈ. સુલતાન મુઝફ્ફર પણ ખાનપુર દરવાજેથી બહાર આવીને સાબરમતીને મારગે ઊભો રહ્યો. સામે જ દેખાતું હતું બારેજા ગામ. ભળભાંખડામાં શત્રુઓની ફોજ તો હજુ તંબૂઓના ખીલા ઠોકતી હતી. પાછો ફરેલો સૂબો શાહબુદ્દીન ઇતમાદને ખાતરી આપતો હતો કે "લડાઈની જરૂર જ નથી પડવાનીને ! હું પાછો આવ્યો છું એટલું જાણતાં જ મારા વજીરખાનીઓ અહીં આવ્યા ભાળુંને ! મુઝફ્ફર પલાયન થયાના ખબર આવ્યા સમજોને !"

આઠ સો વજીરખાનીઓ આવ્યા – પણ તલવાર ખેંચીને, જંગના લલકાર કરતા આવ્યા.

ઈતમાદખાએ કહ્યું : "ખાં સા'બ, આ કદમો ભાઈબંધીના ન હોય. તમે ભૂલ કરી કે બાળબચ્ચાં અને ઓરતોને પણ પાછા સાથે લઈ આવ્યા. આપણે બધા તંબુના ખીલા ઠોકવામાં જ રાત કાઢી નાખી. ને જુઓ, આ આવે છે તે કરતાં સો ગણી ઠઠ તો સામે કાંઠે શહેરની રાંગે ઊભી !"

એમ કહેતો જ ઇતમાદ પોતાને ઘોડે ચડ્યો.

"કાં, ખાં સા'બ ?" શાહબુદ્દીને અજાયબીથી પૂછ્યું.

"હું ઓસમાનપુરના ઘાટ પર ઊભોઊભો શત્રુસેનાનો માર્ગ રોકું છું, આપ આંહીં લડજો હોં, ખાં સાહેબ !"

એટલું કહીને ઈતમાદ નાઠો. આંહીં તંબૂ નાખતી ફોજ પર વજીરખાનીઓ તૂટી પડ્યા. શાહબુદ્દીન પણ પલાયન કરી ગયો. બાળબચ્ચાં ને સરંજામ પાછળ પડ્યાં રહ્યાં. એની ફોજના સિપાહીઓએ શરણાગત બની મુઝફ્ફરની નોકરી સ્વીકારી.

બીજા દિવસે ખબર આવ્યા કે પાટણને માર્ગે એક ઝાડની ડાળીએ ગળાફાંસો નાખીને એક લાશ લટકતી હતી. એ લાશને ઈતમાદખાની લાશ તરીકે ઓળખાવવામાં આવી.

**19**

## વાય મુઝફ્ફરો !

નવાનગરના આશાપરાના મંદિરમાં એક રોનક ચાલ્યું હતું. નહિ પૂરો જોગી કે નહિ પૂરો સંસારી, એવો એક જુવાન ત્યાં મુકામ કરીને રહ્યો હતો – તલવાર-પટાના ખેલ બતાવતો અને બદ્રીકેદારનાં ગિરિશૃંગો સુધીની વાતો કરતો. રાજા સતા જામની કે જેસા વજીરની સવારી દર્શને આવતી ત્યારેત્યારે એ આઘોપાછો થઈ જતો. એની બોલી મીઠી હતી. એનું ખુલ્લું શરીર ત્યાં પ્રસાદી લેવા ટોળે વળતાં છોકરાંઓનું ક્રીડાસ્થાન બની ગયું હતું. એ બીજો કોઈ નહિ પણ તે રાત્રિએ વજીર-ઘરમાંથી નીકળીને નગરમાં ઠેરેલો નાગડો જ હતો.

એક દિવસ એના કાન પર ચમક પડી. દેરાની પછવાડેની કિનાર પર નવકુંકરી રમવા બેઠેલા બે બુઢ્ઢાઓએ એકબીજાની કાંકરી મારતેમારતે 'હત જોરારના !' એ શબ્દ કાઢ્યા. ઉપરાઉપરી અનેક વાર એ બોલ બોલાયા.

"આનો માયનો શું છે ?" પરદેશી લેખાતા નાગડાએ જાણે કે દેશી સોરઠી બોલી શીખવાની ઊલટ દેખાડી.

"ઈ તમારે સમજવાને હજી વાર છે વાર, પરદેશી ભૈયાજી !"

ભૈયાજી નાગડાએ આગ્રહ ચાલુ રાખ્યો. પછી એ બુઢ્ઢાઓએ માંડીને વાત કરી : "એ તો એમ હતું, ભૈયાજી, કે અમારે આંહીં વજીર બાપુનો એક નાનો છોકરો હતો. ભૂખડી બારશ હતો. જીવતો કોઈ કાળદુકાળ જ જાણે માને પેટ પડ્યો'તો. એક દી નાગમતીને કાંઠે…" એ આખી વાત હાવભાવભેર ચર્ચા બતાવીને ટીખળી બુઢ્ઢાઓ બોલ્યા : "આ ત્યારથી અમારે નગરમાં તો કહેવત થઈ પડેલ છે. છોકરો ગેબ થઈ ગયો, માનો ય કાંઈ પત્તો નથી, જામબાપુ ય પોતાનો બોલ વીસરી ગયા હશે, પણ લોકોનાં મોંમાં તો જામબાપુની કહેણી જીવતી રહી ગઈ. પણ, ભૈયાજી, જોજો પાછા તમે ક્યાંક એ બોલી બેસતા નહિ. એ તો કહેવાને ઠેકાણે જ કહેવાય. નીકર ઊંડે ઝાટકા, જાણી લેજો, હોં, ભૈયાજી ! ઈ મેણું તો નામરદો જ સાંખે."

"મહેરબાની તમારી, ભૈયા !" એટલું બોલીને નાગડો એ આખી જ કથા સાંભળ્યા પછી સૂનમૂન બની નાગમતીને કિનારે ચાલ્યો ગયો, એક શિલા પર બેઠો. અઢાર વર્ષની કલ્પના-પગદંડીને યાદ કરી. બઢ્ઢાઓએ કહેલા ઇતિહાસને નદી-તીર સાથે બંધબેસતો કર્યો. પછી ધીરેધીરે યાદ આવ્યા : બાપ-મા વચ્ચેના અબોલા; પોતાનો પરિત્યાગ; માની શૂન્યતા, માએ મને એ 'જોરારના' શબ્દનો મર્મ સમજાવવાને વર્ષો સુધીની વાર જણાવી. આજે એ મારી મા સામી રાજગાળ લોકવાણીમાં વણાઈ ગઈ છે. એનો હિસાબ શી રીતે પતાવું ?

વળતા દિવસે એણે સતા જામને જોવાનો નિશ્ચય રાખ્યો. રાતનો હરએક ડંકો ને ચોકીદારોનો હરએક ખોંખારો એણે સાંભળ્યા કર્યો. નીંદ ન આવી. પ્રભાતે એણે જામ સતાજીની મુખમુદ્રા દેરામાં ઊભેઊભે નખશિખ નિહાળી. દોટ કાઢું ? પટકું ? કલેજે ચડી બેસું ? પીસી નાખું ? જબાન ખેંચી કાઢું ? માના કહેલા બોલના બદલામાં ચપટી ધૂળ એના મુખમાં નાખું ?

નહિ, નહિ નહિ : એ સાચો જવાબ નથી. અપમાનને બદલે અપમાન દઈશ, તો જૂની ગાળ ફક્ત તાજી થશે. વિચાર કરીશ. માએ આટલાં વર્ષો સુધી ધરેલી સબૂરીનો કંઈક ગૂઢાર્થ હોવો જોઈએ. માએ કંઈક કહેવાનું નક્કી કરી રાખ્યું હશે. મા જીવતી હશે તો આવીને ગમ પાડશે, મૃત્યુ પામી હશે તો અંતરની સ્ફુરણા બનીને આતમ-વાણી સંભળાવશે. ગઝબ ગાળ ! ઓ મૈયા, તને કેટલી હલકી ગાળ દીધી ! ને સુભટ પિતા, વીરોનો ય મહાવીર પિતા સાંખી રહ્યો ! નાગમતીના તટની શિલા પર બેસીને એ દિવસ નાગડો જીવનમાં પહેલી વાર રડ્યો. એ આક્રંદમાં ટપકેલાં આંસુ એવડાં તો મોટાં હતાં કે માછલીઓએ જળમાં લીલી ઝીણી અંગૂરો ટપકતી માની મોઢાં ફાડ્યાં.

ત્રીજા દિવસે એ રસ્તા પર એક ઝાડની ઓથે ઊભો રહ્યો. અજા કુંવરની સવારીની એને રાહ હતી. સવારીના પાંચ-દસ અસવાર પસાર થયા ત્યારે પોતે ઝાડને થડે શરીર ટેકવીને મૂંગોમૂંગો જ ઊભો રહ્યો. એક દિવસ, બીજો દિવસ, ત્રણેક દિવસ ઉપરાઉપરી કુંવરે આ જુવાનની અબોલ મૂર્તિ ઊભેલી દીઠી. દિવસે દીઠી હોય તો રાત્રે એક સુંદર સ્વપ્ન આવે તેવી એ દેહની શિલ્પ-રચના તો હતી જ. તેમાં હમણાં હમણાં પાછી ફોજની ભરતી કરવાનું કુંવરને સોંપાયું હતું એટલે વજીરની માફક એને પણ વંકાં શરીરોનો શોખ લાગ્યો હતો.

ત્રીજે દિવસે કુંવરે ઘોડો થંભાવ્યો. લીંબડાના થડનો ટેકો લઈ ઊભેલ જુવાનને પાસે બોલાવ્યો. પૂછ્યું : “કોણ છો ?”

“પરદેશી ક્ષત્રિય છું.”

“કંઈ માગણી કરવી છે ?”

“શેર આટાની.”

“ફોજમાં રહેશો ?”

“રાખો તો તો ત્યાં જ રહેવું છે.”

"તાલીમ લીધી છે ?"

"સહેજસાજ લીધી છે, બતાવીશ."

"કાલે સવારે કવાયતના મેદાન પર મળજો."

"કિરપા."

ઘોડો હાંકી જતાં પહેલાં કુંવરે ઊંચે જોયું. લીંબડાને લીંબોળીઓ બેઠી હતી.

"ભાણજી દલ !" એણે પોતાના વૃદ્ધ નાયબ-વજીરને બતાવ્યું : "હવે તો આપણે બહુ મોટા થઈ ગયા. લીંબોળિયું ખાવામાં લાજ આવે છે. નાના હતા તે દિ'... ઓહો ! સાંભરીને ય દુઃખી થાવું ને ?"

નિસાસો મૂકીને એ કુંવરે ઘોડો હાંક્યો. એને યાદ આવ્યા હતા, નાગડો ઝાડ પર બેસીને બોકડાગાડીમાં લીંબોળીઓ ફેંકતો તે દિવસો.

વળતા દિવસે 'પરદેશી' ક્ષત્રિય નામે નોંધાયેલા નાગડાએ પોતાની સમશેરબાજીથી અજા કુંવરને મુગ્ધ કર્યો. એણે દેખાડેલા ખંજર-કટારીના તેમ જ ભાલાના ને મુક્કાબાજીના દાવ તદ્દન નવતર હતા, સોરઠની લશ્કરી કળામાં એક નવાઈ જન્મી. કુંવર પોતે જ તે દિવસથી 'પરદેશી'ના આ યુદ્ધ-ખેલ અને મુક્કાબાજીના દાવપેચ શીખવા લાગ્યા. શીખતાં શીખતાં વારંવાર કુંવર 'પરદેશી'ના પંજાને છેડે એક આંગળી છેદાઈ ગઈ હોય તેવું ઠૂંઠું જોઈ રહેતા. 'પરદેશી' પ્રારંભ કરતો ત્યારે પૃથ્વી સામો હસ્ત જોડ કરીને મંત્રોચ્ચાર કરતો : जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसि – આ સ્તોત્ર પણ સૌરાષ્ટ્રમાં નવીન હતું. લશ્કરી સમુદાયમાં ધર્મના પાઠ હાંસીરૂપ બનતા, પણ 'પરદેશી' ક્ષત્રિયની યુદ્ધ-વિદ્યામાં અંજાઈ ગયેલા રાજપૂત યોદ્ધાઓ હસવું ભૂલી ગયા. થોડા જ દિવસમાં એનાં કુળ, ગામ, ઠામ, ઠેકાણું ફોજની અંદર તેમ જ ફોજની બહાર પુછાતાં થયાં. એનું વેવિશાળ અનેક પુત્રીઓના પિતાઓ વચ્ચે સરસાઈનો વિષય બન્યું.

*

એક દિવસ બાપુ સતા જામે કુંવરને તેડાવીને ખબર આપ્યા : "સુલતાન મુઝફ્ફરશાનો કાગળ આવ્યો છે. આપણા રાજ તરફથી એને નજરાણો લઈને સલામ કરવા તમારે જવાનું છે. તમને

અને વજીરને મળવા એને મન છે. વજીર તો માંદા જેવા રહે છે. તમે એકલા જઈ આવો. લોમો ખુમાણ તો સુવાંગ લાભ લઈ આવ્યો. આપણને જાણ પણ કરી નહિ. કેમ વિચારમાં પડી જાવ છો ?"

"હું ન જાઉં તો ન ચાલે ?"

"શા કારણે ન જવું ? વજીર કાંઈ આખો ભવ બેઠા નથી રે'વાના. તેમ હવે એની અક્લ પણ કામ કરતી નથી."

"આપ બાપ દરજ્જે છો. એ ગુરુ દરજ્જે છે. મારે બેમાંથી એકેયની અપકીર્તિ નથી તોળવી. પણ આપની પાસેથી એક કોલ જોઈએ. તે વગર હું અમદાવાદ નહિ જઈ શકું."

"શું ?"

"કે સુલતાન મુઝફ્ફરશાહની મોહબત બાંધવી હોય તો જીવ્યાથી મૂઆ સુધી નભાવી રાખવી."

"સમય સંજોગો જોઈ વિચારીને જે કરવું ઘટિત લાગે તે કરવું જોવે, કુંવર, રાજનીતિમાં તમે પણ વજીરની પાટે બેઠા છો એટલે બાપના બોલ કડવા ઝેર લાગે છે એ હું જાણું છું. પણ ખવાસની રાજબુદ્ધિ છોડીને હવે..." "ખવાસ તો ખરો, પણ સોરઠની સુવિશાળ સાગર-પટ્ટીને માથે આપણા વડવા હાલાજીના નામની છાપ લગાવી દેનારો, મુલક પાથરનારો ખવાસ."

"પાથર્યે માટી થઈ જવાતું નથી ને ? સાચવતાં ય જાણવું જોશે. જે બાદશાહી સત્તા હોય તેને નમતા-ભજતા રહેવું જોશે."

"મને તો એ નહિ આવડે."

"ઠીક, અમદાવાદ તો જઈ આવો. પછી ચર્ચા કરી લેશું."

"હુકમ છે એટલે જાઉં છું. પણ કહી મૂકું છું : આપને મારા વચને બાંધવાનો હું અધિકારી નથી ભલે, મારા પોતાના પગને તો હું દહીં-દૂધ બેયમાં નહિ રાખી શકું."

"ઠીક, પડી મૂકો વાત. જોઈએ હવે. હજી એને ઠરીને ઠામ તો બેસવા દઈએ. પછી વિચાર કરશું."

પુત્રને બહાર કાઢવાનું જોખમ સમજી લઈને સતા જામે વાત પડતી મૂકી.

હમણાં હમણાં તો કુંવર અને એના યોદ્ધાઓ હરેક સંધ્યાએ વાટ જોઈ બેસતા. ગુજરાતના ખબર લઈને રોજ દોટાદોટ આવનારો રાજ-અસવાર સીમાડે ધૂળના ગોટા ઉડાવતો દેખાય કે સૌના શ્વાસ ઊંચા બનતા. ખેપિયા પછી ખેપિયા આવીને ખબર દેતા : "મુઝફ્ફરશાએ વડોદરા માથે કટક ચલાવ્યાં છે. એને મહી નદી વટતો રોકવા શહેનશાહી ફોજો ખાનપુર બાંકાનેરના ઘાટ ઝાલીને ખડી છે. મુઝફ્ફરશા વણખચકાયો ધસતો જાય છે."

"શાબાશ, મુઝફ્ફરા !" અજો જામ પોકારી ઊઠતો, ને બીજા જોદ્ધા એ ભલકારા ઉપાડી લેતા.

બીજો કાસદ : "મુઝફ્ફરનું કટક વીસ હજારે પહોંચ્યું. વડોદરું ઘેરી લીધું છે. ખંભાતથી સૈયદ દોલત ચાર હજાર સવારો લઈ મુઝફ્ફરની સખાતે પહોંચ્યો છે. ફોજમાં રજપૂતો ને કોળીઓનો સુમાર નથી." "એક દિવસ, બે દિવસ, પાંચ-પંદર, ને વીસ દિવસ સુધી વડોદરાનો ઘેરો ટકી રહ્યો છે. નગરના જોદ્ધા રોજરોજની બાતમી માટે અધીર બની બેઠા છે."

ચોથો ખેપિયો ખબર લાવ્યો : "વડોદરાના નવાબ કુત્બુદ્દીનખાનને પકડી મુઝફ્ફરે હાથીના પગ હેઠળ છુંદાવી નાખ્યો. ને અમદાવાદથી ઢસડી આણેલી તોપોને કિલ્લા સામે ગોઠવી કિલ્લો જમીનદોસ્ત કર્યો."

"વાહ મુઝફ્ફરો ! વાય મુઝફ્ફરો," અજા જામના કંઠમાંથી લલકાર ઊઠ્યા.

પાંચમો ખેપિયો ખબર લાવે છે: "મુઝફ્ફર ભરૂચના કિલ્લા પર ત્રાટકી પડ્યો. નવાબ નૌરંગખાન ભાગી ગયો હતો. એની મા જ એકલી કિલ્લામાં હતી. મુઝફ્ફરે કહેવરાવ્યું, કુંચી સોંપીને ચાલ્યાં જાવ, મારે કોઈનો જાન લેવો નથી. ગુલામોએ હાજર થઈને કૂંચીઓ સોંપી. તમામ રોકડ અને અઢળક સોનુંરૂપું મુઝફ્ફરના હાથમાં પડ્યાં."

"ગજબનો મુઝફ્ફરો ! કાળઝાળ બન્યો ચંડીપુત્ર મુઝફ્ફરો. આ સુલતાની ચાર દાડા ચાલે તો ય ભજવી પ્રમાણ, ઉજાળી પ્રમાણ." કુંવર અજાજીનું હૃદય ગજગજ ઉછાળા મારી ઊઠ્યું. પંદર દિવસ બાદ ખેપિયો ખબર લાવે છે : સુલતાન મુઝફ્ફરશાહ આજ સુધી ભરૂચમાં રહી

મારતે ઘોડે અમદાવાદ પર જાય છે, કારણ કે આખા ગુજરાત પર પથરાતી એની આગની આંચ આગ્રામાં લાગી છે. અકબરશાહ હેરત પામી ગયેલ છે. ઇતમાદખાન, શાહબુદ્દીન, કુતુબુદ્દીનખાં અને નવરંગખાં શેરખાંનો કાળ બની જનાર 'મુઝફ્ફર ગુજરાતી' હવે હાંસીનો ને ટોંણાનો વિષય નથી રહ્યો. એને હતો–ન હતો કરી નાખવા માટે આગ્રાથી ચડી ચૂક્યો છે અનગળ કટક લઈને નવાબ ખુદ મિરઝાંખાન : અકબરશાહનો દૂધભાઈ મોટો ખાન : એની સાથે સો તો હાથીઓ છે.

"મિરઝાંખાન ! મોટા ખાન !" 'પરદેશી રાજપૂત' નાગડો રોજરોજ થતી વાતોમાં તે વખત પહેલી જ વાર ચોંકી ઊઠેલો લાગ્યો. "માર દેગા, બડા ખાન નિશ્ચય ઉનકો માર દેગા !"

"તમે મોટા ખાનની વાત જાણો છો ? આટલા બધા પિછાનદાર જેવી વાતો કેમ કરો છો ? ચમકી કેમ ઊઠ્યા ?"

"મેં દીઠો છે બડા ખાનને સમરાંગણોમાં લડતો. મેં જાણે સાક્ષાત્ રુદ્રને જોયો છે. ભયને તો ઓળખતો નથી ખાન. કરુણાની મૂર્તિ, પ્રભુનો પાક બંદો, સિપાહીગીરીમાંથી કાયમી ફારગતી મેળવીને તસબી ફેરવતો બેઠેલો મોટો ખાન જો તસબી છોડીને તલવાર ધરી ચૂક્યો હોય તો..."

નાગડો પોતાના જ કલ્પના-દૃશ્યની ભયાનકતા નિહાળી ન શક્યો હોય તેમ આંખો મીંચી ગયો.

20

## પરાજિત પર પ્રેમ

પાનીઢક અંગરખા પર ભેટ લપેટેલા એક વૃદ્ધ કેટલીક વાર સાંજરે નાગમતીના નિર્જન કિનારા પર આંટો મારતા અને એક છીપર પર બેસીને માછલાંને દાળિયા, મમરા, લોટની ગોળીઓ ખવરાવતા. તેની સાથે એક આધેડ સ્ત્રી આવતી.

"કાલ આઠમ હતી કે આજ છે, તેનો જોષીડાઓએ જડભરતોએ કેવો ગોટાળો કરી નાખ્યો ! હવે અમાસનું આજથી જ ચોક્કસ કરી રાખજે." ડોસાએ તપી જઈને કહ્યું.

"હોં, બાપુ." બાઈએ જવાબ દીધો.

“માછલાં પણ કેટલાં મોટાં થઈ ગયાં !” ડોસો નવાઈ બતાવતો હતો.

“દી જાય તેમ તેમ તો થાય જ ને, બાપુ !” બાઈ પણ નાના બાળકને ફોસલાવવા જેવો તાલ કરતી હતી. “મારા હાથનું ય ખાય છે તો ખરાં. એને બાપડાંને કાંઈ ખબર છે કે ખવરાવનારા હાથ બદલી ગયા ?” ડોસો વધુ ને વધુ બેવકૂફીની મોજ લેતો હતો.

“એ તો છોકરાં જેવાં અણસમજુ કહેવાય, બાપુ ! એને તો જે ખવરાવે તે પોતાનું.”

“છોકરાંનું ય એવું જ કે ? એવું હોય કાંઈ ? છોકરાં બોલી ન શકે, પણ હાથ વરતી જાય, હોં છોડી !”

પણ બુઢ્ઢો આ આધેડ બાઈને ‘છોડી’ કહેતો, કેમ કે એનો જન્મ જ બુઢ્ઢાના ઘરમાં બુઢ્ઢાની સાંભરણમાં થયેલો.

“તમારો હાથ પણ માછલાંને મીઠો લાગે છે. ખવરાવો, બાપુ, ખવરાવો; આપણાંય જ્યાં હશે ત્યાં એને ઈશ્વરનો હાથ ખવરાવશે.”

“લવ લવ કર મા.” બુઢ્ઢો ચિડાયો : “આપણાં ને ફાપણાંવાળી વાત શું વારેવારે કાઢીને ઊભી રે’છ ? તને કોણ ડાહી કરે છે ? આપણાંને આપવા કોઈ ઈશ્વર નવરો નથી.”

“કોઈક આવતું લાગે છે.”

“બીજું તે કોણ આ ડોસાને માટે નવરું હોય ?” બુઢ્ઢાએ આથમતાં સૂર્યકિરણો સામે આંખો પર હાથની છાજલી કરીને કહ્યું : “અજો કુંવર પગપાળા આવતા લાગે છે. ભેળું કોણ છે ? એક જ જણ લાગે છે. આજ રસાલો નથી લીધો ને શું ?”

“ઓલ્યો નવો જુવાન છે.”

“કિયો વળી નવો ?”

“હમણાં હમણાં કુંવરબાપુની સંગાથે એ તો હોય છે ને હોય છે. આપણી ડેલીએ કુંવરબાપુ પધારે છે ત્યારે એ હેઠળ રહીને બીજું કંઈ કરતો નથી, આપણી ભીંતે ચાકળા-ચંદરવાની ને ગાદલા-ગોદડાંની માંડ્ય છે એને જ મોં ફાડીને જોઈ રહે છે. પાણિયારાને માથે કોઈ કાળોતર

પહેલાં નાગપાંચમના નાગલા આલેખેલા છે કંકુના, તે બસ, એને જોતા તો ધરાતો જ નથી. એક વાર મને પૂછતો'તો છાનોમાનો, કે વજીરાણી મા ક્યાં ગયાં છે ?"

"તારે કહેવું'તું ને, કે દુનિયા આખી શા સારુ અમારા ઘરની પંચાત કરવા ભેળી થાય છે ?"

"હું તો રોઈ પડી'તી !"

"ઘેલસાગરી ! લાજી નહિ કોકની આગળ રોઈ પડતાં ? રોઈએ શા સારુ ? કહીએ ને, કે એને પિયર પધાર્યાં છે. માંદાં પડી ગિયાં છે, મરી ગિયાં છે, બળી ગિયાં છે, કૂવે લપસી ગિયાં છે, દરિયે ડૂબી ગયાં છે."

"હું તો કહ્યા કરું છું કે દુવારકાંની જાત્રાએ ગયાં છે."

ઓળખવું સહેલું છે કે આ વૃદ્ધ જેસા વજીર હતા, ને એ ચાલીસ વર્ષની 'છોડી' વજીરાણી જોમબાઈની નિત્યસંગાથી ઘરની દાસી હતી. તલવાર બાંધવી ત્યજી દીધાંને આજે વજીરને મહિનાઓ વીત્યા છે. સતા જામની સલામે એ મશાલટાણે મહાપ્રયત્ન જઈ આવે છે. આશાપરાનું દેરું ચડી શકાતું ન હોવાથી ચોકમાં ઊભાઊભા જ દર્શન કરી પાછા વળે છે. મહિનામાં ચાર દિવસના સંધ્યાકાળ ડોસો આંહીં નદીતીરે બરાબર એ જ સ્થાન પર વિતાવે છે, જે સ્થાને એની પત્ની રાજાનું અપમાન પામ્યાં હતાં, જે સ્થાને પત્નીએ કૈં વર્ષો સુધી સ્વહસ્તે પતિના મેલ ધોયા હતા.

કુંવર અજો જામ આવ્યા એટલે વૃદ્ધે ઊભા થવા યત્ન કર્યો.

"હાં, હાં, મારા સમ, બેઠા રહો. તકલીફ..."

"ના રે ના, એમ કાંઈ હું મરવા થોડો પડ્યો છું ?" ઊભા થઈને વૃદ્ધે કુંવરને રામરામ કીધા.

કુંવરનો સંગાથી પોતાની પીઠ દઈ સારી પેઠે દૂર ઊભો ઊભો નદીનાં હેઠવાસ નીરમાં માછલીઓની રમત જોતો હતો. સૂર્ય-કિરણોનાં પ્રતિબિંબોને કૂણીકૂણી કૂંપળો ગણવાના ભુલાવામાં પડેલી માછલીઓ મોઢાંની ઝાપટો મારતી હતી. ઊભોઊભો એ યુવાન કલ્પનાના દોરને કાળ-કૂપને તળિયે ઉતારતો ઉતારતો વિમાસતો હતો : શું આ નદીતીરના જ કોઈક સ્થાન પર, માનાં સ્તનપાન કરતો કરતો હું મોટો થયો હોઈશ ? આંહીં જ ક્યાંક માને ગાળ દેવાઈ હશે કે ? મહિનાના જે ચાર દિવસ બાપુ આંહીં બેસીને ગુજારે છે, તે દિવસો માની

યાદગીરીના હતા. આખા ગામમાં અદબભેર બોલાતી એ ધર્મ-કથા હતી. બેટાને કાને એ વાત અનાયાસે પહોંચી હતી. ફોજના જુવાન જોદ્ધાઓ પિતાનાં સુખદુ:ખોની ચર્ચા દિલસોજ ભાવે કરતા હતા. એ વાતો ફક્ત અજા કુંવરની ગેરહાજરીમાં જ થતી. કેમ કે પોતાના બાપની બદનામી વજીરાણીની વાત સાથે એવી તો દુ:ખદાયક રીતે જોડાઈ હતી, કે એ ચર્ચામાં ભાગીદાર બનવાની કુંવરની હામ નહોતી.

નાનપણનાં નિગૂઢ સંભારણાંને સંઘરતો આ નાગમતી-તટ ઘડીક ઘોડિયા સમો ને ઘડીક ચિતા સમો લાગતો રહ્યો. એ વહેતાં નીર વેદનાની વાત ભાખતાં હતાં. હરિયાળી ધ્રોની પાંદડીઓ પગને ગલીપચી કરતી હતી. પોતે ત્યાં ઊભો હતો – વર્તમાનની ગૌરવ-કલગી પહેરીને, પણ ભૂતકાળનો કપાળ-ડામ સહેતો રહેતો. આવી જ મિશ્ર લાગણીઓ યમુના-તીરે મુઝફ્ફરને અનુભવવી પડી હતી ને ! યમુનામૈયાની આશિષે મુઝફ્ફરના કલેજામાં મર્દાઈનો કોંટો ફૂટ્યો. મુઝફ્ફર તલસ્યો હતો થોડાક સાથીદાર જોદ્ધાઓના સાથને માટે, અભયની એક ઝંઝારૂપિણી ઊર્મિને માટે. મુઝફ્ફરે એકલા હાથે ગુજરાતનાં કબ્રસ્તાનમાં શબો બેઠાં કર્યાં. દિલ્હીપતનો એ સમોવડિયો નીવડ્યો. અને શી ફિકર છે આજે એક વર્ષે પાછો એ પછડાયો તેની ? મોહરમ માસનો તેરમો ઉપવાસ (રોજો) મોંમાં જલતો હશે, અને કરાળ કાળ મોટા ખાનના ગાંડાતૂર એક સો ગજરાજોની પ્રલય-લીલા વચ્ચે ઘોડો ઘુમાવતો સાબરમતી-સુત નહનૂ પોતાની સરિત-મૈયાને સામે પાર કેવો સોહામણો લાગ્યો હશે એ શુક્રવારના સંધ્યા-તારાની આંખે જ ! ઓ મૈયા નાગમતી ! મને ય આપવો હોય તો આપજે, એવો જ સુંદર પરાજય.

જે વખતે આ એકલ યુવાન મુઝફ્ફરના વિચારો કરતો હતો, તે વખતે વજીર અને કુંવર વચ્ચે પણ મુઝફ્ફરની જ વાતો થતી હતી. “ક્યાંથી ખેપિયો આવ્યો છે ?”

“ગોંડળને ગઢેથી.”

“સાવ ખરચીખૂટ ?”

“હા, અમીનખાને ફોસલાવી-પટાવી બે લાખ મેહમૂદી કઢાવી લીધી. હાં, આજ ફોજ ભેગી કરું છું, કાલ લાખમલાખનાં લશ્કરો ઊભાં કરું છું, એવી લાલચ દઈને લૂંટી લીધો. હવે કહે છે કે કોઈ ફોજ આપતું નથી.”

“ખેરડી કેમ ન ગયા ?”

“ગયા, પણ ‘લાવો નાણાં, લાવો નાણાં’વાળી જ વાત : હતાં તેટલાં કાઢી આપ્યાં.”

“હવે ?”

“આપણો આશરો માગે છે. કહેવરાવે છે કે હજુ ય મારા નામના સિક્કા પાડનારી ટંકશાળ ચલાવી રહેલા જામ માથે મને ઇતબાર છે.”

“તમે ગોંડળને ગઢ આંટો જઈ શકશો ?”

“શું જવાબ દઉં ? બાપુએ તો કહેરાવ્યું છે, કે આ અમારો બહોળો વંકો બરડો ડુંગર પડ્યો. પેસી જાવ.”

“બસ ત્યારે, બાપુએ શરણ આપ્યું છે એટલે તમે સ્નેહ કરી આવો. તમને ને મને મળવા ય એ ઝાઝા દિ’થી ઝંખે છે. આજ એ પાકો દુઃખી છે, પણ વીર છે. ગણી તો જુઓ, એનું તખત પડી ગયાં પછી પણ એ કેટલી લડાઈઓ લડતો રહ્યો છે. અમદાવાદ હાર ખાધી તો ખંભાત જઈને ઝૂઝ્યો. ખંભાતમાં માર ખાધો તો ક્યાં જાતો રાજપીપળાના ઝાંબા ડુંગરાઓમાં પહોંચ્યો. નર્મદાને ઓળંગીને સો-સો ગાઉ માથેથી પાછો ફોજ ભેડવી ભેડવીને રણમાં ઓરાણો, એ તે કેવો સમશેરબહાદુર હશે ? જોઈ આવો. મારી ને તમારી વતી તો ખાતરી આપી આવો, કે નાણું નહિ દઈ શકાય, પ્રાણ તો દઈ જાણશું.”

“મને અચરજ તો બાપુની થઈ છે.”

“શું ?” “કે બાપુએ એને બરડામાં રહેવાની રજા દીધી.”

“ઉદય થવાનો હશે અંતરમાં. ઉદય થવા બેસે ત્યારે કાંઈ વાર લાગે છે ? ઘોર અંધકારમાં જ તેજ-ફુવારા છૂટવા માંડે. નગરનો ય ઉદય થનારો હશે.”

“મને–ના–ના–” કુંવર કશુંક કહેતાં કહેતાં બોલ પાછા પી ગયા. એનું માથું ફક્ત હલ્યું.

“વિશ્વાસ રાખો, બાપા !” વૃદ્ધે ધોળાં ભવાં ફરકાવ્યાં. એનું લલાટ કરચળીઓને ખંખેરી નાખી આત્માની આરસી બની ગયું.

## જોડી જડી

વાતોના વાતાવરણમાં ચીરો પાડતો એક દેકારો નદીના શહેર નજીકના આરા પર બોલી ઊઠ્યો. કોઈ ઘમસાણ મચ્યું હોય તેવા કિકિયાટા અને ચેંચાટા સંભળાયા. આગળ ઊભેલો 'પરદેશી' નામે ઓળખાતો નાગડો કુંવર અજાજી તરફ ઊંચા હાથની નિશાની કરી શહેર નજીકના આરા પર દોટ કાઢતો ગયો. એની લાંબી લાંબી હરણફાળ નિહાળતા કુંવર અજાજી અને વૃદ્ધ વજીર પણ પાછળ દોડ્યા. 'તમે નહિ' એમ કહીને કુંવરે રોકવા માંડેલા વજીરે કશો જ જવાબ આપ્યા વગર સીધી હડી કાઢી. એ દોટના પ્રલય-વેગમાં જ 'તમે નહિ'નો જવાબ હતો.

બેઉ પહોંચ્યા તે પૂર્વે જ તેઓએ દૂરથી હાથી જોયો. મદછકેલો હાથી માવતને પછાડી નાખીને તૂટતા કાળ-વાદળા જેવો નદી પારથી ધસ્યો આવ્યો. નદીનાં પાણીમાં એણે પ્રલયકાર મચાવ્યો. એમાં પાણીની ભરેલી હેલ્ય માથા પર માંડીને એક જુવાન સ્ત્રી ગામ બાજુનો ચડાવ ચડતી હતી. એક હાથે એણે હેલ્યને ટેકો આપ્યો હતો, બીજે હાથે એણે એક ખડાઈ મોટી પાડીના ગળાની રાશ ઝકડી હતી.

હાથીને દેખતાંની વાર ખડાઈ પાડી ઠેકડા મારવા લાગી. હાથી દરવાજામાં દાખલ થાય તો લોકોની ભીડમાં મૃત્યુની લીલા મચી જાય એવો મામલો હતો.

"હાથી ગાંડો છે, હાથી વકર્યો છે, બાઈ, ખસી જા." એવા રીડિયા પડ્યા ત્યારે ગામમાં દાખલ થતી આ કન્યાએ પીઠ વાળીને નજર કરી. ગાંડા હાથીને એણે ધસ્યો આવતો દીઠો. નગર બાજુથી એણે કૈંક સ્ત્રીઓ અને નાનાં બાળકો આવતાં દીઠાં, બન્ને બાજુનાં દૃશ્યો દેખ્યા પછી ખડાઈની સાથે દરવાજામાં હેલ્ય સાથે હાથીનો રસ્તો રૂંધીને ઊભા રહેવાનો એણે નિશ્ચય કર્યો. એ નિશ્ચય જાહેર કરવાનો વખત ક્યાં રહ્યો હતો ? લોકોએ એટલું જ જોયું કે 'ભાગજે, બાઈ' એ બોલના જવાબમાં બાઈ સામી છાતી કાઢીને ઊભી રહી. ન બાઈએ બેડું નાખી દીધું, કે ન એણે પાડીને છૂટી મૂકી દીધી. હાથીએ પણ પોતાના માર્ગને રૂંધનારી આ એક છોકરીને દેખી પોતાનું અસહ્ય અપમાન અનુભવ્યું. એ થંભ્યો, અને એક જ પળ પછી ભયાનક ધસારો કરવાને માટે એકદમ પાછો હઠ્યો, પણ સૂંઢ ઘુમાવવાનો પૂરતો પટ એને જડ્યો નહિ તેથી એ વધુ વિફર્યો. તે જ પળે એણે પોતાની પછવાડે કોઈ મોટું ઝાડ ભટકાયું હોય તેના જેવો હડસેલો અનુભવ્યો. એ પાછો ફરીને જોઈ શકે તે પહેલાં કોઈક એના પૂછડાને ટિંગાઈ વળીને એના બરડાનાં જડમૂળને ઝંઝેડતું લાગ્યું. એણે મોં ઘુમાવ્યું એટલે કોઈક જડસુ જેવા હાથની એણે થપાટ ખાધી. એનાં જડબાં ઉપર એક લાકડી પછડાણી, બીજી લાકડી, ત્રીજી ગલોફાં ને ગાલ પર : ચોથી ગંડસ્થળ પર : છઠ્ઠી-સાતમી : હાથીને એ ફટકા ગણવાનો સમય નહોતો; એણે ઘુમાવેલી સૂંઢ પર બીજા ઉપરાછાપરી પંદર ફટકા એક જ લાકડીમાંથી મેહુલાની ધાર જેવા વરસ્યા, ને હાથીએ વિચાર કરવાનો પણ સમય માગ્યા વગર ત્યાંથી પલાયન કર્યું.

“જઈ રહ્યા, ગજરાજ ! જઈ રહ્યા.” એમ બોલતા એ ‘પરદેશી’ યુવકે હાથીના પૂછડા પર ડંડા મારી ચક્કરચક્કર ફેરવ્યો. હાથી વાછરડી જેવો ગરીબડો બની ગયો.

દરમિયાન કન્યા હજુ માથે હેલ્ય અને હાથમાં પાડીને પકડી રાખીને જ ઊભી હતી. એણે યુવકને હાથીની ઝીણી આંખો સામે ડંડો રાખીને જ ઊભેલો દીઠો. યુવકના મોં પર ઉકળાટ હતો, રોષ નહોતો. પરાજિત પશુરાજની નજીક જઈને પછી એણે હળવા હાથે સુંઢ પંપાળવા માંડી.

ઘણી ઠઠ ભેગી થઈ ગઈ. વજીર અને અજોજી પણ આંબી ગયા. વજીરને આગળ વધતા દેખી ‘પરદેશી’ યુવાન પોતાની પીઠ ફેરવી ગયો. પીઠ ફરતાંની સાથે જ યુવાને દરવાજા વચ્ચોવચ્ચ એ હેલ્યવાળી પનિહારીને દીઠી. બન્નેએ પરસ્પરના મુખભાવ નીરખી લીધા.

“શાબાશ તારાં માતપત્યાને.”

એમ બોલતો વૃદ્ધ વજીર આગળ વધ્યો. એટલે ‘પરદેશી’ નામે ઓળખાતો નાગડો ઊંચે હાથે દૂરથી સૌને વારવા લાગ્યો. “આંહીં કોઈ આવશો મા,” કહી એણે મોં ફેરવી લીધું.

“કોણ છે એ જુવાન !” વજીરે હાંફતાં હાંફતાં પૂછ્યું.

“આપણો ફોજી છે. નવો ભરતી થયેલો પરદેશી રાજપૂત છે.” અજા કુંવરે ઓળખાણ આપી.

બેઉ દરવાજે પહોંચીને જઈ ઊભા. થંભી ગયેલી કન્યાને પૂછ્યું : “કોણ છો, બાઈ ? ગજબ હિંમત કરી !”

હાથીને પરાજય આપનાર યુવાન પરથી નજર ઉખેડીને કન્યા સહેજ લજ્જિત નયને બોલી : “રજપૂત છયેં.”

“આંહીંના નથી લાગતા.”

“ના. જગત દીમનાં રયેં છૈયેં”

‘જગત’ તે વખતમાં દ્વારકાને ઓળખાવતો શબ્દ હતો.

“કોનું ખોરડું ?”

“મોરીનું.” “કોણ મોરી ?”

“ભૂચર મોરી.”

“હાં, ત્યારે લોંઠકાઈની નવાઈ નહિ, દીકરી. જા તું તારે હવે.”

“ઈ જણને લાગ્યું તો નહિ હોય ?” કન્યાએ ચાલી નીકળવાની તૈયારી બતાવી નહિ. એના મસ્તક પર ટકી રહેલ પાણીનું બેડું હવે મોતનો મામલો પતી ગયા પછી કોણ જાણે શા કારણથી ડગમગ થવા લાગ્યું. મોટી પાડી એના હાથની રસીને ખેંચતી હતી તેના આંચકા હવે વિશેષ પ્રમાણમાં લાગતા હતા.

“ઈ જણનું તો જતન કરવાવાળા અમે ઘણા બધા આંહીં છીએ હવે, બાઈ ! તું તારે જા હવે. તેં આજ જીવને જોખમે બજારને બચાવી લીધી.” કુંવરે હસીને કહ્યું.

“બાળકી બહુ પાણીદાર.” વજીર એ ચાલી જતી જોબનવાન કન્યાના મરોડદાર ગજાદાર દેહ સામે તાકી રહ્યા. “આપણે એના બાપને મળવું જોવે.”

“અને આ બાઈને કાંઈક પહેરામણી કરીએ તો ?” કુંવરે સલાહ પૂછી.

“આંહીંનાં અજાણ્યા લાગે છે. ભૂચર મોરી નામનો કોઈ રાજપૂત ઓલાદનો આદમી આંહીં જાણ્યામાં નથી.”

તપાસ કરાવી. ગામની ધર્મશાળામાં એ ખેડૂત રાજપૂત ઊતરેલો હોવાના ખબર મળ્યા. “રસ્તામાં જ છે. થતા જઈએ. તમારા આ જોદ્ધાને ય ભેળો લ્યો.” કહીને બુઢ્ઢાએ કુંવર સામે માર્મિક દૃષ્ટિ નોંધી.

માવત આવી પહોંચ્યા હતા. હાથીનો કબજો કરી લીધો હતો. નદીમાં હાથ-મોં ધોઈને થાકેલો ‘પરદેશી’ નાગડો હજુ ય દૂર ઊભો હતો. કુંવરની ઈશારતે એ સારી પેઠે અંતર રાખતો પાછળ ચાલ્યો.

ધર્મશાળામાં ગાયોને દોતોદોતો ભૂચર નામનો માલધારી રાજપૂત વજીરનો અને કુંવરનો બોલાવ્યો બહાર નીકળ્યો. એને નદીકાંઠે બનેલા બનાવની ખબર નહોતી. દીકરીએ બાપ પાસે આવીને કશી વાત કર્યા વગર જ ભેંસોનાં પાડરું છોડી છોડી બાપને દોવામાં મદદ કરવા માંડી દીધી હતી. ધર્મશાળાના ફળિયામાં એક ગાડું હતું. ગાડામાં નાનો પટારો, ઘંટી, છાશની ગોળી, રવાઈ, થોડાંક ગોદડાંના ગાભા, એક માટીની કોઠી, ખાટલી, ખાટલો વગેરે થોડીક ઘરવખરી ભરેલી હતી. બળદો બેઠાબેઠા વાગોળતા હતા. ચારેક ભેંસો ઊભીઊભી પાડરુ પ્રત્યે હીંહોરા કરતી હતી. પૂછ્યું : “ક્યાંના છો ?”

“બે-ત્રણ પેઢીથી કચ્છના.”

“આવો છો ક્યાંથી ?”

“ઓખામાંથી.”

‘ઉચાળા ફેરવતા લાગો છો.”

“હા, નેસડો હતો તે મેલી દીધો છે.”

“કેમ ?”

“જરીક વહેમાળું થઈ ગયું. એક બાવાએ જીવતી સમાધ લીધી. પછી આ બાળકીને એનું ચળીતર કષ્ટ દેતું હતું.”

“જીવતી સમાધ લેનારો બાવો શું અવગત્યે ગયો ?” વજીરે પ્રશ્ન કર્યો : “જીવતો દફન થનાર તો પુણ્યશાળી સંતાત્મા હોવો જોઈએ.”

“જીવતી સમાધ તો જોરાવરીથી લેવી પડેલી. એની સાથે એક જુવાન બાઈ હતી. એક દી એક બુઢ્ઢી ત્યાં આવી. બુઢ્ઢીને ને બાવાને લોહીલુહાણ ધીંગાણો થિયો. બુઢ્ઢી તો જખ્મી થઈને મરવા જેવી પડી. પણ આ મારી છોકરી ત્યાં ભેંસો લઈને નીકળી. એ દોટ કાઢીને બાવાને માથે ત્રાટકી. બાવાના કાનની વાળી ખેંચીને કાનની બૂટ તોડી નાખેલી. એ જ ટાણામાં જોગીઓની એક મોટી જમાત નીકળી. બાવો હતો ગોરખપંથનો, કાન ફાટી ગયો એટલે જીવતાં સમાધિમાં બેસવું જ જોવે એવો જમાતે ઠરાવ કર્યો ને બાવાને તાબડતોબ ગારદ કર્યો. પછી બુઢ્ઢીને

ઝોળીમાં નાખીને ઉપાડી. જુવાન બાઈને પણ ભેગા લઈ ચાલ્યા. અમારો નેસ ધીમેધીમે ભાંગી ગિયો. હું ને ડીકરી, બે જ રિયાં. ગોઠ્યું નહિ. નેસ મેલી દીધો." "હવે ક્યાં વાસ કરવો છે ?"

"ધ્રોળમાં. ઉવાં અમારા જાઈભાઈ છે. બે ઝાળાં ખેતરનાં દેશે તો ખેડી ખાશું."

"આંહીં ન રહો ?"

"અંજળ ધ્રોળની ધરતીનાં છે, એટલે દિલ બીજે ઠરતું નથી."

"દીકરીનો વીવા કર્યો છે ?"

"નથી કીધો."

"કેમ ?"

"પોતે બળુકી બહુ છે, વસમી છે; કોઈ ધિયાનમાં ઊતરનારો જોરાવર જણ મળવો જોવે ને, બાપા !"

"શાબાશ. સમજદાર બાપ એનું નામ."

ભૂચરાની કન્યા એ વખતે ધર્મશાળાના એકઢાળિયામાં પાડીઓને ભેંસોનું દૂધ પાતી પાતી ઊભી હતી. જાળિયું બહાર પડતું હતું. બહાર રસ્તા પર એ હાથીને હંફાવનારો 'પરદેશી' જુવાન ઊભો હતો. એના હાથની આંગળીઓ મૂછોના ઝીણા આંકડા વણતી હતી. એનું ધ્યાન જાળિયા તરફ નહોતું.

"કઈ વડી શૂરવીરાઈ કરી નાખી, તે મૂછોના આંકડા ચડાવતો હશે રિયો !" જાળિયામાંથી કન્યા નાગડાને સંભળાવતી હતી.

નાગડાને કાને આ ટોંણો પડ્યો. એની આંગળીઓએ મૂછો છોડી દીધી. એને ભોંઠામણ આવ્યું. એને લાગ્યું કે અંદર કોઈક બે જણાં પોતાને વિષે જ વાતો કરતાં લાગે છે.

ફરી વાર અંદરથી બોલાસ સંભળાયો : "મનમાં ગરવ હશે કે પોતે ન ધ્રોડી આવ્યો હોત તો હાય જાણે હાથી મારા ફોદા કાઢી નાખત."

નાગડાએ આ વખતે તો જાળિયા સામે સીધી આંખો માંડી.

“આંહીં શીદ ટરપરટોયાં મારી રિયોછ ? ઘર ભેળો થઈ જા ઝટ ઘર ભેળો. મા વાટ જોઈ રે’શે તારી.” આ શબ્દો બોલબોલતે પણ બાઈ સામે નહોતી જોતી, પાડીને જ થપાટો મારતી હતી. વળી કહેતી હતી : “જેવા આ ગામના હાથીડા, તેવા જ લાગે છે માનવીઓ. મરછકેલા ને બાયડિયું માથે શૂરા. મૂછ્યું જ ખચકાવી કાઢવી જોવે. ધીંગાણે કેવાક નીવડે છે એની હજી કિને ખબર !”

“રાજુબાઈ,” સાદ પડ્યો : “આવ તો, બેટા !” બાપે બોલાવી.

તોફાની રાજુ એકઢાળિયાના જાળિયા પરનાં આ તમામ તોફાન શમાવી દઈને ડાહીડમરી થઈ પિતા પાસે જઈ ઊભી.

“આ કુંવરબાપુ ને વજીરબાપા તને પે’રામણી બક્ષે છે, રાજુ.” બાપે સમજ પાડી. દીકરી શરમાઈને નીચે જોઈ ગઈ.

એના હાથમાં નગરની બાંધણીની એક ચૂંદડી અને થોડાક રૂપિયા મૂકીને વજીરે તારીફ કરી : “જીવતી રહે, બેટા. ને જોધારમલોની મા થા. હાથીનાં હાડ ભાંગનારા પાકજો તારે ખોળે, બાઈ.”

કન્યા આ આશિષોને ભારે વધુ નીચે ઢળી.

ધર્મશાળામાંથી પાછા ફરતાં વજીર અને અજાજી વચ્ચે ધીરી ધીરી વાતો થઈ.

“આ છોકરીના પેટમાં કેવા પાકે ! નગરની કુળવહુવારુ બને તો તો રંગ રહી જાય.”

“આ મારો રજપૂત માને તો તો મેળ મળી જાય.”

“નજર તો એની પણ એ જ વાત કહેતી હતી.”

“ક્યારે ?”

“નદી-કિનારે. બેય સામસામાં તાકવા લાગેલાં.”

"ધ્રોળ તો ઢૂંકડું જ છે, તપાસ કરાવશું."

"છોકરો કેમ આઘેરો આઘેરો જ ચાલે છે ?"

"અદબ પાળે છે."

"મને એવો વહેમ આવે છે કે જાણે મારી સામો કતરાઈ રહે છે. મારાથી મોં ફેરવતો હોય તેવું ભાસે છે. હું તે એનો કયા ભવનો દુશ્મન હઈશ ?" "એવું હોય નહિ. જરા એકલસૂરા સ્વભાવનો તો છે જ. બહુ બોલવાની ટેવ નથી. અજાણ્યું પણ લાગે તો ખરું જ ને ? આપની બાહ્યલી કિરડાઈ અંદરની કુમાશને એકદમ કોઈનો સ્પર્શ પામવા દેતી જ નથી."

"હવે તો ભગવાન નવો જનમ દિયે તે વગર કરડાઈ થોડી ઊતરવાની છે ? મીઠાશથી બોલવાની મહેનત તો ઘણી કરું છું, પણ નવી વિદ્યા ચડતી જ નથી ને !"

"જુવાનને કાંઈક બદલો દેશું ?"

"દફેદારી આપીએ તો ઠીક, પણ થોડા દિવસ વાટ જોઈ જોવી. એકલું બળ હશે તો છકી જઈને બહાર પડી જશે. પરાક્રમને જીરવી જાણનારો છે એમ માલૂમ પડે, બડાઈખાં ન બનતો લાગે તો જ દેજો દફેદારી."

"આપની વાત બરાબર છે."

"જરા કડકાઈથી કસોટીએ ચડાવજો. સોનું હશે તો જેમ તપશે તેમ વધુ ચળકાટ દેશે. જલદીજલદી આફરીન ન બની બેસવું, બાપા ! આ તો માણસો ઘડવાનો કસબ છે. ચતુરાઈનું કામ છે. આપણે બેઠેલા ત્યાં છોકરીને જોવા માટે ય એ જુવાન આવ્યો નહિ એથી જ મને એનામાં માણસાઈની આશા પ્રગટી છે. શીલ વગરના, શિસ્ત વગરના, સંસ્કાર વગરના શૂરાઓને શું ગૂડવા છે !"

બેઉ જણા પરબારા મશાલ-કચેરીમાં ગયા. અને ઢાલ-તલવારધારી પરદેશી 'નાગડો' પોતાની મુકરર જગ્યાએ ઊભો ઊભો ઊંડા આત્મવલોવણમાં પડ્યો.

આ સ્ત્રી ! આ સોરઠિયાણી ! સ્ત્રીને કોઈ દી પૂરી જોઈ નહોતી. સ્ત્રીથી તરીને જ સદા દૂર ચાલતો આવ્યો છું. આજ નારીને નીરખી નીરખીને ધરાતો કેમ નથી ? ફરી વાર કેમ એની

ગાળો ખાવા જવાનું દિલ થાય છે ? કોણ હતી એ ? જાડેજી ભાષાની ઘંટડીઓ કેવી એના કંઠમાં વગડતી હતી ! મેં એનું શું બગાડ્યું છે કે એ મને ઠપકો દેતી હતી ? એના મોં પર એક તમાચો લગાવી દીધો હોય તો ? તો આંગળાંના વેઢા ઊઠી આવે કે નહિ ? એના ગાલ એટલા લીસા હશે કે નહિ ? એને ઊંચે ઉછાળીને પાછી ઝીલી હોય તો ? એને કૂવામાં ધક્કો દઈને પછી અધ્ધરથી જ પકડી લીધી હોય તો ? એને મારા હાથની હથેળી ઉપર અધ્ધરપધ્ધર ઊભી કરીને પછી હડી કાઢી હોય તો કેટલેક સુધી સમતોલપણું ટકાવી રાખે ? એનાં બે બાવડાં ઝાલીને ફેરફુદરડી ફેરવીને પછી નીચે મૂકી દીધી હોય તો ચક્કર ખાઈને પડે કે ન પડે ? એને એક હાથે કમ્મરથી ઝાલીને બીજે હાથે દરિયો તરવાનો હોય તો સામે કાંઠે કચ્છની ભોમ સુધી પહોંચી શકાય કે નહિ ? વાજોવાજ દોડતે ઘોડે એને રસ્તામાંથી ઉઠાવી લેવી હોય તો કેટલી વાર લાગે ? પછી બેલાડે (પછવાડે) બેસારીને ઘોડો દોટાવું તો એ બીકની મારી મારા બદન ફરતા ભુજ ભીડી લ્યે કે નહિ ? ન ભીડે કેમ ? ન ભીડે તો પડે મોંભરિયાં, ને ફોદેફોદા નીકળી જાય. હું કાંઈ ઘોડો ઊભો ન રાખું ! પાછળ મને પકડવા વાર ચડી હોય ને હું શું ઘોડો થોભાવું ? એ હાથ મેલી દે તો મને બીજી કળા નથી આવડતી ? હું એને બેલાડેથી ઉઠાવી લઈને ખોળામાં જ ન બેસારી લઉં ! પછી તો પડવાની ધાસ્તી જ નહિ. પછી તો લગામ છૂટી જ મૂકી દેવાય, રેવત આભને ફાળ ભરતો જાય, મુલક પાર કરી જાય અને વંકા, લીલા, વાદળિયા પહાડોનાં કોઈ પ્રદેશમાં એને કંઈ જઈને કહું કે લે, તાકાત હોય તો ખચકાવી કાઢ આ મારી મૂછો. મારે હવે મૂછોની જરૂર નથી. મા જે વાત મને કહેવાની હતી તે વાત મેં જાણી લીધી છે, હવે એ વાતનો હિસાબ પતાવવા જ પાછો વળવાનો છું. મારે મૂછોની જરૂર નથી. ખેંચી લે કેમ ખેંચતી નથી ? ભૂલી ગઈ ? વાંક કબૂલ ? દઈશ કદી ગાળ ? બસ તર્યે, હાલ હવે મા કને, માની આશિષો માગી લઈએ. એક રાત રહી લઈએ, પ્રભાતે તો…"

પોતે ઝબકી ગયો. આ હું શું કરી રહ્યો છું ? મેં લીલાગર તો પીધી નથી, ત્યારે કઈ અજાણી કલ્પનાભોમમાં ઊતરી પડ્યો છું !

વિચારોના વહેતા ધોરિયાને ભાંગી નાખવા માટે એણે લમણાં મસળ્યાં ને પછી એ કુંવરને મૂકવા ચાલ્યો ગયો.

## ભીડમાં ભેરુ

આજે જ્યાં ગોંડળ શહેર છે, તે સ્થાને સાડાત્રણસો વર્ષ પર વેરાન હતું. વેરાન પર એક જીર્ણ કિલ્લો ઊભો હતો. એ બાદશાહી કિલ્લો ગોંડળના ગઢ નામે ઓળખાતો. તેના પર માલિકી જૂનાગઢના સુલતાની જમાદારની હતી. જૂનાગઢ તે વખતે ખેંગાર અને માંડળિકનો 'ગઢ જૂનો' મટી જઈને મુહમ્મદ બેગડાનું 'મુસ્તફાબાદ' બન્યું હતું. મુસ્તફાબાદની જમાદારી ટુકડીઓ

કોઈકોઈ વાર આ ગોંડળના ગઢમાં પડાવ નાખી ચોમેરની ચોકી રાખતી. આજુબાજુનાં ગ્રામલોકોએ માન્યું હતું કે અત્યારે પણ ગઢમાં કોઈક ફોજદારીનો મુકામ પડ્યો છે. પડાવમાં પચીસેક સવારોથી વધુ નહોતા લાગતા.

કિલ્લા ઉપર આખી રાત ચીબરીઓ બોલતી. ઘુવડોના ઘૂઘવાટ થતા. ચામાચીડિયાંનાં થરેથર અંદર ગંધાતાં હતાં. થોડાક દિવસે એ અવાજોમાં એક અવાજ ઉમેરાયો. એક બાળકનું પહેલવહેલું રુદન માલિકને આ ઉજ્જડ ગઢમાં સંભળાયું. એના રાજમાં તો તમામ વાણી મંગળ છે. રડતું બાળક ચીબરીઓના રાત્રિ-સ્વરોને કે માતાના આર્ત-સ્વરોને, બેમાંથી એકેયને સાંભળી શકતું નહોતું. એના ફરતી એક મશરૂની ઇજાર પહેરનારી માતાની ગોદ હતી. મશરૂની ઇજાર, મલમલનો સદરો અને મખમલનો કબજો એ માતાના દેહ પર મેલાં થયાં હતાં. એક પુરુષ એના ઓશીકા પાસે બેસીને લલાટ તેમ જ વાળની લટો પંપાળી જતો. વળી પાછો બહાર ચાલ્યો જતો. સુવાવડી ઓરત પાસે એને કશોક સંદેશો કહેવો હતો. એ સંદેશો જેટલો મોડો દેવાય તેટલું વધુ મુનાસબ ધારીને યુવાન મોકૂફ રાખતો હતો. રાત વેગબંધ ભાગતી હતી.

બહાર નીકળી નીકળીને પૂછતો : “કાસદ આવી ગયો ?”

આખરે કાસદ આવ્યો. એણે ખબર આપ્યા : “નીકળી ગયા સિવાય ઇલાજ નથી. ઓચિંતા ઘેરાઈ પડશું. રાણપોરના કિલ્લા સુધી ચોપાનિયાં ચોડાઈ ગયાં છે, આપના માથા માટે તેમ જ ગિરફતારી માટે મોટું ઇનામ જાહેર કરેલ છે. ખાનખાનાન નીકળી ચૂક્યો છે.”

‘ખાનખાનાન’ : મુઝફ્ફર પર વિજય મેળવનાર નવાબ મિરઝાખાનને માટે એ આગ્રાથી નવો આવેલો એ શહેનશાહી ઇલકાબ હતો. અકબરશાહે પોતાના પરાક્રમી દૂધભાઈને ગુજરાતની કડક કબ્જેદારીની કદરદાનીમાં ચારહજારીનો ઉપરી બનાવ્યો હતો. ચારહજારી એટલે ચાર હજાર ઘોડેસવારોની ફોજ.

“જૂનાગઢથી અમીનખાન શું કહે છે !” યુવાને કાસદને પૂછ્યું.

“અમીનખાન તો મોતબિછાને છે. એમના પુત્ર જમાદાર દૌલતખાન લાચારી બતાવીને કહેવરાવે છે, કે થોડા રોજ ખસી જાઓ; ખાનખાનાન આંટો મારીને ચાલ્યા ગયા પછી હું બંદોબસ્ત કરીશ.”

“આ સુવાવડી ઓરત અને બચ્ચાને સમાલવાની તો એણે હા કહી ને ?”

કાસદે દુઃખભર્યે મોંયે ડોકું ધુણાવ્યું.

"ના પાડી ? સાચું કહો છો ?" યુવાન આભો બન્યો.

"બોલ્યો કે મારા મુસ્તફાબાદ પર આફત ઊતરશે. એ તો ખેર, પણ એ માબચ્ચાની સલામતીની જુમ્મેદારી લેતાં ય અમારાં કલેજાં કંપે છે."

"ક્યાં રાખશું ? અલ્લાહ !" ઘણાં વર્ષો પછી યુવાને આવી આહ પોકારી. "લોમાભાઈએ પણ આવીને હાથ જોડ્યા. કહે કે મારું ખેરડી, મારું કાઠીનું વાટકડીનું શિરામણ રઝળી પડશે. કૃપા કરીને દૂર રહેજો, થોડાક દિવસ અમને મોકળા રેવા દેશો તો અમે તમારા બચાવની જબરદસ્ત સજાવટ કરી દેશું. આ વંટોળો ઊતરી જવા દો. આમ બધા જ દોસ્તો-તાબેદારો આજે મને ના પાડે છે."

"નગરથી કાંઈ જવાબ ?" કાસદે પૂછ્યું.

"હવે આશા નથી. લોમા ખુમાણ અને દૌલતખાન જમાદારથી જુદા પડીને કામ આવું ગુનાહિત પગલું ભરવાની હિંમત ન કરે. આપણે તો ભાગી નીકળીએ, પણ આ બચ્ચાની માને ક્યાં સુવાડશું ?"

"એમને સાથે લઈને જ રાતોરાત આપણે નીકળી જવું જોઈએ."

"બસ ત્યારે, યા પરવરદિગાર ! હું જનાનાને જાણ કરી દઉં છું."

કિલ્લાની બહાર બરાબર એ જ વખતે બે-ત્રણ ઘોડાંની પડઘી વાગી. કિલ્લેદારે આવીને ખબર આપ્યા : "અસવારો આવ્યા છે. મુલાકાત માગે છે."

જુવાને જાળિયામાંથી જોયું. મશાલના પ્રકાશમાં બે મુસાફરો ઊભા હતા. એક ચહેરો પિછાનવાળો લાગ્યો. જૂની ઓળખાણના અસ્પષ્ટ ભણકારા ઊઠ્યા. પણ સ્પષ્ટ યાદ ન જન્મી. કહ્યું : "તેડી લાવો."

બેમાંથી એક આદમી અંદર આવ્યો. શિર ઝૂકાવ્યું. અદબ કરીને સન્મુખ ઊભો રહ્યો. માથા પર પાઘ હતી. શરીરે સફેદ સુરવાલ પર ઢળતો અંગરખો હતો. કમરમાં તલવાર હતી. ભેટમાં કટારી હતી.

એની સામે નીરખતે નીરખતે યુવાને હાથ મિલાવ્યા. "તમે – તમે – તમે –તો..." બાકીનું વાક્ય બોલતાં બોલતાં તૂટી ગયું કે તરત જ આ પરોણાના પંજાને છેડે એક કપાયેલી આંગળીનું ઠૂંઠું પરખાયું.

"તમે કોણ ? જમના-તીરના જોગી તો નહિ ?"

પરોણો જવાબમાં ફરી શિર ઝુકાવી, જુવાનના હાથ પર પોતાની આંખો ચાંપી જરીક હસ્યો, એણે એક જ શબ્દ ઉચ્ચાર્યો : "ધન્ય !"

"તમે અહીં ? આ વેશે ? સાથે કોણ છે ?" મુસ્લિમ યુવાને એક જ શ્વાસે પ્રશ્નો પૂછી લીધા.

"નગરથી કુંવર અજોજી જામ છે."

"આખરે શું આવી પહોંચ્યા, દોસ્ત અજોજી ! મારા અણદીઠ્યા જાની આવી પહોંચ્યા !"

આ જુવાન પોતે જ પરાજિત સુલતાન મુઝફ્ફર હતો. એણે હર્ષભેર ખડકી તરફ પગલાં ભર્યાં.

"આપ રહો, હું એમને તેડી લાવું છું." અતિથિએ કહ્યું. "નહિ, હું લેવા આવીશ."

બહાર આવતાં જ એ પહેલા આવનાર અતિથિ નાગડા વજીરે અજા જામને ફક્ત એક જ શબ્દથી મુઝફ્ફરની ઓળખાણ કરાવી : "પોતે જ."

'શાબાશ. આજે તો નામનિશાન વગરની જ પિછાન શોભશે."

એમ કહેતા મુઝફ્ફરે કુંવર અજાજીના ઝૂકતા શિરને ઊંચું કરી લઈ બાથ લેવા હાથ પહોળાવ્યા.

ત્રણેય જુવાનોએ સામસામા જોયે જ રાખ્યું, નાગડો યમુના-તીરના સહેજ દયામણા મોંના કરતાં જુદું જ મોં જોતો હતો. રતાશને બદલે સહેજ શામળી ને સૂર્યના તાપમાં તપ્ત થયેલી ત્રંબકવરણી ઝાંય એ ચહેરાએ ધારણ કરી હતી. અપમાનની વેદના તો આંખોમાંથી એકદમ ઊડી ગઈ હતી. નજર પાણીદાર ખંજરો જેવી ચળકચળક થતી હતી. અજો જામ તો આ જુવાન સુલતાનના દીદારમાં, વર્તાવમાં, ઉદ્ગારમાં પરાજયની કે આફતોની કશી વ્યાકુળતા ન જોઈને નવાઈ પામ્યો.

હસીને એણે કુંવર પ્રત્યે એટલું જ કહ્યું : "આપને મૂંઝવણમાં મૂકવાનું દિલ નથી. લોમા ખુમાણે મને આપની હાલતનો પૂરો ખ્યાલ આપ્યો છે."

"સુલતાન," કુંવરના બોલવા વખતે મોં પર કચવાટ હતો : "અમારી હાલત આપ પાસે રજૂ કરવા અમે કોઈને કહ્યું નથી. હાલત રજૂ કરવી હોત તો હું શા માટે આવત ? લાંબી ચર્ચાનો વખત નથી રહ્યો. આપના રસ્તા રૂંધાતા આવે છે. સવાર સુધી પણ અહીં રહેવામાં સલામતી નથી."

"બીબી ને બચ્ચું..."

"જાણું છું. એ મારી બોન છે. હું એને અત્યારે જ નગર તેડી જવા આવેલ છું. આપ પધારો, ઉપલેટું ઢૂંકડું જ છે. ત્યાંથી બરડાના પહાડગાળામાં પહોંચી જવાના પાધરા મારગ છે. રહેવું હોય ત્યાં સુધી કોતરોમાં રે'જો. જ્યાં હશો ત્યાં રોટલા પહોંચતા થશે. આ જુવાન દફેદાર આપને મારગ ચીંધવા આવે છે. દિલ ચાય તો મુલક પાર થઈ જજો." "મુલક પાર ! સામે પાર કોઈ બીજો મુલક છે શું, શાહજાદા ?" મુઝફ્ફર ઊભો થઈને પોતાનાં હથિયાર સજતો સજતો પ્રસન્ન ચહેરે બોલ્યો : "મૂલક તો હવે બેમાંથી એક જ છે. ફરી પાછું કાં તો એહમદાબાદ ને કાં પછી જન્નતાબાદ. બીજે ક્યાંય મારે ભાગી છૂટવું નથી."

ઝીણાં-મોટાં તમામ અસ્ત્રશસ્ત્રો યોગ્ય સ્થાને સજવામાં ચાતુરી અને ખામોશ દાખવતો દાખવતો મુઝફ્ફર 'એહમદાબાદ' બોલ્યો ત્યારે કુંવર વધુ વિસ્મય પામ્યો.

"હજુ ફરીથી એહમદાબાદ પર ?"

"બેશક, ભાઈ ! ફરીફરીથી, જીવું છું ત્યાં સુધી તો ફરીફરીથી. હવે કાંઈ જંપીને બેસી શકાશે ? અણહક્કની રોટી તો ખુદાની ખલક પર બહુ દિનો ખાધી. લાચારીના ટુકડા પણ હજુ દાંતની પોલમાંથી છેક નીકળી નથી ગયા. હવે કાંઈ માલિક અણહક્કનું ખાવા દેશે ? તાકાત બક્ષ્યા પછી એ કાંઈ ટુકડા વીણવા દેશે ? ઇન્સાનનાં માનપમાનને એ તો પોતાનાં જ માને છે ને ! જંપીને બેસાય હવે. હું જઈ આવું છું બીબી પાસે. આપ બેસો. પલકમાં આવ્યો."

મોટી મોટી ડાંફો ભરતો મુઝફ્ફર અંદર ચાલ્યો ગયો ત્યારે એની પહોળી પીઠનો બાજઠ દેખાયો. મોંની સિસોટી બજાવતો બજાવતો એ ગયો. નાગડા વજીરે એ સિસોટીના પરિચિત સૂર પારખ્યા. યમુના-તીરે બંસીમાં ઠાલવતો હતો તે જ માયલી કોઈ તર્જ બંસી વગરના એ

જુવાને બે હોઠ વચ્ચેથી રમતી મૂકી હતી. કોઠામાં એ સુરાવળ ઢૂંઢા રાક્ષસની રૂપાળી કન્યા જેવી લાગી.

થોડીક વારમાં એ સિસોટીનું ગાન પાછું આવતું સંભળાયું. જબરદસ્ત ડાંફો ભરતો એ નવહથો જોધ આવતો હતો ત્યારે મશાલોને ઝાંખે અજવાળે એનાં હથિયારને જડેલાં રત્નો ચમકતાં હતાં.

"ઘણા દિવસની પ્યારી ઉમેદ આજે ઓચિંતી પૂરી થઈ." મુઝફ્ફરે ફરીથી કુંવરના ખભા પર પંજા ધરીને કહ્યું : "જાણે સ્વપ્નમાં જ મળ્યા છીએ. જિંદગીની પણ નાનું યા મોટું એક સ્વપ્ન જ છે ના, ભાઈ ! સાથે નિરાંતે રહેવું હતું. હવે તો..." મુઝફ્ફર હસ્યો, "બાળબચ્ચાં તમારે આશરે છે. ઘણો મોડો સંસાર માંડ્યો એટલે પ્યાર – જરા – વિશેષ – સતાવે – છે." એને ગળે કાંચકી પડતી ગઈ : "પણ હું પાછો વહેલો આવી પહોંચીશ. બીબીને પણ આખરે સોરઠી ઈમાનદારીનો જ ખોળો મળ્યો. કેટલી નસીબદાર !"

જોશથી પંજા મિલાવી એ બહાર નીકળી ગયો. ઘોડો અને મુગલ સવારો તૈયાર હતા. એણે અજા કુંવરને એકાંતે લઈ જઈને હાથમાં કાંઈક સેરવ્યું ને કહ્યું : "આ રાખો. બીબીની ખરચી આપું છું. દરગુજર કરજો, દોસ્ત. આથી વધુ બચત રહી નથી"

"સારું, લાવો." કુંવરે એ ઝવેરાતની દાબડી લઈ લીધી. "હવે તો ખાતરી રાખશો ને, કે બીબીસાહેબાને ખરચી વગર અમે તકલીફ નહિ કરીએ."

"મારી વેળા હતી ત્યારે તો હું લોમાભાઈને ઘેર તેમનાં બીબીને ઘણું આપી શક્યો છું. આજે તો ઓચિંતો ખલ્લાસ થઈ ગયો ત્યારે જ આપણે મળ્યા, ભાઈ ! તમે વેળાસર તો આવ્યા જ નહિ ને ?"

અંધકારમાં અજાજીનું લજ્જિત મોં કોઈ જોઈ શક્યું નહિ. જવાબ વાળતાં એને આવડ્યું નહિ. એણે તારણ ફક્ત એક જ કર્યું, કે સુલતાનને સૌએ ભેગા મળીને ફોલી ખાધો છે.

સામે ઘોડવેલ પણ ઊભી હતી. એમાંથી એક તાજા જન્મેલ બાળકનો વિદાય-સૂર ઊઠતો હતો.

"અલાબેલી, હોંશિયાર રહેનાં. મિલેંગે, યકીન રખનાં." એટલું બચ્ચાની માતાને સંબોધીને કહેતો જ મુઝફ્ફર પંથે પડ્યો. પાછળ વીસ સવારો ચાલ્યા. આગળ એકલ નાગડો વજીર

ઘોડો હંકારીને કેડી બતાવતો ગયો.

કુંવર અજાજીએ ઘોડવેલને બીજી જ દિશામાં હંકારી. અને ગોંડળનો ખાલી કોઠો સંપૂર્ણ અંધકારમાં ઘુવડનું સ્વાધીન રાજસ્થાન બન્યો. થોડે દૂર ગયા પછી તુરત જ કુંવરે મુઝફ્ફરનાં બીબી પાસે બેઠેલી ચાકર બાઈને બહાર તેડાવીને પેલી જવાહિરની દાબડી સોંપી કહ્યું : “સુલતાન બીબીસાહેબાને આ આપવી ભૂલી ગયેલા તે તેમણે મારી સંગાથે દઈ મોકલી છે.”

ઘોડવેલમાં સૂતેલી એ મુસ્લિમ સ્ત્રી દંગ થઈ ગઈ. દાબડીની એને ખરી ખબર હતી. મુઝફ્ફરશાહે એને કહ્યું હતું. આટલી મોટી દોલત આ રાજા પાછી કરી આપે છે ? એને ઇતબાર બેઠો કે પોતે કોઈક સલામત સ્થાન પર જઈ રહી છે.

ગોંડળ-કોઠાથી નજીકમાં નજીકનું નગરનું ગામડું પાંચ-સાત દિવસનું નિવાસસ્થાન બન્યું. સુવાવડી સ્ત્રીને ઓછામાં ઓછો જરૂરી આરામ આપી દીધો. અને પછી ધીરી ધીરી મજલે નગર લઈ આવ્યા ત્યારે કુંવરને એકંદરે ગેરહાજર રહ્યાં બારેક દિવસ થઈ ગયા હતા. ને એ કાળના નગરમાં તો એકેએક દિનમાં ઐતિહાસિક ઊથલપાથલો થઈ જતી. પહેલેથી સંતલસ થઈ ચૂક્યા પ્રમાણે મુઝફ્ફરનાં બાલ-બચ્ચાંનો મુકામ વજીર-ઘરમાં તૈયાર હતો.

એક સંધ્યાનાં અંધારાં-અજવાળાં વચ્ચે ઘોડવેલ શહેરમાં પેસી. ગઈ. કુંવર તદ્દન ઊલટે જ દરવાજેથી શહેરમાં દાખલ થયા.

## પિતાનું પાપ

જેસા વજીર પથારીવશ થયા હતા.

“કેમ એકાએક ?” કુંવરે જોવા જઈને પ્રશ્ન પૂછ્યો.

“ગઢપણ છે, બાપા ! કુદરતની કરામત છે.”

જેસા વજીરે લાંબી વાત ન છેડી. કુંવર જ્યારે ફોજની કચેરીએ ગયા ત્યારે એને ઉલ્કાપાત થઈ ગયાના સમાચાર મળ્યા. મારમાર સવારીએ ખાનખાનાન આવતો હતો. ‘મુઝફ્ફરને તમે સંતાડ્યો છે, એનાં બાળબચ્ચાં સોંપી દ્યો, મુઝફ્ફરની સંતાવાની જગ્યા બતાવી દ્યો, નહિ તો નવાબ નવાનગરને રોળી નાખશે’ – એવો સંદેશો મળ્યો. જેસા વજીર સોળ હજાર સવાર અને વીસ હજાર પ્યાદાં લઈ બહાર નીકળ્યા. રાજકુટુંબે પણ કહેવરાવી દીધું કે જામરાજા સુખેથી

લડે, અમે જૌહર કરવા તૈયાર જ બેઠા છીએ. બાપુ કહે, હું હમણાં જ ફોજમાં પહોંચું છું. પાછળથી એકાએક સંદેશો આવ્યો કે હવે લડાઈ બંધ થાય છે, વજીરને કહો કે ફોજને પાછી લઈને આવતા રહે. એકાએક લડાઈ અટકી પડવાનું કારણ માલૂમ પડ્યું. બાપુએ વજીરને લડાઈની તૈયારી માટે મોકલ્યા, ને બીજી બાજુ કલ્યાણરાવ અને રાવદુર્ગાને નાનેરા કુંવર સાથે નવાબ ખાનખાનાન પાસે રવાના કર્યા. પાછળથી કલ્યાણરાવે અને રાવદુર્ગાએ ઝડપી ખેપિયો મોકલીને મુગલ ફોજનો અગાઉ જીતી આણેલો હાથી પણ ખાનખાનાન પાસે રજૂ કરવા મગાવી લીધો. છત્રીસ હજાર નગરિયા જોદ્ધાઓ જ્યારે અંતરિયાળથી પાછા વળવાની આજ્ઞા પામીને શહેરમાં દાખલ થયા ત્યારે તેમના મોં પર વિભૂતિ નહોતી. એ વજીર તો ઊભી બજારે ઊંચું જોઈ શક્યા નહોતા. ત્યારથી એ બીમાર હતા. હાથી, નાનેરા કુંવર, કલ્યાણરાય ને રાવદુર્ગા હજુ પાછા ફર્યા નહોતાં. ખાનખાનાનનો મુકામ ત્યારે મોરબી નજીક હતો.

પૂરી કડીઓ મેળવવા માટે કુંવરે ભાણજી દલને તેડાવી પૂછ્યું. ભાણજી દલ જેસા વજીરથી બીજી પંક્તિના વજીર હતા. મુત્સદ્દી હતા. તેમણે ખબર આપ્યા કે કોણ જાણે કયા કારણે બાપુ સતા જામની છાતી જુદ્ધથી થડકી પડે છે. અગાઉ ધીંગાણાના કદી જ કાયર નહોતા તે પુરુષને નક્કી કાંઈક થઈ ગયું છે. બાપુએ નવાબ ખાનખાનાન સાથે વષટિયા મોકલ્યા છે. હાથી દંડમાં દઈ મેલ્યો છે. નાના કુંવરને નગરની સારી ચાલના હામી લેખે અમદાવાદ લઈ જવાના છે. મુઝફ્ફરને અમે આશરો દેતા નથી ને દઈએ તો નવાબ ચાય તે સજા કરે એવી દીન વાણી લખી મોકલી છે. તે પછી એકાએક નવાબે ફોજના બે ભાગ પાડી નાખ્યા છે. એક ભાગે નગરના ગુજરાત બાજુના સીમાડા પર ઓડા બાંધ્યા છે. બીજી ફોજ ઉપલેટા થઈને બરડામાં ઊતરી છે.

“બરડામાં ?” કુંવર સ્તબ્ધ બન્યો : “શા માટે ?”

“સુલતાન બરડામાં ઊતરી ગયેલ છે તે માટે.”

“કોણે કહ્યું ? નવાબને કોણે એ ખબર પહોંચાડ્યા ? જાણકારો તો અમે ત્રણ જ હતા : બાપુ, હું ને વજીર. ત્રણ ઉપર ચોથો તો એક ફક્ત ઈશ્વર જ જાણભેદુ હતો. કોણે કર્યું આ કારસ્તાન ?”

ભાણજી દલ વધુ બોલી ન શક્યા. એણે ચહેરો ભોંયઢળતો રાખ્યો.

“મને ખબર છે,” કુંવરના બોલવામાં ઉશ્કેરાટ હતો : “કે મેં પોતે તો કોઈને નથી કહ્યું. મને ખબર છે, કે વજીરના પેટમાં તો ખંજર ફરે તો ય વાત ન નીકળે. પણ મને ખબર નથી કે…

ઓહ ! ઓહ ! શરમ છે આ જીવતને કોને કહું ? ક્યાં જઈ કહું ? ભાણજી દલ, આપણો અંજામ હવે ઢૂકડો જ સમજવો. ને મુઝફ્ફરશાહ ઝલાય તો આપણે બાપુની પણ આજ્ઞાની વાટ જોવા નથી રોકાવું."

"આપ નચિંત રહો. પતી ગયું છે."

"શું પતી ગયું છે?"

"બાપુને રુદે રામ વસ્યા હતા. મુઝફ્ફરને તો એમણે ક્યારનો ગુજરાત બાજુ નીકળી જવા દીધો છે."

"તો તો હું જઈને બાપુના પગમાં પડીશ. પણ બાપુના અંતરમાં આ શી મૂંઝવણ જાગી છે ? કેમ હિંમત હારી બેઠા છે ? નગરના જોદ્ધાઓની માનસિક અધોગતિની ખાઈ બાપુએ કેમ ખોદવા માંડી છે ? સારાય સોરઠ માથે નગરની આણ પાથરી દેવાની આવી તૈયારી બાપુ કેમ ચૂકી ગયા છે ? ટીપી નાખવાની સાચી વેળા બાપુએ કેમ ગુમાવી દીધી છે ?"

"મને એક વહેમ છે. બાપુના ડરનું કારણ ઊંડું છે." "શું?"

"વર્ષો પરની વાત યાદ આવે છે ? સરાણિયાની છોકરીએ બાપુનું ભવિષ્ય ભાખ્યું હતું કે રણથળમાંથી એ પીઠ બતાવીને ભાગી નીકળશે, ત્યારથી બાપુનું જીવતર અંદરથી કડવું બન્યું છે. જીવવામાં રસ રહ્યો નથી. મરવા ટાણે ભૂંડા લાગવાની ભે એમની પાસે આવી ભૂલો કરાવી રહી છે. એમના અંદરના હાલ દયા આવી જાય એવા છે."

"તમને ક્યાંથી ખબર ?"

"એકાદ-બે વાર બોલ્યા છે."

સરાણિયાની એ છોકરી ક્યાં ગઈ ? કુંવરની યાદદાસ્તનું એક જાળિયું ઊઘડ્યું. એને 'ડેલે' મોકલી દીધા પછી બીજે જ દિવસે બાપુએ મને ગામતરાં કરવા મોકલી દીધો હતો. તે પછી જૂનાગઢ જતી વજીર-ફોજ સાથે હું નાસીને ચાલ્યો ગયો હતો. પાછો આવીને ફોજની ઉપાધિમાં પડી ગયો. સરાણિયણનું શું થયું તે જાણવાની સરત રહી નહિ. કેદખાનામાં હોય તો કઢાવવી જોઈએ. બાપુના મનનો આ ડર કોઈ પણ ઈલાજ કાઢવો જોઈએ. બાપુ જો યુદ્ધના વિરોધી અને હરકોઈ પ્રકારે સંધિના ને સમાધાનના પક્ષપાતી બની જશે તો મારા હજારો ફોજી

જુવાનોનાં હૈયાં ભાંગીને ભુક્કો થઈ જશે. તેમની દૃષ્ટિમાં વિલાસ અને મતિમાં મસાણની શાંતિ ઘર કરી જશે. અને એમ કરતાં કરતાં જૂનાગઢ મુસ્તફાબાદ બન્યું તે રીતે નવાનગરને મુસ્લિમ નામ ધારણ કરતાં શી વાર લાગવાની છે ?

એણે બંદીખાને તપાસ કરી. બાઈ નહોતી રહી. વધુ બાતમી મેળવી. બાપુએ બાઈ ભૈરવનાથના મહંતને સોંપી હતી. બાવો એને લઈને બરડા તરફ નીકળી ગયો. આજ વર્ષો વીત્યાં. બાપુ પણ બાવાની ગોતણ કરાવી કરાવી થાક્યા છે. બાપુને એથી વધારે ફાળ પડી છે. બાવાજીના સમાચાર દ્વારકા સુધીના પણ નીકળતા નથી. વચ્ચેથી જ બાવો ગાયેબ થયો હોય તો છોકરી વધુ ભયંકર હોવી જોઈએ. ભૈરવનાથના મહંતનું રૂંવાડુંય ફરકે તો સત્યાનાશ બોલી જાય એવો એ સિદ્ધ પુરુષ હતો. એનું નામોનિશાન પણ કેમ ન રહ્યું ? ભૂચરા રજપૂતે જે એક સાધુની અને બે ઓરતોની વાત કરી છે તે પણ કુંવરના મનમાં કડીરૂપ બની. એને જીવતો ગારદ કરીને બે ઓરતોને ઉઠાવી જનાર જમાત કોણ હતી ? કઈ બાજુ ગઈ ? અજાજીએ ઓખામંડળ તરફ જાસૂસો ચાલુ કર્યો.

બાપુના મનનો વહેમ નાબૂદ કરવાની વાત તો બાજુએ રહી. અજાજીનું અંતર છાનુંછાનું બળુંબળું થઈ રહ્યું. એ કન્યાની વિસ્મૃતિ મને કેમ થઈ ગઈ ? યુદ્ધની ઘેલછાએ માનવી જેવા માનવીનું દુઃખ કેમ વીસરાવ્યું ? ને એ છોકરીનું મોં હવે મનમાંથી ખસતું જ કાં નથી ? એણે રાજપૂત પોશાક પહેર્યો હોય તો વધુ રૂડી લાગે. એ મને 'વીરા' કહીને દૂરથી ઓવારણાં લેતી હતી તે ઘડીએ એની પાસે જઈને માથું ધરવાનું મને મન થતું હતું. એની ભવિષ્ય-વાણીનો થોડોક ભાગ તો જાણે કે સાચો પડતો આવે છે. આ. 'પરદેશી' જુવાન ભાઈબંધ મારી પડખોપડખ મરે તો શી નવાઈ છે ? એ ભેટ્યો ત્યારે જટાળો જ હતો. પોતે બાવાઓમાં રહી આવ્યાની પણ એ વાતો કરે છે. ભવિષ્ય-વાણી માયલો જ એ જુવાન : મારું મન સાક્ષી પૂરે છે.

પણ જેમજેમ કુંવર ભવિષ્ય-વાણી સાચી પડવાની વાત વિચારતા ગયા તેમતેમ કલેજા પર છાયા છવાતી ચાલી. બાપુને વિષે બોલાયેલી કાળવાણી સાચી પડશે તો શું થશે ? જેનો બાપ 'ભાગ્યો' ગણાશે તે બેટડાનાં વીર-મૃત્યુમાં કઈ મજા રહી હશે ? પાછલી કેટલી પેઢીઓનાં કપાળે કલંક રહી જશે ? અને ભાગી નીકળેલ બાપની અવશેષ આવરદાનું ભાવિ પણ કોણ જાણે કેવુંય નીવડશે. એ નિહાળવા, નિવારવા કે બાપુની અપકીર્તિનો ભાગ મસ્તકે ઉપાડવા હું જીવતો નહિ હોઉં તો પ્રેતલોકમાં મારે કેટલા ભવ સુધી સળગવું પડશે ?

બાપનો બેટો લાઇલાજ હૃદયે આવતા દિવસોની સવારી કલ્પતો બેઠો. કઠોર હૈયું કરીને એણે તો પિતાનું વહેલું વહેલું મોત પણ વાંચ્યું. કેટલીય અમંગળ કલ્પનાઓ એણે કરી કાઢી.

રાત્રિએ સૂતો હતો ત્યારે એને સ્વપ્નમાં સરાણિયાની કન્યા આવી. હાથમાં કંકાવટી હતી. કોણ જાણે કેમ પણ એ દરબારગઢમાંથી હેઠે ઊતરી ને એણે કુંવરને કપાળે ચાંદલો ચોડી વારણાં લીધાં. એની બેઉ આંખોમાં એકએક ટીપું આવી રહ્યું હતું. એ ફક્ત આટલું જ કહેતી હતી કે "ભાઈ ! પરણીને પછી સુખેથી પધારો. નીકર વંશનો વેલો ઊખડી જશે."

## જમાતનો મેળાપ

મુઝફ્ફરશાહને બરડાનાં ગુપ્ત કોતર બતાવી દઈને નાગ વજીર નગર તરફ વળ્યો, ત્યારે જુદા પડતા મુઝફ્ફરે એક જ ઉદ્‌ગાર કાઢ્યો :

"તમારી અમ્મા તમને મળી ગઈ, દોસ્ત ? મારી અમ્મા ગુજરાત મને પણ મળી ગઈ. પણ હવે તો જલદી જામનગર આવીશ, તમારી અમ્માના મોંમાંથી 'બેટા' ! એટલો બોલ સાંભળવાને માટે. કેમ કે ગુજરાત તો બાપડી મૂંગી છે. એના કલેજાના બોલ હું સાંભળી શકતો નથી. એક વાર કોઈકને મોંયેથી 'બેટા' શબ્દ સાંભળવો છે."

એટલું કહી, જોશથી પંજામાં પંજો ભીંસી મુઝફ્ફર કોતરોમાં ઊતરી ગયો. વળતા દિવસના સૂર્યાસ્તે નાગ વજીર નગરને માર્ગે છેક વરતૂ નદીના વહેણમાં પોતાના ઘોડાને પાણી ઘેરી રહ્યો હતો.

ઘોડાની લગામ હાથમાં પરોવીને પોતે પાણી પીધું. પાણી પીને ઊભો થયો ત્યારે તેણે સૂર્યાસ્ત પછીનાં શરૂ થતાં અંધારામાં પોતાની સામે ચોમેરથી ચાર-પાંચ બંદૂકો મંડાતી જોઈ. એક ક્ષણનો થડકાટ અનુભવીને પછી પોતે ખામોશ રાખતો ઊભો રહ્યો. ન બંદૂકવાળા બોલતા હતા, કે ન બોલતો હતો નાગ. આ મૌન બે-ત્રણ ઘડી ટક્યું. પછી બંદૂકધારીઓમાંથી એકે કહ્યું : "ઊડા દેવેં ?" "તો પછી કોની વાટ જુઓ છો ?" નાગે જવાબ આપ્યો : "મારે ખાંપણની કે કફનની બેમાંથી એકેયની જરૂર નથી."

"કોણ છો ?"

"ફોજનો આદમી છું."

"કોની ફોજનો ?"

"છાયાના જેઠવા રાજની."

“નગરની નહિ ?”

“ના, એ અમારા દુશ્મન ગણાય.”

“તેં સાંભળી છે વાત ?”

“શેની ?”

“માજી સુલતાન મુઝફ્ફર આ તરફ નીકળ્યાની ?”

“તમે કોણ છો ? એના માણસો છો ને ?”

થોડીક વાર ખચકાઈ રહીને બંદૂકદારોએ કહ્યું : “હા. એ ક્યાં ગયા, ખબર છે ?”

“આલેચને ડુંગરે : હેડમ્બાને હીંચકે : મને મળ્યા’તા થોડાક જુવાનો. ભલામણ કરતા ગયા કે મુઝફ્ફરશાના માણસો મળે તો કહેજે : આલેચને ડુંગરે છૈયેં અમે.”

“બરડામાં નહિ ?”

“ના, બરડો તો ક્યાંય છેટો રહ્યો. આ તો આજ સવારે જ આલેચમાં ઊતર્યા.”

“આલેચનો મારગ કયો ?”

“આંહીંથી ભાણવડ આવશે. ને ત્યાંથી મારગ ડાબો મરડાશે. સીધા ‘હેડમ્બાને હીંચકે’ જઈ ઊભા રહેશો તમે.”

“તું કઈ બાજુ જાય છે, જુવાન ?”

“ખોટું કહું કે ખરું ?”

“ખરું કહીશ તો બક્ષિશ દેશું.”

"ત્યારે હું એ જ લાલચે આંહીં આંટા મારું છું. મુઝફ્ફરશાના માણસો હોય તેને ખબર દેવા."

"ઠીક, આ બાજુ જેટલા નીકળે તેટલાને આલેચને ડુંગરે જ રવાના કરીશ, દોસ્ત ?"

"કરું. હું પેટને ખાતર કહો તે કરું."

"પેટમાં ઠંડક કરજે, આ લે."

અશરફીઓના પાંચ સિક્કા એના હાથમાં સેરવીને પાંચ-દસ ઘોડેસવારો આગળ નીકળી ગયા. નાગને એટલી જ અબળખા રહી ગઈ કે અંધારે એની ખુશાલી જોનાર કોઈ હતું નહિ. એણે ઘોડે ચડીને માર્ગ મરડી લીધો. એ જૂઠું બોલ્યો હતો. મુઝફ્ફરને શોધવા નીકળેલા એ શત્રુઓ હતા, એ ખાતરી એને થઈ ચૂકી હતી. એણે પાદશાહી જાસૂસોને ટલ્લે ચડાવી દીધા. જીવનમાં સૌ પહેલી ચતુરાઈ સાબિત કર્યાની એ રાત્રિએ એને પિતાનો ટોંણો યાદ આવ્યો. માથું જોઈને વજીરે એને બેવકૂફ કહ્યો હતો. કાં તો બાપને જ મસ્તક-વિદ્યા ઊઠાં સુધી આવડતી હતી, અથવા તો પછી આજ રાતે એકાએક હુશિયારીની બારી આ ભેજામાં ઊઘડી ગઈ હતી ! પોતાની આ ચાતુરી ઉપર ખરેખરી શાબાશી કઈ ? પિતા તરફથી મળે તે ? અજાજી આપે તે ? ના, ના, બેમાંની કોઈ નહિ. એ શાબાશીનો એક જ બોલ જો તે દિવસવાળી ભૂચરા રજપૂતની છોકરી આપે તો જ પાકી પરીક્ષા આપી કહેવાય. પણ એ છોકરીને પૂછવા કાંઈ થોડું જ જવાય છે ? મોં તોડી લ્યે તો એની સાથે બાઝવા બેસાય નહિ, તેમ હવે તો એને અવળા હાથની એક અડબોત માર્યા વગર હાલ્યા પણ આવી શકાય નહિ. ખેર, જાવા દ્યોને વાત. પારકે પાદર ધ્રોળમાં જઈને કાંઈ કોકની છોકરીને લાપોટ મારી અવાય છે ? ક્યાંક સામી ખાઈ બેસીએ ! ઉપરાંત હડ્યમાં નાખે એ લટકામાં !

ડુંગરાળ મુલકમાંથી ભય પામતો પામતો બહાર નીકળીને સપાટ ભોં ઉપર નાગ વજીર નીકળી આવ્યો ત્યારે એણે ઘડીક સ્મશાનની કલ્પના કરાવતી તો ઘડીભર લશ્કરની છાવણીનો ભય દેખાડતી ઝાઝી બધી ધૂણીઓ દૂર ચેતાયેલી જોઈ. નજીક આવ્યો ત્યારે કેટલાંક કદાવર શરીર હાલતાંચાલતાં, ઊઠતાં ને બેસતાં દેખાયાં. બે-ત્રણ હાથીઓ અને બસો-પાંચસો ઘોડાં પણ બાંધેલાં લાગ્યાં, ધૂણીઓની પ્રભા થોડીક વાર જોર પર આવી જતી તો થોડીક વાર ઝાંખી પડતી હતી. નાગ વજીરના મનમાં ધ્રાસકો પડ્યો. મુગલ ફોજનો તો પડાવ નહિ હોય ? તો આંહીંથી સલામત નીકળવું મુશ્કિલ થશે. એણે ઘોડો જમણા હાથ તરફ મરડીને ચાલવા માંડ્યું. પણ તત્કાળ એણે ધૂણીઓવાળા પડાવમાં કાંઈક કોલાહલ, સામસામા તપતા બોલ અને વિગ્રહના પડકારા પણ સાંભળ્યા. સાંભળતાં જ એણે ઘોડો થોભાવી કાન માંડ્યા. વાર્તાલાપ સંભળાયો :

"તુમારા પડાવ દિખલાવ."

"હાં હાં, ભાઈલોક, દેખ લો સબ પડાવ. એક ફક્ત હમારી દો મૈયાઓંકા ડેરા છોડ દો."

"નહિ, તમામ દેખને હોગા."

"તમામ કૌન દેખનેવાલા હૈ ! ક્યા તુમ અપને દેહ મેં તમામ જગહ દેખતે હૈ ? હંય ! તુમ શરીર કી અદબ કરતે હો કિ નાહિ ? હાં ? તો યે ભી અપના પરજા-શરીર હૈ, હમારા મૈયા લોગ કા પડાવ કી અંદબ કરનાં યહ અકબરશાહ કી ફોજ કા ધરમ હૈ."

નાગે આ વાર્તાલાપમાં બે પ્રકારના સૂર સાંભળ્યા : એક બોલનારની વાણીમાં સંસ્કાર અને સમજાવટ હતી. મીઠી હિન્દી બાનીમાં વિચારધારા વહેતી હતી. સામા બોલનાર કંઠમાં સત્તાની તુમાખી હતી.

એણે કુતૂહલથી પોતાના રેવતને પડાવની નજીક લીધો. ફરી સવાલ-જવાબ સાંભળ્યા :

"તુમારે આગેવાન કહાં હૈ ?" તુમાખીભર્યો અવાજ તાડૂકતો હતો.

"યે દેખો, યહીં હી આ રહે હૈ."

હાથીઓ ઝૂલતા હતા તે બાજુના ડેરાતંબૂમાંથી એક કદાવર દેહ ચાખડીએ ચડીને ઝૂલતો ઝૂલતો છૂટી જટાએ ચાલ્યો આવતો, નાગે મશાલોના પ્રકાશની વચ્ચે સ્પષ્ટીકારે દીઠો. જ્યાં તકરાર ચાલતી હતી ત્યાં જુદાજુદા બે દરવાજા જેવું ઊભું કરેલું હતું. એક દરવાજો પડાવની જુદી જ બાજુએ, થોડે દૂર અંધકારમાં ઊભેલી એક રાવટી તરફ જતો હતો. એ રાવટીનો માર્ગ રૂંધીને ઊભેલા એક સાધુની સાથે જ આ દાઢીઆળો ફોજી ઘોડેસવાર તુમાખી કરતો હતો. એની પાછળ બીજા પચીસેક સવારો હતા. મશાલો જેમ જેમ નજીક આવી તેમતેમ નાગને ઓળખાણ પડી કે ઘોડેસવારો મુગલાઈ પોશાકમાં હતા. તેમને આ જોગીઓના પડાવની જડતી લેવી હતી.

"શું મામલો છે, ભુવનભારથી ?" મહાકાય જોગીએ આવતાં આવતાં પેલા પહેરેગીર સાધુને ગંભીર અવાજે પ્રશ્ન કર્યો.

"જડતી લેવા માગે છે." એમ કહી એ લાઠીધારી ચોકીદાર સાધુએ ગુરુજીને પેલા ઘોડેસવારો દેખાડ્યા.

"કૌન હો, ભાઈ, આપ લોક ?" ગુરુદેવે પરદેશીઓને પ્રશ્ન કર્યો ત્યારે એમની મુખમુદ્રા પર શત્રુને પણ મિષ્ટ લાગે તેવો પ્રભાવ રમતો હતો.

"એહમદાબાદના ફૌજીઓ છીએ. સરકારી બહારવટિયા મુઝફ્ફરને શોધીએ છીએ. તમામ પડાવો તપાસવાનો નવાબ ખાનખાનાનનો હુકમ છે."

એમ કહીને ફોજના આગેવાને રુક્કો કાઢીને આ જમાતપતિ સામે ધર્યો.

"રુક્કાની કોઈ જરૂર નથી, અમે પણ મુગલ સરકારની જ રૈયત છીએ. અમારી ફરજ છે કે તપાસને આધીન થવું. તપાસી લો, કૌન મના કરે છે ?"

"પણ, ગુરુદેવ," ભુવનભારથીએ આસ્તેથી જાણ કરી : "એ તો મૈયાની રાવટી પણ તપાસવા કહે છે. હું કહું છું કે આ વેળા નહિ બને, સવારે તપાસો. એ તો અત્યારે જ તપાસવાની જિદ્દ લઈ ઊભા છે."

"હા–હા–હા–" ગુરુ હસ્યા : "હિન્દુઓ કરતાં તો મુસ્લિમોમાં બહેનોની ઇજ્જતના વિશેષ આગ્રહીઓ હોય છે, ખાં સાહેબ, ને નવાબ મિરજાખાનને જો ખબર થશે કે એની ફોજે અધરાતને સુમારે બાવાઓની રક્ષિતા એક બુઢ્ઢી મૈયાના નિવાસની જડતી લીધી છે, તો એ કેટલા ગુસ્સે થશે, જાણો છો ? હું જાણું છું. નવાબ તો મને પિછાને છે. અમારે અખાડે તો એમણે તાલીમ લીધી છે."

દરમિયાન દૂર ઊભેલો નાગ ઘોડો ચલાવીને નજીક આવ્યો, મુગલ આગેવાનને મૂંઝવણમાં ને મૂંઝવણમાં ચુપ ઊભેલો જોઈને એણે તરત તક સાધી. એણે છેલ્લા ઊભેલા ઘોડેસવારને કાનમાં કહ્યું : "બેગ સા'બને આંહીં બોલાવો. હું ખબર લાવેલ છું."

તકરાર કરતા આગેવાનને આ ખબર મળતાં જ એણે ઘોડો બહાર કાઢીને દૂર લીધો એટલે નાગે શુદ્ધ આગ્રાશાહી જબાનમાં કહ્યું : "આપ જેને શોધી રહ્યા છો તે આલેચના ડુંગરમાં 'હેડમ્બાને હીંચકે' પહોંચી ગયેલ છે."

"તું કોણ છે ?"

“દોસ્ત છું. આ જુઓ.” એમ કહીને એણે આગળ ગયેલી ટુકડી પાસેથી મળેલી અશરફીઓ બતાવી સવિસ્તર વાત કરી.

“કયો મારગ ?”

“સીધો મારગ. ભાણવડ ગામથી રસ્તો મરડાશે. સીધા ‘હેડમ્બાને હીંચકે’ જઈ ઊભા રહેશો. તમારી રાહ જોઈને આગલી ટુકડી ભાણવડને વટાવ્યા પછી દીપડા-જર પાસે થોભશે.”

“તમને મળેલી ટુકડીનું વર્ણન આપો.” ફોજદારે લશ્કરી તોરથી કહ્યું. નાગનો જવાબ પણ એટલો જ શિસ્તબદ્ધ હતો.

“આગે બઢો ! પાછળ આવતાઓને ચેતવો.”

એટલું બોલીને ટુકડીનો આગેવાન જમાતપતિ પાસે આવી ‘માફ કરના’ કહી ચાલી નીકળ્યો.

સૌ ગયા બાદ એક સવારને ઊભેલો જોઈને જોગીઓ કુતૂહલ પામતા હતા ત્યાં તો નાગ ઘોડાને નજીક લાવ્યો. નીચે ઊતરીને એણે એ મહાકાય સંઘપતિની સામે અદબથી હાથ જોડીને શબ્દોચ્ચાર કર્યા તે જોઈ સાંભળીને ગુરુદેવ ચકિત થયા. પૂછ્યું : “અરે કૌન રે, ભાઈ ?” “વાસુકિ.”

“કૌન? બેટા વાસુકિ? આંહીં ક્યાંથી? મા ક્યા મિલ ગઈ તુઝકો, બચ્ચા ? આ, નજીક આ, બેટા !”

ગુરુદેવે એને બાથમાં લીધો.

“વાસુકિ ! ક્યા વાસુકિ ! યહાં કહાંસે આયા વાસુકિ ? દેખો તો, ભાઈ, વાસુકિ કૈસા મર્દ દિસતા હૈ ! જટાપટા ઉતાર કે દેખો કૈસી મરોડદાર કેશાવલી રખી હૈ ! બડા બાહોશ લડકા !”

## મા મળી

નાગને ‘વાસુકિ’ નામે ઓળખનારી આ એ જ જમાત હતી કે જેણે એને ઉંમરલાયક કર્યા પછી થોડા વખત પર નવાનગરને સીમાડે છોડ્યો હતો. દ્વારિકા, હીંગળાજ, સુદામાપુરી વગેરે તીર્થાટને ફરીને જમાત પાછી વળતી હતી.

"તેરી માતાજી અબ તો મિલ ગઈ ને, વાસુકિ ! તેરી મૂછડિયાંને અબ તો તીન તીન વળી ઘાલ્યા, વાહ રે વાસુકિ !"

એમ કહેતાં કહેતાં ગુરુ નાગ વજીરને નિહાળતા હતા. મશાલો પર વિશેષ તેલની ધારો થતી હતી. ઝળેળી ઊઠેલી મશાલો વચ્ચે નમ્ર, નીરવ, સ્મિતભર્યું મોં સાચવીને ઊભેલો નાગ વજીર આખા પડાવના આકર્ષણનું પાત્ર બની ગયો, જોગીઓનું જૂથ બંધાયું. પ્રત્યેકને પિછાનતો પિછાનતો નાગ બે હાથ જોડી વંદન કરતો હતો.

"તેરી મૈયા મેરે પર ખિજાઈ તો નથી ના, વાસુકિ ? અબ તો હમકો કાલી રોટી કા ભોજન કરાવસેને તેરી મા ? હાં ?"

માલપુડાને આ જોગી લોકો કાલી રોટી કહે છે. નાગ કશો ઉત્તર નહોતો દેતો, પણ વારંવાર ખોંખારો ખાઈને ગળામાં ભરાતો કશોક કચરો સાફ કરતો હતો. એને ચુપ જોઈને ગુરુદેવ વધુ પ્રેમાર્દ્ર બનીને બોલવા લાગ્યા : "મા મિલેસે પિછે લડકા બિગડે જ સે. બડા મતલબી બન જાય સે. કિરપા તેરી, ભાઈ, ઈસ બખત મૈયા કા દરસન કરા, તો હું માફી માંગ લૂં. મારે ઉનકો કહેવા સે, કે હું તને ચોરી કરકે થોરા લે ગયા થા ! તુ મારગ મેં પડા થા તો હમ ઉઠાઈ લિયા, નહિ ઉઠાઈ લિયા હોતા તો બાઘ-વરુ-કુત્તા ખાઈ જાતા. ખરા કે નાહિ ? આ, ચલ મેરે પાસ. સબ બાત કહે કે મુઝકો. તુ ક્યા કરતા હૈ – લાઠી, કટારી, ઘોડેસવારી, દાવ, પેચ, સમશેરબાજી, કુછ કરતા હૈ કિ નાહિ ? ઔર તુને બિવાહ કર્યા કે નાહિ ? ચલ મેરી કુટિર પર. અરે ભાઈ સાધુલોક, વાસુકિ કા ઘોડા બાંધ દેનાં."

ગુરુ અને શિષ્ય આગળ વધે છે તે જ વખતે પેલી એકલ રાવટી પરથી એક કાળો આકાર ચાલ્યો આવતો દેખાય છે. મશાલ ઊંચી થાય છે, એટલે આકાર વધુ સ્પષ્ટ બને છે.

"અરે, યે કોન, ક્યા બુઢ્ઢી માઈ આતી હૈ ? ઊઠ ગઈ મૈયા ? ઈસ ગરબડ સે જાગ ગઈ ડોકરી ? હંય !"

એટલું બોલતાં ગુરુ ઊભા રહ્યા, ને એ વૃદ્ધ નારી-આકાર નજીક આવ્યો, એણે હાથ જોડ્યા હતા. ગુરુદેવની સાથે ઊભેલા જુવાન નાગ તરફ નજર નોંધી.

"તૂ ક્યા પિછાનતી હૈ ઇસકુ, મૈયા ? ક્યા દેખતી હૈ ? યે તો મારો બાલકો વાસુકિ સે. ડાકિની કી માફિક તૂ એને પર નજર નાહિ કર. એની મા તારો માથો જ ટીપી નાખશે, જો નજર લગી

સે તારી તો. ઔર તારે સું ? અમે ઇતના બધા બાવા તેરા બેટા સ્વરૂપી મિલી ગિયા, તોય તુ ડાકિની જ રહી ? પરકીય બેટા કો કાલી ઘોર રાત મેં ઐસા મત દેખ રે, માઈ ! ચોટ લગેગી."

"મને જોવા તો દિયો, બાપુ ! મને જોવો ગમે છે." વૃદ્ધાએ આંખો પર છાજલી કરીને નાગડા પર આંખો દોડતી મૂકી. નોળિયાનું નાનું પાળેલ બચ્ચું જેમ પાળનારના દેહ પર દોડાદોડ કરી મૂકે તેવી દોડાદોડનો મીઠો સ્પર્શ નાગડાએ પોતાના દેહ પર અનુભવ્યો.

"કેવો રૂપાળો છે !" વૃદ્ધાએ બોખા મોંમાંથી બોલ કાઢ્યા.

"જૂઠી બાત બોલેસે તૂ, મૈયા." ગુરુદેવે હાંસી કરી : "લડકો બિલકુલ રૂપાલો નથી. હમારી સાથ ચૌદા-પંદરા સાલ રહ્યો હતો, પણ કોઈએ ઈનકો રૂપાલો કહ્યો નથી. રૂપાલો કહેનેવાલી બસ, તુ એક અંધી મિલી ઈતને સાલમેં."

"ક્યાંનો છે આ જુવાન, હેં બાપુ ?" બુઢ્ઢીએ દીન સ્વરે પૂછ્યું.

"નાગનીનો." નાગથી બોલાઈ ગયું.

"તું કોનો દીકરો છો, ભાઈ ? તારાં માતપત્યાનું નામ ?"

"નથી." નાગ ફક્ત આટલું જ બોલીને બીજી બાજુ જોઈ ગયો. વૃદ્ધા નજીક આવીને આ જુવાનને જોવા લાગી.

"ખાઈ જાનાં નહિ." ગુરુદેવે ગમ્મત ચાલુ રાખી, અને જરી સંકોડાતા નાગને કહ્યું : "આ મૈયા થોરી સી પગલી હૈ. ઘબરા મત. ભરખી નાહિ જાસે. મેરે સબ સાધુઓં કો આમ જ કર્યા કરે સે !"

વૃદ્ધાએ એનો જમણો હાથ ઝાલીને પંજ તપાસ્યો. ટચલી આંગળીની અડોઅડ એક છેદાએલું ઠૂંઠૂં હતું. ઠૂંઠાને પંપાળતી પંપાળતી એ હસી, હસતાં હસતાં એકાએક ડાબા હાથની એની બાંય ઊંચી કરીને પોતે મશાલચીને નજીક આવવા સૂચવ્યું. ભુજા પર કાળું મોટું લાખું નિહાળીને ફરી વાર હસી. એકાએક એણે નાગડાની છાતી પર હાથ મૂક્યો, એટલે ગુરુદેવે કહ્યું : "અરે અરે, મૈયા, ક્યા તૂ લડકા કી ગર્દન પીસ દેગી ?"

વૃદ્ધાએ નાગના કંઠમાં રુદ્રાક્ષની માળા વચ્ચે ઝૂલતું માદળિયું સ્પર્શી જોયું ને એ ફરીથી હસી. જુવાનના મોં પર, લલાટ પર, કાન, નાક અને ગરદન પર એણે ધીરી ધીરીને સ્પર્શ કરતે કરતે જોયું. જોતી ગઈ તેમતેમ આવેશમાં આવતી ગઈ. આવેશની માત્રા ચડવા લાગી. અને હાંસી કરતા યોગી તેમ જ તેમના શિષ્યો સાવધાન બને તે પૂર્વે તો વૃદ્ધાએ મન પરનો તમામ કાબૂ ગુમાવી નાખીને કહ્યું : "જોરારનો ! જોરારનો ! જોરારનો જડી ગયો. જોઈ લ્યો, બાપુ, જોરારનો કેવો બંકો બની ગયો ! દેખો, જામ, સતા રાજા, ધવરાવ્યું તે લેખે લાગ્યું કે નહિ ?"

એમ કહેતી કહેતી જો એ ઉન્માદમાં ચડી જાત તો ગાંડી બનત. પણ એના બેહદ હર્ષાવેશનું ઊંડું પ્રયોજન એકદમ પકડી લેનાર યોગીરાજે એને ઉન્માદના સીમાડા ઓળંગી જતી અટકાવવાને માટે રડાવવાનું જરૂરી માન્યું. એણે પોતાના સાધુને આજ્ઞા કરી : "ભવેશાનંદ ! યે જવાન કો ઝાડ કે સાથ બાંધ દો : પ્રાતઃકાળ મેં મુગલ સરકાર કે ફૌજદાર કો સોંપ દેના, ઔર કહના, ભયાનક જાસૂસ હૈ."

"નૈ, નૈ, બાપુ. એવું ન કરશો, એને ન સોંપજો. એને ભાગી જાવા દ્યો. મારે એ પાછો નથી જોતો, એને પકડાવશો નૈ, દયાળુ !"

એમ બોલતી માતા રુદને ચડી ગઈ. પડીપડી ખૂબ રડી. ત્યાંથી ન ખસતા નાગને બાવડું ઝાલીને યોગી પોતાની રાવટીમાં લઈ ગયા, એને વહાલથી પોતાની પાસે બેસારીને પોતે બધી વાતથી વાકેફગાર બન્યા. આ વદ્ધા કેવા સંજોગોમાં જમાતને મળી તેની નાગને જાણ કરી. નાગે કશી ચોખવટ ન કરી. નાગ કે યોગી, બેમાંથી એકેય આ વૃદ્ધા માતાના ગૃહત્યાગની વાતનો નિગૂઢાર્થ હજુય નહોતા પકડી શક્યા. પ્રાતઃકાળે બધાં રહસ્યોનું છેદન થશે એવી રાહ જોતા ગુરુ-શિષ્યે જાગ્રતાવસ્થામાં જ રાત ગુજારી. સાધુએ સૌરાષ્ટ્ર-ગુજરાતની રાજકીય અવસ્થાના છેલ્લામાં છેલ્લા સમાચાર શિષ્ય પાસેથી મેળવી લીધા. પાછલા પહોરની શાંતિ વચ્ચે દેહ અને દેહી વચ્ચેના ભેદોની, બ્રહ્મબ્રહ્માંડની, મોક્ષ અને બંધનની સરળ મીઠી જ્ઞાનગોષ્ઠિ ગુરુમુખેથી ઝીલતો ઝીલતો નાગ નિજાનંદના પ્યાલા પીતો હતો. ગુરુ અશ્વવિદ્યા તેમ જ ગગનની જ્યોતિર્વિદ્યા ઉપર પણ ફરી વળ્યા હતા, ને રુદ્ર, સપ્તર્ષિ તેમ જ શુક્ર સમા તારાઓની ગતિ પણ દેખાડતા હતા.

પરોઢનું તારા-સ્નાન પત્યું અને સાધુઓ દેવસ્તવન માટે મંદિરના ધ્વજ નીચે જૂથે મળ્યા ત્યારે ગુરુએ વિશ્વંભરાનાં સવિશેષ ગુણકીર્તન કરી શિષ્યસંઘને ખબર આપ્યા : "ત્યાગીઓ ! આજનો પ્રાતઃકાળ પુનિત છે. એક મહાવિજોગની આજ રાત્રિએ સમાપ્તિ થઈ છે. આપણો પ્યારો વાસુકિ જનનીને પુનઃ પામ્યો છે. જનની પુત્રને પામી છે. માતૃ-હૃદયનો દુર્દમ આવેશ શમી ગયા પછી, ઓચિંતી ઇષ્ટપ્રાપ્તિનો ઊર્મિરોધ વિરમી ગયા પછી, પુત્ર પોતાની જનનીનું

બુદ્ધિપૂર્વક, શુદ્ધ આનંદપૂર્વક મિલન પામે તે માટે તેણે ઊઠીને આપણા પ્રિય સ્તોત્રનો મંત્રોચ્ચાર કરતા કરતા જનનીનાં ચરણોમાં નમવું."

વાસુકિ ઊઠીને માતાની સન્મુખ ઊભો રહ્યો. એના હાથમાં ગુરુએ પુષ્પો ધર્યાં. ને પછી સ્તોત્ર કહ્યું : "જનની જન્મભૂમિશ્ચ. . ." એ સ્તોત્ર આખા યોગી સંઘે ઝીલ્યું પછી એ સ્તોત્ર નાગે ઉચ્ચાર્યું. પુષ્પો માતાને પગે મેલીને નાગે મસ્તક ઝુકાવ્યું ને માએ એનાં મીઠડાં લીધાં ત્યારે ગુરુદેવે ઉચ્ચાર કર્યો : "તારું જીવન અને તારું મૃત્યુ, બન્ને જનનીના પય સમાં ધવલ બનજો."

પછી મા-દીકરાને એકાંતે બેસવા દેવાની ઇશારત ગુરુદેવ તરફથી થતાં સર્વ પોતાની દિનચર્યામાં પડ્યા. માની નોખી રાવટીમાં પુત્ર ગરીબડો બનીને માની નજીક બેઠો. એને નવીનતા અકળાવતી હતી. એના હૃદયમાં જાણે વાતાવરણમાંથી કોઈ ઘેનની સુવાસ ઊઠતી હતી. મા સાંપડી છતાં હાથમાંથી સરી તો નહિ જાય ? માને જવાબ દેતાં આટલો મૂંઝાઉં છું તે ક્યાંઇક મારી જબાન તો ખોટી નહિ પડી જવાની હોય ? જલદીજલદી શબ્દો કેમ ફૂટતા નથી ? માનાં દર્શનને રૂંધનારાં આ આંખોમાં ઊભરાતાં પાણી ત્યાં ને ત્યાં સુકાઈને કાયમી અંધાપાનાં પડળ તો નહિ બની બેસે ? અને આ કોઈ તરકટ તો નહિ હોય ને ?

નાગની આવી મનોદશા મટતી નહોતી. માએ એક પ્રશ્ન પૂછતાં અતિ ઘણી મહેનત અનુભવી : "તારા – બાપુ – ને – જોયા ?"

નાગે હકારમાં ડોકું હલાવ્યું.

"ઓળખાણ પડી ?"

નાગનું માથું નકારમાં હલ્યું. "શું કરે છે ? યાદ કરે છે ?"

"રોષભર્યા અને અતિદુઃખી દેખાય છે." એમ કહીને એણે માને પહેલી રાતનો પ્રસંગ સંભળાવ્યો. એ પ્રસંગમાં તો પિતાનું માતાજીના નામ પર ઝનૂન જ વરસ્યું હતું. માને માથે જાણે પિતાનું રોમેરોમ સળગતું હતું. જેસા વજીરના કરડા બોલની પાછળ અંતરમાં ટપકતી કરુણ પ્રેમોર્મિ નાગથી નહોતી સમજાઈ.

"એ માતૃદ્વેષી પિતાને તો..." નાગે દાંત ભીંસીને વાક્ય અધૂરું મૂક્યું.

"ખમા ! ખમા બેટા ! ખબરદાર જો કાંઈ બોલાય તો." માએ નાગને વાર્યો.

"માનું દૂધ દેખાડી દઈશ : એક દિવસ : આજે તો શું !"

નાગે આંખો બીડી દીધી.

એ વખતે એક યુવતી બહારથી નાહી-ધોઈને રાવટીમાં આવી. નાગે એને ક્યાંક દીઠી હોય તેવી મુખમુદ્રા કરી પોતે એની સામે જોઈ રહ્યો.

યુવતીએ અંદર આવીને એક ખૂણામાં આસન વાળ્યું. માતાના તેમ જ યુવતીના લેબાસ સફેદ ધોતલીના પહેરેલા સાળુના જ હતા. એટલે પોશાક પરથી પિછાન પડી શકતી નહોતી. સરાણના પટા તાણતાં તાણતાં ઝુલાવેલાં બાંયોનાં ફૂમકાં અને કેશના બેઉ બાજુના મીંડલાને છેડે ઝળૂંબતી ફૂમતીઓ આ દેહ પર કોઈ દિન ચડી હશે એવું માનવામાં આવે નહિ. તીર્થાટનો કરી કરીને નારી-દેહ દુર્બળ, ધર્મનિષ્ઠ અને સંસ્કારશીલ બન્યો જણાતો હતો. એ કશું બોલતી નહોતી. એના મોં પર ભાવો બદલાતા નહોતા. ઓચિંતી જાણે એ પથ્થર બની ગઈ હતી. 'એક દુખિયારી છે.' એટલું જ માએ કહ્યું.

વાસુકિ અથવા નાગ કોનો બાળક છે તે ગુરુએ આજ સુધી પૂછવાની કે તપાસવાની ખેવના કરી નહોતી. માનેલું કે હશે કોઈક રાંડીરાંડનો, કોઈક ગરીબ બાળક. આજે પણ એણે ન પૂછ્યું કે તમે કોણ છો ?

સાધુઓ – જેમાંના કેટલાક તો જુવાન હતા – તે બુઢ્ઢી પાસે આવીને પગે લાગવા માંડ્યા : "બસ મૈયા ? પુત્ર મિલ ગયા, અબ હમ સબકો છોડ જાયગી ?"

આ દૃશ્ય બપોર સુધી ચાલ્યું. સાધુઓ, જેમાંના અનેકને જનેતાઓ કેવી હોય તે સાંભરતું જ નહોતું, જેમાંના કેટલાકે સ્ત્રી-બાળકોને ત્યજ્યાં હતાં, કેટલાકો પોતાની અપર માતાઓના કે કાકી-મામીઓના માર ખાઈખાઈ ઘરથી નાઠા હતા, તેમને છેલ્લા એક વર્ષથી આ માતા ને આ એક બહેન અથવા બેટી મળી હતી.

તેમનાં મોઢાં પડી ગયાં હતાં. વૈરાગ્યની કઠોર મરુભોમ પર એક વાદળી ઓચિંતી વરસીને વહી જતી હતી. એક લીલી લીંબડીને કોઈક કાપી જતું હતું.

"મૈયા, તૂ જાતી હો તો આશીર્વાદ દે જા, મૈયા, કિ હમારા જોગ અખંડિત ઔર અવિચલિત રહે."

"મૈયા, તેરી કુછ નિશાની દે કર જા."

"મૈયા, ફિર કબ લૌટ આવેગી ?"

"બડી મતલબી મૈયા, હમ બારહ માસોં સે તેરે બચ્ચે થે, તબ ભી યહ આજ આનેવાલા એક કી સાથ તૂ ક્યોં ચલ નીકલતી હૈ !"

સાંજે નાગે ઘોડો સજ્જ કર્યો. માં પોતાની સાથેની અબોલ બાઈને લઈને પડાવની બહાર નીકળતી હતી, ત્યારે એણે જોગીઓનાં ખસિયાણાં મોં જોયાં. સાધુવ્રતની કડક શિસ્તે તેમની આંખોમાં આંસુને ને કંઠમાં રુદનના સ્વરને રૂંધી રખાવ્યાં હતાં.

ડોશી બહાર નીકળતી હતી ત્યારે કઈ દિશામાં જવું છે, ક્યાં, કોને ઘેર જવું છે, તે પ્રશ્નો પહેલવહેલા સૂઝયા. એણે નાગ પાસે જઈને નાગના ખભા પર હાથ ટેકવ્યો, ને પૂછ્યું : "ભાઈ, મને ક્યાં લઈ જાછ ? આપણે ક્યાં ઊતરશું ?"

ત્યારે નાગને ભાન આવ્યું કે પોતાને રહેવા ઘર નહોતું, પિતા કોપે પ્રજ્વળતો હતો, કોણ જાણે ફરીથી કેવુંય અપમાન કરશે, ને આ યુદ્ધના મામલા સળગે છે તેમાં હું માને ક્યાં લઈ જઈ ઊભી રાખીશ ?

દીકરો મા સામે તાકતો ઊભો, એ જવાબ ન આપી શક્યો.

"હું ને તું બેય કયે મોઢે જઈ તારા બાપ સામે ઊભાં રે'શું ? શું કહીને ઓળખાણ દેશું ?"

નાગે ઘોડાના પેંગડામાં પરોવેલો એક પગ પાછો કાઢી લીધો. માએ ફરી કહ્યું : "એ કહેશે કે હું તમને બેયને ઓળખતો નથી, તો શું જવાબ દેશું ?"

નાગ ચુપ રહી વિચારે ચડ્યો.

"એ કહેશે કે અહીંથી ચાલ્યાં જાવ, તો શું કરશું ?"

નાગ જવાબ ન આપી શક્યો.

"દીકરા." માએ કહ્યું : "મને જમાત ભેળી જ જાવા દે. હું તીરથ નાહી આવું. તારા વાવડ મોકલ્યા કરજે. તારા બાપ જે દી ઓળખીને કાંડું ઝાલે તે દી મને ખબર કરજે, હું વાજોવાજ આવીશ. આજ આવીને તારી અપકીર્તિ નહિ કરાવું."

જમાત આંહીંથી ક્યાં જવાની છે એ પૂછપરછ નાગે જઈને ગુરુને કરી. ગુરુદેવે કહ્યું : "ધ્રોળ જઈને ચાતુર્માસ કરવાની ઇચ્છા છે."

"તો મા ભલે આપની સાથે રહી. હું ત્યાં આવીશ."

સાધુઓ પાસેથી ઝૂંટવી લીધેલી મૈયાને પાછી કરીને ફરી પાછો માતૃહીન બનેલો નાગ નગરના પંથને કાપતો હતો. ત્યારે ઘોડો જાણે, બેવડો બોજો અનુભવી રહ્યો હતો. અસવારનું હૃદય પહાડોના પહાડોથી ભરાઈ ગયું હતું. આંખો ટપકુંટપકું થતી હતી તેને પોતે મોટે અવાજે આ શબ્દો બોલીને જાણે ધમકાવતો હતો : "હેઠ્ય, ફોશી આંખડિયું ! માને દીઠી તેની ઊલટાની ગુનેગારી ! ખાઈને ખોદો છો ? માયલા રુદાની તાકાત તોડવા માટે જ શું ભગવાને તમને બહાર બેસાડી છે ? તમને તો જુદ્ધના મેદાનમાં ગીધડાં-કાગડાં ઠોલી ખાય એ જ લાગની છો ! તમે શીદ ઠાલાં ચીંથરાં ફાડો છો ? હું તમારા લાડ જરાય નહિ ચલાવી લઉં. મને બહુ છેડશો તો હમણે આ થોરનું દૂધ ભરી દઈશ. આટલી બધી કાયરતા હતી તો માને જોઈ તે ટાણે જ કેમ ન રોઈ લીધું ! મા બહુ વા'લી હતી તો મને જોગીઓ ભેળી માને ત્યાં પાછી મૂકી દેવા કેમ દીધી ? ત્યાં કેમ યાદ ન આવવા દીધું, કે બાપને ઘેર નહિ તો ઓલી રાજુલને ઘેર રાખી આવીશ તને, મા ! રાજુલ મારા માથે ખીજે ભઠી છે એટલે એને ઠીક પડત, માની પાસેથી મારી વાયડાઈની કૈક વાતો કઢાવત. મા રાજુલને કહેત કે મારો દીકરો રૂડો છે, ત્યારે રાજુલને ઠીક ગમ્મત થાત. પણ એ બધું ટાણાસર સૂઝવું જોઈએ ને ! મારા વા'લા જોગીડા બધા ઠીક ફાવી ગયા. એમને મા જોતી'તી. ભલે ફાવ્યા. મારા વા'લા પીલપાડા જેવા ઉપરથી દેખાય, પણ માયલી પા તો મારા જેવા જ દુકાળિયા રાંકા છે બધા ! આખી દુનિયાને છોડવાનો ડોળ કરે છે, પણ એક મારી માને – પારકી માને – ય મેલી દેતાં બરછીઉં વાગતી'તી જાણે ! ઘણુંય થાય છે કે હું ય એનો બદલો લેવા એ પ્રત્યેકની મા પાસે પહોંચી જાઉં, ને એવી ચાકરી કરું કે એ બધી માઓ આ પેટના છોકરાઓને ભૂલી જ જાય. પણ હવે આ મામલાને પૂરો થઈ જવા દે. આ મુઝફ્ફરશા દોસ્તને માથેથી આફત ઊતરવા દે. પછી વાત છે બધાની."

## ભૂચર મોરી

પળચર પંખણી જી, કે બાતાં યું કરે,

ભય તબ ભૂચરી જી, કે આગમ ઓચરે.

[‘વીભા-વિલાસ’]

આજે પણ એને ‘ભૂચર મોરી’ કહેવામાં આવે છે. રાજકોટ અને જોડિયા વચ્ચે ચાલી જતી સડકને ડાબે કાંઠે એક ઊંચો ટીંબો છે. એને અગ્નિખૂણે ધ્રોળ નામનું ગામ છે. સામે નીચવાણમાં ગોળ ફરતાં હરિપુર, ખારવા, સોવલ, વાંકિયા, નથુવલા, ગરેડિયા અને માવાપર નામનાં ગામડાં છે. ‘ભૂચર મોરી’ના ટીંબાને જમણે હાથે બે ખેતરવા છેટે એક સેંજળ ઝરણું હાલ્યું જાય છે. આજે એ નદી-કાંઠાના નાળિયેરી અને આંબાનાં હરિયાળાં ઝાડવાંનાં જૂથ વચ્ચે ‘જેસલ પીર’ નામે ઓળખાતી સંત-સમાધ છે. ભૂચર મોરીના ટીંબાને ત્રણ પડખે પાંચ-પાંચ ગાઉનાં પલ્લામાં હજારો પ્રેતની વાસના-ઝાળોનો અગ્નિકુંડ હોય તેવું વેરાન છે. વેરાન અને લીલો કંજાર નદીતટ, નિર્જલતા અને નિત્યસજીવન નવાણ : મરુભોમ અને વનરાઈ : મોત અને જીવન : સ્મશાન અને સર્જનસ્થાન : આટલાં બધાં પડખોપડખ ? પૃથ્વીના હૈયા ઉપર પોષણ અને ભક્ષણની લીલા જોડાજોડ રમે છે. ભૂચર મોરી ! માનવાત્માના મૂર્તિમાન આવિષ્કાર ! રુધિર અને અમૃતનાં ઉત્પત્તિસ્થાન ! કારમાં ક્રોધની ભઠ્ઠી અને સુંવાળા પ્રેમનું જળાશય, બન્ને તારે અંતરે સંગાથે ખૂલે છે.

સવાત્રણસો વર્ષ પૂર્વેના વૈશાખની એક બપોર વેળાએ આ ટીંબા પાસે ચાલ્યા જતા એ ઝરણાને કાંઠે પોતાનું ગૌધણ અને ભેંસોનું ખાડુ ઘોળીને એક માલધારી સીમમાંથી પાછો ફર્યો, પશુઓને પાણી પાયાં અને પોતે હાથ-મોં ધોઈને દાઢીનાં પાણી લૂછતો કિનારે બેઠો.

એનું નામ ભૂચર મોરી. મૂળ ઓખામંડળમાંથી આવીને નવાનગર થઈ આંહીં આવેલો એ રજપૂત આપણને અજાણ્યો નથી. આ પડતર ટીંબાને સજીવન કરનાર એ પરદેશી માલધારી અને આ ટીંબો, બેઉ એક વરસમાં તો એટલાં એકરૂપ બની ગયાં હતાં કે માનવીઓએ આ સ્થાનનું નામ પાડી દીધું હતું ‘ભૂચર મોરીનો ટીંબો’. પછી તો ટીંબો અને ટીંબાવાસી માનવ વચ્ચેના જડ-ચેતન ભેદને, સ્થાવર-જંગમના ભેદને, તમામ ભેદને લોકો એટલી હદ સુધી ભૂલી ગયાં, કે ટીંબો ફક્ત ‘ભૂચર મોરી’ નામે જ ઓળખાતો થયો. માનવી અને વેરાન બન્ને એક જ શરીરનાં બે અરધિયાં બન્યાં; નહિ નહિ, માનવી જાણે કે પ્રાણ હતો ને વેરાન એની કાયાનું કલેવર હતું. પશુના માલિકો પોતાનાં ઢોરની સાથે વાતો કરે છે એ તો જાણીતું છે. પણ ભૂચરો રજપૂત તો નિર્જીવ-નિષ્પ્રાણ ટીંબાની સાથે છૂપી ગોઠડી કરતો હતો. પ્રભાતે ટીંબો ટાઢી હવાના બોલ બોલતો, ને બપોરે ધગધગતી લૂક એની વાચા બનતી. રાત્રિએ કાળો અંધકાર ટીંબાનો અવાજ હોય તેમ ઝમઝમ કરતો. ચોમાસે હરિયાળી ટીંબાની જબાન બની જતી. એ વેરાનનો

શબ્દેશબ્દ સાંભળતો ને સમજતો ભૂચર પોતાને કોઈ બોલાવતું હોય તેમ હાથ, માથું ને જીભ ચલાવતો. કોઈક બોલાવતું હતું : "ભૂચર મોરી !"

“હં, શું કહો છો, ભૂચર મોરી !” માનવી જવાબ દેતો.

વેરાન પૂછતું : “રાજુલબાઈ રોટલા લઈને આવી ?”

“હમણો આવશે.”

“ભૂચર મોરી !”

“હું ભૂચર મોરી.”

“રાજુલબાઈને માથે તમે તપી કેમ જાવ છો હમણાં હમણાં ?”

“તપું નહિ તો શું મરું ?”

“કાં ?”

“દોહવા બેસું છું તયેં વાછરુ-પાડરુને ઝાલી રાખતી નથી.”

“તે દી નવેનગર તો હાથીની સામે ય મોટી ખડેલીને ઝાલીને માથે હેલ્ય લઈ આવી’તી તે યાદ છે ?”

“હા, યાદ છે. તે દીથી જ ભાન ભૂલીછ.”

“કારણ ?”

“રોટલો ક્યાં ખાય છે ?”

“કારણ ?”

“તું જાણ.”

“હું જાણું છું.”

“તો કહેને ભલો થઈને, ભાઈ.”

“એનો વિવા કર.” “વિવાનું નામ લે મા. હું વાત કાઢું કે રોઈ પડે છે. રજપૂતના છોકરા ઝૂંપડે ટોળે વળે છે. ભલભલા જુવાન નત્ય એની નજરે પાડું છું. પણ રાજુલ કહે છે કે એ એકેય નહિ. પૂછું કે ત્યારે કોણ ? તો જવાબ દ્યે છે કે આવશે, આવશે, એક દી એ આવશે.”

“કોણ આવશે ?”

“નામઠામ નથી દેતી.”

“તનેય ખબર નથી ?”

“ના, ખબર એટલી જ છે કે તે દી ગાંડા હાથીવાળો બનાવ નાગનીમાં બન્યો ત્યારથી ફટક્યું છે.”

“લે હવે છાનો મર. આ આવી રોટલો લઈને.”

“તુંયે છાનો મર, પાણા !”

રાજુલ દીકરી ભાત લઈને આવી. બાપ ખાવા બેઠો. બાપને જમાડીને દીકરીએ વાત કાઢી : “બાપુ, હાલો ક્યાંક બીજે. અહીં નથી રે’વું”

“કાં ?”

“બીક લાગે છે.”

“બીક ! તને બીક ? કોની બીક ? તું પોતે જ ડાકણ છો ને તને બીક કોની ?”

"આ ટીંબાની."

"ક્યારથી લાગી ?"

"થોડા દીથી."

"શું છે ?"

"બાપુ." દીકરીએ ઘણીઘણી રકઝક પછી ભરમ ખોલ્યો : "રાતે તમે સૂઈ ગયા હો ને હું ધણને નદીકાંઠે પહર ચારતી હોઉં છું ત્યારે આ સામી ધારને માથે મને એવી કોઈક નવીન જાતનાં પંખી દીઠામાં આવે છે, કે જે મેં ક્યાંય કોઈ દી જોયાં નથી."

"અરે મૂરખી," બાપે છાશમાં તરબોળ મૂછો લૂછતાંલૂછતાં કહ્યું : "વગડો છે, ધારોડ મુલક છે, સેંકડો ઢોરને ચારો કરવાનો લીલો નદી-આરો છે, ત્યાં ગીધ-ગરજાં જેવાં પંખી ન રહે ? તું તે આવી બીકણ કેદુની થઈ ગઈ ?"

"હું બીતી નથી. પણ એ પંખીને દેખીને આપણા ધણની ગાયો-ભેંસો ભાંભરડા દેવા માંડે છે. ઊઠીઊઠીને ભાગવા માંડે છે. એ પંખી ગીધ-ગરજાં જેવાં નથી હોતાં."

"કેવાં હોય છે ? તારા જેવાં ?"

"કેટલાકનાં મોઢાં માણસ જેવાં, કેટલાકનાં બકરી જેવાં, બિલાડાં, કૂતરાં ને સાવઝ જેવાં, મોટા દાંત ને લાંબી ચાંચોવાળાં, વસમી, ભાષાવાળાં, હાથીને ઝાલીને આભ ઊડે તેવાં..."

"અરે રાખ રાખ, ગાંડી !" બાપ દીકરીને વારવા લાગ્યો. પણ રાજુલ તો સ્વપ્ન જોતી હોય તેમ બોલતી જ રહી : "કોઈ કાળાં, કોઈ પીળાં, કોઈ રાતાં, કોઈ પચરંગી, કોઈ નીલાં, કોઈ ચૂંચાં..."

"બસ કરી જા, ચસ્કેલ !"

"વિકરાળ રૂપ, વિકરાળ નખ, વિકરાળ દાંત, મોટી આંખો, મોટી પાંખો, નાનાં શરીર, નાના પગ અને – અને – અને બાપુ !.." એમ બોલતાં બોલતાં રાજુલની આંખોમાં પાણી આવી ગયાં.

“અને શું ?”

એક ઘોડાનો અસવાર પૂરાં હથિયાર-પડિયારે ધાર માથે ઊભો હોય છે, તેને આ પંખીઓ વીંટળાઈ વળે છે. અસવાર પોતાનાં અંગ છેદીછેદીને પંખીઓને નીરતો મને સાદ પાડે છે, કે રાજુલ, મને પાણી પા ! રાજુલ, મને છેલ્લી વારનું પાણી પિવાડ.”

“તું ઓળખછ અસવારને ?”

રાજુલે માથું હલાવ્યું.

“કોણ ?”

“નાગનીને નદીકાંઠે પોર જેણે મને હાથીના હલ્લામાંથી બચાવી લીધેલી એ જુવાન.” “પછી તે પાણી પાયું ?”

“હું માટલી લઈને એની પાસે જાઉં, એટલે એ કહે છે, કે રાજુલ તું તારા મોંયે એ પાણી પી ને પછી મને પિવરાવ.”

“તેં પીધું ?”

“હા, ને પછી પિવરાવ્યું. એ પાણી પીતો જ જાય, એની તરસ છીપે નહિ, માટલીમાંથી પાણી ખૂટે જ નહિ.”

“બાઈ, વાત પેટમાં રાખજે. આંહીં જો જાણ થશે તો દરબાર ઊભાં રહેવા નહિ આપે. ડાકણ્યાં કહી કહીને કાઢી મેલશે ને વસ્તી પાણકેપાણકે પીટી નાખશે.” બાપ આભો બની ગયો.

“બાપુ.” રાજુલ અગાઉ કોઈકોઈ વાર કહેતી : “હાલો આપણે નાગની વયાં જાયેં.”

“કેમ ?” બાપ હસ્યો : “વજીર બાપુ આટઆટલી વાર આંહીં આવીઆવીને રગરગી ગયા, કે હાલો નગર, હાલો નાગની, ત્યારે તો તું ને તું ના પાડતી’તી. ને હવે કેમ આપોઆપ હૈયું બદલી ગિયું ?”

"બદલી ગિયું, ઘરાર બદલી ગિયું. હવે કાંઈ કે'વું છે તમારે ?"

મા વગરની દીકરીને નાનપણથી જ બાપની હારે એક પ્રકારની ભાઈબંધી થઈ ગઈ હતી. દીકરી જે વાતો જગતમાં એક જનેતા પાસે જ કહી શકે, તેવી વાતો કરવાનું ઠેકાણું રાજુલને એનો બાપ બની ગયો હતો. બાપ ઘણી વાર હાંસી પણ કરતો. દીકરી સામા જવાબો પણ હસીને જ દેતી. બાપ જ્યારે મેણું મારતો કે 'આખો અવતાર મારે કપાળે જ જડાઈ રહી છો ?' ત્યારે દીકરી જવાબ વાળતી કે 'તયેં શા સારુ ફરી ઘર નથી કરી લેતા ? નવી મા આવશે એટલે મને ઝપાટામાં ભગાડી મૂકશે'. બેમાંથી કોઈ એકબીજાને છોડી જાય તેવું રહ્યું નહોતું. અને રાજુલે છેલ્લાં પાંચેક વરસથી સીમમાં એટલાએટલા જુવાન છોકરાઓને બડૂકબડૂકે ઢીબ્યા હતા, કે આ છોકરી કોઈ જેવા તેવા રજપૂતનું ઘર નહિ જ ચલાવી આપે એની બાપને ખાતરી થઈ હતી. ફક્ત મોટો ફેરફાર નાગની ગામથી થયો હતો. ત્યારથી એણે જુવાન કે મોટા મરદોથી પોતાની જાતને છેટી પાડી દીધી હતી. કજિયાળો સ્વભાવ એણે ઓછો કર્યો હતો.

જેસા વજીર ધ્રોળ પાસેના નગરના સરહદી ગામ હડિયાણામાં વારંવાર આવતા-જતા, સીમાડાની ચોકી પાકી રાખવા માટે તેમને આવવું પડતું. હડિયાણે આવતા ત્યારે ત્યારે ભૂચરાની ઝૂંપડીએ આંટો મારી રાજુલની ખબર પૂછી જતા અને રાજુલને લલચાવતા.

"નાગની હાલ, બેટા, હવે અમે ગાંડા હાથીઓને મોકળા નહિ મૂકીએ."

ભૂચરાને પણ વજીર પોતાની સાથે સીમાડા સુધી લઈ જઈને વાતવાતમાં કહેતો : "ભાઈ, તારી દીકરીના નસીબમાં સાચી સિપાઈગીરી કરનાર સિવાય કોઈ ખેડુ કે માલધારી રજપૂત સામશે નહિ." વજીર આખરે એક એવા દિવસની વાટ જોતા કે જ્યારે પેલા અજાકુંવરના 'પરદેશી' જોદ્ધા માટે રાજુલનું માથું નાખી શકાય. પણ એ નામ રજૂ કરવાનું ટાણું પાક્યું નહોતું. વજીરને આ વાત હૈયા સમી થઈ પડી હતી. એ વાંકડી મૂછોવાળા ત્રીસ વર્ષના દફેદારનું વલણ પોતાના પ્રત્યે ઓછું તેમ જ કાંઈક અણગમાની છાંટવાળું હોવા છતાં વજીરને નહોતું સમજાતું કે પોતે શા કારણે એ છોકરાની સંસારી ચિંતા સેવ્યા કરતા હતા. કારણ જડતું નહોતું. એટલે પછી વજીર એમ વિચારીને દિલ મનાવતા હતા કે એવો બંકો ન ઠેકાણાસર વરે-પરણે તો મારા અજા જામને આંગણે તેજસ્વી સિપાઈગીરીનો વેલો ચાલે. અગાઉની આ બધી વાતોથી ભૂચરને થયું કે વજીર પાસે આ પંખીવાળી ઘટના કહી દેવી જોઈએ.

જોગાનુજોગ એવો બન્યો કે દ્વારકાથી વળી આવતી બાવાઓની જમાતે આ અરસામાં જ પોતાનો પડાવ ધ્રોળને પાદર નાખ્યો. જમાતપતિને મળવા આસપાસના રાજપુરુષો ધ્રોળ આવ્યા હતા. તેમને સૌને તેડાવીને જોગીવરે પોતાના મનની વાત બહાર પાડી. ધ્રોળના પાદરમાં

છેલ્લાં ચાલીસ વર્ષની અંદર બે કારમા રણસંગ્રામો થયા : ઝાલા. અને જાડેજાઓના નજીવા કલહ-કારણે આ ભૂમિએ લોહી પીધું છે. જસાજી અને રાયસંગજી, મામો ને ભાણેજ નગારાં બજાવવાની ધૂડ જેવી વાતની જિદ્દમાં પોતાનાં તો ઠીક પણ પોતાના હજારો રાજપૂતોનાં માથાં વધેરાવી ગયા. મરતો મરતો જાડેજો જસોજી પોતાના વેરની વસૂલાતનું બીજ સાહેબજી કચ્છવાળાના મનમાં વાવતો ગયો, તેને પરિણામે સાહેબજીએ કચ્છના સુભટો અને રાયસંગજીએ હળવદના શૂરવીર સિપાઈઓની જાદવાસ્થળી મચાવી મૂકી, તે પણ આંહીં ધ્રોળને પાદર. એ બન્ને બેવકૂફ રક્તપાતોનાં નિમિત્તે અમારાં બાવાઓનાં જ નગારાં બન્યાં છે. મારે આ ભૂમિનું કોપ-શમન કરવું છે. યજ્ઞ કરવામાં મને સૌ સોરઠિયાઓ સહાય આપો.

એ અરસામાં જ એક દિવસ ભૂચરાએ દીકરીને રોજ દેખાતા ભયંકર આગમની વાત ધ્રુજતે હૈયે જઈ જેસા વજીરની પાસે ખોલી નાખી. જેસા વજીરે ભૂચરને અને રાજુલબાઈને ભેળાં લઈ જોગીની પાસે એકાંત-ચર્ચા કરી. રાજુલને દીઠામાં આવેલાં આ ધાર પરનાં રાત્રિનાં દૃશ્યો વર્ણવી દેખાડ્યાં.

સાંભળી લઈને સાધુએ નિશ્વાસ નાખ્યો. “આ ધરતી હજુય તરસી છે. એનો ભરખ પૂરો થયો નથી. હજુ એને ખપ્પર ભરવું છે.” યોગીએ પ્રશ્ન મૂકી જોયા. રાત્રિની જ્યોતિર્માલા ઉકેલી. પાણીના વહેણ અને વાયુના પંથ તપાસ્યા અને એ તમામ વિદ્યાના આંકડા મૂકીને પછી એણે રાજદ્વારી સંજોગો જેસા વજીરની સાથે એકાંતે બેસી વિગતવાર ચર્ચ્યા. મુઝફ્ફરશાહનાં બાળબચ્ચાં નગરને આશરે હતાં : છેલ્લા સમાચાર ફરી મુઝફ્ફરની અમદાવાદ પરની ચડાઈના અને એ ચડાઈ નિષ્ફળ ગયાના હતા. ફરીથી મુઝફ્ફર સોરઠનો આશરો લેવા આવ્યા વગર રહેવાનો નથી : ને અકબર મુઝફ્ફરને કટકે ય મૂકવાનો નથી. આંહીં ફરી એક વાર સમર ખેલાશે. અને, જેસા વજીર ! આ કન્યા જે અસવારને રાત્રિકાળે પાણી પાય છે તે આખાય સમરાંગણનો સર્વોપરિ ‘સુરાપરો’ બનશે.

“મહારાજ,” જેસા વજીરે કહ્યું : “આપને જે અગમનિગમની વિદ્યાએ સુઝાડ્યું છે, તે મને મારી આત્મસાક્ષીએ સૂઝી ચૂક્યું હતું.”

“પ્રારબ્ધ કોઈને છોડતું નથી, વૃદ્ધ સૈનિક !”

“મને એનો સંતાપ નથી, મહારાજ. સંતાપ હોય તો તે માત્ર એક જ છે. આજ સુધી નહોતો લાગ્યો, આજે લાગે છે.”

“વાત કરશો ?”

“આ નિસ્તેજ આંખો છેલ્લુકી વાર બિડાતી બિડાતી જો રણસંગ્રામમાં એક જ વાત જોઈ શકી હોત ને –”

“શું જોવાના મનોરથ હતા ?”

“જિંદગીભર જેણે સિપાઈગીરી જ ખેંચી છે, તેને બીજો તો શો મહાન મનોરથ હોય ? પેટનો બેટો ઝૂઝતો હોત, ને એને છાતીના ઘાવ ઝીલતો નિહાળી પ્રાણ છોડવાનું પ્રારબ્ધમાં લખ્યું હોત…”

વૃદ્ધ આંખોની સફેદ પાંપણો ધીરેધીરે પલળવા લાગી.

“તમે ઉગ્રભાગી છો, વજીર, કે તમને અંતકાળનો આવો કલ્યાણમૂર્તિ આદર્શ સૂઝે છે. તમે પિંડ દેનારો પામ્યા જ નથી એ મને ખબર નહોતી.”

“પામ્યો તો હતો.”

“ગુજરી ગયો ? બહુ વહેલાં ?”

“ના, ગુમ થયો છે.”

“ક્યારે ?” સાધુ ચમકી ઊઠ્યા.

“વર્ષો વીત્યાં. હું વીસરી પણ ગયો હતો.”

“ધારણા રાખો, વજીર બંધુ ! ભગવાન બડા કિરપાલુ છે. આંહીં નહિ તો અન્યત્ર પણ તમારા જ પિતૃત્વને ઉજાળતો હશે.”

“ના, ના, એવો એ નહોતો. એનામાં એવી કોઈ રતી જ નહોતી. ચિત્તભ્રમિત જેવો હતો. ક્યાંય રખડી-રવડી ખતમ થયો હશે.”

“કલ્યાણમયી તમારી જે સિપાઈગીરી, તેનું ફળ દુર્ગતિને પામે જ નહિ, જેસાભાઈ, પરમેશ્વરમાં વિશ્વાસ રાખો.”

‘દુર્ગતિને પામે નહિ' એ બોલથી વજીરના આસ્થાળુ હૃદયમાં એક વાત ઘૂંટાવા લાગી. પેલો ‘પરદેશી’ દફેદાર વાસુકિ કેમ મારા દિલને ખેંચીખેંચીને પાછો ધક્કો મારે છે ? એ કોણ હશે ? મારા ઘરમાં તે દિવસ રાતે આવેલ ચોટ્ટા બાવા જેવો કાં લાગે ? મેં કહેલું તે મુજબ એ જુવાન જોગટો તો લશ્કરમાં નહિ રહી ગયો હોય ! એ ઘરમાં ‘મા ! મા !’ કરી ફરતો હતો તે જ રીતે મારું હૈયું એને ‘બેટા ! બેટા !’ કહેતું કેમ બોલાવી રહે છે ? એ અને હું એકબીજાને ગમતા નથી તોપણ મેં એને જ કેમ મારો વિશ્વાસુ બાતમીદાર બનાવ્યો હશે ? તોબા છે આ પ્રારબ્ધલીલાથી !

## પહેલું ટીખળ

સાંજરે જેસા વજીર ઘોડે ચડી હડિયાણા મુકામ તરફ ગયા. હડિયાણામાં નગરથી આવેલો કાસદ સવાર એની રાહ જ જોતોજોતો હજુ ઘોડાને પકડીને જ ઊભો હતો. જેસા વજીરે એને ઓળખ્યો. એ નવો દફેદાર વાસુકિ હતો. નગરના સેનાધિપતિની સામે સંપૂર્ણ અદબથી ઊભેલો છતાં એ સિપાઈ પોતાના મોં પરથી કરડાઈ નહોતો છોડી શક્યો. સન્મુખ ઊભેલો છતાં એની દૃષ્ટિ વજીરની આંખો સાથે એકનજર થવા તૈયાર નહોતી. છતાં વજીરે એને ધીરીને નિહાળ્યો. ચોટ્ટા બાવાવાળી રાત સાંભરી. કલ્પનામાં આને બથમાં લઈને માપ્યો, એ જ લાગ્યો.

વજીરે ગુપ્ત પત્ર વાંચીએ પૂછ્યું : “કોણે લખાવી છે આ ચિઠ્ઠી ?”

“મોટા જામે.”

“કોઈની સાથે મંત્રણા કરી હતી ?”

“હા જી, મહેરામણજી, દલ ભાણજી, ડાયો વજીર વગેરે સૌ સલાહકારો હાજર હતા.”

“એમનો બધાનો મત...” “સુલેહનો.”

“સુલેહ ? દફેદાર, આમાં ક્યાં આવી સુલેહની વાત ? મુઝફ્ફરશા આપણે આશરે આવે છે, તેને સામા ચાલીને ના પાડવાની આ વાતને સુલેહ કહેનારો મારી સામે ઊભનાર જુવાન સિપાઈગીરી કરે છે ? કે...”

“તાબેદારનો અભિપ્રાય સેનાધિપતિ નથી પૂછતા, માત્ર શું બન્યું તેની માહેતી પૂછે છે.”

જેસા વજીરને ફોજની સાઠ વર્ષની કારકિર્દીમાં આવો જવાબ દેનાર આ સૌ પહેલો માણસ મળ્યો. એના પ્રત્યુત્તરમાંથી રોષ કાઢવાની જે થોડી ઘડીની મગજમારી જેસા વજીરના ભેજામાં ચાલી રહી હતી તેની બાતમી વજીરનાં લમણાં તેમ જ લલાટ પરની રગોના સળવળાટ પરથી મળતી હતી. જુવાનના જવાબમાંથી દોષપાત્ર એવો એક અક્ષર પણ ન જડવાથી થોડી વારે વજીરે પ્રશ્ન કર્યો : "કુંવર શું કહે છે ?"

"તાબેદારે પૂછ્યું નથી.'

"પૂછ્યું નથી એ તો સમજ્યા, પણ બાતમી રાખો છો કે નહિ ?"

"કુંવર વિષેની બાતમી રાખવાનો તાબેદારને હુકમ નથી. હવેથી હુકમ હશે તો તેમ થઈ શકશે."

"સિપાઈગીરી તો સમજો છો ને ?"

"મહેનત કરું છું."

"જુઓ, હવે શાંતિથી સાંભળો, દફેદાર." વજીરે ટાઢા પડીને બિનઅમલદારી ઢબે વાત આરંભી. એનો ચહેરો રાંક, ગરજુડો, લાચાર બન્યો. "જો કુંવર પણ ઢીલા પડ્યા હોય તો મારે એક કામ કરવું છે. મારે કાશીવાસ લેવો છે. દફેદાર, હું નામોશીમાં નહિ જીવી શકું. હું મસાણકાંઠે બેઠો છું. ને – ને – હું તો, દફેદાર, સ્વજનહીન છું. મારે ઘર નથી, બાર નથી."

"તાબેદાર આપની દયા ખાવાને લાયક આદમી નથી, બાકી કુંવર તો મુઝફ્ફરશાનાં બાળબચ્ચાંની ચોકી કરતા આપની ડેલીએ જ બેસી રહે છે. રાજ-મંત્રણામાં હાજરી આપતા નથી. એટલું જ હું જાણું છું." "તમારે મા છે ? બાપ છે ? કોઈ છે, હેં દફેદાર ?"

"છે, નામદાર, પણ હું એમને ભૂલી ગયો છું. સિપાઈગીરી કરનારને એવી લાગણી કેમ પાલવે ? આપે તો એવી સિપાઈગીરીનો દાખલો બેસાર્યો છે."

"એ તમને કોણ પૂછે છે ?" વજીર આ અર્થભરી વાણીથી ચમક્યા. "આવા સાધુરામ ક્યાંથી ભરાણા છે ફોજમાં ? બોલો, તમે હડિયાણાનો ગઢ સાચવીને બે દિવસ રહેશો ? મારે નગર જઈ આવવું છે."

"જેવો હુકમ. પણ મુઝફ્ફરશા આવીને ઊભા રહે તો મારે શું કરવાનું છે તે ફરમાયેશ માગી લઉં છું."

"શું કરવાનું છે એટલે ?"

"એને ઊતરવા દેવાના છે કે તગડી મૂકવાના છે ?"

"તગડી મૂકવાની વાત કરો છો, સાધુરામ ? સિપાઈગીરીનાં મોટાં બણગાં તો અબઘડી જ ફૂંકતા'તા." વજીર ફરી વાર ખિજાયા.

"જામ બાપુની આજ્ઞા..."

"તમે અત્યારે મારી ફોજના અમલદાર છો, મારી આજ્ઞામાં છો, હું કહું તેમ કરો."

"આપ કહો."

"મેં કહ્યું નહિ ?"

"આપે હજુ તાબેદારને કાંઈ કહ્યું નથી."

"પણ કહેવાની શી જરૂર છે ? સિપાઈ છો કે, સાધુરામ ? આશરે આવનારને તગડી મૂકવાની વાત કહેતાં લાજતા નથી ? હું રજા લેવા જાઉં છું. બે દિવસમાં મહેમાન આવી પડે તો ગુપ્તવેશે ધ્રોળમાં ભૂચર મોરીની ઝૂંપડીમાં રખાવજો. ભૂચર મોરી નામે ધણ ચારનારો છે. ગામના આથમણા ઝાંપા બહાર એનું ખોરડું છે. જાવ, બંદોબસ્ત કરીને તરત આવો. હું રાતોરાત નગર જવા ચડું તે પૂર્વે હાજર થજો."

નાગડો દફેદાર જ્યારે ધ્રોળને માર્ગે પડ્યો ત્યારે એણે ભૂચર મોરી નામ ઉપર યાદદાસ્તને ઠેરવી. કેવું વિચિત્ર નામ ? કોણ હશે ? અત્યારે પૂછગાછ કરીને ગોતવું પડશે ખોરડું. એકાદ વર્ષ પર નગરમાં બનેલ બનાવવાળી નામઠામની વિગતો એને યાદ નહોતી. નામઠામ જાણવાનો એણે યત્ન પણ કર્યો નહોતો. ખેચર, જળચર, ભૂચર એવા શબ્દો મનમાં ગોખતો ગોખતો એ ઘોડો હંકારતો હતો. ગોખતાં ગોખતાં ગોટાળો થઈ ગયો હોય કે પછી જીવ ટીખળ પર ચડી ગયો હોય, પણ આથમણા ઝાંપા બહાર અજવાળી રાતે એક સ્ત્રી ધણને બહાર બેસારીને દૂઝણી ગાયોને કપાસિયા ખવરાવતી હતી તેને એણે પૂછ્યું : "આંહીં ખેચર મોરીનું ઘર ક્યાં ?"

છોકરી હાથમાં લાકડી હતી તે ઉગામીને ઘોડા આગળ ધસી ગઈ. બોલી : "કેનું ઘર પૂછ્યું ?"

"ખેચર – અરે ભૂલ્યો, ભૂચર – મોરી રજપૂતનું."

છોકરી વિશેષ પાસે ગઈ. ત્યારે ચાંદનીમાં પુરુષ પરખાયો. એ જ પુરુષ પરખાતાંની ઘડીએ જ એણે ઓઢણું સંકોર્યું ને ઉગામેલ પરોણો નીચો કર્યો.

પુરુષે પણ છોકરીને ઓળખી. આ તો રાજુલ. લાગ્યું કે ભેખડાઈ ગયો.

બન્નેની રોમરાઈ ભાદરવા મહિનાના ભર્યા મોલની જેમ સળવળાટ કરી ઊઠી.

"ગામતરે ગિયા છે." કન્યાએ બીજી બાજુ જોઈ જઈને જવાબ દીધો. એની ઓઢણી ઝૂલતી હતી. એણે ત્રણ વાર લસરતી ઓઢણી માથા ઉપર સંકોરી.

"આવે ત્યારે કહેજો કે વજીર બાપુએ હડિયાણે તેડાવલ છે."

'હો." ટૂંકો જવાબ મળ્યો.

અસવારને જોઈ ગાયોનું ધણ ઊંચાં મોં કરીને વહેમાતું ઊભું થઈ ગયું.

અસવારને થોડી વાર અબોલ ઊભા રહ્યા પછી યાદ આવ્યું કે હવે વધુ ઊભવાનું પ્રયોજન રહેતું નથી. તો ય એણે પૂછવું : "ભૂચર મોરી ક્યારે આવવાના છે ?"

"કાલ સાંજે."

વધુ વાર રોકાવાનું બહાનું હાથ ન આવ્યું એટલે એણે ઘોડો વાળ્યો. પાછળથી સાદ પડે એવી આશાએ ધીરે પગલે ગતિ કરી. થોડેક દૂર ગયો ત્યારે પાછળ રાજુલનો કટાક્ષ પહોંચ્યો : "ઘોડાનું પૂંછડું પડી ગિયું."

નાગડે ઘોડો થોભાવ્યો. ચોમેર નજર કરી. સ્થાન નિર્જન હતું. ઘોડો ઊપડતે પગલે પાછો લીધો અને રાજુલ ઝૂંપડીમાં પેસી જાય તે પહેલાં તો ઘોડો આડો ફેરવીને કહ્યું : "લાવો, જરી આપજો તો પૂંછડું."

"આ લે." કહી રાજુલે અંગૂઠો દેખાડવા હાથ ઊંચો કર્યો એ પળે જ એણે ઘોડે બેઠેબેઠે દેહ લંબાવી રાજુલનો હાથ બાવડેથી પકડી, આખા શરીરને ઊંચે ઉઠાવી ખોળામાં નાખીને ઘોડાને દોટાવી મૂક્યો. ને ગાયોનું ધણ હીંહોરા દેતું પાછળ થયું.

આઘે જઈને એણે ઘોડો થોભાવ્યો. રાજુલ એના ખોળામાં પડીપડી ચંદ્રને જોઈ રહી. એણે જુવાનની કમ્મર ફરતો હાથ નાખ્યો. રાજુલના બેઉ ગાલ જુવાનને પોતાની સમક્ષ કોઈકે નજરાણો ધરેલા હેમના ખૂમચા લાગ્યા. એ ગાલો પર બે ચુંબનો ચોડીને પછી એણે ગાયોની દોટાદોટમાંથી બચવા રાજુલને ધરતી પર લસરતી મૂકી. રાજુલે થોડી ઘડી પેંગડું પકડી રાખ્યું. અસવારે પૂછ્યું : "પડી ગયેલું પૂંછડું પાછું દેવાનાં મૂલ પહોંચ્યાં ને ?"

રાજુલ હાંફતી હતી. બોલી ન શકી. એને એ પળ મરવાની મનેચ્છા કરાવનારી લાગી. એનાં લોચન અરધાં બિડાયાં હતાં.

"અધૂરાં મૂલ ચૂકવવા કાલ સાંજે આવીશ. ખેચર – અરે, ભૂચર મોરીને આંટો ખવરાવશો મા."

એટલું કહીને એ ઊપડી ગયો, તે પછી પોતે ઝૂંપડીએ ક્યારે આવી તેનું સ્મરણ રાજુલને વળતે દિવસ પ્રભાતે નહોતું રહ્યું. પોતાનું મોં એ ઘસીને લૂછતી હતી. પણ રોમરાઈનો સળવળાટ ભૂંસાતો નહોતો ને પિતા આવ્યા ત્યાં એણે જોયું કે દીકરીનું આજનું રુદન કોઈ અજબ પ્રકારનું હતું. જાણે કોઈ સુખવેદના સહેવાતી નહોતી. અને એ રાતથી ભયંકર પંખીઓ દેખાતાં બંધ પડ્યાં. રાજુલ બેધ્યાન મટી, રડતી મટી, ટીંબો છોડવાની વાત એણે મેલી દીધી, પલળેલ ધરા જેવી એ ટાઢી બની ગઈ.

## મંત્રણા

ખેરડીના કાઠી-ગઢમાં આજે ફરીવાર એક મસલત ચાલે છે. બેઠેલા બે જણાની વચ્ચે બે ચીજો પડી છે : એક છે માળા ને બીજું છે કુરાન. એક લોમા ખુમાણ છે, બીજો મુસ્તફાબાદ (જૂનાગઢ)નો દૌલતખાન ગોરી છે. ખુમાણની ભરાવદાર દાઢી પોણા ભાગની સફેદ થઈ ગઈ છે. એના બેઉ બાજુના કાતરા ઊડઊડ થાય છે. જુવાન દૌલતખાનની દાઢી હજુ તો પાણી પીતીપીતી જથ્થો બાંધતી આવે છે. લોમો ખુમાણ બોલ્યો : "આ વખતે આવશે તે તો પાદશાહનો કાળ-ઝપાટો હશે, સૂબેદાર સાહેબ."

"હું સમજું છું. ને આપણે જામની સખાતે નહિ જાયેં તો ય પાદશાહ છોડવાનો નથી." દૌલતખાને નિશ્વાસ નાખ્યો : "ને મુઝફ્ફરે આશરો લીધા પછી જામ કાંઈ હવે આશ્રિતને છોડવાના નથી."

"જામ જીતે તો જામ આપણને સુખે રાજ કરવા દે, એ પણ આશા નથી."

"જામ જીતે એવું લાગે છે ?"

"જેસા વજીર ને અજો જામ જીવતા છે ત્યાં સુધી જામની ફોજ અણખૂટ સમજવી. એ બેનું નામ પડતાં મડદાં બેઠાં થાય છે."

"ત્યારે આપણે તો સૂડી વચ્ચે સોપારી."

"અક્કલ ચલાવીએ તો સોપારી સેરવી પણ લેવાય, ને સૂડી ય બૂઠી બની જાય." લોમા ખુમાણે આશા આપી. "એવી રીતે રમવા જેવી રમત છે કે જામ હાર પણ ખાય, ને પાદશાહી સૂબો આપણો ઓશિંગણ બની રહે."

"આપણે જામની સખાતે જાયેં જ નહિ ને પાદશાહનો અમલ સ્વીકારી લઈએ તો ?"

"પાદશાહ ઇતબાર રાખે નહિ. આ તો ત્રીજી વારનો મામલો છે. અગાઉ બે વખત આપણે બોલ્યું પળ્યા નથી."

"ત્યારે ?'

"હું એ જ કહું છું. જામની સખાતે જવું, ને સૂબાને સંદેશો દઈ મેલવો, કે જુદ્ધમાં તમે જીતી રિયા. જામની શક્તિ અનગળ છે. કહો તો અમે તમને જિતાડીએ – જીતવું હોય તો અમે જ જિતાડી શકશું. બાકી તો માર ખાઈખાઈને પાછા ગયા કરશો."

"આપણે કેવી રીતે જિતાડી દઈએ ?"

"ખરો મામલો જામે એટલે આપણે આપણી ફોજને બહાર કાઢી લેવી. આપણે રહેશું ફોજની હરોળ સાચવવા. હરોળના પગ ખસ્યે પછી જામની ફોજનાં કાળજાં ભાંગી જવાનાં."

"દગો કરવો પડશે ?"

"જામે સોરઠમાં ક્યાં નેકીથી પગ મૂક્યો છે ? પગલેપગલે દગલબાજી કરી છે. અને તમે જૂનાગઢમાં ના પડાવી મોકલી તોય જેસા વજીરે તમારો ઘાણ બગાડીને પાદશાહની ને તમારી વચ્ચે કાયમી વેર વાવી દીધું. મેં કેટલી ના પાડી, કેટલા વાર્યા, પણ એને તો સોરઠ એકહથ્થુ કરવા સિવાય બીજી વાત ક્યાં છે ? મારા માથે એણે કેવો કાળો કેર ગુજાર્યો, જાણો છો ? લૂંટનો 'શેરજહ' હાથી ધરાર મારું અપમાન કરીને પોતાને હાથીખાને બાંધી દીધો. એ ખટક મારા હૈયામાં રુઝાણી નથી, હું કાઠી છું."

'હું કાઠી છું' એ શબ્દો બોલનારના થોભિયાના બેય અણીદાર કાતરા દૌલતખાનને જીવતા લાગ્યા. લોમા ખુમાણની દલીલો આગળ વધી : "એટલે આપણે તો બે વાત જોવાની છે, કે જામ પાદશાહ સાથે મેળ ન કરી બેસે. મેળ થયો કે તરત આખી કાઠિયાવાડની સૂબેદારીનો પટો એને મળ્યો માનજો. તેમ જ જામને જીતવા દીધો તો તો એ આપણી ધરતી ગડપ કરી ગિયો જ જાણજો."

"સબબ ?"

"સબબ એટલો જ કે જામને આપણે ખતમ કરવો. દગલબાજી કરનારને દગાથી જ પહોંચી વળવું."

"મારે કબૂલ છે."

"તો ઉપાડીએ બેય જણા પોતપોતાના ઈષ્ટદેવની નિશાની."

"હું કુરાન ઉપાડું છું."

"હું સૂરજનું દેવસૂં લઉં છું."

"હવે ઝટ બેય જણાએ જામનગર પહોંચવું જોવે. નીકર ક્યાંક સુલેહનું કહેણ મોકલી દેશે તો પછી બાજી હાથ નહિ રિયે."

"આજ જ ઊપડીએ."

"ને આ વખતે ય મુઝફ્ફરની સોનામોરુંના સાંઢિયા નગર માથે વહેતા થઈ ગયા છે, તેમાંથી પણ ભાગ લેતા આવીએ. ફોજ કાંઈ મફત ભેળી થાય છે ?"

બન્ને ભાઈબંધોએ જ્યારે નવાનગરમાં પ્રવેશ કર્યો ત્યારે બીજા પણ બે મહેમાનો આવ્યા સાંભળ્યા. કચ્છના રા' ભારાજી અને જગતના (ઓખા મંડળના બેટ-દ્વારકાના) રાજ સંગ્રામ વાઘેર સાથે જામ સતાજી અને એના વજીરો સરદારો મસલતની બેઠકમાં હતા, એમાં સૌથી વધુ બુલંદ સૂર રાવ ભારાજીનો જ નીકળતો હતો. "પાદશા શું, પાદશાનો બાપ આવે ને, તોપણ જુદ્ધ તો કરવું, કરવું ને કરવું જ. હું ભેરે છું."

"પણ મુઝફ્ફરશાને કાંઈ થાય તો ?" "તો હું સંઘરવા તૈયાર છું. મારા કચ્છી પહાડોમાં એક કરતાં એકસો મુઝફ્ફરને હું ગપત રાખી શકીશ. ગભરાવ છો શા માટે ?"

"બોલો, સંગ્રામ વાઘેર ! તમારી સખાયતનો કેટલો વિશ્વાસ રાખી શકીએ ?"

"હવે ઈ બચાડા માછીમારને શીદ અકળાવો છો ? એનું શું ગજું ?" રાવ ભારાજીએ તરત જ સંગ્રામ વાઘેરના નામ પર ચોકડી મારી દીધી.

"રાવજી સાચું કહે છે. મારું કોઈ જબ્બર ગજું નથી. છતાં તમે ફરમાવો." સંગ્રામ વાઘેરે નરમાશથી કહ્યું.

"મુઝફ્ફરશા માથે દબાણ થાય તો તમે સંઘરી શકશો ?"

"મારી તાકાત મુજબ સંઘરીશ."

"તમારી તાકાત કેટલી, દરબાર ?" રાવ ભારાજીએ પૂછ્યું : "આ તો દિલ્હીના પાદશાહનો બહારવટિયો છે. વહેમ પડશે તો આખેઆખો સળગાવી દેશે, જાણો છો, દરબાર ?"

"સાચી વાત કહો છો, રાવબાપુ." સંગ્રામે વિશેષ નમ્રતાથી કહ્યું.

"આ તો માથાં સાટેનો મામલો છે, વાઘેર દરબાર ! આ કાંઈ વહાણ લૂંટવાની ચાંચિયાવાળી નથી." રાવ ભારાજીએ ઉપરાછાપરી દમ ભીડવા માંડ્યો.

“હું વધુ તો શું કહું ?” સંગ્રામ વાઘેર જરા માથું ઊંચું કરીને બેઠકનાં તમામ મોઢાં તરફ આંખો પસારી મક્કમ અવાજે બોલ્યો : “હું મુઝફ્ફરશાનાં બાળબચ્ચાંને ઠેકાણાસર રવાના કર્યા પહેલાં મારા છ મહિનાથી માંડી પચીસ વરસના છૈયાને ય વહાણમાં નહિ ચડાવી દઉં. મારે આંગણે જગતનો દેવતા છે. એ ઠાકરની સાખે આથી વિશેષ શું કહી શકું ?”

એમ બોલીને કાબા કુળનો એ સીસમ સરીખો કાળો વારસદાર પોતાના કેડિયાની અંદર હાથ નાખી ગળાની માળા થોડીક બહાર કાઢીને સૌની સામે જોઈ રહ્યો.

“ઘણું બાપ, ઘણું એટલું તો.” રાવ ભારાએ રમૂજ કરી : “એક વાર મારે કિનારે પોગાડી દેજે ને, પછી તો બહારવટિયો માના પેટમાં જ સમજવો.”

“બસ બસ, રાવજી !” સતાજીએ હર્ષ બતાવ્યો : “હવે મારે બીજા કોઈની સખાતનું કામ નથી.”

“સોરઠને રજવાડે રજવાડે ઘૂમવા જાઉં. ગોહિલો, ઝાલાઓ અને જેઠવાઓને સખાતે લાવું.” જેસા વજીરે નમેલી છાતી ટટ્ટાર કરી.

“ઝાલાઓ ? ઝાલાનું તો નામ જ લેશો મા.” સતા જામે ઘસીભૂંસીને ના કહી : “હજી ત્રીસ જ સાલનું તાજું વેર કેમ વિસારી બેસો છો, વજીર ? જસાજી કાકાનો રાયસંગજીએ જાન લીધો.”

“ને મારા સાહેબજીનું લોહી છંટાણું.” રા’ ભારો બોલ્યા.

“એ રાયસંગ તો પાછો બાદશાહનો ચાકર. ને એનું સનાન-સૂતક કર્યા પછી, એના નામની ચૂડિયું ફોડી નાખ્યા પછી, એ પાછો જીવતો આવતે એની પરમાર રાણીએ એનો ઘરસંસાર માંડ્યો ! કેટલું કલંકિત કુળ ! છોડો વાત. જાડેજો જ એકે હજારાં છે, જેસા વજીર ! કાલ સવારે સોરઠનો છત્રપતિ જાડેજો જાણજો.”

“હવે બાકી રિયા બે જણા : એક લોમો ખુમાણ ને બીજા દૌલતખાન ગોરી. એનું શું કરવું છે ?” જેસા વજીરે પૂછ્યું.

કોઈકે જાણ કરી, કે એ બેઉ ક્યારના આવેલ છે અને તેડાની જ વાટ જોતા બેઠા છે.

"જોયું, વજીર ?" સતા જામે કહ્યું : "તમને વિશ્વાસ નો'તો, પણ આવ્યા વિના રિયા ? જીવવું તો સૌને હોય ને ?"

વજીરે ઊંચે ન જોયું. ભારાજી એટલું બોલ્યા : "જીત મેળવ્યા પછીની સ્થિતિ એ બેયની સાથે અત્યારથી જ નક્કી કરજો, હોં જામ રાજા ! કારણ કે પાછળથી કજિયો નહિ સારો."

"અરે, એ બચાડા તો આપણે જિવાડીએ તેમ જ જીવનારા છે."

લોમા ખુમાણ અને દૌલતખાન આવીને સૌને મળ્યા. બેઉએ સતાજીને પગે હાથ નાખ્યા. લોમા ખુમાણે વાત ચાલુ કરી : "અમારા બેયના તો શ્વાસ જ ઊડી ગયેલા. બદલાવકા ઘોડા દોડાવતા ટાણાસર પોગ્યા છીએ, મા આશાપરાને પ્રતાપે."

"કેમ શ્વાસ ઊડી ગયા'તા ?"

"સાંભળીને, કે જામ રાજા નમી પડવાના મનસૂબા ઘડે છે. સાંભળ્યું ત્યારથી કોળિયો ગળા હેઠ નથી ઊતર્યો. દૌલતખાન જમાદાર રાતોરાત ઉજાગરા ખેંચતા ખેરડી આવ્યા. ધા નાખી કે જો જામ નમે તો જગતમાં હાલી ન શકાય, જામ નમે તો અકબરશા સોરઠની તસુ ધરતી ય ન રે'વા દિયે. જામ નમ્યા એટલે પાદશાની તરવાર હેઠ આખી નવસોરઠની ગર્દન નમી જાણવી. જામ જો વિચાર ન ફેરવે તો હું તો ઘેરે કહીને નીકળ્યો છું કે હવે વાટ જોશો મા. આશાપુરા માને મંદિરે જઈને તરવાર પેટ નાખવી'તી. આજ રાજસ્થાનમાં જેવો રાણો પ્રતાપ, તેવો નવસોરઠમાં મારો નગરિયો જામ. હિન્દુવટના રાખણહાર જામ જે દી નમશે ને, તે દી નવસોરઠમાં એકેય ઠાકર-મંદર ઊભું નહિ રિયે. તે દી આપણી તો ઠીક, પણ સોરઠિયાણીયુંની શી દશા થાશે, કલ્પો તો ખરા, રાજ ! આજ જો લેખે નહિ લાગી જાયે તો પછી ક્યારે ?"

લોમા ખુમાણની ચેષ્ટાઓ, બોલવાની છટા અને હાથ-મોંના હાવભાવ સૌનાં દિલને હલાવનારાં હતાં.

"વચમાં વિચાર મોળો પડેલો એ ખરી વાત, લોમા ખુમાણ."

સતાજીએ પોતાની મહત્તાને છાજે તેવી મુરબ્બી ઢબે જવાબ દીધો : "એનું કારણ, કાંઈક તો તમે રિસાણા'તા એ ય ખરું. કાઠીઓની સખાત વગરનો જામ તો પીંછડાં વગરનો મોર વદે."

“હું રિસાયેલ ? એવી ધૂળ જેવી વાતમાં ? પૂછોપૂછો આપના વજીરને. અધરાતે હું શું કહીને નીકળ્યો’તો, પૂછો.”

“ને જનાબ દૌલતખાનજીના પણ હમણાં તો કાંઈ ખરખબર નો’તા, એમને અમે પાદશા સાથે વગર ફોગટની અદાવત કરાવવા નો’તા માગતા.”

“અમારું પારખું તો, બાપ, આજ આટલે વર્ષેય પડ્યું નહિ, એ અમારા કરમની કઠણાઈ, બીજા કોને દોષ દેવો ? હવે તો અમારી ચામડી ઊતરડીને મોજડિયું સિવડાવો એટલે અમારી સદ્‌ગતિ તો થાય !”

લોમા ખુમાણની આંખમાં આ કહેતાં આંસુની ધારા નીકળી પડી.

રાવ ભારાએ વચ્ચે ઝુકાવ્યું : “એક વાત તો આ હતી, લોમાભાઈ, કે જીત થયા બાદ સૌ સંપીજંપીને રહીએ તેવો કાંઈ તોડ ?”

“તોડ વળી શેનો મહારાવ !" લોમાએ કહ્યું : “લાવો દોત કલમ ને કાગળ, કોરે પાને સહી કરી દઈએ, કે જામ અમારો મુગટમણિ, અમે એનાં ચરણુંમાં.”

રાવ ભારાએ સતા જામ પ્રત્યે ફરીને કહ્યું : “ઉગ્રભાગી છે, બાપા ! આવા મનમેળવાળી હાલાર : અને સોરઠસૂબા દૌલતખાન સાબની પણ આવી સલૂકાઈ. સોરઠ બીજી મેવાડ શા માટે ન બને?”

“અરે, બાપા !” લોમાએ આગળ પડીને કહ્યું : “ગુજરાત બાપડી સોરઠને આંગણે દૂઝણી ગાવડી બનીને બંધાય એટલી હામ ભરી છે મારી બુઢ્ઢી છાતીમાં. પણ હું ભણું કેને ? મારી ઉમેદું તો મનમાં ને મનમાં સમાઈ જઈને સસડે છે. જો મારો જામ માની જાય ને !”

“આપણે આડી વાતે ઊતરી ગયા.” જેસા વજીરથી હવે ન રહેવાયું : “મુદ્દાની વાત એક જ છે. મુઝફ્ફરશા અને એનાં બાળબચ્ચાં આપણાં આશરાવાસી છે. એને પાદશાહ આપણો આશરો ન છોડાવે, તેટલા પૂરતી જ આપણી લડત છે. ગુજરાતને જીતવાની વાત ન કરીએ, પાદશા મર ગુજરાતમાં સુખે રે’તો, આપણે આંહીં સુખે રહીએ. મઝફ્ફરનો હક્ક ગુજરાતને માટે મરી છૂટવાનો છે, એની વચ્ચે આપણે ન આવીએ, ને મુઝફ્ફર આપણે ઘેર રોટલો ખાય, એનાં બાળબચ્ચાંની સાથે રહી જાય એની પાદશા ના ન પાડે : બસ, આટલી જ વાત ચોખ્ખી રાખીએ.”

"વજીરની નજર ગોટવાઈ ગઈ છે." સતાજી જામે જાહેર કર્યું : "હું હવે લપછપ કરીને કંટાળ્યો છું. જામ જુદ્ધે ચડશે, તે એક જ સંકલ્પ રાખીને : નવસોરઠને એક જ છત્રની આણ હેઠળ લાવવી. સખીઆત "રાજવીઓ, તમારો ચોખ્ખો મત કહી દિયો. પેટમાં પાપ રાખશો નહિ."

"જામનો મત એ જ મારો મત." લોમા ખુમાણે કહ્યું.

"હું જામનો ચાકર છું." દૌલતખાને જાહેર કર્યું.

"કચ્છ-ભુજ તો જામની જનેતા છે. જામ અમારા ઉંડળમાં [ખોળામાં]."

"તમે પણ બોલો, સંગ્રામ વાઘેર." રાવ ભારાએ આંખો મીંચીને હાથમાં માળા ઝાલી બેઠેલા દ્વારકારાજને હડબડાવ્યા.

"મેં કહ્યું ને, કે હું બીજું કાંઈ સમજતો નથી; મુઝફ્ફરશાનાં બાળબચ્ચાંને હું ઓખાના ચાર સીમાડા વચ્ચે ઊનો વા નહિ વાવા દઉં."

"ઊઠીએ ત્યારે. ઝટ સાબદાઈમાં રહીએ."

દાયરો ઊભો થયો, ને સૌની પાછળ જેસા વજીર એકલા ખસિયાણે ચહેરે ચાલ્યા ગયા.

## 'રહીમ ! રહીમ !'

અનાજના પોઠિયાની વણઝાર હાંકીને વજીર-ઘરના વાવડ પૂછતો એ આદમી છેક ડેલીમાં આવ્યો ત્યાં સુધી કુંવર અજાજીએ એને પિછાન્યો નહિ. હશે કોઈ સખીઆત રજવાડીમાંથી અનાજની મદદ લાવનાર.

માલને અજવાળે ભરતિયું આપવા એ વણઝારો નજીક આવ્યો અને એણે અજાજીની સામે સ્મિતભરી નજર નોંધી.

"ઓહો," કુંવરે એને જોઈને કહ્યું : "આંહીં નહિ, અંદરના કોઠારમાં નખાવીએ અનાજ. થોભો હમણાં, કોઈ ઠાલવશો નહિ પોઠ્યું. ચાલો કોઠાર જોઈ લઈએ."

વણઝારાએ બુકાની છોડી ત્યારે એના જુવાન મોં પર બુઢાપાએ ઓચિંતો હુમલો કરેલો દેખાયો. નાની-શી દાઢી અરધીપરધી તો સફેદ રંગ પકડી બેઠી છે. આંખોનાં પાણી-તળ ઊંડે ઊતર્યાં છે. ગાલમાં કોતરો પડ્યાં છે.

અજા કુંવરે એકાંતે લઈ જઈને એ ધૂળભર્યા ભાઈબંધને બાથ ભરી લીધી ને પૂછ્યું : "આ શું થઈ ગયું ? છ જ મહિના પહેલાં ગોંડળને ગઢે તો બદન ભરેલું દેખેલું."

"એહમદાવાદ હાથવેંતમાંથી ગયું. મારો સમય હવે પલટો ખાય છે, ભાઈ. એ બધી વાતો પછી કરશું. જલદી આ પોઠો ભરોસાનાં માણસોને ભળાવો. અંદર એકલા દાણા જ નથી. આ વખતે તકદીરે જોર નથી કર્યું, દોસ્ત ! પણ મારી છેલ્લામાં છેલ્લી તમામ દૌલત ઉઠાવી લાવ્યો છું."

"હું બંદોબસ્ત કરું છું. આપ અંદર જનાનામાં પધારો."

"એ બિચારી ચમકશે. ખડા રહો. હું કાંઈક નિશાની મોકલું."

વજીર-મેડી પર સૂતેલા બાળકનું પારણું હીંચોળતી-હીંચોળતી કુરાન પઢતી એક જુવાન ઓરત બેઠી હતી. એને નિશાની પહોંચી, તે પછી થોડી જ વારે મેડી ઉપર એ વણઝારા વેશધારી મુઝફ્ફરશા પોતાના સૂતેલા બાળકને ગાલે ચૂમી ચોડતો હતો ને બીબી એના ગુસલની તૈયારી કરતી હતી. ગુસલ કરીને એ નીચે ઊતર્યો. પાછલી રાત્રે બેઉ દોસ્તોએ એકબીજાની હકીકતો ઠાલવી.

"વજીર સાહબ ક્યાં છે?" એણે પૂછ્યું : "મારા કિસ્મતમાં એમના દીદાર જ કેમ માંડ્યા નથી ?"

"ફોજ એકત્ર કરવા ગામેગામ ફરે છે."

"આપના દફેદાર ?"

"હડિયાણે ફોજનો બંદોબસ્ત સાચવે છે."

"હવે, ખુલ્લા દિલની એક વાત પૂછું ? હું એ માટે જ છેક આંહીં સુધી વણઝારાવેશે આવ્યો છું. મારી પાછળ ફોજ આવે છે એ પણ મુકરર છે; આંહીં શા હાલ છે ? હું હજુ ય બાકીની

રાતમાં નગરના સીમાડા છોડી શકીશ."

"એનો જવાબ, ચાલો, પ્રત્યક્ષ બતાવું."

મુઝફ્ફરને લઈ અજોજી વહેલે ભળકડે આશાપુરાના મંદિર પર ગયા. ઝોકાર દીવા થાનકમાં જલે છે. માતાની મૂર્તિ પર ચકચક થતી દીવાની જ્યોત મૂર્તિની આંખોમાં લાલ પ્રતિબિમ્બ પાડી રહેલ છે. એની સામે એક પુરુષ હાથમાં માળા ધરીને એક પગે ઊભોઊભો ઉપાસના કરે છે : નીચે પાઘ અને તલવાર પગ સામે જ પડેલ છે. ઉપાસકના ગર્દન-ઢળકતા શિરકેશ સાવ શ્વેત છે. જેની પીઠ જોતાં પણ સારી પેઠે વાર લાગે, તેનો ચહેરો ને મોરો, તેની છાતી ને સીનો કેવાં હશે ?

"મારા પિતાજી." અજા જામે ઉપાસકને ઓળખાવ્યા.

"અત્યારે ?"

"આખી રાત : છેલ્લા પંદર દિનથી રોજેરોજ."

"શું કરે છે ?"

"ટેક અને ઈમાનદારીનું જતન માગે છે અમારી ઇષ્ટદેવી મા આશાપરા આગળ."

"ત્યારે તો એમની નાખુશીની વાત ખોટી ?"

"આજે તો એના સરીખો કોઈ યુદ્ધઘેલડો અમારા નગરમાં નથી. એ શું જપે છે, જાણો છો ? રાવણનું શિવસ્તોત્ર અને ચંડીના છંદ : બેઉ શૌર્યપ્રેરક ગાથાઓ. એણે રાણીવાસમાં જવાનું છોડ્યું છે. પેટનાં ફરજંદોને પણ એ પાસે આવવા દઈ રમાડતા નથી. યુદ્ધ ! યુદ્ધ ! બસ યુદ્ધનો જ ઉન્માદ પી રહ્યા છે. કલેજું લોખંડનું કરવા મથે છે."

"પણ આપની તાકાતનો સવાલ.."

"પતી ગયો છે. અમારી સખાતે અણગણ ફોજો ઠેકઠેકાણેથી વહેતી થઈ છે. આપ આંહીં સુખેથી રહો."

"મારે ખાતર આટલું બધું ?"

"આપને ખાતર કરવાનું નથી રહ્યું. હવે તો મામલો વીફરી ગયો છે. અમારા ખુદના જ જીવસટોસટની વાત છે. ને વિજય હવે અફર અમારો છે."

"એ વિજયની સિપાઈગીરી અદા કરીશ, કુંવર ! મારે રાજપાટની ભૂખ નથી. હું, બેટો અને બેટાની અમ્મા આપના મુલકના કોઈ એકાંત સ્થાનમાં કિતાબો પઢતાપઢતા ખુદાને યાદ કરીશું. એક વાર મારે ધરાઈધરાઈને જિંદગી જીવી લેવી છે. મને જીવવાની પ્યાસ રહી ગઈ છે. મેં જાણે કે હજુ જિંદગીનો કટોરો મોંયે પણ લગાડ્યો નથી. પણ મારે પીવો છે ઇજ્જતભર્યા જીવનનો કટોરો."

"આંહીં આપ એ પી શકશો. આ વખતની થપ્પડ ખાઈને પડ્યા. પછી અકબરશા ઊભો નથી થઈ શકવાનો."

બેઉ જણાની વાતોમાં પરોઢ પ્રગટતું હતું. મુઝફ્ફરશાહે મેડી પર જઈને નમાજમાં શરીર ઝુકાવ્યું. ખુદાને એણે 'રહીમ ! રહીમ !' કહી પુકાર્યો. બાળક પણ પોતાના બોલ મિલાવતું જાણે બંદગીમાં શામિલ બન્યું. બીબીએ સ્વામીનો ખલતો તપાસ્યો. અંદરથી ભૂંજેલા ચણાની ફોતરીઓ ખરી. મગફળીનાં થોડાં કાચાં બીજ નીકળ્યાં. ગુજરાતનો સુલતાન આ વખતે ચણા ને શીંગો વડે પેટ ભરતો ભરતો આવ્યો હશે ને ? વાહ રહીમ ! સિર્ફ પાણી પર શરીર ટકાવીને પણ જો તે આંહીં મારી ગોદમાં પહોંચતો કર્યો હોતને તો યે હું તારી રહેમ ગાત !

મનમાં બોલતી બીબી એ શીંગચણાનાં ફોતરાંને પણ આંખે અડકાડી રહી.

## માતાના આશીર્વાદ

આષાઢનો મેઘાડમ્બર તૂટ્યો હતો. વીજળી આકાશના ખોળામાં આળોટતી તોફાને ચડી ગઈ હતી. મેઘ વિરમ્યો, પણ વીજળીને જંપ નહોતો. ધ્રોળને પાદર રાત પડી હતી. એ વખતે બે જણાં ભૂચર મોરી રજપૂતને ખોરડેથી બહાર નીકળ્યાં.

નાગ આગળ ચાલતો હતો. પાછળ રાજુલ હતી. બેઉ અબોલ હતાં. બેઉએ આજે કહેવાતી 'ભૂચર મોરી'વાળી ધારને વળોટીને થોડે છેટે એક ઝૂંપડી ફરતા વાડાને ઝાંપે પગ થંભાવ્યા. નાગે પાછા ફરીને રાજુલ સામે નિહાળ્યું. વીજળીના એક સબકારાએ એ મોંની રેખાએ રેખા પ્રકટ કરી.

"હજી વિચાર કરવાનો વખત છે, રાજુલ." નાગે કહ્યું : "એક મહિનો વાટ જોઈ જાને, શો ભરોસો છે ?"

"આ બધું ડહાપણ તે દી રાતે મને ઘોડા માથે ઉપાડી બથમાં ભીંસી ને મારા ગાલ અભડાવ્યા ત્યારે ક્યાં ગિયું'તું ?"

એમ બોલીને રાજુલે પગ પાસે ગારાળા પાણીનું ખાબોચિયું ભરેલું હતું તેમાં છબછબિયાં બોલાવ્યાં. નાગ આખે શરીરે કાદવિયા પાણીથી છંટકોરાયો.

"આ શું કરછ ?"

"ફૂલદડે રમું છું."

"પરણ્યા પહેલાં ? અવળચંડી ?"

"તો મને ખીજવો છો શીદને ? ઠેઠ આંહીં સુધી લાવીને પછી ફરીથી વિચાર કરવાનું કહો છો ? લાજતા નથી ?"

"તારાં બલોયાં સામે જોઈને કહેવું પડે છે. ચૂડો ભાંગવાની તૈયારી છે ને ?"

"પહેરી જાણતું હશે એને ભાંગવાનીય ત્રેવડ હશે. હાલો છો અંદર, કે હાક મારીને ફજેત કરું ?"

વીજળીના ઉપરાઉપરી થતા સળાવા બેઉ કદાવર અને સાગના સોટા સરીખાં જુવાનને માથે જાણે કે હીરાકણીઓ મઢેલી ઝૂલાડીઓ લપેટતા હતા.

"રાજુલ !" વરસી રહીને પછી નીતરતા મેઘમાં ઝીણી ઝરમરે ભીંજાતો એ બોલ્યો ત્યારે એના કંઠમાં ધ્રુજારી હતી : "જો સાંભળ. પંદર જ દીમાં આંહીં પડ ભેળાશે એ નક્કી છે..."

"હવે મને ખબર છે ખબર, રોતલ ! ઊભા રો' તમે." એમ કહી રાજુલે કાંટાળી વાડ્યની ઝાંપલી ખોલી અને હાક મારી : "કોઈ છે કે કૂબામાં?"

દોડતા જઈને નાગે એના મોં આડો હાથ ભીંસી દીધો. કાકલૂદી કરી : “ભલી થઈને... હવે નહિ બોલું. હાલો.”

બેઉ અંદર ચાલ્યાં ત્યારે આડો ઊતરીને એક કાળો લિસોટો વીજળીના ઝળેળાટમાં પરખાયો. એ સાપ હતો. નાગે રાજલની સામે જોયું. રાજુલ હસીને બોલી : “એય જાતો હશે એની કોકને જ ગોતવા. એ પણ જીવ છે ને બચાડો.”

ઝૂંપડીમાં નાગની માતા જોમાબાઈ બેઠાં હતાં. જોગીઓની જમાત ભેળાંભેળાં એ પણ પેલી અબોલ યુવતીને લઈ આંહીં આવ્યાં હતાં. નાગ આંહીં વારંવાર જતો-આવતો. રાજુલની વાત માને કહી રાખી હતી.

રાજુલ અને નાગ બેઉ એ બુઢ્ઢી પાસે બેઠાં. બુઢ્ઢીએ રાજુલને ચુપચાપ નીરખ્યા કરી. નીરખતું મોં ચિંતા, અધીરાઈ, શંકા, કરુણા અને આકાંક્ષાના ભાવોના એક સામટા ઘૂંટણમાંથી ઘોળાયેલો રંગ દાખવતું હતું. માતા જાણે કે આ બેય જણના વિધિ-લેખે વાંચવા મથતી હતી.

ઘણી વાર પછી એણે રાજુલના માથા પર હાથ મૂક્યો ને સહેજ મોં મલકાવ્યું. ભૂચર મોરીની ધાર માથેથી તે વખતે મોરલાની ગળક ઊઠતી હતી.

ઝૂંપડીના એક ખૂણામાં બેઠીબેઠી બીજી જુવાન બાઈ પણ આ બે જણાંને પથ્થર-શી અચલ આંખે તાકી રહી હતી. એ મોં ઉપર શૂન્યતાનો જાણે શોષાયેલો દરિયો હતો.

અબોલ માતાના હાથનો આશીર્વાદ પૂરો થયો. બેઉ ઊઠીને બહાર નીકળ્યાં.

“કોણ છે એ ડોશીમા ?” રાજુલે પૂછ્યું. “આજ નહિ, આખર કહીશ.”

ત્રીજે દિવસે જામનગરમાં નાગ અને રાજુલનાં લગ્ન થયાં. એકત્ર થયેલી ફોજની યુદ્ધ-સજાવટમાં આનંદ અને ઉજવણીનો, મોજ અને મશ્કરીનો એક જબરો પ્રવાહ આવ્યો. પરણી ઊતર્યા પછી કુંવર અજોજી દફેદારી દોસ્તને પ્રથમ બાપુની પાસે પગે લગાડીને પછી હડિયાણે જેસા વજીર પાસે લઈ ગયા.

વજીરે કુંવરને એકાંતે તેડાવીને અંતર ખોલ્યું : “જુવાનને જણાવશો ? હું એને મારે ખોળે બેસારવા માગું છું. મારે હવે વાંસે કોઈ નથી. રાજે આપેલું બધું ભોગવનાર કોઈ કરતાં કોઈ નથી રહ્યું. એને માથે મારું મન ઢળે છે.”

કુંવર તો ખુશખુશાલ બનતા નાગ પાસે દોડ્યા. વધામણી દીધે : “આખી હાલાર આનંદ પામશે. વજીરનું વાંઝિયાપણું મટ્યું. વીરતાનાં મૂલ મૂલવાણાં.”

નાગ બે હાથ જોડીને ઊભો રહ્યો. એટલું જ કહ્યું : “નહિ બની શકે.”

“પણ શા માટે ? આ નકાર કયા કારણે ?”

“કારણ બીજું કાંઈ નથી. મારે પણ કેટલા દિવસ ભોગવવાનું છે એ કેને ખબર ?”

કોઈ વાતે નાગે ન કબૂલ્યું.

વજીરની પાસે કુંવરે ના સંભળાવી ત્યારે એ બુઢ્ઢો આદમી એકીટશે જોતો જોતો કેટલી વાર સુધી બેસી રહ્યો. કશું જ બોલ્યા વગર એણે ફરી પાછા ફોજની ભરતી માટે ગામો ભમવા ઘોડો પલાણ્યો; ને એના એક કાનમાં એક ભણકારો બોલતો રહ્યો કે “તારું ઘરની તો ચણ્ય પણ ચકલાં નહિ ચણે.”

31

## સમરાંગણને માર્ગે

“જુઓ, મુઝફ્ફરશા, જુઓ મારી ફોજું.”

નગરના ઊંચા ઝરૂખા ઉપર ઊભાઊભા સતાજી જામ પોતાના પરોણાની તેમ જ પોતાની આંખોને ચોમેરનો અલૌકિક દેખાવ દેખાડતા હતા. નીચે સીમાડા પર ધરતી નહોતી, પણ જોદ્ધાઓનો સાગર-જુવાળ હતો. ખેતરો ને વાડીઓ ઢંકાઈ ગયાં હતાં, માર્ગે માર્ગેથી ફોજો આવતી હતી. રંગોના, ઘોડાઓના ચકચકિત હથિયારોના જાણે વોંકળા વહેતા હતા. શરણાઈઓ અને મશકોના જૂજવા સૂરો સાથે તાલ દેતાં ઢોલનગારાં મોરલાઓને ગહેકાવતાં હતાં.

જાણકાર એક પછી એક દળકટકની પિછાન દેતો હતો :

“પેલા આવે તે જેસા અને ડાયા વજીરના હઠાળા લાડકા : જેની જબર પાઘો : સફેદ પોશાકો : લાંબે સૂરે શરણાઈ બોલે.”

“સામે આવે છે બારાડીના તુંબેલ ચારણોની ફોજ : જુઓ ભેટમાં કટારીઓ, નીરખો માથા પરના લાંબા ચોટલા પર બાંધેલ ધોતિયાં : ભેળાં દેવીનાં ડંકાનિશાન.”

“આ નીરખો પિંગલ આહિરો : સાંઢણીના સવારો : ગુલાબી ચહેરા : કાનમાં સોનાનાં કોકરવાં. હાથને કાંડે રૂપાનાં કડાં. બંદૂકો પીઠ પર બાંધીને આવે છે. નિહાળો આ ઘુંઘણા, ધમણ, સૂમરા ને સિંધી, આ રાજગર અને બારટ જૂથો.”

“આ સોઢાઓ : હજુ તો ગઈકાલના જ નગરના મહેમાનો : આજે સખાતે ચડ્યા છે.”

“અને જુઓ આ પચીસ હજાર જાડેજા ભાયાતો : રંગમાં તરબોળ બનીને આવેલ છે કેસરિયા. એના ઘોડા કચ્છી ઓલાદના છે.”

“એને મોખરે એ પંદર જણા કોણ અસવાર છે ?” સતા જામે સુંદર ચહેરા-મોરા જોઈને જાણકારને પૂછ્યું. “એક મહેરામણજી, ને બાકીના ચૌદ એના દીકરા.”

“ચૌદેય દીકરાઓને લઈ ચડે છે ?” જામ ચકિત થયા. એણે મુઝફ્ફરશા સામે જોયું. “એક પિતા પોતાના રાજની ઈજ્જત રક્ષવા ચૌદેચૌદ પુત્રોને લઈને જુદ્ધે ચડે છે.”

“જુઓ આ હાપા, કાના, બાળાચ, જિયા, કબર, દલ, મોડ, રાઉ વગેરે સર્વ ભાયાતોનાં જૂથ.”

મુઝફ્ફરની આંખો પલળતી હતી. એ બોલતો હતો : “આહ માલિક ! મેરે લિયે ! મેરે એક કે લિયે ! સિર્ફ મેરે લિયે !”

તોપોના રેંકડા ખેંચતા પડછંદ કચ્છી બળદોની ચોકીઓ ચાલી આવતી હતી. તોપોને સિંદૂરે રંગીને ઉપર ત્રિશૂળ વગેરે ચિતરામણો કર્યાં હતાં. બળદોની ઝૂલ્યો ભરત ભરેલી હતી.

“આ તો એકલા જામનગરની ફોજ છે; હજી જૂનાગઢ અને ખેરડી બાકી છે, કચ્છ અને ઓખો નથી આવ્યા. પરબારા હડિયાણે ભેળા થશે.”

શરણાઈના સૂરને માથે જાણે બે પગે હાલ્યા જઈએ તેવી સુરાવળ બંધાઈ ગઈ. લશ્કરની હરોળો પડવા લાગી. મોરચા કેમ માંડવાના છે તેની તાલીમો ચાલુ થઈ. સતા જામનું મગજ તરબતર બની ગયું. પંદર જ દિન પછી સોરઠ મારી થવાની. હું નાહક ડરતો હતો. મારામાં ક્યાં છે ભય ? ક્યાં છુપાઈ છે કાયરતા ? કોણે મને મોળું ઓસાણ આપ્યું ?

એવા વિચાર એના મનમાં ને મનમાં અંદર લપાયેલી કોઈ ચોરલૂંટારુ જેવી નબળી લાગણીને પડકારતા હતા. એણે પોતાના દેહ સામે નજર કરી તો પુરુષાતનની દેગ ચડતી લાગી.

ચાકરે ખબર આપ્યા : "બારીગર આવેલ છે."

"બોલાવ."

આવેલ કાસદનો કાગળ હાથમાં લઈ, પરબીડિયું તિરસ્કારયુક્ત ઢબે ચીરી, કાગળ વાંચ્યો : "મુકામ મોરબીથી લિ. નૌરંગખાન : આપને ચેતવવા આ છેલ્લો કાગળ લખું છું. ખાન આઝમ અજાજી કોકતલાશનો પડાવ વીરમગામ છે. મુઝફ્ફરને નિકાલો, પાંચસો ઘોડા દંડ ભરો, સુલેહ કરો."

સતા જામે ચિઠ્ઠી ફાડીને કાસદના ગાલ પર જોરથી ઘૂસ્તો લગાવ્યો ને કહ્યું : "એ મારો જવાબ છે. લઈ જા તારા ખાન આઝમ કોકા પાસે."

ગડથોલિયું ખાતો કાસદ પાછો વળ્યો. ને આંહીં સતા જામે ફરમાન મોકલ્યું : "કટક ઉપાડો. હડિયાણે ધ્રોળ વળોટવા નહિ દઈએ કોકાની ફોજને."

હુકમ મળતાં જ દળકટક વહેતાં થયાં. શ્રાવણ મહિનાની અજવાળી બીજ-ત્રીજનો વાદળિયો તડકો એ બેશુમાર બહુરંગી કટકદળ ઉપર ધૂપછાયાની રમત રમવા લાગ્યો. ફોજની મોખરે બુઢ્ઢા વજીર હતા. વજીરની બાજુએ દફેદાર નાગનો ઘોડો ચાલ્યો આવતો હતો. નગરના વેપારીઓ રોજગારીઓ પોતાની સોગાદો લઈલઈને વિદાય દેવા ઊભા હતા. ઠેરઠેર કંકુનાં તિલક થતાં હતાં. ગઢની રાંગ ઉપરથી અક્ષતની વૃષ્ટિઓ થતી હતી. માતાઓ, બહેનો અને પત્નીઓનાં મોં ઉપર હાસ્ય અને રુદનની મારામારી ચાલી રહી. કેટલીય પરદેનશીન રજપૂતાણીઓ વધુ સુખી હતી, કે દીકરાઓના વિદાય લઈ જતા ચહેરાઓને જોઈ જોઈને સૌનાં દેખતાં ધીરજ હારી બેસવાનું તેમનું દુર્ભાગ્ય નહોતું.

લોકોના લલકાર ઊઠે છે : "વજીર બાપુની જે ! સૌને હેમખેમ લઈને પાછા વે'લા વળજો."

વજીર સૌને શિર નમાવતા ચાલ્યા જાય છે.

'માવતોએ ધલેત ધલેત કરી હાથીઓને નવરાવ્યા. આખે શરીરે તેલ-આંબળા ચોળીને કાળા પહાડ જેવા બનાવ્યા. તેમના ચાચરાઓમાં સિંદૂરની ચરચા કરી કલાબા બાંધ્યા, ઝૂલો નાખી

વીર-ઘંટ લટકાવ્યા. રાતા, પીળા ને હરિયા રંગોથી રંગેલા ગજરાજો ઇંદ્રધનુષ જેવા લાગ્યા.

એવા ચાર હજાર હાથીઓ તૈયાર થયા. ને માવતોએ મંત્રજંત્ર તથા મોહોરાં હાથે બાંધ્યાં, કમર કસી, માથે બાનાબંધી પાઘડીઓ બાંધીને પછી ‘ઇલલ્લા’ નામનો ઉચ્ચાર કરી નટ દોડે તેમ દોડી, દારૂથી મસ્ત બનેલા હાથીઓની નજર ચુકાવી, કલાબા ઉપર આવી, કુંભસ્થળો થાપડી, ‘હે મહાકાળરૂપ ! કેસરીસિંહને મારનારા અને જુદ્ધમાં નહિ હઠનારા !’ એવાં વિશેષણે ‘બાપો ! બાપો !’ કહી હાથીઓને બિરદાવ્યા, ને પછી આંખો ઉપરની તેમની અંધારીઓ ખોલી ત્યારે આંખો ઉઘાડી હાથીઓ ચોમેર જોવા લાગ્યા. ચરખી આદિ આતશબાજીવાળાઓ તથા ભાલા-બરદારો ચોગરદમ તેમને ઘેરીને હળવે હળવે ચલાવવા લાગ્યાં.”1[૧]

એ હાથીઓની નિસરણીઓ પટકીને જામ સતાજી તેમ જ તેમના રક્ષકોએ સવારી કરી.

રાજગઢની સામે ફોજ થંભેલી છે, અને હાથીના ટોકરા બજે છે. આખે શરીરે ગણેશ-શા આલેખેલા ગજરાજ ગઢમાંથી બહાર નીકળે છે કે તરત હર્ષના લલકાર ઊઠે છે.

“જામ બાપુની જે ! જે ! જે મા આશાપરા !”

સફેદ વસ્ત્રોમાં શોભતા સિત્તેર વર્ષના સતાજીને દૂધના ફીણ જેવી દાઢી હતી. કાનમાં સોનાની મોટી કડીઓ ઝૂલતી હતી. જામ આટલી ઉંમરે પણ રૂપાળા લાગ્યા. શ્યામ હાથી, તે ઉપર પીળી હેમઅંબાડી ને તેની અંદર શ્વેતરંગી રાજાની વિજયશ્રી અપ્રતિમ હતી. જે ફોજને મોખરે રાજા ચાલે, તેના પગ મોળા પડે નહિ. નગરને પાદરથી નીકળેલી ફોજ એક ગાઉ દૂર ગઈ તોપણ સવારીના ધમધમાટ નીચે ધરતી થરકથરક થતી મટી નહોતી.

ફોજની વિદાય થઈ ચૂક્યા પછી શહેરની મોરચાબંદી શહેરમાં એકાકી રહેલા કુંવર અજોજી કરી રહ્યા હતા. નગર અને મુઝફ્ફર, બે વાનાં કુંવરને સોંપાયાં હતાં. મુગલો સાથેના મહાવિજયના યશભાગી થવાનો મોહ કુંવરને ગળેથી માંડમાંડ છૂટ્યો હતો. દિલ તો હજુય ફોજની પાછળ દોડતું હતું. પણ વજીરે જ કરેલું ફરમાન હતું : ‘નગર છોડશો નહિ. મુઝફ્ફરને રેઢા મૂકશો નહિ.’ મુઝફ્ફરશાહ અને જેસો વજીર તે દિન પ્રભાતે જ પહેલી વાર મળ્યા હતા, પણ એ મિલન સુખભર્યું નહોતું. રણઘેલુડો મુઝફ્ફર આટલાં કટકને જોયા પછી કેમ રહી શકે ? આ બધા મારે માટે કપાઈ મરવા જાય છે, ને હું પોતે જ આંહીં બેઠો રહીશ ? મને જવા દો, મને એક અશ્વ, આપો, એક જ ઘોડો અને એક જ સમશેર !”

“સુલતાન મુઝફ્ફરશાહ !” વજીરે સંભળાવી દીધેલું : “એ નહિ બને. તમે અમારા કબજામાં છો. બેઠા રહો.”

ને બીજા કોઈની તાકાત મુઝફ્ફરનું જતન રાખવાની નહોતી, એટલે કુંવરને પણ વજીરનો હુકમ ઉઠાવી લેવો પડ્યો હતો. ફોજને સીમાડા વટાવતાં દેખી મુઝફ્ફર વજીર-મેડીના ઝરૂખા પર કાંડાં કરડતો હતો. “બીબી !” એ કહેતો હતો : “આપણે ખાતર સોરઠી નૌજવાનો મરશે. આપણે ખાતર ! ઓહ !”

કાસદને માર માર્યાનો કેર સાંભળ્યા પછી ગુજરાતના નવા સૂબા ખાન આજમ મિરજા અજીજ કોકતલાશે અંતરમાં બીજા કોઈ વિચારને જગ્યા ન આપી. મારમાર વેગે એણે સીધું મોરબી સાંધ્યું. ને મોરબીથી ઊપડેલી એની ફોજે ધ્રોળથી આઠ જ ગાઉને અંતરે પડાવ નાખ્યો, તે વેળા જામની ફોજ હડિયાણાની ઊંચેરી ધરતી પર પોતાનો મુકામ નાખી દીધો હતો.

ખાસ આગ્રા ફતેપુરથી તેડાવી લીધેલા ચુનંદા જંગબહાદુરો થકી શોભતી મુગલ ફોજનો પડાવ ધરતીના નીચાણમાં હતો અને ચોમાસું બેસી ગયું હતું. ચોમાસાના વરસાદે એ નીચાણવી ધરતીની પોચી માટીમાં ભયાનક રાબડ મચાવી મૂકી. મુગલોના હાથી-ઘોડાઓને મચ્છરોના થરથર ચટકા ભરવા લાગ્યા. ડેરા-તંબૂ ઉઠાવીને આગળ તો ડગલું દઈ શકાય તેમ નહોતું. દિવસ-રાત વરસતી અનરાધાર વૃષ્ટિએ એકબીજા તંબૂઓ વચ્ચેનો પણ વ્યવહાર તોડી નાખ્યો. એક રાત, બે રાત, રાત પર રાત ચાલી. અનાજ ખૂટવાની તૈયારી હતી. એક રૂપિયાનું એક રતલ અનાજ પણ ક્યાંય મળતું નહોતું. માર્ગો બંધ થયા હતા. શહેરો દૂર રહ્યાં હતાં. વરસાદે ગામડાંને આ મુગલ ફોજથી રક્ષણ આપ્યું હતું. તંબૂમાં થઈને પાણી વહેવા લાગ્યાં, તોપો ખૂતી ગઈ. સૂબા કોકતલાશે પાદશાહી ફોજી આગેવાનોની સલાહ પૂછી. ઠાકોરના ઉપરીએ ખબર દીધા કે આપણું અનાજ ખૂટવાની તૈયારી છે, વાદળાં વીખરાવાની વાટ જોશું તો ભૂખે મરી જશું. ને શત્રુ તો પોતાના મુલકમાં સલામત બેઠો. છે. હવે આંહીં ઠેરી ન શકાય.”

પાછા જવું ? આગળ વધવું ? શું કરવું ? મોગલોની મતિ મૂંઝાઈ હતી. તે ટાણે એક બારીગરે આવીને જાણ કરી કે બે જણા મળવા માગે છે.

આવનારા બન્નેએ ખાન કોકા સાથે ગુપ્ત મંત્રણા કરી. કોકાનું મોં પ્રફુલ્લિત બન્યું. એણે કાંઈક રુક્કો લખીને પોતાની સહી કરી આ બન્નેના હાથમાં મૂક્યો. એ લઈને બે જણા અંધકારમાં બહાર નીકળીને હડિયાણા તરફ ચાલ્યા ગયા. એ હતા લોમા ખુમાણ ને દૌલતખાન.

“જંગે મયદાન જ મુબારક હો,” કહીને કોકતલાશે વરસતા વરસાદમાં પડાવ ઉઠાવ્યા. શત્રુને એના ગામડાની બહાર કાઢવાનો એક જ માર્ગ રહ્યો. કૂચ કરો એના પાયતખ્ત પર ! શ્રાવણ વદ છઠની બપોરે મુગલો પહોંચ્યા. ત્યાં તો નગર તરફનો તેમનો માર્ગ રૂંધીને ઊંચી ધાર પર ઊભેલી પચરંગી સોરઠી સેના દેખી કોકતલાશ થીજી ગયો. પોતાની ફોજના કરતાં બેવડું-ચારગણું પ્રચંડ દળકટક : તોપો : દારૂગોળાળા : હાથી-ઘોડા : શત્રુઓ પાસે તો શાની કમીના હતી ? હવે ડર ખાઈને થોભાય નહિ. થોભ્યા કે સોરઠિયા ત્રાટક્યા સમજો. શ્રાવણ વદ છઠની રાતે મુગલ પડાવમાં આ બધી મસલતો ચાલતી હતી. મેઘધારા બંધ પડી પણ ધરતી જરીકે સુકાણી નહોતી. શત્રુઓને જોયા પછી થોભવું ભયાનક છે. “મુબારક હો ત્યારે જંગે મયદાન !” એમ બોલીને શ્રાવણ વદ સપ્તમી ને બુધવારે ફાતીહા (કુરાનનું પહેલું પ્રકરણ) પઢીને હલ્લો કરવાની ગાંઠ બંધાઈ. હડિયાણામાં તો જામની ફોજને વધાવવા માટે બાર હજારની ફોજ લઈ દૌલતખાન ગોરી જૂનાગઢથી આવી પહોંચ્યો હતો, બાર હજાર કાઠીઓ લઈને ખેરડીથી લોમો ખુમાણ પણ ક્યારનો હાજર થયો હતો. પાંચ હજારની ઉદયનાથ નામના અંજારના પીર સહિત ભુજની ફોજ ઊતરી ચૂકી હતી. રા’ ભારોજી નહોતા આવી શક્યા.

સતા જામ રાજી થયા : ખુમાણ અને ખાન ખરા નેકીદાર ! આપણી પહેલાં આવીને હાજર ઊભા છે !

મંગળવારની અંધારી રાતે જામના પડાવમાં પણ આવતા પ્રભાતની યુદ્ધરચના ચાલતી હતી. લોમા ખુમાણ અને દૌલતખાન જિકર કરતા હતા કે “બાપુ, હરોળમાં [મોખરે] તો અમારું જ સ્થાન હોય. પહેલો ભોગ અમારો ચડે.”

“નહિ, તમે તો સખીઆત કહેવાઓ. તમને અમારે જતનથી રાખવા જોઈએ. તમે રહો ચંદેલીમાં [પાછળ].”

“અમે સખીઆત નથી, અમે તો છીએ જામના ચાકર. અમારો એ દાવો છે. પગે પડીએ છીએ. અમને અપમાન ન આપો.”

“નહિ રે નહિ, બાપુ, એવો ગઝબ ન હોય.” આટલું બોલનાર વજીરને અટકાવી દઈને લોમા ખુમાણે જામને પગે હાથ નાખ્યો.

“તો પછી તે દિવસે અમને જામના ચાકરો શા માટે બનાવેલા ? અમને અમારી ઇજ્જત શું વજીરના કરતાં ઓછી વહાલી છે ? બોલો બાપુ, અમને જીવવામાં તો ઠીક પણ મરવામાં ય ઊજળું મોં નહિ કરી લેવા દ્યો ?”

જેસા વજીર, દલ ભાણજી, ડાયો લાડક, તમામ સરદારો એકબીજાની સામે જોઈ રહ્યા. કોઈથી ઉઘાડું કાંઈ બોલી શકાય તેમ નહોતું. લોમા ખુમાણ અને દૌલતખાન પોતાની ફોજને યુદ્ધમાં મોખરે રાખવાનો હક્ક જીતી ગયા.

કશો દગો રચાયો છે એ તો કોઈને જાણે કે શંકા જ નહોતી, પણ હરોળમાં રહેનારની જે વજ્રની છાતી હોય તેવી છાતી લોમા કે દૌલતખાન નહિ બતાવી શકે એવો પૂરો વહેમ હતો. રચનાની મસલત પૂરી થયે વજીરે જામ પાસે જઈને પોતાનું પેટ ખોલ્યું. જામે જવાબ દીધો : "હું તો હરોલીનું બીડું સખીઆતવાળાઓને બક્ષી ચૂક્યો, હવે તમે જેમ કહો તેમ કરું."

"ના, આપનું ફરમાન ફરી ન શકે. હવે તો અમે સમજી લેશું."

એમ કહીને વજીરે ભાણજી દલને તેમ જ ડાયા લાડકને તેડાવી સમજાવ્યું : "જામના મોંમાંથી પડ્યો બોલ પાછો નહિ ગળાય; પણ તમે બેય જણ ફોજો લઈને મોહોરામાં રે'જો ને સખીઆતોનો પગ મોળો ભાળો તોપણ મક્કમ રે'જો."

તે રાતે એ ત્રણેય બુઢ્ઢાઓ લોમાની ને દૌલતની ફોજો મોખરામાં ગોઠવાતી જોઈને આંગળીઓ કરડતા ઊભા. ઈલાજ નહોતો રહ્યો.

હરેક દળને એનું સ્થાન સુપરદ કરીને જેસો વજીર પોતાની રાવટી પર જતા હતા તે વખતે એક નાગડા બાવાએ એને ગુરુનો સંદેશો કહ્યો : "બે ઘડીનો જ મિલાપ માગું છું."

વજીર જે વેળા ગામની બીજી બાજુ ગયા ત્યારે એણે મશાલોના તેજમાં એક હજાર નાગડાઓની પલટન રાંપૂર્ણ સજાવટ સાથે ઊભેલી દેખી. હાથીઓ ને ઘોડા સર્વ શિસ્તબદ્ધ ઊભા હતા. વજીરે કહ્યું : "આપ વિદાય લ્યો છો ને ? સારું થયું. મને એ જ બીક હતી, કે ક્યાંઈક રોકાણ કરી બેસશો ને અમારે માથે સાધુહત્યા ચડશે."

"અમે વિદાય નથી લેતા. ધાર પર આવીએ છીએ. અમને અમારી જગ્યા દેખાડો."

"શું બોલો છો ?"

"વજીર સાહેબ, આ ધરતી પ્યાસી છે. અમે બાવાઓ છીએ. પણ અમે લોટમગા નથી. અમે આંહીં મરશું, ધરતીનું કોપશમન કરશું."

"આપ બે ઘડી ઊભા રહો." એમ કહેતા વજીરે જામ પાસે ઘોડો દોટાવ્યો, વાત કરી.

"વાહ ! વાહ !" જામે કહ્યું : "આપણે પક્ષે જમાત લડશે ? તો તો ફતેહમાં બાકી શી રહી ! આપી દિયો વચલી જગ્યા."

વજીરે પાછો ઘોડો દોટાવ્યો. મહંતને જામનો અહેસાન-બોલ કહ્યો; ને નક્કી કરેલી જગ્યા રોકવા એક હજાર નાગડા ચાલ્યા ત્યારે ઘેરા શંખનાદ થયા. તૂરીભેરીની ઘોષણા ઊઠી.

જમાત ગયા બાદ યોગીએ વજીરને વીનવ્યા : "થોડી ઘડી મારા થાનકમાં બેસશો ? ગોષ્ઠિ કરવી છે."

જોગીના તંબૂમાં બે સ્ત્રીઓ બેઠી હતી. જોગીરાજ જેસા વજીરને એમાંની જે વૃદ્ધા હતી તેની નજીક લઈ ગયા. પૂછ્યું : "પિછાન પડે છે ?"

સફેદ વસ્ત્રમાં ઢંકાયેલો સુકાયેલો દેહ, એની ઊંચાઈ માત્રથી જ વજીરને કૌતુકવશ બનાવી રહ્યો. એ દેહ સળવળતો. હતો. એણે વજીરની સામે જોયું. એ નજરમાં ઊંડી કંદરાઓ હતી.

વજીરે ફક્ત આટલું જ કહ્યું : "વાહ ! વિશ્વંભરની ઇચ્છા."

"આપનો દફેદાર અંગરક્ષક ઓળખાયો છે ?"

"ના."

"નાગનીની સીમમાંથી આ સગા હાથે ઉઠાવેલો ને બાર વર્ષ ઉછેરેલો એ તમારો વિભૂતિહીન પુત્ર નાગડો વજીર. કાલે પ્રભાતે એને જુદ્ધ કરતો જોઈને નેત્રો ઠારજો."

વજીરે ઢળેલું મસ્તક ઊંચકીને કહ્યું : "ખોવાયેલાં પાછાં મળ્યાંનો આનંદ થવાની મનની વેળા વીતી ગઈ છે, ગુરુદેવ ! હું અત્યારે જીવતો નથી. સુરાપુરાની ભોમમાં મારું થાનક ગોતું છું." આ શબ્દો એણે પુરાણા સ્વરે જોમાબાઈને કહ્યા. અને પોતાના ભેદાતા કંઠને ફાટફાટ હાસ્યમાં દાટી રાખીને પીઠ ફેરવી.

"ઊભા રહેશો એક વાર ?" પીઠ પાછળથી પત્નીનો સાદ આવ્યો.

“કહો.” વજીર થોભ્યા, પણ પીઠ તો કોઈ દુશ્મનના ઝાટકાની સામે ઢાલ ધરી હોય એવી અદાથી ધરી રાખી.

“આને ય ઓળખી લઈને પછી ખુશીથી પધારો. આને નિહાળી ? તમારે જમણે પડખે ખૂણામાં.”

વજીરે એ દિશામાં નજર નાખી. બીજી એક બાઈ બેઠી હતી. ઓઢણું ખભે પડ્યું હતું. ને હાથ જાણે કંઈક તાણતા હોય તે રીતે ઝૂલતા હતા. એવું ઝૂલણ કાં તો મહી ઘુમાવતા હાથનું હોય, અગર તો સરાણ તાણતા હાથનું હોય. ઘડીક હાથ ઝૂલતા હતા, ને ઘડીક પાછી એ બેય હાથમાં કશુંક ઝાલીને ઝીણી નજરે જોતી હોય તેમ ચાળા કરતી હતી. બોલતી હતી : ‘રણથળ ! રણથળ ! નાગડો બાવો ! બાવા ! બાવા ! બાવા ! ભાઈ મારો વીર મારો, માડીજાયો રૂડો લાગે છે ! કેવો રૂડો લાગે છે મરતો મરતો !’ અને પછી ઝીણું ઝીણું ગાતી હતી :

કાટેલી તેગને રે

ભરોસે હું તો ભવ હારી.

ને છેલ્લે બોલતી હતી : “હેઠ્ય ! ફટ છે તને દગલબાજ ! ફોશી ! ભાગ્યો ! ધોળાંને ભૂંડાં લગાડ્યાં !”

દૃશ્ય દેખીને જેસા વજીર પૃથ્વીને ચોંટી ગયા જેવા લાગ્યા. એને વર્ષો પૂર્વે નાગનીમાં દીઠેલી સરાણિયણનું સ્મરણ થયું. બાજુબંધ નહોતા છતાં ઝૂલતા લાગ્યા, બાકી તો જેને જોઈ હતી તેનું પ્રેત જ દેખાયું. બોલી ન શક્યા. ખબર હતી કે જામ સતાજીએ ડાકણ ગણી નાગનાથના બાવાને ભળાવી હતી. એના બાપને અને વરને ‘ડેલા’માં જામે ગારદ કરી લીધા હતા.

આ આખા કિસ્સાનો ભેદ ન સમજનાર જોગીરાજે મૂંગા બની રહેલા વજીરને ફક્ત આટલું જ કહ્યું : “પગલી લાગે છે. જમાત ભેગી જ્યારથી રાખી છે. ત્યારથી કોઈ કોઈ વાર આવી અર્થહીન ચેષ્ટા કર્યા કરે છે.”

“અર્થ તો એનો ઊંડો છે, મહારાજ !” વૃદ્ધાએ વચ્ચે કહ્યું.

“મને પણ એવું લાગ્યું જ છે, મેરી મૈયા !” જોગીરાજે ઊંડાણમાંથી ઉચ્ચાર્યું : “પેલા બાવા પાસેથી તમે એને બચાવતાં હતાં તે દિવસ, અને તમે એ બાવાની કાન-કડી તોડી નાખી ને અમે એને સમાત દીધી, તે દિવસથી હું મનમાં સમસ્યા સંઘરીને ભમું છું, પણ ગુપ્ત વાત પૂછવાનો અમારો ધર્મ નથી. હું ચુપ રહ્યો છું.”

વજીરને કડીબંધ વાર્તાની પિછાન પડી ગઈ. પણ એક બાબત પોતાને નહોતી સમજાતી. એણે પ્રશ્ન કર્યો પત્નીને : “તમે આને...”

“દૂધ પીતી કરવા મને સોંપેલી રાજકુંવરી સાંભરે છે ?” જોમાબાઈએ પૂછ્યું.

“હા ! વીશેક વરસ પહેલાંની વાત, વાહ ! હત્યા કેવી નડે છે ?”

"ભૂલ્યા છો, રાજ. હત્યા નહિ, હીન ગુલામીનાં પાપ નડે છે. મેં હત્યા કરી નથી. મેં સોંપી સરાણિયાને. એ જ આ જામકુંવરી. બાપે ઊઠીને જ એની બુદ્ધિનો દીવડો ઓલવ્યો છે. પણ જીવતી રહી છે, સગા ભાઈના મરશિયા ગાવા માટે.”

“ગાંડાં થાવ માં. અમંગળ બોલો મા. અજાજીને ઈશ્વરનાં રખવાળા છે.”

“લખ્યા લેખ નહિ ટળે, રાજ ! તરવારની ધારે મંડાણા છે આંકડા.”

ગાંડી બાઈનો બુદ્ધિ-દીવડો ઘડીક સ્થિર બન્યો. એણે કહ્યું : “ભાઈને એક વાર તો જોઈ લઉં ! એક વાર પણ નહિ મેળાપ કરાવો ?”

“એને ચુપ રાખજો. ને લ્યો ત્યારે હવે, બોલ્યાં-ચાલ્યાં માફ કરજો. તમારાં માછલાંને બન્યું ત્યાં લગી તો રીઝવ્યાં હતાં. હવે તો જીવ્યામૂઆના જુવાર છે.”

ઘોડો પલાણીને ચાલી નીકળતાં એણે મનને કહ્યું : “અરે જીતવા ! આટલી જ ઘડીમાં કેટલું બધું જાણ્યું ! તું આ અગણિત ભાલાંને ચાર-આઠ દીય શું હૈયે સંઘરી શકીશ ?”

ત્યાંથી સીધો ઘોડો ઉપાડીને જેસા વજીર ભૂચર રજપૂતને ખોરડે ગયા. અંદર એક ખૂણામાં બેઠી બેઠી રાજુલ ઘીનો એક દીવો બાળતી હતી. એના લલાટ પર સિંદૂરની પીળ્ય હતી. એ કાંઈક જપતી હતી.

“રાજુલ, દીકરી,” વજીરે એની પાસે જઈ, પગે લાગીને કહ્યું : “તારાં આગમ સાચાં પડ્યાં. હવે તો એક જ વાત કહેવા આવ્યો છું. તારા ધણીનું નામ નાગડો વજીર છે. એનો બાપ આ તારી સન્મુખ ઊભો : કાલ નાગડાનું ગામતરું થાય, તો મારી આજ્ઞાથી નવ મહિના જીવજે. ને પછી જીવવા-મરવાનું તારા મનને પૂછજે. મારા વેલાને ઉખેડીને નાખી દેતી નહિ. વધુ કહેવાનો વખત નથી. લે બેટા, જીવ્યામૂઆના જુવાર છે.”

↑ 1. ‘વીભાવિલાસ’નું ચારણી વર્ણન.

## સુરાપુરાનો સાથ

“એક પહોર તો લડાઈ ચાલી ચૂકી હશે.”

“કહેવાય નહિ. લડાઈ મુદ્દલેય ન ચાલી હોય. સૂબો સુલેહ માગે તેવા જ બધા સંજોગો છે. એનું લાવલશ્કર થોડું છે, ને એની હામ ભાંગી જાય તેવી આપણી સમદર-ફોજ છે.”

“કાસદ હવે તો આવવો જોઈએ.”

"સીમાડે ખેપટ ઊડે છે.”

મુઝફ્ફર અને અજોજી નગરના ઊંચામાં ઊંચા સ્થાન પર બેઠાબેઠા યુદ્ધના સમાચારની વાટ જોતા હતા. શ્રાવણ વદ સાતમ ને બુધવારનો બીજો પહોર ચડતો હતો. ચકલાં ને કાગડાં પોતાની ભીંજાએલી પાંખો સૂકવતાં-સૂકવતાં નવી પેદા થયેલી જીવાતને ચણતાં હતાં.

“અસવાર એકલો નથી. દસેક જણ લાગે છે.” અજાજીએ કેડા ઉપર ઝીણી નજર કરીને કહ્યું.

“પાદશાહી ફોજ તો ન હોય ?” મુઝફ્ફરને વહેમ પડ્યો.

અજાજીએ બંદુકના સૂચક ભડાકા કરીને નગરનો દરવાજો બીડી, દેવા હુકમ આપ્યો, સૈનિકોને રણભેરી બજાવીને ચેતાવી દીધા ને પોતે ગઢના બુરજ પર જઈ મોરચામાંથી જોતા ઊભા. ઘોડેસવારો વધુ નજીક આવ્યા. તેમનો નેજો પરખાણો. આ તો નગરનો જ નેજો. પણ આ વચલે ઘોડે બેઠેલો આદમી કોણ છે ? વજીરોમાંથી કોઈક ? કોઈ સખીઆતી ? અરે, ના રે ના,

આ શું ? આ તો બાપુ પોતે જ...” એમ બોલતો કુંવર બુરજનાં ત્રણ પગથિયાં એકસામટાં છલાંગતો નીચે આવ્યો. દરવાણીએ પણ જામને ઓળખી દરવાજા ખોલ્યા.

“શું, બાપુ જખ્મી થયા ?” અજાજીને અમંગલ વિચાર આવ્યો. પણ આવતા પિતાના દેહ પર ક્યાંય લોહી ન દીઠું, ન કોઈ માંદગી માલૂમ પડી. અંદર પ્રવેશ કરીને પળ પણ થોભ્યા વગર જામ સતાજી ગઢમાં ચડી ગયા, અજાજી પાછળ ગયા. સાથેના અસવારો ઊભા હતા તેમણે પોતાનાં માથાં નીચાં ઢાળ્યાં. કુંવર તેમને કશું જ પૂછવાની હિંમત કર્યા વગર પિતા પાસે પહોંચ્યા. જતાંવેંત જ બાપુએ શ્વાસભેર કહ્યું : “રાણીવાસને –સાબદો – કરો. બાળબચ્ચાંને – તૈયાર કરો – મુઝફ્ફરશાને કહો. ઝટ ભાગવા માંડે.”

“પણ શું થયું ?”

“લોમો ને દૌલતખાન – દગો રમ્યા. હરોલીમાં રહીને જ – ખરા ટાણે ખસી ગયા. પણ ફિકર – નથી – આપણું કટક લડે છે.”

“પણ આપ ?”

“હું સૌને – ઠેકાણે – કરી – દેવા –” સતાજીના શ્વાસ સમાતા નહોતા.

“અરે, બાપુ ! બાપુ ! મારા તીરથસ્થાન બાપુ ! આપ શું ગાભરા બન્યા ? આપ સતો જામ ઊઠીને સૌને ઠેકાણે પાડવા પાછા વળ્યા ? જુદ્ધમાંથી પાછા વળ્યા ? ઠેકાણે પાડવાનું શું છે ? બીજા ઠેકાણે પાડનારા ક્યાં ઓછા છે ? કોઈકની જોડે ખબર દીધા નહિ ને પાછાં પગલાં ? સતો જામ પારોઠનાં પગલાં ભરે ? દગાને ટાણે ?”

“કુંવર – મને – તમે – હમણે – કાંઈ – ઠપકો – મદિયો. મારો જીવ – જીવ હં – જીવ – સૌને ઠેકાણે – મુઝફ્ફરશાને – ઠેકાણે –” “સારું, બાપુ, સારું.” કુંવરે કહ્યું : “આપ શ્વાસ હેઠો મૂકી લ્યો. આપના જીવનો ગભરાટ નમવા દ્યો. હું જાઉં છું, ને સૌને ઠેકાણે પાડવાનું કરું છું.”

“મને – મને – ઠેકાણે – ઠેકાણે.”

એ શબ્દો સાંભળ્યા – ન સાંભળ્યા કરીને અજો કુંવર દોટાદોટ મુઝફ્ફરશાહ પાસે પહોંચ્યો. શાંતિથી એનો પંજો ઝાલીને કહ્યું : “ભાઈ, કોલ આપો, કે દુભાશો નહિ ને મારું કહ્યું કર્યે જશો.”

"તમારા હર બોલનો હું ગુલામ છું. ફરમાવો, શું બન્યું છે ?"

"કાંઈ નથી. પિતાજીને આપની ફિકર થઈ પડી છે. આપણી ફોજ તો ફાંકડી લડાઈ કરે છે. પણ પિતાજીનો જીવ આપને માટે ભારી ગભરાય છે. આપ આંહીં હશો ત્યાં સુધી એને ચેન નહિ પડે માટે આપ કચ્છ-ભુજમાં પહોંચી જાવ. એ અમારું જ ઘર સમજજો. આંહીંથી ઓખામંડળ, ત્યાંથી વાઘેરરાજ સંગ્રામજી આપને ખાડીપાર કરશે."

લોમો અને દૌલતખાન ખૂટ્યા છે તેનો શબ્દ પણ કુંવરે કહ્યો નહિ. એ જ પ્રહરે ઘોડવેલ તૈયાર થઈ. અજાજીએ મુઝફ્ફરશાને બાથમાં લીધો. "ભાઈ, માફી દેજો ! અમને સૌને, મારા પિતાને, સોરઠ દેશને ક્ષમા દેજો." કહેતાં કહેતાં કુંવરનો કંઠ ગદ્ગદ્ થયો. લોમો, દૌલતખાન અને પોતાનો જ પિતા એની આંખોમાં જળજળિયાં ભરી રહ્યા હતાં.

"માફી કે અહેસાન? ઓ દોસ્ત !" મુઝફરે યુદ્ધના મામલાની અજ્ઞાત દશામાં જવાબ દીધો: "સોરઠની ઈમાનદારી પરનો મારો છેક બચપણનો ઇતબાર તો આજે સફળ બન્યો, ભાઈ ! આપના બાપુના દિલમાં મારી કેટલી બધી ફિકર ! કેટલી એ ઇતબારની કીમત ! આટલા વાસ્તે જ દોડતા આવ્યા. ઓ હો હો !"

'સોરઠની ઈમાનદારી' એ શબ્દ, વિધાતાના કાતિલ કો કટાક્ષ-શો, મુઝફ્ફરના મોંમાંથી વારંવાર પડતો હતો ને કુંવરનું કાળજું કાપતો હતો. પણ એનો કોઈ જવાબ નહોતો.

"બોલ્યાં-ચાલ્યાં માફ, ભાઈ ! સુલતાન ! ફરી કોણ જાણે –" "અરે, જન્નતમાં તો મળીશું ! ત્યાં તો અકબરની ફોજો નથી ને ?" ને એ રવાના થતી ઘોડવેલમાંથી એક બાળક મુઝફ્ફરના હાથમાં ઊભોઊભો હાથ ઉછાળી રહ્યો હતો : મુઝફ્ફર એના વતી કહેતો હતો : "મામુને સલામ ! મામુજાનને સલામ !"

મહેમાનોને વળાવ્યા પછી ફક્ત બખ્તર પહેરવામાં, માથે ઝળપવાળો ટોપ મૂકવામાં, હથિયાર સજવામાં ને ઘોડા પર જીન માંડવામાં જેટલી વેળા લાગે તેથી વિશેષ ન લાગી, ને અજોજી પોતાના અઢીસો અસવારે બહાર નીકળ્યા. પાછળનાઓને શહેરની બનતી સર્વ સંભાળ રાખવાની ભલામણ કરી પોતે ધ્રોળને કેડે પડ્યા. પિતાને પણ મોઢે ન થયા. રસ્તે એને એક જ વિચાર આવતો હતો : 'માનવી કેટલો પામર છે ! પહાડના ટૂક સમાં પુરુષમાંથી રામ ગયે બાકી શું રહે છે ? મુરદું ! હા ! હા ! પિતા બિચારા ! લલાટે લખ્યાં મીનમેખ ન થયાં આખરે.' એને સ્મરણ થયું : એક દિવસ સરાણિયણ બાઈ ગાતી હતી :

કાટેલી તેગને રે,

ભરોસે હું તો ભવ હારી...

કરવતરૂપે માથા પર ફરતા વાદળિયા તડકામાં જામની પાછલી ફોજે નગરને માર્ગેથી નેજો પાછો ફરકતો આવતો દીઠો. ભૂચર મોરીના મેદાનમાં તે વખતે પડકારા, કિકિયારા, ભલકારા ને દેકારા ઊઠતા હતા. ધુંવાધાર જંબૂરા, કોકબાણ અને તોપો ચાલતાં હતાં. હાથી ને ઘોડા પટકાતા હતા. ધૂંવાના ધુમ્મસને ભેદીને અંદર પેસતો કુંવર શું ભાળતો હતો ?

એક પણ પીઠ ફરતી નહોતી. એક પણ ઘોડો ભાગતો નહોતો. હજારો જોદ્ધાઓની જાણે વાટ્યો વણાઈ ગઈ હતી. શિસ્ત ક્યાંક તૂટતી નહોતી. પગ પાછા હટતા નહોતા. લલકાર કરતો એકેએક નર આગળ કદમ માંડતો હતો.

ભૂચર મોરી ! ઓ રમ્ય ભૂચર મોરી !

“ઓ રિયા ભાણજી દલ – ઓ લડે ડાયા લાડક – ઓ આગળ રિયા ભદ્રેસરના મહેરામણજી – ઓ હો હો ! મારો ગોપાળ ગઢવી તો એથી યે મોખરે ! – હું આવ્યો છું, આવી પહોંચ્યો છું, હોં મહેરામણજી ! મને મારગ આપો, ગોપાળ બારટ !”

"બાપા, તમે ? તમે બાપા ચંદેલીમાં રહો.”

“નહિ, બારટ. હું સૌની હરોલીએ, હું મારા ગુરુદેવની – પાસે – ઓ રહ્યા જેસા વજીર, ઓ જો લોહી તરબોળ ! ઓ ઝૂઝે એને જમણે પડખે મારો દફેદાર : મારું સ્થાન ત્યાં છે, મોખરે છે, કોકતલાશના હાથીની સન્મુખે છે. મારગ દિયો, મને મારગ દિયો, મને જરીક જેટલી જગ્યા દિયો – ને વચ્ચે કોણ ? આ નાગડા બાવાઓની જમાત ? વિણ બખ્તરે, વિણ કપડે લડે છે ? વિણ સ્વારથના આ સખિયાતો કોણે, પ્રભુએ મોકલ્યા ! ભલાં ભલાં ભલાં ! સુરાપુરાઓ, મારગ દ્યો, મને ભેળો લ્યો, મને મુંગલાના હાથીડા જોવા દિયો –”

એવી ત્રાડો મારતા કુંવર ઘોડાને આગળ કાઢતા કાઢતા એકદમ મોખરે આવી ગયા ને એણે પડકાર્યું : “જેસા વજીર ! દફેદાર !”

“આવી પોગ્યા, બાપા !” જેસાએ ધુમાડાના ગોટેગોટ વચ્ચેથી જવાબ દીધો : “આંખ્યું તો ગઈ છે મારી. દેખતો નથી. સાદ પારખું છું. હવે થોડી જ વાર છે.”

ભૂચર મોરી ! ભેંકાર ભૂચર મોરી !

ઝબાઝબી : ઝબાઝબી : ઝબાઝબી : આયુધોના એવા અવાજોની વચ્ચે, શબોના ઢગોની હડફેટે, 'મળશું મળશું સુરાપુરાને દરબાર !' એમ લલકારતો કુંવર પોતાના પ્યારા દોસ્ત દફેદારની ઘોડાની લગોલગ જઈ પહોંચ્યો : "દફેદાર ! દફેદાર ! રંગ દફેદાર !" કુંવરે એને શત્રુઓના હાથીઓનાં તૂંડ ભેદતો જોયો.

"દફેદાર નહિ બાપા." જેસા વજીરે અર્ધઆંધળી દશામાં હાક દીધી : "તારો નાનપણનો ભાઈબંધુ નાગડો વજીર, જડી આવ્યો, જડી આવ્યો. મારે પડખે ઝૂઝતો એને પેટ ભરી જોયો છે. જોઈને પછી જ મેં આંખ્યું ખોઈ છે. તારો ભેરુ. તારો ભાઈ –" ઝબાઝબ : ઝબાઝબ : ઝબાઝબ :

એ અવાજો ને હાકલા પડકારા વચ્ચેથી, અજો, નાગડો ને જેસો વજીર, ત્રણેય સૌથી મોખરે ઝૂઝતા હતા.

અજમાલિયો અલંગે

લાયો લાખાહાર ધણી

દંતશૂળ પગ દે

અંબાડી હણિયા અહર.

અજાએ ને નાગડાએ ઘોડા ઠેકાવી ઠેકાવીને મુગલ ફોજના હાથીઓને માથે ટેકવ્યા. અજાજીએ તો હાથીનાં દંતૂશળ પર પગ ટેકવી ટેકવીને ઊંચા થઈ મુગલ સરદારોનાં માથાં ઉડાવ્યાં. નાગડાનો ઘોડો કપાઈ ગયો. પહાડ જેટલા કદાવર નાગડાએ પગપાળા થઈને હાથીની અંબાડી સુધી તેગ પહોંચાડી. કોકતલાશથી બીજી પદવીના સરદારને, જેમ કોઈ પાકલ કેરીને વાંસડાની ઝોળીથી ઉતારી લ્યે તેમ તેગની પીછીથી ઉતારી ધૂળ ચાટતો કર્યો. આખરે એની તેગ પડી ગઈ. એ હાથની મુક્કાબાજી રમી હાહાકાર બોલાવતો ઘૂમ્યો અને પછી એ પડ્યો.

ભૂચર મોરી ! ધુંવાધાર ભૂચર મોરી !

*

વદ સાતમ ને બુધવારનો સૂરજ આથમી ગયો ત્યારે ધ્રોળના પાદરમાં મુગલ નેજો ફરકતો હતો. લોમા ખુમાણે અને દૌલત ગોરીએ દોસ્તોનાં શોણિતમાં ઝંડાને રંગ્યો હતો. પણ શત્રુઓએ મિત્રોની સાથે જ મરણસજાઈઓ કરી,ધરતીના ખોળાએ સંતાનો વચ્ચે ભેદ ન રાખ્યો. શરણાઈઓ ને નગારાંના ધ્રોંસા થંભી ગયા. કોકબાણ અને તોપોની ગર્જના જાણે કદીય આંહીં થઈ નહોતી તેવી શાંતિ !

ત્રણ સ્ત્રીઓ માથે માટલાં મૂકીને ડંકતા ઘાયલોમાં ફરતી હતી; 'પાણી ! પાણી ! પાણી !' ના જ્યાંથી અવાજો થતા ત્યાંત્યાં દોડતી હતી. એને ભેદ નહોતા શત્રુ કે મિત્રના : એણે નીર ટોયાં, મુગલ અને જામ બેઉના જોદ્ધાઓને. એનાં વસ્ત્રો કાળાં હતાં. એ નેત્રોમાં પાણી હતાં – માટલામાં હતાં તેથી ઊલટી જાતનાં : ઊનાં પાણી.

મુખ્ય હતાં વજીરાણી જોમાબાઈ, બીજી હતી દીકરાની વહુ રાજુલ અને ત્રીજી હતી ગાંડી.

ત્રણેય ઓરતો દૂર થંભી રહી. એણે એક હાથી ઊભેલો જોયો. હાથીની અંબાડીમાં સુબાની લાશ હતી. હાથીના પગ પાસે એક લાંબુ મુરદું નીચે પડેલું હતું. વિજયી મુગલો રણક્ષેત્રને તપાસતા-તપાસતા એ મુરદું ઊભું કરતા હતા.

શબને ઊભું કરે છે ? શા માટે ?

શબને ઊંચું કરીને મુગલો હાથીની પાસે લાવ્યા. ઊંચો કરીને માપ્યો. આદમી હાથીની બરોબર થયો.

“બસ, આ જ સૂબેદાર કોકાનો મારનાર. એના સિવાય કોઈ પેદલ તો ઊંચી અંબાડીએ પહોંચી ન શકે.”

શબને પડતું મૂક્યું. શબ ધરણી પર ઢળી પડ્યું. વિજેતા મુગલો ખિજાઈને એ શબના મોંમાં ધૂળની ચપટી નાખતા ગયા. ત્રણેય ઓરતો એ કદાવર લાશની પાસે ગઈ. તારાઓના તેજમાં એ સૂતેલા નરને નિહાળ્યો.

“મારો નાગડો ! મારો જોરારનો ! ઓ સતા જામ, આ રિયો જોરારનો !”

વૃદ્ધાએ રણમેદાનમાં એવો ચિત્કાર કર્યો. એણે નીચે નમીને નાગની લાશ તપાસી. હાથના પંજા નહોતા. ઠૂંઠા હાથ અને ચામડીની ખોભળો ઊંચી ચડી ગયેલી. એકલાં હાડકાં દેખાય છે.

બાજુમાં એક હાથી મૂએલો પડ્યો છે. એના દેહમાં આ હૂંઠા હાથના મુક્કા-મારથી થયેલા હાથના જખ્મો છે.

“મારો જોરારનો,” ડોશી આવેશમાં ચડી ગઈ : “જુઓ રે બાઈયું, જોરારનાએ ઠૂંઠા હાથેય જુદ્ધ ખેલ્યાં. સતા જામ ! નગરના ધણી ! ક્યાં ગિયા તમે ? આ જોરારનાને એક વાર તો રંગ કહો !”

નજીકમાંથી એક ઘાયલે જોર કરીને માથું ઊંચક્યું ને પૂછ્યું : “જોરારનો ! કોણ બોલે છે એ બોલ ? અઢાર સાલથી નગરમાં ચાલતી આ ગાળ આંહીં પણ કોણ ઉચ્ચારે છે ? હું – હું નેકપાક ઈસર બારોટનો બેટો ગોપાળ બારોટ અહીં બેઠે એ કોણ અપશબ્દ બોલે છે ? એ કોણ વગોવે છે જનની જોગમાયા જનેતાને ? એ કોણ હાંસી ખેલે છે મોતની સેજ-તળાઈમાં, બાપ ?”

વૃદ્ધ જોમાબાઈ એ બોલનારની પાસે ગયાં. પૂછ્યું : “તમે ગોપાળ બારોટ છો ?”

“હા, મા ! તમે કોણ છો ?”

“ગઢવા !” જોમબાઈએ કહ્યું : “હું જ એ હતભાગણી છું, જેના બાળને એ ગાળ દેતાં નવાનગરને ધણીએ મલકને શીખવ્યું છે. ગઢવા ! જરાક જમણે પડખે જુઓ, ત્યાં પડ્યો છે એ જોરારનો.”

“આ અંબાડીએ જાતો અહરાણને હણનાર એ કોણ છે, મા ?”

“મારો નાગડો. તમારા વજીરનો પુતર.”

“આંહીં ? વજીરનો બેટો નાગડો ? શું બોલો છો, મા ?”

"ગોપાળ બારોટ ! મારો જ એ નાગડો. કુંવરનો એ અંગરક્ષક દફેદાર. જોગીની જમાતે જાળવ્યો, તે જામની ગાળનો જવાબ આજ અઢાર વરસે દેવા માટે, મેં તો નથી ઓળખાવ્યો, પણ તમે જઈને કે’જો જગતને, કે જનેતાએ જાતેજાતે બીજું કાંઈ ઈનામ નથી માગ્યું, ગાળભેળ નથી દીધી, કડવો વિચાર પણ નથી કર્યો. માગી છે એક જ નાની મહેરબાની, કે આ જોરારનાને જગત જાણે ને કોઈની પણ જનેતાને ગાળ દેતાં પહેલાં વિચારે.”

“ખમા, મારી મા ! ખમા જોગમાયા !” ગોપાળ બારોટ બળ કરીને બેઠા થયા. “ખમા જનેતાને. નજરે જોયું છે આ પરદેશી દફેદારનું ધીંગાણું. કહીશ જગતને કે જનેતાના દૂધ અલેખે કદી જતાં નથી. કહીશ ખલકને કે જનેતાની હીણજો મા, નીકર જાતે દા’ડે વસમાં જવાબ જડશે. ને મા ! તારા નાગડાની કીર્તિ તો મુંગલાય ગાશે.”

“મુંગલાએ એના મૂએલા મોંમાં ધૂળ નાખી, બારોટજી !” “વાહવા ! રૂડી મત સૂઝી મુંગલાને. ધરતી તારા નાગડાને ભળાવી મુંગલાએ.”

તે વખતે નજીકથી એક ઘેરો સ્વર ઊઠ્યો : “હેં , ધૂડ નાખી ! મોંમાં ધૂડ ! કોણ છે એ ? કોણ બોકાસાં નાખે છે ? કોનાં મોંમાં ધૂડ નાખી ?”

નિશાનના ઘોષ સમા એ માનવ-ગળાના અવાજને ઓળખીને જોમાબાઈ મુરદાંના ઢગ વચ્ચેથી એ બોલનારને ગોતવા માંડ્યાં. જડ્યો – ઓળખ્યો. ઘડી-બે ઘડીના મહેમાન પોતાના પતિ વજીર હતા.

પાસે બેસી જઈ પાણી ટોયું, માથે હાથ મૂક્યો, મરતા માણસે પૂછ્યું : “તમે કોણ છો ? હું આંખો વગરનો, ભાળી શકતો નથી. કોણ છો દયાળુ ? કોણ છો તમે ?”

“બીજું કોણ હોય ?” વૃદ્ધાએ ડૂસકાં ખાતેખાતે કહ્યું.

“હાં, હાં, ઓળખ્યાં – માફી દેજો, હોં ! નાગડો નિરાંતે પોઢ્યો છે ને ? અને કુંવર ક્યાં છે ? કુંવરને ભાળ્યા ?”

એ ટાણે એક ઘોડો ગોપાળ બારોટની ડંકતી કાયાની પાસે આવી ઊભો રહ્યો. બારોટે જોઈને કહ્યું : “દેવમુનિ ! મને તેડવા આવ્યા ? જગતમાં જીવતો જઈને હું જનની જોગમાયાની ગાળ ઉતારું તે માટે આવ્યા ? પણ બાપ ! હું તો જખમે વેતરાયેલ પડ્યો છું. ઊઠીને ચડવાની તો તાકાત નથી.” બેસી જઈને ઘોડો જાણે સમજ્યો હોય તેમ તેણે ગઢવીને પડખું દીધું. “રંગ દેવમુનિ !” કહીને બારોટ શરીરને કડે કરી ઘોડે પલાણ્યા. ઘોડો રણક્ષેત્રમાં જઈ મુરદે મુરદે જઈ ઠેરતો ગયો. છેલ્લે વજીર પાસે આવ્યો.

“ગોપાળ બારટ !” પડેલા વૃદ્ધ વજીર અવાજ પિછાનીને પૂછે છે : “તમે ક્યાંથી ? જીવતા છો ? કુંવર ક્યાં ?”

“હું રણથળમાં ઘૂમું છું. સૌને ગોતું છું. વજીર બાપા, કુંવર અજોજી તો ઘામાં ચકચૂર છે.”

“ઠીક તયેં, એક કામ કરોને – મને એના અંગની પિછોડી લાવીને ઓઢાડોને ! તો મારી ઝટ સદ્‌ગતિ થાય. ને ગોપાળ બારટ, પેટની બીજી એક વાત : પરદેશી દફેદારની – મારા નાગની ઓરત રાજુલને કોઈ કનડે નહિ એમ ધ્રોળના ધણીને કહેજો.”

ગોપાળ બારટે કહ્યું : “બાપા, હું જનેતાની ગાળ નહિ ઉતારું તો સૂરજ ઊગશે કેમ ? ગંગા વહેશે કેમ ? મેરુ ઊભશે કેમ ? પણ હું જખમે વેતરાયેલ છું. કુંવરનું લૂગડું હું નહિ લઈ શકું. પણ માડી ! તમે ભેળાં હાલો, બતાવું.”

રાજુલ નાગના શબ પાસે બેઠી રહી. બીજી બે જણીઓ જઈને કુંવર અજાના શબ પાસે બેસી ગઈ. વૃદ્ધાએ એ અબોલ ઓરતના કાનમાં આટલું જ કહ્યું : “વારણાં લ્યો, કુંવરીબા ! આ એ જ છે.”

અબોલ ગાંડીએ લાશ પર હાથ ફેરવ્યો. અને કેટલાંય વર્ષો પછી આજ એને મોંયે રુદન ફૂટ્યું : “વીરા મારા હો...”

એને રડતી મૂકીને ડોશી અજાજીની પિછોડી લઈ વજીરના દેહ પાસે આવ્યાં. એણે પૂછ્યું : “હું ઓઢાડું ?”

“તમે, હા, તમે – જુઓને – તમે જ ઓઢાડતાં ઓઢાડતાં ભાગેલાં. – હેં – જુઓને –”

એટલું બોલીને પિછોડી ઓઢ્યા પછી વજીરનો પ્રાણ વછૂટી ગયો.

અધરાત પછીના ચંદ્રે આંખ ઉઘાડી ત્યારે પણ આ ત્રણેય ઓરતો વજીરના, નાગના ને અજાજીના શબ પાસે બેઠી હતી. એ ત્રણેયને ત્યાં જ બેઠેલી જોતાં જોતાં પ્રભાતના સુરજભાણ પણ આકાશે ચડ્યા અને વાયરા હુહુકારે બોલી ઊઠ્યા : ભૂચર મોરી ! ભૂચર મોરી ! ભૂચર મોરી !

[સંવતુ સોલ અડતાલીસે

સાવણ માસ ઉદાર,

જામ અજો સુરપુર ગયા

વદ સાતમ બુધવાર

જેસો, ડાયો, નાગડો,

મેરામણ દલ, ભાણ,

અજમલ ભેળા આવટે

પાંચે જોધ પ્રમાણ.

આજમ કોકો મારિયા

સૂબા મન સાઈ,

દળ કેતાં ગારદ કરે

રણ ઘણ રચાઈ.

આ દોહા, ‘ભૂચર મોરી’ના ટીંબા પર ઊભેલા અત્યારના થાનકની અંદર અજા કુંવરની સમાધ-દેરીની દીવાલ પર કોતરાયેલા છે. ઊંચા ઓટા ઉપર કરેલી એ દેરીમાં બે ખાંભીઓ જોડાજોડ છે : એક ઘોડેસવાર અને એક સતીનો હાથ. અજા કુંવરનાં રાણી ત્યાં આવી સતી થયાં કહેવાય છે. દેરીની નીચે જમણા હાથ પર નાગડા વજીરની ખાંભી છે ને તેની બાજુમાં ચાર ખવાઈ ગયેલી ખાંભીઓ પછી પાંચમો ઊંચો પાળિયો નાગડા બાવાનો છે. જેના પરથી કરેલું ચિત્ર આ પુસ્તકમાં અન્યત્ર આપેલ છે. દેરીના ડાબા હાથ પર પણ ખાંભીઓ છે, ને આ વંડીબંધ કરી લીધેલા થાનકની બહાર ઊભેલા ઊંચા અણકોતર્યા પથ્થરો એ નાગડાઓના પાળિયા તરીકે ઓળખાય છે.

આ થાનકની નજીક એક ઊંચો હજીરો છે ને તેના ઉપર જાળના ઝાડની છાયામાં સાત કબરો છે. આ સ્થળ મુગલપક્ષેથી માર્યા જનારા મોટા સરદારોનું સ્મારક છે.

હજીરાની નૈઋત્ય બાજુ એક સ્થળ ‘મુંગલા મોરીનો ટીંબો’ નામે ઓળખાય છે.]

## ચલો, કિસ્મત !

બેટ શંખોદ્ધારથી કચ્છ માંડવી જવાનો જળમાર્ગ એક દિવસ છીછરો થઈ ગયો હતો. કચ્છના અખાતમાંથી પાણી પાછાં વળીને મોટા દરિયામાં ઠલવાતાં હતાં. અખાત ધીમેધીમે ઉલેચાતો હતો. ત્યારે બેટને કાંઠે બે વહાણ ભરાતાં હતાં. ઓખામંડળનો ધણી સંગ્રામ વાઘેર

ખલાસીઓને ઉતાવળ કરતો હતો : “છોડો, મારા ડીકરા, છોડો, ઝટ આગલા વહાણને છોડો.”

“આરનાં પાણીમાં હાલશે ?” વાઘેર ખલાસીએ પોતાના સરદાર સંગ્રામને પૂછ્યું. આરનાં પાણી એટલે ઓટનાં પાણી.

“આસ્તે આસ્તે ધકાવો. એમ કરતાં કરતાં ઊંડાં જળમાં પોગી જાશે. હમણાં સઢ છોડશો મા.” સરદારે સૂચના આપી.

“પણ, બાપુ, વહાણમાં મહેમાન બેસતા નથી.” સંગ્રામના પુત્રે કહ્યું.

એ મહેમાન ગુપ્તવેશધારી કમભાગી મુઝફ્ફરશાહ સિવાય બીજું કોણ હોય ? નગરથી એ આંહીં ઓખામાં પહોંચ્યો હતો. ત્યાં ભૂચર મોરીનો મામલો ખતમ થયો હતો. પાદશાહી ફોજ એનું પગેરું લઈ ઓખા પર આવી હતી. મુઝફ્ફરશાહ જિદ્દે ચડયો હતો : “સંગ્રામ વાઘેર, હું તમારા બાળબચ્ચાંની યે આગળ થઈ કેમ ચડી બેસું ? હું મરદ છું. આપણે મરદો સૌ સાથે જ રહીએ. બાળબચ્ચાં, મારાં તેમ જ તમારાં, એકસાથે જ ભલે ઊપડે.”

સંગ્રામ વાઘેરે દુભાતે સ્વરે કહ્યું : “ભાઈ, મારી ઇજ્જત સામું જુઓ, ને જિકર કરો મા. હવે વખત નથી. પાછળ ફોજનાં પગલાં બોલી રિયાં છે. મારો અવતાર રાજા સતા જામની જેમ બગડી જાતાં વાર નહિ લાગે. મારે આંગણે જગતનો દેવ છે. એ મારી નબળાઈને નહિ સાંખે. માટે હેમખેમ તમને કચ્છ માંડવી ભેળા કરી દેવા દ્યો. ને અમેય આખું ગામ ઉજ્જડ કરીને તમારી વાંસોવાંસ હાલીએ છીએ ને !"

મુઝફ્ફર – પોતે પોતાના જ પ્રેત જેવો, આગલી કાયાની છાયા સરીખો મુઝફ્ફર – મનમાં ને મનમાં બોલ્યો: ‘ઓહો, ઇજ્જત સૌને વહાલી, ઇજ્જત રોળાઈ ગઈ એક ફક્ત મારી જ ને ! ચલો કિસ્મત ! બાકી જેટલું હોય તારા તક્તા પર, તે પણ જોઈ લઉં.'

મુઝફ્ફરને અને એની ચીંથરેહાલ ઓરતને લઈને ખડકો વચ્ચેથી મારગ કાઢતું કાઢતું વહાણ ધીરેધીરે ચાલ્યું. ઓટનાં પાણી કિનારાને નગ્ન કરતાં હતાં. નોરા, ચાનક ને બૈડા જેવા કેટલાય બેટડાની ધારદાર દાંતીમાં 'હે અલ્લા !' પુકારતા વાઘેરો વહાણને ઘસડી જતા હતા.

સંગ્રામ વાઘેર હર ઘડી ને હર પળ, કિનારે ઊભો ઊભો જાણે કે મનના ડેલા દેતો વહાણના દાંતી બહાર નીકળવાની વાટ જોતો હતો. બેટના નાથને પ્રાર્થના ગુજારતો હતોઃ "હે રણછોડ ! સતાજીની ને લોમાની જેમ મને પણ ખોટ ખાવા દેશો નહિ, દેવ !"

વહાણ ખડકોમાંથી પાર થયું, ભરપૂર જળના હૈયા માથે ઊંચું ચડ્યું, એના સઢ છૂટા મેલાયા, એ વેગે ચડ્યું, એ વખતે પછી સંગ્રામ વાઘેરે પોતાના કુટુંબકબીલાનાં પચાસ નાનાંમોટાં જણથી ભરેલા બીજા વહાણને તૈયાર રાખવાનો હુકમ કર્યો ને પોતે કહે કે હું બેટમાં છેલ્લો આંટો દઈ આવું; કોઈ બાકી તો નથી રહી જતું ને?

એ આંટો દેવામાં સંગ્રામની ગણતરી એવી હતી કે ભૂચર મોરીમાં નવાનગરની ફોજને રોળી નાખી જૂનાગઢ ગયેલી અને પછી મુઝફ્ફરની શોધમાં જૂનાગઢથી ઊપડેલી પાદશાહી ફોજને હજી આંહીં પહોંચતાં સાંજ પડશે, ત્યાં તો એકાદ બેટડામાં ચાહે ત્યાં આશરો લઈ લેશું. એમ વિચારી પોતે કાંઠેથી પીઠ ફેરવે છે, ત્યાં એણે ફોજને સામી, છેક છાતી. પર આવી ઊભેલી દેખી.

એણે ફોજને નીરખવી પડતી મૂકી. કચ્છના અખાતની છાતી પર ઝીણી નજર નોંધી. આનંદમાં બોલી ઊઠ્યોઃ "ઓ જાય ઝપાટાભેર ! ઓ. ઊડે મારું દરિયાઈ દેવગરુડ !" મુઝફ્ફરવાળા વહાણના ફૂલેલા સઢો દેખીને પોતે પ્રફુલ્લિત બની ગયો. "હવે તો ભલેને આખી દલ્લી આવે !"

ફોજને ધસી આવતી દેખી કે તરત ચાલીસ જેટલા મરદો પોતપોતાની તલવાર ઉપાડીને ભરેલા મછવામાંથી નીચે કૂદ્યા ને એમણે સંગ્રામ વાઘેરને વીંટી લીધો, એનાં બાળબચ્ચાંથી ભરેલું વહાણ તસુય ચાલી શકે તેમ નહોતું, કેમકે બેટ શંખોદ્ધારનાં પાડોશી બેટડાંનાં જૂથ ફરતા ભેંસલા સમા ખડકો બહાર નીકળીનીકળીને મૂંગો પૈગામ દેતા હતા કે અખાત હવે પૂરેપૂરો ઓટમાં આવી ગયો છે.

"ક્યાં છે પાદશાહનો ચોર મુઝફ્ફરો?" ફોજના આગેવાને ભરી બંદૂકોવાળા પાંચસો જેટલા સવારોથી. વાઘેરોને ઘેરી લઈ સવાલ કર્યો.

"ઈશ્વરને ખોળે." શાંત અદાથી જરીજરી મોં મલકાવતા સંગ્રામે જવાબ દીધો.

"તારા બેટને બાળી ખાક કરીશ."

"તોય ચોર નહિ જડે. સમદરને સળગાવો તો જુદી વાત."

“ફૂંકી દો !”

આગેવાનની આજ્ઞા થતાં જ મુગલ ફોજની બંદૂકો ચાલી. તેની સામે તલવાર ને તીર ચલાવતા ચાલીસ વાઘેરો ઝંપલાવી પડ્યા.

## માનું પેટ

કચ્છના ધીણોધર ડુંગરની વંકામાં વંકી એક ગાળી છે. ત્યાં માલધારીઓ પણ જતાં ડરે છે. ત્યાં સૂર્યનાં કિરણો પેસતાં પેસતાં જાણે ઊઝરડાઈ જાય છે. ત્યાં એક ખોખડધજ બુઢ્ઢો ફકીર થોડા દિવસથી રહેવા આવ્યો છે. આખો દિવસ એ ફકીર તસબી ફેરવતો હોય છે અને પાંચેય નમાઝે ઝૂકતો હોય છે. નમાઝ પછી દુઆમાં એ બે-ત્રણ નામો પણ બોલે છે : “અજાજી કુંવર, મારો દોસ્ત નાગડો, ને વજીર જેસાભાઈ: અલ્લાહ, એમનાં રૂહને શાંતિ આપજે. પરવરદિગાર, જામ સતાજી પર રહમ કરજે ! રહમ કરજે ! રહમ કરજે !” એમ બોલતાં બોલતાં એની બેય આંખો ભીંજાય છે ને એ બોલે છે: “રહીમ ! ઓ રહીમ ! હું પોતે જ કાં રહી ગયો! કયા તકદીરતાલને માટે?”

એટલું બોલીને એ એક ઊંડી ગુફામાં પેસી જાય છે.

એક દિવસ ઝાડીનાં સૂકાં પાંદમાં ખખડાટ થયો. ગુફાને મોઢે આવીને કોઈ બોલ્યું: “બહાર આવો, સાંઈ, એ તો હું રાવ ભારોજી છું.”

વૃદ્ધવેશી ફકીર બહાર નીકળ્યો. ચકળવકળ ચારેય તરફ જોયું. આવેલ આદમીને હસીને કહ્યું: “અ રે રે રે ! મુઝફ્ફરશા ! બહુ બીઓ છો ને? શું આંહીં તે હવે બીક રાખવાની હોય ! આંહીં તો માના પેટમાં હો એવા નિધડક રહો.”

“સંગ્રામજી પધાર્યા?” બીકણપણાના ટોંણાથી છણછણી ઊઠતી ખોપરીને કાબૂમાં રાખીને ફકીરે પહેલો જ સવાલ કર્યો.

"કોણ, સંગ્રામો વાઘેર?' કચ્છના રાજા રાવ ભારાજીએ સામે પૂછ્યું: “પધારે તે ક્યાંથી? મૂરખો માછીમાર તે માછીમાર જ રહ્યો.”

"પણ બન્યું શું?”

"બન્યું એવું કે તમારા શત્રુઓને ગંધ ન આવતી હોય તોયે આવી જાય. આઘોપાછો થઈ ગયો હોત તો ઠીક હતું. અને છેવટે મુગલ ફોજ આવી પહોંચી ત્યારે નાકબૂલ કરીને એકવાર તો કેદ પકડાઈ ગયો હોત તોપણ પાછળથી છટકી શક્યો હોત, પણ માછીમાર તે આખરે માછીમાર ! રાજનીતિ આવડે ક્યાંથી ?"

"એમણે શું કર્યું?"

"બાખડી પડ્યો. મુગલ ફોજ ભેળો."

"પછી?"

"પછી વળી બીજું શું? ખાબોચિયું થોડું દરિયાને પહોંચે ?"

"ત્યારે?" "ખપી ગયો."

"અરરર? એનાં બાળબચ્ચાંનું વહાણ તો છૂટી ગયું હતું ને?"

"ક્યાંથી છૂટે? માછીમારોને એવી અક્કલ ક્યાંથી હોય?"

"ત્યારે ?"

"ત્યારે શું? એ તમામ મંડ્યાં લડવા ને કપાઈ ગયાં. ને તમારી ગોત કરવા સારુ મુગલોએ સંગ્રામનું ગામ જ આખું ગઢ સોતું સળગાવી દીધું."

બુઢ્ઢો વેશધારી ફકીર બેઠોબેઠો 'ફાતીહા' પઢવા લાગ્યો. એ શું કરે છે તેની પૂરી ગતાગમ વગરના રાવ ભારોજી બોલતા જ રહ્યા: "બીજું તો ઠીક, પણ માછીમાર મુરખાએ મારું ઘર બતાવી દીધું હશે તો શું થશે? તામાં ને તામાં કહી પણ નાખ્યું હોય. એનાં કાંઈ ભરોસા થોડા ! રાજની રીત જાણે ક્યાંથી? લ્યો, ટપ કરતા મરી ગયા ! ભૂચર મોરીનું પણ ઈ જ થયું, હું જઈ ન શક્યો, નીકર લામાને અને દૌલતખાનને હું વીફરવા દેત નહિ, પણ મારાથી પહોંચાયું નહિ ને !"

ફાતીહા પઢીને ફકીરે આંખો લૂછી. પછી પૂછ્યું: "રાવ સાહેબ, હું ક્યાંઈક તમારા પર આફત ઉતારીશ. હું અહીંથી ખસી જાઉં તો કેમ?"

"ના રે ના, હું એ સોરઠવાળાઓ જેવી કે ઓખાના માછીમાર જેવો થોડો છું ! ને આંહીં તો મારા ધીણોધર ડુંગરામાં તો ભલેને મુંગલા આંટા મારે, પત્તો લાગે નહિ. આંહીં એનું એક ઘોડું-ગધેડુંય પહોંચે નહિ. ને જો માણસો આવે તો મારી ઝાડવે ઝાડવે ચોકી છે. એકએક હડસેલાના સાથી છે મુંગલા ઊંડી કોતરોમાં જઈ પડે તો હાડકુંય ન રહે. આંહીંથી બેટા તમને કાઢી જઈ શકે નહિ. આ તો માનું પેટ છે, સુલતાન !"

ફકીરવેશધારીને ફરી એકવાર આંહીં પોતાની અમ્મા યાદ આવી - ભદ્રના કિલ્લામાંની અમ્માની ચીસો યાદ આવી. ભદ્ર, અમદાવાદ, શેરખાન સાથેનું યુદ્ધ, અશ્વ, આગ્રા, યમુના તીર, આગ્રાથી ગુજરાત પરની પોતાની કાળી કૂચ, વાંસવાડાનાં જંગલોએ પૂરાં પાડેલ માનવીઓ, સારુંય તકદીર નાટક ફરીફરી નજરે તરવર્યું. જાણે કે કોઈક સાધુ એની પેટીમાંના કાચ દ્વારા અંદરની તસ્વીરો ફેરવતો ફેરવતો દેખાડી રહ્યો હતો. અને બોલતો હતો: 'ખેલ તમાશા દેખો ! ખેલ તમાશા દેખો !'

એ તમાશાની ચિત્રમાલાને વેરવિખેર કરતો રાવ ભારાજીનો બોલ પડ્યો: "ફરી વાર ફોજની જમાવટ કરશું, સુલતાન ! ફરી એકવાર આપણું મેદાન સર કરશું. તમે વિચાર કરો, બધો આધાર તમારી પાસે કેટલી મતા છે તેની ઉપર છે."

"મતા ! રાવ સાહેબ ! મતા તો હવે ક્યાંથી હોય?"

"અરે શી વાત કરો છો, નાખી દીધા જેવી !"

"સાચું કહું છું. હતી તે બધી લોમાભાઈને ઘેર રહી."

"તોપણ જર-જવાહિરાતો હશે ના?"

"કંઈ ન મળે."

"તો કાંઈ વાંધો નહિ. મારું છે તે તમારું જ છે, મુઝફ્ફરશા. તમો નિરાંતવા રેજો. કચ્છને માનું પેટ સમજજો."

"બીબી અને બચ્ચે ખુશીમાં છે?"

"હિલોળા કરે છે. નિરાંતવા રે'જો. હું જઈશ હવે."

પાછા ચાલી નીકળેલા રા' ભારાજીનું હૃદય એને ડંખ દેવા લાગ્યું. અરે જીવ ! આવે ટાણે નાણાંની વાત કાઢી? તારી અંદર કોઈક ચોર, કોઈક કળજુગનો વાસો કાં થવા દેછ? લોમો ને દૌલતખાન ખૂટ્યા, સતો જામ રણસંગ્રામમાંથી ભાગી નીકળ્યો, ને તુંય કાં ચીંથરાં ફાડવા લાગ્યો? અજો જામ, જેસો વજીર ને સંગ્રામ વાઘેર જેવા જેને માટે ખપી ગયા તે સ્વધર્મ શું તારો પણ નથી? તું ક્ષત્રિય નથી? જદુવંશી નથી?

જીવ અંદર બેઠોબેઠો અકળાતો હતો. જવાબ તો હૃદયને ન આપી, શક્યો, પણ. હિસાબ મૂકવા લાગ્યો. અજાજીએ, જેસો વજીરે ને સંગ્રામે શું મેળવ્યું? લોમો ને દોલતો શું હારી બેઠા? મેં મારે ઘેર મુઝફ્ફરાને સંઘરવાનો કોલ આપેલ તે વખત જુદો હતો. આજની વેળા છેક જુદી છે. મારું કચ્છ, વાટકડીનું શિરામણ, મુગલોની સામે શું કરી શકશે? પતો લાગ્યો નથી ત્યાં સુધી તો ઠીક છે, પણ મારે માથે તગાદો થાય તો હું શું કરી શકીશ? મેં કાંઈ એવું તે થોડું જ માનેલું કોલ આપતી વખતે કે હું પ્રાણ દઈને ય પારકા ચોરની રક્ષા કરીશ? એ પણ ઠીક, પરંતુ પ્રાણ દીધ્યે આ થોડો બચી જવાનો? ને મારો વાલો તો પણ કેવો ! જર-ઝવેરાત બાબત પેટ જ ન આપ્યું. મને શું ગીગલો સમજતો હશે? સુલતાન જેવો સુલતાન થઈને શું માયા-મતા લીધા વિના નીકળ્યો હશે? જામ શું મતનો એને સંઘરવા તૈયાર થયો હશે ? અરે રામ ! માણસોનાં પેટ આખરની ઘડી સુધી પણ કેવાં મેલાં રહે છે !

પણ એક દિવસ ફરી વાર રા' ભારોજી ગુફાએ આવ્યા. એ માયાવી દોલતની વાત નીકળી ત્યારે મુઝફ્ફરશાહે હાથ જોડીને કહ્યું: "રાવ રાજા, આથી તો બહેતર છે કે તમે મને બંદૂકે દઈ દ્યો. મારાથી એ વાત સહેવાતી નથી."

તે દિવસથી આ ડુંગરાઓમાં રા' ભારાનો અવરજવર ઓછો થયો અને થોડે દિવસે બિલકુલ બંધ થયો.

એમ કરતાં એક દિવસ પહાડોના કઠિયારાઓની ગુપ્ત વાતો મુઝફ્ફરને કાને પહોંચી કે નગરને માર્ગેથી કોઈ મુગલાઈ મહેમાનો ભુજમાં આવેલ છે. મુઝફ્ફરને રા' ભારા તરફથી પણ ચેતવણી મળી. કે હાલનું રહેઠાણ મેલીને વધુ વંકા રહેઠાણમાં ચાલ્યા જાવ.

મુઝફ્ફર વધુ ઊંડાણમાં ઊતર્યો. ચાલ્યો જાય છે. ચાલ્યો જ જાય છે. એક દિવસે બપોરે એને ઘોડાની લાદની ગંધ આવવા લાગી. રાવના રક્ષકો પણ એનાથી અળગા થઈ ગયા. પોતે એકલો હતો. એકાકી એ ઊંડો ને ઊંડો ચાલ્યો. પણ ઘોડાની લાદની સોડમ એને છોડતી ન હતી. એ જાણે કે મુઝફ્ફરને ઓળખતી ઓળખતી શોધતી હતી.

આખરે સાંજ પડી હતી. ઊંડા કોતરમાં એ ભરાઈ બેઠો હતો. એકાદ તેતર બોલતું હતું. બહારથી એણે અવાજ સાંભળ્યો.

"બહાર આવો, મુઝફ્ફરશા, બહાર આવો. બીજું કોઈ નથી. હું રા' ભારો તમને ગોતું છું. હું રાવ ભારમલજી ! બીજું કોઈ નથી આંહીં, બીઓ મા."

'બીજું કોઈ નથી. હું રા' ભારો છું, બીઓ મા' એ બોલના ત્રણ વારના હાકલાના જવાબમાં મુઝફ્ફર ગુપ્ત રહેઠાણ છોડીને બહાર નીકળ્યો. રાવ ભારોજી એને જોઈને ભેટી પડ્યા. ખૂબ હસ્યા.

"આટલા બધા બીના? એ તો બધા પાછા ચાલ્યાય ગયા. બીઓ છો શું?"

એને વાતોએ ચડાવી કોતરમાંથી બહાર કાઢ્યો. સહેજ અંધારું થઈ ગયું, અને એ અંધકારનું પેટ ચીરીને જ જાણે કે ઊઠેલા સો સૈનિકો. મુઝફ્ફરને ઘેરી વળ્યા.

"લ્યો આ તમારા ચોરને સંભાળી લ્યો, સરકાર !"

એટલું બોલીને રા' ભારોજી મુઝફ્ફર તરફ પીઠ વાળીને ઊભા રહ્યા.

"વફાદાર રાવ સાહેબ," ફોજના આગેવાને રા' ભારાને સલામ કરીને કહ્યું: "અહેસાન આપનો, મોરબી પગરણું આપ આવતી કાલે જ સંભાળી લેજો. લો આ રુક્કો."

*

"ચુપ રો', એય બદમાશ !" નગરને દરવાજે ચોકી કરતો મુસ્લિમ પહેરેગીર વાતો કરનાર વટેમાર્ગુને ચેતવતો હતો: "આનું નામ જામનગર નથી હવે, હવે તો ઇસ્લામાબાદ છે."

"બહુ સારું, બાપા ! જમાદાર સાહેબ ! તમે કહો તેમ." વટેમાર્ગુ જવાબ વાળીને ગામમાં જતો હતો. લોકોની જીભ પરથી નાગની મિટાવીને જામે પોતાનું નામધારી કરેલું જામનગર તે દિવસ (સન 1594માં) મુગલ સૂબાનું ઈસ્લામાબાદ બન્યું હતું. ત્યાં અકબરશાહના એક સૂબાની નિમણૂક થઈ હતી.

એક દિવસ ઇસ્લામાબાદની એક પાકી ઈમારતમાં કચ્છથી પાછી વળેલી ફોજનો પડાવ થયો. રાજકેદી મુઝફ્ફરને દિલ્હી પહોંચતો કરવા. માટે પહેલો પડાવ ઇસ્લામાબાદમાં થયો હતો. પહેરેગીરોની ચોકી વચ્ચે વીંટળાઈને એકલો બેઠેલો મુઝફ્ફર કાન માંડીને ફોજી લોકોની વાત સાંભળતો હતોઃ

“કેમ જમાદાર, તમે આજ અમદાવાદ ચાલ્યા, તો અમે પાંચ દિન, પછી નીકળવાના.”

"કેમ?”

“હુકમ થઈ ગયો. ઇસ્લામાબાદ જામને પાછું સોંપાય છે. જામે તાબેદારી કબૂલી છે, ને સોરઠ માટે મુગલ સરકારની ફોજ જ્યાં જ્યાં ચડે ત્યાંત્યાં પછવાડે ફોજને અનાજ પહોંચતું કરવાની જામ સતાએ હા. પાડી છે.”

“રેવા દિયોને, મિયાં, સોરઠના રજપૂતોનો ઇતબાર કેવો હવે? સૂબા કાંઈ બેવકૂફ છે કે એમ ઇસ્લામાબાદ સોંપે?”

“ઇતબાર નથી, માટે તો જામનો નાનેરો છોકરો જસોજી એહમદાબાદ બાદશાહી ઓળમાં રહેવા આવે છે ને !”

કેદી મુઝફ્ફરે આ અહેવાલ કાનોકાન સાંભળ્યો, ને એનાં મોંમાં હસવું ન માયું. “વાહ ઇતબાર ! સોરઠી રજપૂતોનો ઇતબાર !”

પણ તત્કાળ એ નમાજમાં બેસી ગયો. એને પોતાનું દિલ ઝટ માલિક સાથે મિલાવવાની જરૂર પડી, પોતાની મશ્કરી એ પોતે જ ન સાંખી શક્યો.

*

કારતક મહિનો હતો. ઘઉંના તાજા ફૂટેલા કોંટાના ક્યારામાં ઊતરીને લાંબા સૂર કાઢતાં કુંજડાં દરિયાપારના દેશાટનની જાણે કે જગતને વાતો કહેતાં હતાં. ચાંદની રાત હતી. ધ્રોળનું જ પાદર હતું. મુઝફ્ફર રાવટીમાંથી બહાર નીકળીને ઊભો હતો. એની કલ્પના ચાંદનીમાં તરતી હતી. આ વેરાન પર થોડા જ મહિના પર હજારો જનોની હત્યા થઈ હતી. તોપોના ધુંવાધાર સળગ્યા હતા. આજે તો પાછાં લીલે ક્યારે કુંજડાં રમે છે. વાહ ખુદા ! તું રહીમ છે. એટલે જ પૃથ્વી

સળગી જઈને પાછી ફરી લીલી બને છે ને ! ધરતીના જખ્મોને આટલી ઝડપે રુઝવનાર માલિક ! કોણ કહે છે કે તું રહીમ નથી?

“જરા નમાજ પડી લઉં, જમાદાર સા’બ !” એણે પહેરેગીરની પરવાનગી માગી.

“જી.” જમાદાર પોતાના કેદીની સલૂકાઈ પર, એના મૃદુ મિષ્ટ બોલ પર ફિદા હતો. એણે મુઝ્ફ્ફરને રજા આપી. મુઝફ્ફર થોડે દૂર જઈને ખાડામાં બેઠો. ચાંદની હતી. કેદી દેખાતો હતો. વચ્ચેવચ્ચે એના શબ્દો સંભળાતા હતા: “રહીમ ! રહીમ ! ઓ. ખુદા ! તું કેવો રહીમ છે !”

કેમ બહુ વાર લાગી? હજુ કેમ ઊઠતો નથી? શું કરતો હશે બેવકૂફ !

પહેરેગીર બેઠેલા મુઝફ્ફર તરફ ગયો. એણે હાક મારી. સામો ખોંખારો પણ ન મળ્યો. એને ફાળ પડી. એ પાસે ગયો. એણે ભયંકર દૃશ્ય દીઠું.

મુઝફ્ફર નમાજમાં ઝૂક્યો હોય તે રીતે પૃથ્વી પર બેઉ હાથ ટેકવીને અને મસ્તક ધરતીને ખોળે રાખીને પડ્યો હતો. એના ગળાનો હરડિયો કપાયેલો હતો. લોહીઆળ એક અસ્તરો એની બાજુમાં પડ્યો હતો.

હથિયારહીન કરી નાખેલા રાજકેદીની પાસે છૂપો એ એક જ અસ્તરો હતો – વીસ વર્ષો પર એક સરાણિયણ બહેનનો દીધેલો જેણે આખરની પળે મુઝફ્ફરની ઇજ્જત બચાવી. પ્રભુ રહીમ હતો. ભૂચર મોરીના ટીંબા ઉપર તે વખતે ત્રણ સ્ત્રીઓ બેઠી હતી. ત્રણમાંથી જે એક અબોલ હતી, તે ફરી વાર બોલતી થઈને ગાતી હતી:

કાટેલી તેગને રે

ભરોસે હું તો ભવ હારી

રે હું તો ભવ હારી.

એ ગાનારી એક વારની સરાણિયણ હતી. એક વારની રાજપુત્રી હતી. તે રાત્રિએ ગાંડી હતી. એના સાથમાં એક વૃદ્ધા હતી, ને એક યુવતી હતી. ભૂચર મોરીને ટીંબે ફરી વાર એક ઝૂંપડી ખડી થઈ હતી તેમાં એ ત્રણેય રહેતી હતી. રોતી હતી ને ગાતી હતી.